
ણમો તિત્થસ્સ
ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

આશરે ૧૫-૧૭ વર્તમાન ગચ્છોના સાધુ-સાધ્વીજી ભગવંતોની આશ્ચર્યજનક
આરાધનાઓ અને પ્રસંગોનું વર્ણન કરતું પુસ્તક

# વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણા સાધુ - સાધ્વીજી ભગવંતો

ભાગ - ૧



સંકલન
પં. ચન્દ્રશેખરવિજયજીના શિષ્ય
મુનિ ગુણહંસવિજય

# વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણા સાધુ-સાધ્વીજી ભગવંતો

## ભાગ-૧

: સંકલનકાર :

પં. ચન્દ્રશેખરવિજયજીના શિષ્ય

મુનિ ગુણહંસવિજય

૩૫૮

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન

૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,

રીલિફ રોડ, અમદાવાદ-૧

ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**સંકલનકાર :**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય

પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય

**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીના શિષ્ય**

**મુનિ ગુણહંસવિજય**

**આવૃત્તિ :**

પ્રથમ સંસ્કરણ : નકલ : ૩૦૦૦

વિ.સં. ૨૦૬૪ તા. ૨૦-૧૧-૨૦૦૭

મૂલ્ય રૂા. ૭૫/-

**ટાઈપસેટિંગ :**

**અરિહંત ગ્રાફિક્સ**

ખાડિયા ચાર રસ્તા, ખાડિયા, અમદાવાદ.

**મુદ્રક :**

**નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ**

રીલિફ રોડ,અમદાવાદ.

**ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ**
**આપનું સ્નેહભર્યું સૌજન્ય.**

પૂજ્યપાદ પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના નૂતન પ્રકાશિત થનારા પઠન-પાઠન અંગેના શાસ્ત્રલક્ષી પુસ્તકોમાં આપના શ્રીસંઘે જ્ઞાનખાતાની રકમ આપી લાભ લીધો તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

---

● સૌજન્ય ●

પ.પૂ.પં. કીર્તિદર્શનવિ.મ.સા. તથા
પૂ. મોક્ષદર્શન વિ.મ.સા.ની પ્રેરણાથી

**શ્રી સાબરમતી (રામનગર)**
**જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ**

સાબરમતી, રામનગર,
અમદાવાદ-૫.

**ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના**

**સોપાન સર કરવાના લક્ષને વરેલા**

# તપોવનમાં ભણતા બાળકો

**અતિથિઓને નમોનમઃ કરે છે.**

...રોજ નવકારશી કરે છે.

...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.

... રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

...રોજ ગુરુવંદન કરે છે.

...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.

...રોજ નવા સ્તવનના રાગ શીખે છે.

...કોમ્પ્યુટર શીખે છે ...કરાટે શીખે છે...

...સ્કેટીંગ શીખે છે ...યોગાસન શીખે છે...

...સંગીતકળા શીખે છે... નૃત્યકળા શીખે છે...

...લલીતકળા શીખે છે ...ચિત્રકળા શીખે છે...

...વકતૃત્વકળા શીખે છે ...અભિનયકળા શીખે છે...

...અંગ્રેજીમાં **Speech** આપતાં પણ શીખે છે...

**માતાપિતાના સેવક બને છે.**

**પ્રભુના ભક્ત બને છે.**

**ગરીબોના બેલી બને છે.**

**પ્રાણીઓના મિત્ર બને છે.**

**શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.**

## ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ
## આપનું સ્નેહભર્યું સૌજન્ય.

પૂજ્યપાદ પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના નૂતન પ્રકાશિત થનારા પઠન-પાઠન અંગેના શાસ્ત્રલક્ષી પુસ્તકોમાં આપના શ્રીસંઘે જ્ઞાનખાતાની રકમ આપી લાભ લીધો તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

---

● સૌજન્ય ●

**શ્રી મણીનગર જૈન શ્વેતાબર મૂર્તિપૂજક સંઘ**

ઠે. સ્ટેશન સામે, મણીનગર,
અમદાવાદ - ૩૮૦૦૦૮.
ફોન : ૨૫૪૬૪૪૭૩

## પ્રસ્તાવના

સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ શ્રમણસંઘ કહેવાય છે. શ્રમણોની (અને શ્રમણીઓની) પ્રધાનતાવાળો સંઘ એ શ્રમણસંઘ. ચૌદરાજ લોકના સર્વજીવોની હિતકામનાવાળા જૈનશ્રમણો અને શ્રમણીઓ લાખો શ્રાવક-શ્રાવિકાઓ માટે પરમ પૂજનીય તત્ત્વ હતું અને છે. શ્રાવકો અને શ્રાવિકાઓ માટે તો પંચમહાવ્રતપાલક શ્રમણ-શ્રમણીઓ 'ભગવાનતુલ્ય છે' એમ કહીએ તો એમાં કશું ખોટું નથી.

ભગવાન ઋષભદેવના સમયથી માંડીને શ્રાવક-શ્રાવિકાઓ આજ સુધી શ્રીસંઘમાં શ્રમણોની અને શ્રમણીઓની પ્રભુતા સ્વીકારતા જ આવ્યા છે અને આજે પણ એ શ્રાવક-શ્રાવિકાઓ શ્રમણ-શ્રમણીઓ માટે ગજબકોટિનો આદરભાવ - બહુમાનભાવ ધરાવે છે એ નિઃશંક હકીકત છે.

પણ આ અવસર્પિણીકાળ ! પડતો કાળ !

એમાં વળી પાંચમો આરો !

એ ય વળી હુંડા અવસર્પિણીનો પાંચમો આરો !

એની અસર સમાજના દરેકે દરેક ક્ષેત્રમાં ઓછા-વત્તા અંશે પડી છે - પડે છે... એનો નિષેધ તો કોણ કરી શકે ?

પરદુઃખભંજન મહારાજા વિક્રમની પરંપરામાં આજે કરોડો પ્રજાજનોના દુઃખોને દૂર કરવાની જવાબદારી ઊઠાવનારા સેંકડો રાજનેતાઓ કેટલી હદે પ્રજાજનો ઉપર દુઃખોના ડુંગરાઓ ઠાલવી રહ્યા છે, એ કોણ નથી જાણતું ?

સમગ્ર પ્રજાને નિરોગી બનાવવાનું બીડુ ઝડપનારા લાખો ડૉક્ટરો માત્ર સ્વાર્થ ખાતર, ધનપતિ બનવા ખાતર કરોડો રોગીઓના વિશ્વાસનો ઘાત કરી રહ્યા છે, નકામી દવાઓ આપી રોગી તરીકે જ કાયમ રહેવા દઈ પોતાનો સ્વાર્થ સાધી રહ્યા છે. રે ! નિરોગીઓને રોગી બનાવવાના ભયાનક કાવતરા કરી રહ્યા છે, પરોપકારના અમૂલ્ય સાધન સમાન પોતાના કાર્યને કરોડો રૂપિયા કમાઈ લેવાનો ધંધો બનાવી રહ્યા છે એ કોણ નથી જાણતું ?

લાખો વેપારીઓ ઈમાનદારી-સચ્ચાઈનો ટોટો પીંસી નાંખી વિશ્વાસઘાત, ભેળસેળ, લાંચરુશ્વત દ્વારા માત્ર ને માત્ર પોતાની તિજોરીઓ ભરચક કરવાના કામમાં પરોવાઈ જઈને નીતિધર્મને ક્યાંય વેંચી રહ્યા છે.... એ કોણ નથી જાણતું ?

સાચા-નિર્દોષ માણસોને ન્યાય અપાવવા લડનારા વકીલો અને સાચો ન્યાય

આપનારા જજો કેટલા ? તો પૈસાની લાલચે ખોટાને સાચું સાબિત કરનારા, ભયાનક દોષવાળાઓને સાવ નિર્દોષ જાહેર કરનારા વકીલો અને જજો કેટલા ?

પુષ્કળ ભોગ આપીને કરોડો વિદ્યાર્થીઓને સારા-સાચા સંસ્કાર અને સારું-સાચું શિક્ષણ આપનારા શિક્ષકો કેટલા ? તો શિક્ષણના નામે વિદ્યાર્થીઓ પાસેથી કે સરકાર પાસેથી ચિક્કાર પૈસા પડાવનારા, સ્કુલોમાં ભણાવવાને બદલે સ્પેશ્યલ ટ્યુશનો ગોઠવાવી એમાં જ અભ્યાસ કરાવવા દ્વારા બમણી - ત્રણ ગણી આવક ઊભી કરનારા, ધમકીઓ આપી વાર-તહેવારે હડતાળ પાડનારા શિક્ષકો કેટલા ?

પ્રાચીનકાળમાં બધા જ સારા-સાચા હતા, એવું નથી કહેવું, પણ પ્રાચીનકાળમાં ૯૫% સારા-સાચા અને ૫% ખરાબ-ખોટા હતા. જ્યારે વર્તમાનમાં ૫% સારા-સાચા અને ૯૫% ખરાબ-ખોટા.... આટલો મોટો તફાવત નથી લાગતો શું ?

સમાજના કોઈપણ ક્ષેત્રમાં ઊંડાણપૂર્વક દૃષ્ટિપાત કરશું, તો આ ખેદજનક છતાં તદ્દન સાચી હકીકત નજર સામે આવ્યા વિના નહિ રહે.

શ્રમણ-શ્રમણીઓ પણ સમાજથી સાવ-સાવ અલગ તો નથી જ ને ?

અનેક જાતના આક્રમણો શ્રમણ-શ્રમણી સંઘ ઉપર આવ્યા જ છે ને ? આના કારણે બીજા બધા ક્ષેત્રોની માફક શ્રમણ-શ્રમણીઓની વિશિષ્ટતામાં, આચારસંપન્નતામાં, વિચારશુદ્ધિમાં થોડો-ઘણો ઘટાડો થાય, ફેરફાર થાય એ શક્ય નથી શું ?

એમાં ય વર્તમાનમાં તો સાચા સંયમધર્મની આરાધના માટેની અનુકૂળતાઓ ઘણી ઘણી ઘટી ગઈ છે. ૨૫૦૦ વર્ષ પૂર્વે શ્રી ધર્મદાસગણિ જ કહી ગયા છે કે कालस्स य परिहाणी संजमजुग्गाइं नत्थि खेत्ताइं ભાઈ ! પડતો કાળ છે, હવે સંયમયોગ્ય ક્ષેત્રો રહ્યા નથી... હવે જો ભગવાન મહાવીર સ્વામીની હાજરીમાં એમના શિષ્યરત્ને આ શબ્દો ઉચ્ચાર્યા હોય તો આજે ૨૫૦૦ વર્ષ બાદ ભયાનક વિજ્ઞાનવાદની ભૂતાવળની હાજરીમાં તો શું દશા હોય ?

વર્તમાનકાળમાં ગૃહસ્થજીવનમાં કેટલા બધા ખરાબ નિમિત્તો ભટકાય છે, એ તો બધા જાણે જ છે. હવે એ કુનિમિત્તોના કારણે કેટલાય ગૃહસ્થો જાત-જાતના પાપોનો, કુસંસ્કારોનો ભોગ બનતા હોય... એમાંથી કોઈને કોઈ દીક્ષા લઈ અહીં આવે, વૈરાગ્ય સાચો હોય પણ પેલા કુસંસ્કારો પણ તગડા હોય... એમાં વળી અહીં સાધુજીવનમાં પણ એવા કોઈક કુનિમિત્તો મળી જાય. કુસંસ્કારો જાગ્રત થાય. વૈરાગ્યભાવ નબળો પડે, અને શ્રમણોના કે શ્રમણીઓના જીવનમાં નાના-મોટા દોષ ઘૂસી જાય. કોઈક અયોગ્ય પ્રસંગ બની જાય.

આવા પ્રસંગો શ્રાવક-શ્રાવિકાઓ જુએ, સાંભળે... ક્યાંક વળી છાપાઓમાં અને મેગેઝીનોમાં એ વિષય-કષાય સંબંધી પ્રસંગો સારી રીતે ચગાવી-ચગાવીને છાપવામાં આવેલા હોય તે વાંચે અને ઊંડે ઊંડે શ્રમણ-શ્રમણીઓ પ્રત્યે અણગમો-અરુચિ એમના મનમાં ઉપસતા થાય, "બધા સાધુ-સાધ્વીઓ આવા જ હશે. આ બધા પાસે જવા જેવું જ નથી." એવા વિચારો ધીમે ધીમે દઢતા પકડતા જાય અને પછી સાધુ-સાધ્વીઓ પાસે જવું-વંદન કરવા - વ્યાખ્યાન સાંભળવા..... આ બધા જ કાર્યો બંધ થતા જાય.

એમાં ય વળી કેટલાક શાસનશત્રુઓ તો શ્રમણ-શ્રમણીઓનું જૈનશાસનમાં પ્રભુત્વ ખતમ થાય અને એ દ્વારા જૈનસંઘ છિન્નભિન્ન બને એવું ઈચ્છતા જ હોય છે. તેઓ તો આવા કોઈક આડા-અવળા પ્રસંગોની કાગડોળે રાહ જોતા હોય છે. આવા કોઈક પ્રસંગો બને એટલે તરત એનો ચારેબાજુ પ્રચાર કરે. એ પ્રસંગો શ્રમણ-શ્રમણીઓના ઝઘડા વગેરેના હોય કે બીજા પણ હોય. પણ એનો એવો પ્રચાર કરે કે બિચારી ભોળી પ્રજા, જૈનશ્રાવક શ્રાવિકાઓ સાધુ-સાધ્વીઓ પ્રત્યેના અગાધ સદ્‌ભાવને - અહોભાવને ગુમાવી બેસે. તેઓ પછી સાધુ-સાધ્વીઓ પાસે જવાને બદલે બીજા માર્ગે દોરાય. એ લાખો શ્રાવક-શ્રાવિકાઓ શ્રમણ-શ્રમણીઓને બદલે હવે વિદ્વાન-જાણકાર તરીકે પ્રસિદ્ધ ગૃહસ્થો પાસેથી જ બધુ માર્ગદર્શન મેળવવા લાગે, એ ગૃહસ્થો પણ એમના કાનમાં શ્રમણ-શ્રમણીસંઘ પ્રત્યે વધુ ને વધુ ઝેર રેડતા જાય અને ચતુર્વિધ સંઘ બે વિભાગમાં વહેંચાઈ જાય, તૂટી જાય. એકબાજુ માત્ર શ્રમણ-શ્રમણીઓ અને બીજી બાજુ માત્ર શ્રાવક-શ્રાવિકાઓ !

જે રીતે અંગ્રેજોએ ભારતને બરબાદ કર્યું, એ રીતે કેટલાકો જાણે કે અજાણે જૈનસંઘને છિન્નભિન્ન કરવાના કામ કરી રહ્યા છે.

ભારતીયપ્રજા પોતાના રાજાઓને ભગવાન તરીકે જોતી, એને વફાદાર રહેતી. અંગ્રેજોએ એ રાજાઓમાંથી કેટલાક રાજાઓને જાણી જોઈને અમુક દોષોમાં ફસાવ્યા. પછી એ દોષો-પાપો પ્રજામાં જાહેર કર્યા. પ્રજા રાજાને ધિક્કારવા લાગી. રાજા પ્રત્યેનો સદ્‌ભાવ ગુમાવી બેસી. પરિણામે રાજાઓને ઉખેડી નાંખી પોતાની સત્તા જમાવવી એ અંગ્રેજો માટે સાવ જ સરળ થઈ પડ્યું.

આજે જે કેટલાકો શ્રમણ-શ્રમણીઓનું પ્રભુત્વ નથી ઈચ્છતા, લાખો જૈન શ્રીમંત ગૃહસ્થોમાં પોતાનું આધિપત્ય જમાવવા ઈચ્છે છે, તેઓ જાણે-અજાણે આવા જ કામો કરી બેસે છે. કાળપ્રભાવાદિને લીધે કેટલાક આડા-અવળા પ્રસંગો બને એટલે આ શાસનશત્રુઓ એને ચારેબાજુ ફેલાવે. ગૃહસ્થવર્ગમાં શ્રમણસંઘ પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન

કરાવે. છેવટે એ ગૃહસ્થોમાં પોતાનું આધિપત્ય જમાવવામાં સફળ બને.

કદાચ કોઈને એવો વિચાર આવી શકે કે "શ્રમણો પ્રત્યે શ્રાવક-શ્રાવિકાઓ વિમુખ બને એમાં શ્રમણ-શ્રમણીઓને શું વાંધો છે ? એમને ક્યાં શ્રાવક-શ્રાવિકાસંઘની જરૂર છે ? શું તેઓ એમનું વર્ચસ્વ-પ્રભુત્વ ઈચ્છે છે ? શ્રમણ-શ્રમણીઓ એની લાલસાવાળા છે ?"

એનો જવાબ એ છે કે સાચા શ્રમણો કે શ્રમણીઓ કોઈપણ પ્રકારની મલિન અપેક્ષાવાળા હોતા નથી જ. છતાં એ સાચા શ્રમણો એવી ઝંખના ચોક્કસ રાખે કે "જિનશાસનમાં સુશ્રમણોનું પ્રભુત્વ, સુશ્રમણોની પ્રધાનતા અકબંધ રહેવી જ જોઈએ." કેમકે તે શ્રમણો જિનશાસનના સાચા અનુરાગી છે. તેઓ જાણે છે કે જો જિનશાસનમાં શ્રમણોનું પ્રભુત્વ ખતમ થશે, તો જિનશાસન જ છિન્નભિન્ન થઈ જશે. કબુલ છે કે શ્રમણોમાં દોષો પણ ઊભા થયા છે. કેટલાક શ્રમણોમાં ઘણા મોટા દોષો પણ ઊભા થયા હશે. પણ એટલા માત્રથી જો આખી ય શ્રમણસંસ્થાને ખરાબ ગણાવી જો શ્રમણોની પ્રભુતા ખતમ કરાશે તો જે હાલત ભારત દેશની થઈ, એ હાલત જૈનસંઘની થશે.

ભારતના રાજાઓમાં દૂષણો ઘુસેલા. કેટલાક રાજાઓમાં ઘણા મોટા દોષો પણ હતા. પણ અંગ્રેજોએ એ દોષોને ચારેબાજુ ફેલાવી દીધા, રાજાઓની પ્રભુતા ખતમ થઈ, અંગ્રેજો અધિપતિ બન્યા. પરિણામે ભારતની જે બરબાદી થઈ એ બધા જ જાણે જ છે.

એવું અહીં પણ બની શકે એમ છે. જો કેટલાક શ્રમણોના કોઈક દોષોને ઉઘાડા પાડી દઈ આખી ય શ્રમણસંસ્થાને વગોવવામાં આવે અને એ રીતે એની પ્રભુતા ખતમ કરવામાં આવે.... તો એમાં નુકસાન સુશ્રમણોને નહિ, પણ જિનશાસનને - સંઘને ચોક્કસ થાય. એટલે જ સુશ્રમણો પોતાની પ્રભુતાની લાલચવાળા તો બિલકુલ નથી જ, છતાં તેઓ શ્રમણોની પ્રભુતા - પ્રધાનતા જળવાઈ રહે એ તો ઈચ્છે છે જ. કેમકે એમાં જ સંઘનું હિત છુપાયેલું છે.

સાર એટલો જ કે કુકાળ-કુનિમિત્તાદિના કારણે જૈન શ્રમણોમાં પણ ક્યાંક ક્યારેક અણઘટતી બાબતો બની હોય, બનતી હોય... પણ એટલા માત્રથી શ્રીસંઘમાં આખીય શ્રમણસંસ્થા વગોવાય, શ્રીસંઘમાં શ્રમણોની પ્રધાનતા પર પ્રહાર થાય, ગૃહસ્થોની પ્રધાનતા વધતી જાય એ શ્રીસંઘના હિતમાં નથી જ.

આ માટે સૌથી જરૂરી બાબત એ છે કે શ્રાવક-શ્રાવિકા વગેરેના મનમાં સાધુ-

સાધ્વીઓ પ્રત્યેનો સદ્‌ભાવ-બહુમાનભાવ અકબંધ રહે, વધે.... જો એમ થાય તો જ તેઓ સદાયને માટે શ્રમણ-શ્રમણીઓના માર્ગદર્શન મુજબ જ પ્રવૃત્તિ કરે અને તો જ સંઘનું હિત સચવાય.

વળી ક્યારેક તો એવું પણ બને છે કે કેટલાક મુગ્ધ સાધુ-સાધ્વીઓ પણ કોઈક કોઈક પ્રસંગો સાંભળીને એમ માનતા થઈ ગયા છે કે "હવે આપણો શ્રમણસંઘ લગભગ ખલાસ થઈ ચૂક્યો છે..." આમ ખુદ કેટલાક શ્રમણ-શ્રમણીઓ પણ પોતાના જ ઘર ઉપરની શ્રદ્ધા ગુમાવી બેસે છે.

હંમેશા ખરાબ વાતો વધુ બહાર આવતી હોય, વધુ ફેલાતી હોય એટલે એ બધી વાતોની અસર જલ્દી થાય એ સ્વાભાવિક છે.

આ તમામને વાસ્તવિક્તા દર્શાવવી એ અત્યંત મહત્ત્વનું કાર્ય છે.

એમને એ જણાવવું જરૂરી છે કે "જ્યાં સમાજના લગભગ પ્રત્યેક ઘટકમાં ૫% શુદ્ધિ બચી છે, ત્યાં આ શ્રમણસંઘમાં ૭૫% થી ૮૦% શુદ્ધિ અકબંધ છે, એ વાત તમે ન ભૂલો."

એમને એ જણાવવું જરૂરી છે કે "આજે પણ આવી ભયંકર અવસ્થામાં પણ સેંકડો શ્રમણ-શ્રમણીઓ આશ્ચર્યજનક-બહુમાનજનક-અગાધ સદ્‌ભાવજનક બેનમૂન આરાધના કરી રહ્યા છે. આવા ઉત્તમ શ્રમણ-શ્રમણીઓથી ભરેલા સંઘ પ્રત્યે ઉપેક્ષા-તિરસ્કાર-નિંદાભાવ બિલકુલ ઉચિત બની શકતો નથી."

આ જણાવવા માટે, શ્રમણ-શ્રમણીસંઘ પ્રત્યે ચતુર્વિધસંઘને ઉત્કૃષ્ટ, વાત્સલ્યવાળો, આદરવાળો, સદ્‌ભાવ-સન્માનવાળો બનાવવા માટે આ પુસ્તિકામાં કુલ જુદા જુદા શ્રમણ-શ્રમણીઓના પ્રસંગો આલેખવામાં આવ્યા છે. આશરે ૩૦૦ જેટલા પ્રસંગો જુદા જુદા બે ભાગમાં વહેંચવામાં આવ્યા છે.

જૈનસંઘના પ્રત્યેક સભ્યોએ આ અવશ્ય વાંચવું જોઈએ અને એ વાંચીને મનમાં ભરાયેલી ખોટી ખોટી વાતોને દૂર ફગાવવી જોઈએ. કોઈક દોષવાળાઓની નિંદા કરવાને બદલે આવા ઉત્તમોત્તમ સંયમીઓની હાર્દિક પ્રશંસા એ જ સ્વપરકલ્યાણનો નિર્દોષ માર્ગ છે.

**આમાં નીચેની વિશેષતાઓ ધ્યાનમાં રાખવી**

(૧) લગભગ તમામે તમામ પ્રસંગો વર્તમાન કે નજીકના જ ભૂતકાળના સાધુ-સાધ્વીજી ભગવંતોના છે. બહુ જુના પ્રસંગો લગભગ લીધા નથી. તથા ગૃહસ્થોના પ્રસંગો પણ માંડ ૪-૫ લીધા છે.

(૨) આ દરેક બાબત તદ્દન સત્ય છે. એમાં અમે જરાય વધારી વધારીને લખ્યું નથી. અણુનો મેરુ બનાવ્યો નથી. હા, કેટલાક પ્રસંગો દ્વેષ-નિંદાદિના નિમિત્ત ન બને એ હેતુથી થોડાક બદલીને લખ્યા છે.

(૩) વિરતિદૂત પરીક્ષામાં એક પ્રશ્ન પૂછેલો કે "સાધુ-સાધ્વીજીઓ પોતાના જીવનમાં અનુભવેલા સુંદર પ્રસંગો અમને લખી મોકલે." આશરે અઢીસો-ત્રણસો સંયમીઓએ પરીક્ષા આપી. પોતાના જીવનમાં જાતે જોયેલા - અનુભવેલા કે સાંભળેલા પ્રસંગો અમને જણાવ્યા. એમાંથી પણ જે વધુ આકર્ષક, વધુ વિશિષ્ટ જણાયા, એ પ્રસંગો જુદા તારવી આ પુસ્તક તૈયાર કર્યું છે. અમે તો માત્ર સંયમીઓએ લખેલા પ્રસંગોને અમારી ભાષામાં ઢાળ્યા છે, ઘણી જગ્યાએ તો એ બધા પ્રસંગો તે તે સંયમીની ભાષામાં જ સીધે સીધા લખી દીધા છે.

(૪) આ પ્રસંગોમાં કેટલાક પ્રસંગો એ રીતે પણ લખ્યા છે કે "જાણે તે તે સંયમી પોતે જ પોતાના અનુભવ લખતો હોય..."

**દા.ત.** "અમારા ગુરુણીની સહનશક્તિ અજબગજબની હતી." આવી રીતે આખો પ્રસંગ લખેલો હોય, તો એમાં **અમારા** = એ પ્રસંગ લખનારા સાધ્વીજી પોતે જ.

**ગુરુણી** = એ સાધ્વીજીના ગુરુણી. એમાં **અમારા** = આ પુસ્તકના લેખક ન સમજવા.

"મારો દીક્ષાપર્યાય એ વખતે માત્ર બે વર્ષનો હતો, ત્યારે..." આવું લખાણ હોય, ત્યાં **મારો** = આ પુસ્તકના લેખકનો નહિ, પણ એ પ્રસંગ જે સાધુએ સાધ્વીજીએ લખેલો હોય - એમનો....

ટુંકમાં એ પ્રસંગો એમના જ શબ્દોમાં ઢાળેલા છે....

એટલે વાંચતી વખતે જ્યારે આવા પ્રસંગો આવે ત્યારે ખ્યાલ રાખવો.

(૫) કોઈ એમ ન સમજે કે "આ તો માત્ર ૩૦૦ જ પ્રસંગ ! તો બીજા બધાનું શું ?"

કેમકે અમે તો વિશિષ્ટ અને આંખે ઊડીને વળગે એવી આરાધનાઓનો ઉલ્લેખ કરેલો છે. જે ઘણા બધામાં સામાન્ય આરાધનાઓ હોય, તેવી તો હજારો છે. એ બધાનો ઉલ્લેખ અત્રે કર્યો નથી. **દા.ત.** ૧૦૦-૧૫૦ સાધુ-સાધ્વીજીઓ ૧૦૦ વર્ધમાનતપની ઓળીઓ કરી ચૂક્યા છે. પણ એ બધાનો અમે જુદો જુદો ઉલ્લેખ નથી કર્યો.

આમ નાની નાની ઢગલાબંધ બાબતો અમે નોંધી જ નથી.

વળી આના વધુ ભાગ પણ છપાશે.

(૬) આમાં લગભગ અમે કોઈના પણ નામ લખ્યા નથી. આડકતરા નિર્દેશ કરેલા હોય એ સંભવિત છે.

(૭) આ કોઈ એક ગ્રુપ કે એક ગચ્છના બધા પ્રસંગો નથી. પણ જુદા જુદા લગભગ ૧૫-૧૭ ગચ્છોના પ્રસંગો આ પુસ્તિકામાં છે.

(૮) શ્રી સંઘને વિનંતિ કે આવા કોઈપણ વિશિષ્ટ પ્રસંગો તમારા ખ્યાલમાં હોય તો એ અમને મોકલાવે. **"આશિષ જે. મહેતા, ૭, સુનીષ એપાર્ટમેન્ટ, રત્નસાગર સ્કુલ સામે, ગોપીપુરા, કાજીનું મેદાન, સુરત.** (ગુજરાત)." આ સરનામે એ લખાણ મોકલવું. કવર ઉપર **સુકૃતાનુમોદનના પ્રસંગો** એમ શબ્દ લખવો.

જે કોઈપણ શાસ્ત્રાનુસારી વિશિષ્ટ પ્રસંગો હશે, તેનો હવે પછીના વિભાગોમાં સમાવેશ કરવામાં આવશે. કોઈપણ સમુદાયના સાધુ-સાધ્વીજીઓ આવા વિશિષ્ટ પ્રસંગો મોકલી શકે છે. એ પ્રસંગો-આરાધનાઓ માત્ર સાધુ-સાધ્વી સંબંધી જ હોવા જોઈએ.

(૯) "કેવા પ્રસંગો વધુ અસરકારક અને વિશિષ્ટ ગણાય." એ આ પુસ્તક વાંચવાથી ખ્યાલમાં આવી શકશે.

(૧૦) સંયમીઓએ અમને નાના-મોટા ઘણા પ્રસંગો લખેલા, એમાંથી અમે ચૂંટી ચૂંટીને આ પ્રસંગો લીધા છે. કોઈક કોઈક સંયમીએ લખેલા પ્રસંગો આમાં ન પણ આવ્યા હોય... તેઓ પાસે અમે હાર્દિક ક્ષમા માંગીએ છીએ.

(૧૧) કેટલીક અનુમોદના એવી હોય કે જેમાં બીજાના દોષોનો ઉલ્લેખ આવવાનો. **દા.ત.** કોઈ સાધ્વીજીની અદ્‌ભુત ક્ષમાની અનુમોદના કરવાની હોય ત્યારે એમના પર ક્રોધ કરનારાના એ ક્રોધ દોષનો ઉલ્લેખ આવવાનો જ. જો ક્રોધાદિ થયા જ ન હોત તો આમની ક્ષમા સિદ્ધ જ ન થાત. એટલે આવી અનુમોદનામાં આડકતરી રીતે કોઈકના દોષોનો ઉલ્લેખ થવાનો, પણ ત્યાં એમની નિંદા કરવાની નથી, એ કર્મવશ હોવાથી એવું વર્તન કરી બેઠા એમ સમજવાનું છે. આપણે તો ક્ષમાશીલ સાધ્વીજીની ક્ષમાની અનુમોદના જ મુખ્ય બનાવવાની છે.

(૧૨) मिथ्यादृशामप्युपकारसारं.........मार्गानुसारीत्यनुमोदयामः શ્રી શાંતસુધારસની આ ગાથામાં કહ્યું છે કે "મિથ્યાત્વીઓના પણ જે જે મોક્ષમાર્ગાનુસારી ગુણો-અનુષ્ઠાનો છે, તેની હું અનુમોદના કરું છું." અર્થાત્ માર્ગાનુસારી કોઈપણ કૃત્ય અનુમોદનીય

બને. ભલે પછી એ મિથ્યાત્વીઓનું પણ કેમ ન હોય ? હવે આ તો બધા સંયમીઓ છે, એમના જે જે કૃત્યો માર્ગાનુસારી હોય એ અનુમોદનીય બનવાના જ. એમાં ગચ્છભેદ જોવાનો ન હોય.

(૧૩) આ જે કોઈપણ પ્રસંગો મળેલા છે. એ મોટાભાગે વિરતિદૂતની પરીક્ષાના ઉત્તરપત્રોમાંથી પ્રાપ્ત થયા છે. સાધુ-સાધ્વીજી ભગવંતોએ કમલ પ્રકાશન ઉપર ઉત્તરપત્રો મોકલ્યા. એ તપાસવામાં જે જે સુંદર પ્રસંગો પ્રાપ્ત થયા, તેનું સંકલન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. સાધુ ભગવંતો કે સાધ્વીજી ભગવંતો પાસેથી સીધા જ આ પ્રસંગો સાંભળ્યા નથી કે પત્રથી પણ જાણ્યા નથી. ઉત્તરપત્રોમાં લખાયેલા પ્રસંગને આધારે આ બધું લખાણ છે. એટલે ભૂલથી કોઈક પ્રસંગોમાં થોડોક ફેર થઈ ગયો હોય તો એ અંગે ક્ષમા ચાહીએ છીએ.

અમે બધાને વિનંતિ કરીએ છીએ કે આ પુસ્તક વાંચ્યા બાદ તમે પણ તમારી આસપાસના સાધુ-સાધ્વીજીઓમાં જે કોઈપણ મોક્ષમાર્ગાનુસારી અનુષ્ઠાનો-ગુણો જોયા હોય, તે વ્યવસ્થિત લખીને અમને મોકલાવશો. જેથી એ સુકૃતો ઘણા લોકો સુધી પહોંચાડી શકાય.

## લેખ મોકલવાનું સરનામું

| આશિષ જે. મહેતા | હિતેષ કાંતિભાઈ ગાલા |
|---|---|
| ૭, સુનીષ એપાર્ટમેન્ટ, | ૧૮, વિરેશ્વર વિહાર, |
| રત્નસાગર સ્કુલની સામે, ગોપીપુરા, | દ્વારકાધીશમંદિરની બાજુમાં, તેજપાલ રોડ, |
| કાજીનું મેદાન, સુરત. | વિલેપાર્લે, મુંબઈ-૪૦૦૦૫૭. |
| મો.: ૯૩૭૪૫૧૨૨૫૯ | મો.: ૯૮૨૦૯૨૮૪૫૭ |

(૧૩) આ પુસ્તક વંચાઈ જાય, એટલે એમને એમ મુકી ન રાખશો, પણ બીજાને વાંચવા આપશો. કોઈપણ એક જણને આ આખું પુસ્તક વંચાવી દેવું એ જ આ પુસ્તકની સાચી કિંમત ચૂકવેલી ગણાશે.

અંતે

જિનાજ્ઞાવિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

**શ્રાવણ વદ-૧ સં. ૨૦૬૩** **ગુણહંસવિજય**

મહાવીર સોસાયટી, નવસારી

# શ્રી સંઘને નમ્ર વિનંતિ

આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલું હોવાથી માત્ર સાધુ-સાધ્વીજીઓને ભેટ રૂપે આપવામાં આવશે.

જો જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓ આ પુસ્તકનું વાંચન કરવા ઈચ્છતા હોય તો તેઓ બતાવેલા સ્થાનો ઉપરથી પુસ્તક ખરીદી શકે છે. એ રકમ જ્ઞાનખાતામાં જમા કરવામાં આવશે.

ઉદાર શ્રાવકો બીજા ઘણા ગૃહસ્થોને પુસ્તક ભેટ રૂપે પણ આપી શકે.

સાધુ-સાધ્વીજીઓને યોગ્ય લાગે તો તે તે સ્થાને આની પ્રેરણા પણ કરી શકે. તેઓ જ્યાં ચાતુર્માસ હોય કે શેષકાળમાં રોકાયા હોય ત્યાં આ અંગે પ્રેરણા કરી સ્થાનિકસંઘ તૈયાર થાય તો દર્શાવેલા સરનામા ઉપરથી પુસ્તકો ખરીદ કરાવી સંઘના શ્રાવકો વગેરેને ભેટ રૂપે કે મૂલ્યથી પણ અપાવડાવી શકે.

આ અંગે વિશેષ જાણકારી મેળવવી હોય તો સંપર્ક કરો :

**આશિષભાઈ મો. : ૯૩૭૪૫૧૨૨૫૯ (સુરત)**

**હિતેષભાઈ મો. : ૯૮૨૦૯૨૮૪૫૭ (મુંબઈ)**

લિ.

કમલ પ્રકાશન ટ્રસ્ટ

આ છે અણગાર અમારા

પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબની પ્રેરણાને ઝીલીને હવે...

# દેશ વિદેશમાં પર્વાધિરાજ પર્યુષણની આરાધના કરાવવા માટે યુવાનોની સાથે તપોવનીઓ સુસજ્જ

**જૈન સંઘના અગ્રણી માનનીય ટ્રસ્ટીવર્યો !**

**આપના ગામ કે નગરમાં જો પર્વાધિરાજ પર્યુષણપર્વની આરાધના કરાવવા માટે પૂજય સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો તે માટે**

## અમારા યુવાનો તથા તપોવની બાળકોને દર વર્ષે જરૂરથી બોલાવજો.

**આ યુવાનો તથા તપોવનીઓ આપના જૈન સંઘમાં**

(૧) અષ્ટાહ્નિકા તથાં કલ્પસૂત્રની પ્રતનું સુંદર વાંચન કરશે.

(૨) રાત્રે પરમાત્મભક્તિમાં બધાને રસતરબોળ કરી દેશે.

(૩) બન્ને ટાઈમના પ્રતિક્રમણ વિધિ-શુદ્ધિપૂર્વક કરાવશે.

(૪) શ્રીસંઘના ઉલ્લાસ પ્રમાણે રસપ્રદ વિવિધ પ્રવૃત્તિઓ કરાવશે.

**જો આપના સંઘમાં સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો જ નીચેના સરનામેથી ફોર્મ મંગાવીને ભરીને અમને મોકલી આપો.**

**નમ્ર સૂચન**

આરાધના કરાવવા
આવનારને ગાડીભાડું વગેરે
શ્રી સંઘે બહુમાનરૂપે
આપવાનું રહેશે.

**ફોર્મ ભરીને મોકલવાનું સરનામું**

પર્યુષણ વિભાગ : સંચાલક શ્રી
શ્રીયુત લલિતભાઈ ધામી / રાજુભાઈ
C/o. તપોવન સંસ્કારપીઠ
મુ. અમીયાપુર, પોસ્ટ : સુઘડ
ગાંધીનગર - ૩૮૨૪૨૪.
ફોન : ૦૭૯-૨૩૨૭૬૯૦૧-૨-૩

જોડાઓ.... જોડાઓ.... જોડાઓ....

**સત્સંગની અને સંસ્કરણની સાથોસાથ**
**સમ્યગ્જ્ઞાન આપતી અજોડ સંસ્થા એટલે...**
શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી સંસ્કૃતિ પ્રચારક ટ્રસ્ટ સંચાલિત

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય**

# પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા

પ્રેરણામૂર્તિ : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**
**તથા પૂ. સાધ્વીશ્રી મહાનંદાશ્રીજીના સ્વર્ગીય માતુશ્રી**
**સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપશી હ. પ્રફુલ્લભાઈ**
પ્રેરણાદાતા : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**
સંયોજક : **પૂ. મુનિશ્રી જિતરક્ષિતવિજયજી મ.સાહેબ**

**સંસ્કૃત પાઠશાળાની કેટલીક વિશિષ્ટતાઓ :**

● ૩ કે ૫ વર્ષનો કોર્ષ ● રહેવાનું અને જમવાનું નિઃશુલ્ક ● પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રંથ-સંસ્કૃત-પ્રાકૃતાદિનો અભ્યાસ ● અંગ્રેજી-સંગીત-નામું-કોમ્પ્યુટર-પૂજનાદિનો કોર્સ ● વિવિધ પ્રકારની સ્કોલરશીપ અને ઈનામો ● મુમુક્ષુ આત્માઓને સંયમની વિશિષ્ટ તાલીમ ● અભ્યાસ પૂર્ણ થયા બાદ સારી પાઠશાળામાં ગોઠવવા પ્રયત્ન

તા.ક.: આ સંસ્થામાં દાન આપવાની ભાવનાવાળા પુણ્યશાળીઓએ નીચેના સરનામે સંપર્ક કરવો.

સંપર્ક સ્થળ : **પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**
**તપોવન સંસ્કારપીઠ**, મુ. અમીયાપુર, પો. સુઘડ,
જિ. ગાંધીનગર-૩૮૨૪૨૪. ફોન : (૦૭૯) ૨૩૨૮૯૭૩૮, ૨૩૨૭૬૯૦૧-૯૦૨

**લલિતભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૦ ૬૦૦૯૩**
**રાજુભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૫ ૦૫૮૮૨**

**નોંધ** : પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને, પંડિતવર્યોને પરિચિતોમાંથી વિદ્યાર્થીઓને મોકલવાની પ્રેરણા કરવા વિનંતી છે. તપોવન પધારો તો અવશ્ય સંસ્કૃત પાઠશાળાની મુલાકાત લેવાનું ચૂકશો નહિ.

# વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણા સાધુ-સાધ્વીજી ભગવંતો

## ૧. કોણ કહે છે કે, અભ્યુદયકાળ શરુ નથી થયો ?

(૧) B.Com. ની પરીક્ષામાં પ્રથમ હરોળમાં પાસ થયેલ શ્રીમંત ઘરની કોલેજીયન કન્યાએ દીક્ષા લીધી. ઘોર તપ શરુ કર્યો. એકવાર પારણા વિનાના લગાતાર ૯૦૦ આંબિલ કર્યા. ૯૦૧માં દિવસથી ૪૫ ઉપવાસ શરુ કર્યા. ૨૧ માં ઉપવાસે શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના દર્શન કર્યા પછી જ પારણું કરવાની ભાવના જાગી. એ દિવસે નવસારીથી વિહાર કરી છેક ૪૨માં ઉપવાસે શંખેશ્વર પહોંચ્યા. (ડોળી વિગેરેનો ઉપયોગ કર્યા વિના જ.)

ત્યાં ૪૩-૪૪-૪૫ એ ત્રણ છેલ્લા ઉપવાસ કરી, ૪૬મા દિવસે બપોરે ૧૨ વાગે, એક હાથમાં ઘડો અને બીજા હાથમાં પાતરા સાથે જાતે વહોરવા નીકળ્યા. એમના સંસારી સ્વજનો પારણું કરાવવા આવેલા પણ સાધ્વીજીએ સ્પષ્ટ ના પાડી દીધી કે, "તમારી ગોચરી મારા માટે દોષિત છે. એ હું નહિ લઉં." અને એ પારણાના દિવસે આંબિલની ગોચરી લાવી આંબિલ કર્યું. લગાતાર પાછા ૨૫ આંબિલ થયા ત્યારે ૯૭૧માં દિવસથી, (૯૦૦ આંબિલ + ૪૫ ઉપવાસ + ૨૫ આંબિલ) પાછો માસક્ષપણનો તપ ઉપાડ્યો. એ માસક્ષપણના પ્રારંભનો દિવસ હતો, ચૈદ સુદ પાંચમ. ભયંકર ગરમીના દિવસોમાં માસક્ષપણ કર્યું. અખાત્રીજને દિવસે માસક્ષપણનું પારણું આંબિલથી કર્યું.

આશ્ચર્ય તો એ કે, આ કોઈપણ પારણામાં એમણે નથી તો પત્રિકા છપાવી કે નથી તો કોઈ મહોત્સવ કર્યો. એમણે પોતાના તપનો પ્રચાર સુદ્ધાં પણ કર્યો નથી. રસનેન્દ્રિય અને માનકષાય ઉપર જબરદસ્ત કાબૂ મેળવ્યો.

ચૌદ વર્ષના દીક્ષાપર્યાયમાં એમણે બીજી પણ અનેક આરાધનાઓ કરી છે. (૧) વીસસ્થાનકના લગાતાર ૪૦૦ અઠ્ઠમ કર્યા છે. (૨) પાર્શ્વનાથ પ્રભુના લગાતાર ૧૦૮ અઠ્ઠમ કર્યા છે. (૩) અઠ્ઠમ દ્વારા વર્ષીતપ કર્યો. અઠ્ઠમના પારણે પણ પુરિમઢ્ઢ એકાસણા જ કર્યા. વધુ આશ્ચર્યની વાત એ છે કે, આ સાધ્વીજી માત્ર તપસ્વી નથી, વિદ્વાન પણ છે. એમના ગ્રુપના અનેક સાધ્વીજીઓને ભણાવવાનું ઉત્તમ કાર્ય પણ કરે છે.

કોણ કહે છે કે, અભ્યુદયકાળ શરુ નથી થયો ? શું આ જ મોટી અભ્યુદયકાળના

પ્રારંભની નિશાની નથી ?

હા, એક વાત રહી ગઈ. આ સાધ્વીજીએ એક આખું વર્ષ નવ-નવ આંબિલના પારણે નવ-નવ આંબિલ કર્યા. પણ એ આંબિલ સામાન્ય નહિ. પહેલા નવ આંબિલ કોઈપણ એક જ ધાન્યના, બીજા નવ આંબિલ બીજા કોઈ એક જ ધાન્યના.... એ રીતે એક વર્ષ તપશ્ચર્યા કરી.

વિહારમાં નિર્દોષ ગોચરી ન મળે તો કાચી મગની દાળ કે અડદની દાળ કે રોટલી ૩-૪ કલાક પાણીમાં પલાળી રાખી પછી એ વાપરી એક ધાનનું આંબિલ કરી લેતા.

## ૨. વર્ધમાનતપની ઓળીઓ એટલે સોપારીનો ટુકડો

પૂજ્યપાદ તપસ્વીરત્ન આચાર્ય ભગવંત સ્વર્ગસ્થ રાજતિલકસૂરીશ્વરજીએ ૨૮૯ ઓળીઓ કરી છે એ વાત પ્રસિદ્ધ જ છે.

એવા ત્રણ સાધ્વીજી આ ભારતદેશમાં વિદ્યમાન છે કે તેઓ ૨૦૦ ઓળીઓ કરી ચૂક્યા છે અને ૩૦૦ ઓળી પૂર્ણ કરવાની ભાવના સાથે આગળ વધી રહ્યા છે. એમાં વિ.સં. ૨૦૦૪ માં ૧૯ વર્ષની ઉંમરે દીક્ષા લેનાર એક સાધ્વીજીએ વિ.સં. ૨૦૨૬માં પ્રથમ ૧૦૦ ઓળી પૂર્ણ કરી.

વિ.સં. ૨૦૨૬માં ૧૦૦ ઓળી પૂરી થઈ એ પછી વિ.સં. ૨૦૨૮ સુધીમાં એટલે કે બે વર્ષમાં એમણે સિદ્ધિતપ, શ્રેણીતપ, સમવસરણતપ, સિંહાસન તપ, ચત્તારિ-અટ્ઠ-દશ-દોય તપ જેવા ઉગ્ર તપો કર્યા. એ બે વર્ષમાં પહેલું વર્ષ ઉપવાસથી વર્ષીતપ અને બીજું વર્ષ અઠ્ઠમથી વર્ષીતપ કર્યો. એમાં જ ઉપરની બધી તપશ્ચર્યાઓ કરી.

વિ.સં.૨૦૨૮માં ફરી એમણે વર્ધમાનતપનો પાયો નાંખ્યો. અને ૨૩ વર્ષોમાં બીજી ૧૦૦ ઓળી પૂર્ણ કરી. અર્થાત્ ૨૦૫૧માં એમની ૧૦૦ ઓળી પૂર્ણ થઈ. એ વખતે એમની ઉંમર ૬૬ વર્ષની અને દીક્ષાપર્યાય ૪૭ વર્ષનો થયેલો હતો.

આ બીજીવારની ૧૦૦ ઓળીમાં જ્યારે ૧૦૦ મી ઓળી આવી ત્યારે એમણે અઠ્ઠમના પારણે અઠ્ઠમ અને પારણે આંબિલ દ્વારા એ ૧૦૦ મી ઓળી પૂર્ણ કરી. અર્થાત્ ૨૫ અઠ્ઠમ = ૭૫ ઉપવાસ અને ૨૫ આંબિલ દ્વારા એ ૧૦૦મી ઓળી પૂર્ણ કરી.

ના, તપશ્ચર્યા કરવી અને આરામ જ કર્યા કરવો એ એમને બિલકુલ માન્ય ન હતું. તેઓ દિવસે તો આરામ કરતા જ નહિ. રાત્રે પણ ૧૦ થી ૨ માત્ર ચાર કલાક જ વધુમાં વધુ આરામ કરે છે. એ નિદ્રા સિવાયના બાકીના જે ૨૦ કલાક છે એમાંથી

૧૨ કલાક સ્વાધ્યાય, જાપમાં જ પસાર કરે છે. ૮ કલાક પ્રતિક્રમણ, દેરાસર, ગોચરી, સ્થંડિલ વિગેરેમાં પસાર થાય છે.

તેઓ રોજ ૨૦ બાંધી નવકારવાળી ગણે છે. અને અરિહંતપદની ૧૦૦ માળા ગણે છે. અત્યાર સુધીમાં એમણે અરિહંતપદનો '૨ કરોડ' જેટલો જાપ કર્યો છે. નમસ્કાર મહામંત્રનો ૧ કરોડ જેટલો જાપ કરવાની ભાવના છે.

વિ.સં. ૨૦૫૫ની સાલ સુધીમાં એમની ૩જા વખતની ૪૫ ઓળીઓ થઈ ચૂકી છે. વિ.સં. ૨૦૫૫ની સાલમાં એમની ઉંમર ૭૦ વર્ષની છે. આ જ વિ.સં. ૨૦૫૫ની સાલમાં એમણે ૬૮ ઉપવાસ, નવ આંબિલ એમ ૭૬ દિવસ ઘોર તપ કરી નમસ્કાર મહામંત્રનો જાપ કર્યો છે.

જોનારાઓ કહે છે કે "એ સાધ્વીજી ઉપર ઘણીવાર વાસક્ષેપની વૃષ્ટિ થતી અમે જોઈ છે." આ સાધ્વીજી સાણંદમાં જ જન્મ પામ્યા હતા અને અત્યારે સંઘની વિનંતિથી મોટાભાગે સાણંદમાં જ બિરાજમાન રહે છે. તેઓ બાપજી મ.સાહેબના સમુદાયના છે.

૨૦૦થી વધારે ઓળીના આરાધક બીજા સાધ્વીજીએ ૧૬ વર્ષની ઉંમરે લગ્ન કરેલા. અને ૨૯ વર્ષની ઉંમરે વિ.સં. ૨૦૦૧માં કચ્છવાગડ સમુદાયમાં દીક્ષા લીધેલી. દીક્ષા લેતા પહેલાં જ એમની ૧૧ ઓળીઓ પૂર્ણ થઈ ચુકેલી હતી. દીક્ષા બાદ પાંચ વર્ષ એમણે વીશસ્થાનક તપની આરાધના કરી. એ પછી વિ.સં. ૨૦૦૫માં ૧૨મી ઓળી શરુ કરી. માત્ર ૧૯ વર્ષની અંદર ૧૦૦ ઓળી પૂર્ણ કરી. ૨૦૨૪માં મહા વદ ૧ના દિવસે રાજકોટમાં પારણું કર્યું. જે વર્ષે ૧૦૦ ઓળી પૂર્ણ થઈ એ જ વર્ષે પાછો પાયો નાંખ્યો. અને ૨૨ વર્ષમાં જ બીજી વાર ૧૦૦ ઓળી પૂર્ણ કરી. વિ.સં. ૨૦૪૬ મહા સુદ ૫ના દિવસે કચ્છ-આધોઈમાં એમનું પારણું થયું. એમની ઉંમર એ વખતે ૭૬ વર્ષની હતી. એ જ વર્ષે ત્રીજી વાર પાયો નાંખ્યો. ૨૭ ઓળી પૂર્ણ કરી. પણ એ પછી વૃદ્ધાવસ્થા અને શારીરિક પ્રતિકૂળતાઓને લીધે તેઓ ઓળી કરી શકતા નથી.

આ જ મહાતપસ્વી સાધ્વીજીના પ્રશિષ્યા પણ દાદી-ગુરુણીના પગલે-પગલે ચાલી રહ્યા છે. થોડાક વર્ષો પૂર્વે જ એમણે બીજી વાર ૧૦૦ ઓળી પૂરી કરી દીધી છે. વર્તમાનમાં આ જૈનસંઘ પાસે ૨૦૦ ઓળી પૂર્ણ કરી ચુકેલા ત્રણ સાધ્વીજી ભગવંતો છે એ સંઘ માટે ખૂબ ગૌરવની વાત છે.

(જો સળંગ ૧૪-૧૫ વર્ષ સુધી આંબિલ-ઉપવાસાદિ કરવામાં આવે તો ૧૦૦

ઓળી પૂર્ણ થાય.)

## ૩. ગુરુની ગાળ, ઘીની નાળ

"ગુરુજી ! આ ગામમાં મારા ઘણા સ્વજનો છે. અને મને ઘરે પગલા કરવા આવવાનો ખૂબ આગ્રહ કરે છે. આપ રજા આપતા હો તો હું બધાને ત્યાં પગલા કરીને આગળ વિહાર કરીને આવી જઈશ."

એક ચાર વર્ષના દીક્ષાપર્યાયવાળા વૃદ્ધ સાધુએ સાંજના પાંચ વાગ્યાના સમયે પોતાના ગુરુને વિનંતિ કરી.

એ હતું બનાસકાંઠાનું 'ગઢ' ગામ. ૩૦-૩૫ સાધુઓનું એ ગ્રુપ સાંજે વિહાર કરી રસ્તામાં રાત રોકાઈ સવારે પાલનપુર પહોંચવાનું હતું. બધા સાધુઓ વિહારની તૈયારી કરતા હતા.

એ ગુરુ સંયમના ખૂબ આગ્રહી હતા. "સાંજે વિહાર હોય તો પણ અજવાળામાં જ સ્થાને પહોંચી જવાય તો સારું." એવું તેઓ દઢપણે માનતા હતા અને પાળતા હતા. વૃદ્ધ સાધુની સ્વજનોને ત્યાં પગલા કરવાની વાત એમને ગમી તો નહિ છતાં સ્વજનો અને સાધુની પ્રસન્નતા ખાતર 'હા' પાડી. પણ સાથે પોતાના સુયોગ્ય યુવાન પીઢ શિષ્યને આદેશ કર્યો કે,

"તું આ વૃદ્ધ સાધુની સાથે જ રહેજે અને જલ્દી બધે પગલા કરાવી આગળના સ્થાને આવી જજે. જોજે ! મોડું ન થાય."

સુવિનીત શિષ્યે વાત સ્વીકારી લીધી. ગુરુ અને બાકીના સાધુઓ વિહાર કરીને સૂર્યાસ્ત સમયે જ સ્થાને પહોંચી ગયા. વસતિ જોવી, વંદનાદિ કરવા વિગેરે પ્રવૃત્તિ પતી ગઈ. ગુરુએ પ્રતિક્રમણ પણ કરી લીધું. સૂર્યાસ્ત થયાને લગભગ પોણો કલાક થઈ ગયો. ગુરુ વિચારમાં પડ્યા કે હજી પેલા બે સાધુ કેમ ન આવ્યા ? આટલું બધું અંધારું થઈ જાય એ પછી આવે એ શી રીતે ચાલે ? સંયમનું શું ?

ત્યાં જ બે મુનિઓ આવી પહોંચ્યા. આ ગુરુની એક વિશિષ્ટ ગીતાર્થતા હતી કે સુપાત્ર શિષ્યો જ્યારે ભૂલ કરે ત્યારે ઠપકો આપવામાં ઓછાશ ન રાખતા. એનાથી બે કામ થતા : (૧) એ સુપાત્ર શિષ્ય કાયમ માટે ભૂલ કરતો બંધ થઈ જાય. (૨) બીજા તમામ સાધુઓ પણ એકદમ સાવધ બની જાય.

હજી તો એ સાધુઓએ ઉપધિ ઉતારી જ હતી કે તરત ગુરુએ પોતાના એ પીઢ શિષ્યને આગઝરતા શબ્દોમાં ઠપકો આપવાની શરુઆત કરી.

"કેમ ? તને કંઈ સંયમના પરિણામ છે કે નહિ ? મેં સ્પષ્ટ સૂચના કરેલી છતાં ન માની ? તારામાં બુદ્ધિ છે કે નહિ ? ગુરુના વચનને ઉત્થાપે છે ? આટલા મોડા આવવું એ કંઈ સાધુતા છે? બિચારા આ વૃદ્ધ મુનિ તો નવા છે. એ શું કરે ? પણ તને કંઈ સમજણ જ નથી. શ્રાવકો સાથે ગપ્પા મારવાનો તને શોખ લાગે છે."

પાંત્રીસ સાધુઓ સ્તબ્ધ બની ગયા.

બધાને થયું કે "એ પીઢ મુનિને ખોટું લાગ્યું હશે." બધા સાધુઓની વચ્ચે આ રીતે સખત ઠપકો મળે એ કોણ સહન કરી શકે ?

ગ્રુપના બે-ચાર મુનિઓએ નિર્ણય કર્યો કે, "સવારે વિહારમાં એ પીઢ સાધુને આપણે આશ્વાસન આપશું."

સવારે પ્રકાશમાં વિહાર શરુ થયો. ત્રણ-ચાર સાધુઓ પીઢ સાધુની સાથે જ વિહારમાં જવા લાગ્યા. પણ તેઓ હજી કંઈ બોલે એ પહેલા તો પીઢ સાધુના મુખમાંથી અમૃતનો વરસાદ શરુ થયો.

"સાધુઓ ! ગઈકાલે તો મારો સોનાનો દિવસ હતો. વર્ષોથી ગુરુના મશ્કા તો ઘણા સાંભળ્યા છે. ગુરુ તરફથી ઠપકો તો ગઈકાલે જ મળ્યો. મારું કેટલું સદ્ભાગ્ય કે ગુરુએ મારામાં પાત્રતા જોઈને મને જાહેરમાં ખખડાવ્યો. મને લાગે છે કે મારો મોક્ષ હવે ખૂબ નજીકમાં હશે." એમ બોલતા બોલતા એ મુનિરાજ હર્ષના અશ્રુઓ વહાવવા લાગ્યા. સાથેના સાધુઓ આશ્ચર્ય પામ્યા. એમની ધારણા ખોટી પડી હતી.

આ વાતની ખબર જ્યારે ગુરુને પડી ત્યારે તેમને પણ પોતાના શિષ્યની આવી મુઠ્ઠીઊંચેરી ખાનદાની માટે ખૂબ માન થયું. એમણે ભાવપૂર્વક ખૂબ આશીર્વાદ આપ્યા.

ગુરુના કડવા વચનોથી દુઃખી થનારા સંયમીઓએ શું આવા મુનિવરની અનુમોદના ન કરવી જોઈએ ? માસક્ષપણો, ઓળીઓ, સ્વાધ્યાય વિગેરે કરતા પણ આવો સમર્પણભાવ ખૂબ દુષ્કર છે હોં !

## ૪. સાધુઓની વૈયાવચ્ચ : ભવજલ તરવા નાવ

ખંભાતમાં એક ગચ્છના ૩૦-૪૦ સાધુઓ રોકાયેલા હતા. એમાં પુષ્કળ સ્વાધ્યાયાદિ કરનારા ઘણા ઉત્તમ મુનિઓ હતા. ગચ્છનાયક જ એ સાધુઓના અભ્યાસની ખૂબ જ કાળજી કરતા હતા.

એ ગચ્છમાં મોટી ઉંમરના એક તપસ્વી મુનિરાજ પણ હતા. એ ક્ષયોપશમ ઓછો

હોવાથી વિશિષ્ટ અભ્યાસ કરી શકતા ન હતા. પણ બીજા અનેક સાધુઓને ભણતા જોઈને એમને અપાર આનંદ આવતો. એ સ્વયં માંડલીના ઘણા બધા કામ કરી એ સ્વાધ્યાયી મુનિઓનો સમય બચાવી આપતા. બપોરની દોઢ-બે ઝોળી જેટલી ગોચરી તેઓ લાવતા જેથી બાકીના સાધુઓનો સમય બચે.

એમની એક જ ભાવના હતી કે, "હું ભણી નથી શકતો તો ભણનારાઓને સહાય તો કરું."

એક દિવસની વાત છે. બપોરે ગોચરી જવાનો સમય થઈ રહ્યો હતો એ વખતે એક સાધુએ આ તપસ્વી મુનિને વંદન કર્યા. પણ એમના ચરણોને સ્પર્શ કરતા જ એ સાધુ ચમક્યો,

"સાહેબ ! આપનું શરીર તો ધગધગે છે. ઓછામાં ઓછો ત્રણ ડીગ્રી તાવ છે. હું હમણાં જ ગુરુદેવને વાત કરું છું. આપ આજે ગોચરી ન જશો."

અને એ સાંભળતાં જ એ તપસ્વીએ આ સાધુનો હાથ પકડી લીધો,

"ખબરદાર ! એક અક્ષર પણ બોલ્યા છો તો ! મારા તાવની બધાને ખબર પડશે તો મારા બદલે આ સ્વાધ્યાયીઓએ ગોચરી લેવા જવું પડશે. એ મને ન પરવડે. એમનો સ્વાધ્યાય બગડે. મને ભક્તિનો લાભ ન મળે. વળી બધા મારી સેવા કરવા લાગી પડશે. એટલે તમારે ચૂપ જ રહેવાનું છે."

અને એમની સખત ધાક સામે આ સાધુએ મૌન રહેવું પડ્યું.

અને ખરેખર ત્રણ ડીગ્રી તાવમાં એ સાધુ અપૂર્વ ઉલ્લાસ સાથે ગોચરી લાવ્યા. ગોચરી આવી ગયા બાદ પેલા વંદન કરનારા સાધુએ જાહેરાત કરી. કે,

"આ તપસ્વી મુનિને તો ભયંકર તાવ છે. એમની જીદના કારણે મારે મૌન રહેવું પડ્યું."

એ વખતે આચાર્યશ્રીએ ઠપકો આપ્યો, "આવું તે કરાતું હશે ?"

પણ એ તપસ્વી કહે,

"મારે જલ્દી કેવલજ્ઞાન મેળવવું છે. બોલો ગુરુદેવ ! એ માટે મારે આ મુનિઓની વૈયાવચ્ચ ન કરવી જોઈએ ? શરીર તો આજે છે ને કાલે નથી. એની શી ચિંતા કરવી ?"

મહાગીતાર્થ, સંવિગ્નશિરોમણિ એ ગુરુદેવ શું બોલે ?

## ૫. દુઃખોને સ્વીકારતા શીખો

વિશાળ સમુદાયના એક મહાન આચાર્ય ભગવંતને આંખોનું ઓપરેશન કરવામાં આવ્યું. એ વખતે એમના શિષ્ય સંઘ-એકતાચિંતક પંન્યાસજી હાજર હતા. પણ કમનસીબે એ ઓપરેશન નિષ્ફળ ગયું.

ડોક્ટરોએ પંન્યાસ-શિષ્યને કહી દીધું કે, "આપના ગુરુદેવ આંખો ગુમાવી ચૂક્યા છે. ઓપરેશન નિષ્ફળ ગયું છે. પણ આ વાતની એમને ખબર પડશે તો સખત આઘાત લાગશે. તમે ખૂબ કાળજીપૂર્વક એમને આ વાત જણાવજો."

આ બાજુ ઘણા દિવસો થવા છતાં ડોક્ટરોએ આંખોના પાટા ખોલ્યા ન હોવાથી આચાર્યશ્રીએ શિષ્યને પૂછ્યું,

"આ પાટા ક્યારે ખોલશે ? ઘણા દિવસો થઈ ગયા."

પંન્યાસ શિષ્યે આ તક જોઈને સાચી વાત કરવાની ભૂમિકા બનાવવા માંડી, "ગુરુદેવ ! આમ તો આ ડોક્ટરો ખૂબ જ હોંશિયાર છે. મોટા મોટા ઓપરેશનો પાર ઉતારનારા છે....."

અધવચ્ચે જ સમજદાર ગુરુ બોલી ઊઠ્યા,

"તારે શું કહેવું છે ? એમ જ કહેવું છે ને ? કે મારું ઓપરેશન નિષ્ફળ ગયું છે ? હું અંધ બની ગયો છું ?"

શિષ્યે 'હાજી' કહ્યું.

અને કર્મના મર્મને સમજનારા એ આચાર્યશ્રી બોલ્યા,

"તને એ વાતની ચિંતા થતી હશે કે આ વાતથી મને આઘાત લાગશે. અને માટે જ તું મૌન હતો. કેમ બરાબર ને ? પણ તારી એ ભ્રમણા હતી. શિષ્ય ! **અત્યાર સુધી હું ખુલ્લી આંખે સ્વાધ્યાયની આરાધના કરતો હતો. હવે બહારની આંખો ભલે ગઈ પણ અંદરની આંખો તો મારી ખુલ્લી જ છે ને ? એ આંખો વડે હું ધ્યાનની આરાધના કરીશ. મારી મોક્ષમાર્ગની આરાધના વધુ વેગવંતી બનશે."**

આવી સ્યાદ્વાદશૈલિ અપનાવીએ તો ગમે તેવી પરિસ્થિતિમાં પણ દુઃખી થવું ન પડે.

## ૬. આરાધનાની ધુન આવી હોય !

છેલ્લી ઉંમરમાં એક મુનિને કેન્સર થયું. સાધુઓ ખૂબ સારી રીતે સેવા કરતા. પણ કેન્સરની અસહ્ય વેદના તો એમણે જાતે જ સહન કરવી પડતી.

જ્યારે પણ રાત્રે કોઈપણ સાધુ ઊઠે ત્યારે સૌ પ્રથમ આ કેન્સરવાળા મુનિ પાસે પહોંચી જાય. માત્રુ કરવું હોય તો એની કાળજી કરી લે. બીજું પણ કંઈક કામ હોય તો એ કરી આપતા.

એક રાત્રે એક સાધુ ઊઠ્યા. કેન્સરવાળા સાધુ પાસે ગયા.

એ સાધુ જાગે છે કે ઊંઘે છે ? એ જાણવા માટે એકદમ નજીક જઈ એમના મુખ સામે નજર કરી તો એ આંચકો પામ્યા, કેમકે એ કેન્સરવાળા મુનિ સંપૂર્ણપણે જાગતા જ હતા. આછા પ્રકાશમાં એમનું મુખ દેખાતું હતું. એમના મુખ ઉપર સ્પષ્ટપણે ભયંકર વિષાદ દેખાતો હતો. એ કોઈ અસહ્ય વેદના અનુભવતા હોય એવી પ્રતીતિ થઈ.

"માત્રુ જવું છે ? કંઈ તકલીફ થાય છે ? પીડા સહન નથી થતી ? આટલા બધા દુઃખી કેમ દેખાઓ છો ?"

સ્નેહાળ સ્વરે સાધુએ પ્રશ્ન કર્યો.

ભારપૂર્વક પુછાયેલા એ પ્રશ્નનો ઉત્તર આપતા એ કેન્સરવાળા સાધુ રડી પડ્યા,

"મુનિવર ! હું છેલ્લા કેટલાય વર્ષોથી ૭૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવાની આરાધના રોજ કરું છું. આજ સુધી એ અખંડ ચાલુ હતી. પણ આજે મને પુષ્કળ વેદના થાય છે. મેં માંડ માંડ ૩૫૦ લોગસ્સનો કાયોત્સર્ગ કર્યો. હવે અતિશય વેદનાને લીધે થઈ શકતો નથી. અરેરે ! મારી વર્ષોની આરાધના આજે ખંડિત થશે ?"

કેવું આશ્ચર્ય ! કેન્સરની વેદનાની ફરિયાદ નથી પણ આરાધના રહી ગયાનો કકળાટ છે.

શું આપણા જીવનમાં આવું કંઈક સંવેદન છે ખરું ?

## ૭. કેવી આ ગુરુ-શિષ્યની જોડી !

અમદાવાદના એક સંઘમાં આજે પણ એ મુનિરાજ વિદ્યમાન છે. એમણે વર્ધમાનતપની ૧૦૦ ઓળી તો કરી જ છે એ ઉપરાંત તરત ૩૬૫ દિવસમાં ૨૬૨ આંબિલ સાથે બીજી ૨૨ ઓળી એક જ વર્ષમાં કરી.

વળી એમના ગુરુદેવ વર્ષોથી લકવાગ્રસ્ત છે. લગભગ આખું શરીર લકવાથી વ્યાપ્ત છે. સ્થંડિલ-માત્રુ પણ એ ગુરુદેવ જાતે જઈ શકે એમ નથી. જાતે હલન-ચલન કરવું પણ એમના માટે શક્ય નથી. વળી રાત્રે દર દોઢ કલાકે એમને પડખું બદલવું પડે.

હવે આ શી રીતે શક્ય બને ?

પણ તપસ્વી શિષ્યે એ કામ ઉપાડી લીધું. રાત્રે સંથારો કરે તે વખતે ગુરુદેવનું પડખું બદલી આપે. અને પછી દોઢ કલાક પછીનો એલાર્મ મૂકી દે. એ વાગે એટલે તરત ઊભા થઈ પડખું બદલી આપે. દોઢ કલાક પછીનો એલાર્મ મૂકી દે. પાછા દોઢ કલાકે ઊભા થાય. આખી રાત આ રીતે પસાર કરે. પોતાની ઊંઘ બગડે એની લેશ પણ પરવા ન કરે.

આટલું હજી ઓછું હોય તેમ એ ગુરુદેવને ઘણીવાર રાત્રે જ ઝાડા થઈ જાય. કપડા, સંથારો વિગેરે બધું સ્થંડિલથી ખરડાઈ જાય.

આ તપસ્વી મુનિ જ્યારે આવું થાય ત્યારે અડધી રાતે પણ એ બધા બગડેલા વસ્ત્રો દૂર કરી બીજા વસ્ત્રો પહેરાવે. અને ત્યારે જ એ વસ્ત્રોનો કાપ કાઢવા બેસી જાય. (સંમૂર્ચ્છિમની વિરાધના અટકાવવા તથા એ વસ્ત્રોનો સવારે ઉપયોગ કરવા માટે.)

આવી તો ઘણી રાત્રિઓ એ મુનિએ પસાર કરી છે. આજે પણ એ મુનિ એ જ રીતે સેવા કરી રહ્યા છે. તપ અને વૈયાવચ્ચ એ એમના જીવનના બે ઉત્કૃષ્ટ યોગો છે.

હજી એ થાક્યા નથી, કંટાળ્યા નથી પરંતુ એમનો ઉલ્લાસ વધી જ રહ્યો છે.

જ્યારે કોઈક સાધુની થોડા દિવસ માટે પણ વૈયાવચ્ચ કરવાનો અવસર આવે ત્યારે આપણી માનસિક પરિસ્થિતિ શી હોય છે ? એ વિચારશું તો આ મુનિના વૈયાવચ્ચ ગુણની હાર્દિક અનુમોદના કરી શકશું.

## ૮. આત્મનિરીક્ષણ કરો

એક સાધ્વીજીને કિડનીમાં કેન્સર થયું. પેશાબ બિલકુલ થાય જ નહિ.જ્યારે થાય ત્યારે ભયંકર પીડા થાય.

ડોક્ટરોએ સ્પષ્ટ કહી દીધું કે "આમને માત્ર નાળિયેરનું પાણી જ વપરાવવું, સાદું પાણી બિલકુલ ન વપરાવવું. નાળિયેરના પાણીથી માત્રુ ઝડપથી થઈ જશે અને બગાડ પણ નીકળી જશે."

એમના શિષ્યા એ જ પ્રમાણે નાળિયેરનું પાણી આપવા લાગ્યા, પણ ચાખતાંની સાથે ગુરુણીને ખ્યાલ આવી ગયો કે આ નાળિયેરનું પાણી છે. પણ હવે બધું એંઠુ થઈ ગયું હોવાથી વાપરી જવું પડ્યું.

શિષ્યા વારંવાર ચાલાકી કરી કરીને ગુરુણીને નાળિયેરનું પાણી પીવડાવવા લાગી. જ્યારે ગુરુણી પાણી માંગે ત્યારે શિષ્યા એ નાળિયેર-પાણી જ આપતી.

પણ છેવટે એમણે શિષ્યાને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે,

"તને ખબર છે ? જે સ્થાનોમાં શાકભાજી-ભીંડા, કેળા વિગેરે વનસ્પતિનો જ વધુ પ્રમાણમાં ઉપયોગ હોય, વનસ્પતિ વિનાની ગોચરી ન મળતી હોય એવા સ્થાનોમાં ઉત્સર્ગમાર્ગે તો રહેવાનો પણ શાસ્ત્રોમાં નિષેધ છે. તો એ બધું વાપરવાની તો વાત જ ક્યાં રહી ? તું મને શા માટે આ નાળિયેરનું પાણી પીવડાવે છે. મને પાપમાં કેમ નાંખે છે ?"

એ પછી એ ગુરુણી ધ્યાન રાખવા લાગ્યા. જ્યારે શિષ્યા ઘડામાંથી પાતરીમાં પાણી કાઢીને આપે ત્યારે જ વાપરતા. શિષ્યા સીધી કોઈપણ પાતરી આપે તો એ વાપરતા જ નહિ. (ઘડામાં તો પાણી જ હોય ને ?)

શિષ્યા પણ ચાલાક હતી. ગુરુણીના સ્વાસ્થ્ય માટે ચાલાકી કરવામાં એ શિષ્યા કોઈ દોષ માનતી ન હતી. એણે હવે ઘડામાં જ નાળિયેર-પાણી ભરી રાખવાનું શરુ કર્યું. જ્યારે ગુરુણી પાણી માંગે ત્યારે ઘડામાંથી જ પાતરીમાં લઈને આપે.

ગુરુણી સમજે કે 'આ સાદું પાણી જ છે' અને વાપરી લે.

પણ આવું કેટલી વાર ચાલે ?

ગુરુણીએ પછી જ્યારે પોતાની શિષ્યાએ પાણી આપ્યું ત્યારે સ્પષ્ટ પ્રશ્ન કર્યો કે "તું તારા રજોહરણ-ઓઘાના સોગંદ ખાઈને કહે કે આ પાણી નાળિયેરનું છે કે સાદું છે ? એંઠુ કર્યા પછી મારે વાપરવું જ પડે છે."

શિષ્યા શું બોલે ?

માત્રાની અતિ ભયંકર પીડા વચ્ચે પણ એ મહાસંયમી સાધ્વીજીએ જિનાજ્ઞા પ્રત્યેનો માત્ર પક્ષપાત જ જાળવી રાખ્યો એટલું નહિ પરંતુ એનું કટ્ટરતા સાથે પાલન પણ કર્યું.

શરીર સારું હોય, બધી અનુકૂળતા હોય ત્યારે આપણને આપણી જાત જિનાજ્ઞાપાલક, આજ્ઞા પક્ષપાતવાળી દેખાય એમાં કંઈ નવાઈ નથી. પણ શરીરના રોગો વખતે, પ્રતિકૂળતાઓ વચ્ચે આપણા આચાર-વિચાર કેવા હોય છે ? એનું નિરીક્ષણ કરશું તો આપણે કોણ છીએ ? એ બીજા કોઈને ય પૂછવા નહિ જવું પડે.

હા ! અપવાદ માર્ગ પણ હોય, પણ અપવાદ શાસ્ત્રાનુસારી હોવો જરૂરી છે.


આ છે અણગાર અમારા

## ૯. હા ! પસ્તાવો વિપુલ ઝરણું...

એક સાધુ દીક્ષાના દિવસથી જ જાતજાતની માંદગીઓથી ઘેરાયેલા હતા. શરુઆતમાં તો પુષ્કળ હેરાન થયા. પણ પછી એમણે વિચાર કર્યો કે,

"મેં એકેન્દ્રિયાદિ જીવોની જે વિરાધના કરી હશે એના ફળરૂપે આ ઘોર અશાતા ભોગવવાનો વખત મારે આવ્યો છે. તો હવે એ જીવો પાસે મારે માફી માંગવી જ રહી. એ રીતે જ મારા કર્મોનો ક્ષય થશે."

અને આ વિચાર આવ્યા બાદ એમણે રોજ ઈરિયાવહિસૂત્રની ૫૦ બાંધી નવકારવાળી ગણવાની શરુઆત કરી.

'ઓ જગતના સર્વજીવો ! મારા કારણે આપને કંઈપણ દુઃખ થયું હોય તો હું અંતઃકરણથી એની ક્ષમા માંગું છું.'

એવા ભાવપૂર્વક એ ૫૦ નવકારવાળી ગણતા. અર્થાત્ રોજ ૫૦૦૦ ઈરિયાવહિનો કાયોત્સર્ગ કરતા.

જિંદગીના છેલ્લા દિવસ સુધી એમણે આ જપ જાળવી રાખ્યો.

## ૧૦. ભરતક્ષેત્રનું પુણ્ય ઘણું ઓછું છે

સત્તર વર્ષની નાનકડી ઉંમરે એક વૈરાગી યુવાને દીક્ષા લીધી. માત્ર બાર વર્ષના દીક્ષાપર્યાયમાં એમણે જે સાધના કરી છે એ જોતાં મસ્તક નમ્યા વિના રહેતું નથી.

**જ્ઞાનક્ષેત્રે :** કુલ ૪૫૦ જેટલા ગ્રન્થોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. જેમાં

(૧) સંસ્કૃતભાષા અંગેના-૧૬ (૨) વ્યાકરણના-૨૧
(૩) વિશિષ્ટ વૈરાગ્યવર્ધક ગ્રન્થો-૫ (૪) સાહિત્ય-છન્દગ્રન્થો-૫
(૫) પ્રાકૃતવ્યાકરણના-૮ (૬) નવ્યન્યાયના-૨૬
(૭) પ્રાકૃતભાષાના-૧૭ (૮) વૈશેષિકદર્શનના-૪
(૯) ન્યાયદર્શનના-૨૩ (૧૦) પૂર્વમીમાંસા ભાટ્ટના-૧૧
(૧૧) પૂર્વમીમાંસા પ્રભાકરના-૪
(૧૨) ઉત્તરમીમાંસા વેદાન્ત-અદ્વૈતદર્શનના-૩૩
(૧૩) ભટ્ટમીમાંસાપરિશિષ્ટ-૪ (૧૪) સાંખ્યદર્શનના-૧૩
(૧૫) બૌદ્ધદર્શનના-૩૦ (૧૬) જૈનન્યાયના-૩૦

(૧૭) દિગંબરન્યાયના-૨૧ (૧૮) ન્યાયાદિની ચર્ચાવાળા ગ્રન્થો-૫૯

(૧૯) ઈતરદર્શનના વિશિષ્ટ ગ્રન્થો-૧૭ (૨૦) કર્મસાહિત્યના-૨૦

(૨૧) જિનાગમો-૫૧ (૨૨) અંગ્રેજી ભાષાના કુલ ૩૮

પુસ્તકોનો અભ્યાસ કર્યો.

**વૈરાગ્યક્ષેત્રે :** આ મુનિને આજીવન માટે (૧) તમામ મીઠાઈઓ (૨) કાજુ-બદામ-ખજુરાદિ તમામ મેવો (૩) કેળા, કેરી વિગેરે તમામ ફળો (૪) ખાખરા-પાપડ વિગેરે તમામ કડક વસ્તુઓ (૫) તળેલું (૬) મુરબ્બો-છુંદો વિગેરે પદાર્થોનો ત્યાગ હતો.

એ કરતાં પણ આંખે ઉડીને વળગે એવી એક વિશિષ્ટતા એ હતી કે જે વસ્તુ વાપરતી વખતે રાગ થાય એ વસ્તુનો એ જ દિવસથી કાયમ માટે ત્યાગ કરી દેવાની એમની પ્રતિજ્ઞા હતી.

**અભિગ્રહ ક્ષેત્રે :**

(૧) આખા વર્ષમાં માત્ર એક જ વાર કાપ કાઢવો.

(૨) બાર વર્ષ દરમ્યાન પોતાના માતા-પિતાદિ કોઈને.પણ નાનકડી પણ ટપાલ લખી નથી.

(૩) પોતાના ગુરુદેવ પાસે એમણે બે નિયમોની માંગણી કરી હતી કે મારે વ્યાખ્યાનો ન કરવા અને કોઈને પણ શિષ્ય ન બનાવવા.

(૪) તેઓ ક્યારેય સફેદ-નવા વસ્ત્રો ન પહેરતા. પ્રાયઃ ગુરુદેવના વાપરેલા કપડા જ પહેરતા અથવા નિર્દોષ એવા જીર્ણ વસ્ત્રો પહેરતા.

(૫) એમણે લગભગ બધા લોચ પોતાના હાથે જ કર્યા છે.

(૬) સેંકડો ગ્રન્થો વાંચ્યા, પણ એકપણ ગ્રન્થ ગુરુની રજા વિના વાંચ્યો નથી.

(૭) ગુરુ પ્રત્યેનો ભક્તિભાવ એટલો બધો હતો કે તે એમ કહેતા કે ગુરુદેવ ! હું આપના પહેલા જ આ દુનિયામાંથી વિદાય લઈશ. આપ જો મારા પહેલા જાઓ તો મારે આપનો વિરહ સહન કરવો પડે. એ મારા માટે દુઃશક્ય છે.

(૮) સ્વયં અતિ વિદ્વાન હોવા છતાં ગુરુની આગળ બાળક જેવા હતા. ક્યારેય ગુરુથી છૂટા ન પડતા.

(૯) ઘણા સાધુઓને ભણાવતા છતાં કોઈની પાસે પોતાનું પ્રતિલેખનાદિ કદી ન કરાવતા.

શુદ્ધિક્ષેત્રે : (૧) સવારે વિહાર શરુ થયો. ૨૦ કિ.મી. ચાલી ૧૧ વાગ્યે એક ગામમાં પહોંચ્યા. ત્યાં ગોચરી દુર્લભ હોવાથી ત્યાંથી ત્રણ કિ.મી. દૂર ગોચરી લેવા ગયા. છ કિ.મી. ચાલીને નિર્દોષ ગોચરી લાવીને લગભગ સાડા ત્રણ વાગે એમણે ગોચરી વાપરી.

(૨) સાંજે વિહાર કરીને એક સ્થાને પહોંચ્યા. ત્યાં ઉતરવા માટે બે રૂમ મળી હતી. આ મુનિ ત્યાં પહોંચ્યા એ પૂર્વે એક રૂમમાં ગુરુદેવ અને બીજા સાધુઓ આવી ચૂક્યા હતા. બીજી રૂમ ખાલી હતી, પણ આ મુનિ ગુરુથી છૂટા રહેવા ઈચ્છતા ન હતા. 'અહીં જગ્યા છે ?' એમ પૂછતાં સાધુઓએ મજાકમાં કહ્યું કે "અહીં તમારા માટે માત્ર બેસી શકાય એટલી જગ્યા છે, સૂઈ શકાય એટલી નથી."

અને એ મુનિએ એ વાત વધાવી લીધી. ખરેખર આખી રાત બેઠા-બેઠા પસાર કરી.

કમનસીબી છે કે શાસન માટે અત્યંત ઉપયોગી આવા મુનિરાજ માત્ર ૨૯ વર્ષની નાનકડી ઉંમરે કાળધર્મ પામ્યા.

આ ભરતક્ષેત્રનું દુર્ભાગ્ય જ કહેવાય ને ?

## ૧૧. મતભેદ હજી ય ચાલે, મનભેદ ન ચાલે

એક શહેરના ઘણા મોટા સંઘમાં એક સમુદાયના ઘણા મોટા આચાર્ય ભગવંત બિરાજમાન હતા. એ સંઘના દેરાસરમાં કેટલીક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા થવાની હતી. સંઘના આગેવાનો બીજા સમુદાયના આચાર્ય ભગવંત પ્રત્યે ખૂબ જ બહુમાન ધરાવતા હતા. એટલે એ આગેવાનોએ એ બીજા આચાર્યશ્રીને જ પ્રતિષ્ઠા કરવા માટે વિનંતિ કરી.

એ આચાર્યશ્રીએ વિનંતિનો સ્વીકાર કર્યો પણ સાથે પૂછ્યું કે

"તમારા સંઘમાં અત્યારે કોઈ મહાત્મા છે ?"

સંઘે ઉત્તર આપ્યો કે "બીજા પક્ષના અમુક આચાર્ય છે."

આ આચાર્યશ્રીએ કહ્યું કે,

"એ ખૂબ જ ગુણવાન છે. તમે એમને પણ પ્રતિષ્ઠામાં રોકી રાખો. અને એમને મારા તરફથી કહેજો કે તમે આવશો તો જ હું પ્રતિષ્ઠામાં આવીશ."

સંઘ આશ્ચર્ય પામ્યો. ઉપાશ્રયે જઈ આચાર્યશ્રીને વિનંતિ કરી. એમનો વિહાર

નક્કી થઈ ગયો હતો પણ સંઘના આગ્રહથી અને બીજા સમુદાયના આચાર્યશ્રીની લાગણીથી તેમણે વિનંતિ સ્વીકારી.

સંઘમાં બિરાજમાન આચાર્ય વડીલ હતા અને જેમના હાથે સંઘ પ્રતિષ્ઠા કરાવવાનો હતો એ નાના હતા. પણ જે દિવસે નાના આચાર્યનો આ સંઘમાં સામૈયા સાથે પ્રવેશ થતો હતો તે વખતે એ મોટા આચાર્ય સામે લેવા ગયા.

નાના આચાર્યને એ વખતે એક ભૂલ સમજાઈ કે

'સામે વડીલ વિદ્યમાન હોય તો સામૈયા સાથે પ્રવેશ ન કરાય.'

એટલે એમણે તરત બેન્ડ બંધ કરાવ્યું. પણ વડીલ આચાર્યશ્રી પણ ખૂબ ઉદાર દૃષ્ટિવાળા હતા. એમણે સ્વયં સંઘને કહી દીધું કે

"બેન્ડ વાગે એમાં કોઈ જ વાંધો નથી."

અને આનંદપૂર્વક બે મહાપુરુષોએ ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો.

પ્રતિષ્ઠાનો દિવસ આવ્યો. એ વખતે નાના આચાર્યે કહ્યું કે,

"અમારા ગુરુદેવોની પરંપરા છે કે જે વડીલ હોય એમના જ હાથે પ્રતિષ્ઠા કરાવવી. આપ વડીલ છો, માટે પ્રતિષ્ઠા આપ જ કરો."

વડીલ આચાર્ય કહે,

"આ સંઘ આપનો ભક્ત છે. આપની પાસે પ્રતિષ્ઠા કરાવવા ઈચ્છે છે. મેં તો માત્ર હાજરી આપી છે. હું પ્રતિષ્ઠા કરીશ તો કદાચ સંઘને નહિ ગમે."

નાના આચાર્ય બોલ્યા,

"આપણે બે ય સાથે પ્રતિષ્ઠા કરશું. પછી કોઈને વાંધો નહિ આવે."

એમ જ થયું. નાના આચાર્યે એ પ્રતિમા ઉપરના લખાણમાં પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય તરીકે વડીલ આચાર્યશ્રીનું નામ પણ લખાવડાવ્યું. એટલું જ નહિ એ પ્રતિષ્ઠાની જે પત્રિકા છપાઈ એમાં પણ વડીલ આચાર્યનું નામ પ્રથમ છપાવ્યું.

એ બે સમુદાયો વચ્ચે એ વખતે વંદનાદિ વ્યવહાર ન હતો, અમુક મતભેદ પણ હતા. આમ છતાં એ બે મહાપુરુષોએ પોતાના મતભેદોને મનભેદમાં પરિણમવા ન દીધા. પરસ્પરની લાગણીઓમાં ઓટ આવવા ન દીધી.

વંદન હો એ માનવંતા મહાપુરુષોને !

આજે પણ એ સંઘમાં એ પ્રતિષ્ઠિત પ્રતિમાજી ઉપર એ બે ય આચાર્ય ભગવંતોની ઉદાર દૃષ્ટિની સાક્ષી પૂરતા બે ય નામો વાંચવા મળે છે.

## ૧૨. શાસ્ત્રસાપેક્ષતા કોને કહેવાય ?

એક આચાર્ય ભગવંત જ્યારે પંન્યાસ હતા ત્યારે એકવાર પિત્તની તકલીફના કારણે એમણે આંબિલ, એકાસણા છોડવા પડ્યા અને નવકારશી કરવાની શરુઆત થઈ. જો સવારે ન વાપરે તો પિત્ત વધે, માથાનો દુઃખાવો શરુ થાય.

પણ એ પંન્યાસજીનો માનસિક અધ્યવસાય એક જ ચાલ્યા કરે કે

→ શાસ્ત્રમાં લખ્યું છે કે જે સાધુએ અપવાદ માર્ગે નવકારશી કરવી પડે એણે નવકારશીમાં ૪-૬ કોળીયા જ વાપરવા, છેવટે જેટલું વાપરવાની આવશ્યક્તા હોય એનાથી વધુ ન જ વાપરવું. એટલે મારે ચાર-છ કોળીયા જ વાપરવા.

વળી મારે પિત્તનો પ્રકોપ છે. એ શમાવવા માટે સવારે દૂધ વગેરે લેવાની કોઈ જરૂર નથી. માત્ર શરીરમાં થોડોક ખોરાક પડે એટલે મારો પિત્તનો પ્રકોપ શાંત થઈ જાય. માટે મારે સવારે માત્ર બે જ લુખા ખાખરા વાપરવા અને સવારે શ્રાવકોના કોઈક ઘરોમાંથી તુવેરની દાળ મળી જાય છે. એ મોળી - મસાલા વિનાની તુવેરની દાળ વાપરવી. બસ, આ બે સિવાય ત્રીજી કોઈપણ વસ્તુ ન લેવી. ←

આ પંન્યાસજીએ લગભગ દોઢ વર્ષ સુધી આ રીતે બે દ્રવ્ય દ્વારા નવકારશી કરી.

અપવાદમાર્ગનું સેવન કરવામાં કેટલી બધી અપ્રમત્તતા-જાગ્રતિ જોઈએ ? એ આના ઉપરથી સારી રીતે સમજી શકાય છે.

જેઓ આવા પ્રકારની કોઈ શાસ્ત્રસાપેક્ષતા ન રાખે એમનો એ અપવાદમાર્ગ જોખમમાં જાણવો.

## ૧૩. ઓળખી લો, કલિયુગના ધન્ના અણગારને...

સ્વર્ગવાસ પામેલા એક તપસ્વી આચાર્ય ભગવંતના જીવનની આરાધનાઓ ઉપર જરાક નજર તો નાંખો, આશ્ચર્યચકિત થઈ જશો.

(૧) અરિહંતપદની આરાધના ૨૦-૨૦ ઉપવાસ કરવા દ્વારા ૨૦ વાર કરી. (૪૦૦ ઉપવાસ) એમાં ય છેલ્લા ૨૦ ઉપવાસના પારણે શત્રુંજયની યાત્રા કરી. એ પછી નીચે ઉતરી આંબિલથી પારણું કર્યું.

(૨) ૧ થી ૨૪ ભગવાનની આરાધનાના ઉદ્દેશથી વર્ધમાનતપ કરવા માટે ક્રમશઃ ૧,૨,૩,૪,૫....૨૪ ઉપવાસ કર્યા. એ પછી ૨૪મા ભગવાનથી પહેલા ભગવાન સુધીની ઊંધા ક્રમથી આરાધના પણ એ જ રીતે કરી. એમાં સંભવનાથ પ્રભુની આરાધનાના ૨૨ ઉપવાસનું પારણું શત્રુંજયની યાત્રા કર્યા બાદ આંબિલથી કર્યું.

આદિનાથ ભગવાનના નિમિત્તે ૨૪ ઉપવાસ કરવાને બદલે ૩૦ ઉપવાસ કરી ૩૧મા દિવસે શત્રુંજયની યાત્રા કર્યા પછી પારણું કર્યું.

(૩) એકવાર સુરતમાં ૨૬૦ દિવસમાં જ ૨૦૮ ઉપવાસ કર્યા. આ ઉપવાસ વખતે એમને વર્ષીતપ ચાલતો હતો.

(૪) એકવાર પુના શહેરમાં ૧૩૫ દિવસમાં કુલ ૧૧૬ ઉપવાસ કર્યા.

(૫) વર્ધમાનતપની ૬૧મી ઓળીમાં શરુઆતના ૨૯ દિવસમાં ૭ છઠ્ઠ(૧૪ ઉપવાસ), ૨ અઠ્ઠમ, (૬ ઉપવાસ) અને ૯ આંબિલ કર્યા. એટલું જ નહિ, આ ૨૯ દિવસમાં ગિરનાર તીર્થની ૯૯ યાત્રા કરી. ગિરનારની યાત્રા અતિકપરી છે એ બધા જાણે છે.

હજી એક વધુ આશ્ચર્ય ! આ જ ઓળીમાં અંતે અઠ્ઠાઈ કરી. એ આઠ દિવસમાં જામકંડોરણાથી જૂનાગઢનો છ'રીપાલિત સંઘ કાઢ્યો, જેમાં વ્યાખ્યાનાદિ જવાબદારી નિભાવી. એ આઠ દિવસમાં માત્ર એક જ વાર પાણી વાપર્યું.

(૬) આ આચાર્યશ્રીની ઉંમર ૮૫ વર્ષની હતી ત્યારે એમને અખંડ ૧૭૫૧ + ૧૧૦૦ ઉપરાંત આંબિલ તપ ચાલતો હતો. (૧૭૫૧ આંબિલ બાદ થોડાક પારણા કરેલા.) એ વખતે વૈશાખ મહિનાની ભયંકર ગરમીમાં તેઓ રોજ સવારે આઠ વાગે વિહાર કરતા. એ રીતે માત્ર ૧૨ દિવસમાં ૨૨૫ કિ.મી.નો ઉગ્ર વિહાર કર્યો.

૯૨ વર્ષની ઉંમર થઈ ત્યાં સુધીમાં એમણે ક્યારેય ડોળી કે વ્હીલચેરનો ઉપયોગ કર્યો નથી.

(૭) 'નમો સિદ્ધાણં' પદના પ્રત્યેક અક્ષરની આરાધના માટે પાંચ અઠ્ઠાઈ કરી.

(૮) ૫૪મી ઓળીમાં શત્રુંજયની રોજની બે યાત્રા કરવા સાથે ૧૦૮ યાત્રા કરી.

(૯) ૫૮મી ઓળીમાં ૭ છઠ્ઠ અને ૨ અઠ્ઠમ કરવા સાથે શત્રુંજયની ૧૨૦ યાત્રા કરી.

(૧૦) ૫૯,૬૦,૬૧ અને ૬૪ આ ચાર ઓળીઓ છઠ્ઠના પારણે છઠ્ઠ કરવા પૂર્વક કરી.

(૧૧) ૬૫-૬૬મી ઓળી એકાંતરે ઉપવાસથી કરી.

(૧૨) ૭૭મી ઓળીમાં શત્રુંજયની ૧૦૮ યાત્રા કરી.

## એમની ઉપવાસની તપશ્ચર્યાનો કોઠો

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૦ ઉપવાસ / ૧ વાર | ૨૪ / ૧ | ૨૩ / ૨ | ૨૨ / ૨ | ૨૧ / ૨ | ૨૦ / ૨૨ | ૧૯ / ૨ | ૧૮ / ૨ | ૧૭ / ૨ | ૧૬ / ૨ | ૧૫ / ૨ | ૧૪ / ૨ | ૧૩ / ૨ | ૧૨ / ૨ | ૧૧ / ૨ | ૧૦ / ૨ |
| ૯ ઉપવાસ / ૩ વાર | ૮ / ૮ | ૭ / ૩ | ૬ / ૫ | ૫ / ૫ | ૪ / ૬ | ૩ / ૫૩ | ૨ / ૨૦૫ | ૧ / ૧૩૨૫ | કુલ ૩૦૦૧ ઉપવાસ કર્યા. | | | | | | |

## ૧૪. બાપજી મહારાજના સમુદાયનો અસ્ત પામેલો તેજસ્વી સૂર્ય : એક મહાન આચાર્ય



એ મુનિરાજ જ્યારે પંન્યાસ હતા ત્યારે એમને આચાર્ય બનાવવા માટે સંઘે ખૂબ પ્રયત્નો કર્યા પણ તેઓ આચાર્યપદવી લેવા તૈયાર ન હતા. સંઘના આગ્રહમાંથી છટકવા માટે એમણે કહ્યું કે,

"નમસ્કાર મહામંત્રના આરાધક, યોગી પુરુષ પંન્યાસ ભદ્રંકરવિજયજી મ. જો મને આચાર્યપદ લેવાનું કહે તો હું લઈશ."

એમને ખાતરી હતી કે યોગીપુરુષ સ્વયં આચાર્યપદ લેતા ન હોવાથી એ મને આચાર્યપદ લેવાનું કદી નહીં કહે.

પણ એમની ધારણા ખોટી પડી.

સંઘે જ્યારે યોગીપુરુષ પાસે જઈ આ પંન્યાસજીને આચાર્યપદ આપવાની વાત કરી ત્યારે યોગી પુરુષ બોલ્યા,

"એ ખૂબ સુપાત્ર આત્મા છે. તમે અવશ્ય એમને પદવી આપો."

સંઘના આગ્રહથી તેમણે એ અંગે પત્ર પણ લખી આપ્યો.

એ પત્ર વાંચી પંન્યાસજી મુંઝાયા.

હવે શું કરવું ?

એમની આચાર્ય પદવીનો દિવસ નક્કી થઈ ગયો. મુહૂર્ત પણ નીકળી ગયું.

પણ આ મુનિરાજ નિઃસ્પૃહશિરોમણિ હતા !

પદવીના દિવસે જ વહેલી સવારે તેઓ દાંડો-તરપણી લઈ કોઈને કહ્યા વિના એકલા ચાર-પાંચ કિ.મી. દૂર જતા રહ્યા અને એક ખેતરમાં સ્વાધ્યાય કરવા બેસી ગયા.

એમની ગણતરી હતી કે મુહૂર્તનો સમય પસાર થઈ જાય પછી ઉપાશ્રયે જઈશ એટલે પદવી લેવાની ન રહે.

સંઘમાં બધા સાધુઓ અને શ્રાવકો એમની શોધખોળ કરવા લાગ્યા. શ્રાવકો ચારેબાજુ વાહનો લઈ નીકળી પડ્યા. છેવટે ખેતરમાંથી મુનિરાજને શોધી કાઢ્યા. પગે પડી વિનંતિ કરી. સંઘની આણ આપી. છેવટે નાછુટકે તેઓ પાછા ફર્યા. કકળતા હૃદયે એ જ દિવસે મુહૂર્તના સમયે એમણે આચાર્યપદવી લીધી.

આ મુનિરાજથી આંબિલ બિલકુલ થતા ન હતા. આંબિલ કરવા પ્રયત્ન કરે ત્યારે ઘણી મુશ્કેલીઓ ઊભી થાય. છેવટે એમણે આંબિલ કરવાના છોડી દીધા.

પણ એમનો પક્ષપાત ખૂબ હતો. માટે જ જે શ્રાવક-શ્રાવિકાદિ એમની પાસે આંબિલનું પચ્ચક્ખાણ લેવા આવે એમને પચ્ચક્ખાણ આપ્યા બાદ મનોમન ભાવપૂર્વક વંદન કરે, એના તપની ખૂબ અનુમોદના કરે. આ રીતે આંબિલની અનુમોદના સાથેના અઢાર વર્ષ પસાર થઈ ગયા.

એક દિવસ પોતાના ગુરુદેવની સાથે આ પંન્યાસજી દેરાસર ગયા. ગુરુએ ચૈત્યવંદન બાદ કહ્યું કે,

'આજે આંબિલ કર.'

એ વખતે પોતાનું શરીર આંબિલ કરવા માટે સમર્થ ન હતું છતાં ક્ષણનો પણ વિચાર કર્યા વિના એમણે ગુરુદેવના કહેવાથી પચ્ચક્ખાણ લઈ લીધું તો એમના જીવનમાં મોટું આશ્ચર્ય થયું. એ આંબિલ તો નિર્વિઘ્ને થયું જ પણ વધુમાં બીજા દિવસે આંબિલ ચાલુ જ રહ્યા. સળંગ ૫૨૭ આંબિલ કર્યા. **ગુરૂની આજ્ઞાને વગર વિચાર્યે સ્વીકારનાર સાધુ સફળતા પામે જ.**

## ૧૫. સાધુને વળી આસક્તિ કેવી ?

"ગુરુદેવ ! આપના દાંતના ચોકઠાનો જમણી બાજુનો ભાગ ઘસાયેલો દેખાય છે અને ડાબી બાજુનો ભાગ બિલકુલ ઘસાયા વિનાનો દેખાય છે. આવું શી રીતે બને ?"

એક શિષ્યે આશ્ચર્ય સાથે પોતાના વયોવૃદ્ધ ગુરુદેવને પ્રશ્ન કર્યો. વૃદ્ધ ગુરુદેવ વાપરી લે પછી એમનું ચોકઠું સ્વચ્છ કરવાનું કામ આ શિષ્ય કરતો હતો. જે દિવસે એને આ ચોકઠાની વિચિત્રતા નજરમાં આવી એ દિવસે એ પ્રશ્ન કરી બેઠો.

સરળસ્વભાવી ગુરુદેવે પ્રત્યુત્તર વાળ્યો,

"જ્યારે હું આચારાંગ વાંચતો હતો ત્યારે એકવાર એમાં એવો પાઠ આવ્યો કે સાધુ વાપરે ત્યારે એ કોળીયાઓને મોંમાં મમળાવે નહિ. ડાબી બાજુથી જમણી બાજુ અને જમણી બાજુથી ડાબી બાજુ ન જવા દે. માત્ર ડાબી બાજુથી કે માત્ર જમણી બાજુથી વાપરીને અંદર ઉતારી લે. આવું જે કરે એ રસનેન્દ્રિયનો વિજેતા કહી શકાય. આ મમળાવવામાં તો સ્વાદ-રાગ ઉત્પન્ન થાય.

શિષ્ય ! મોક્ષ જોઈતો હોય તો ભગવાનની આજ્ઞા પાળવી જ પડે, રાગ-દ્વેષ ઘટાડવા જ પડે. એ જ દિવસથી મેં એ જિનાજ્ઞા પાળવાનું શરુ કરી દીધું. હું રોજ જમણી બાજુથી જ કોળીયા ચાવીને નીચે ઉતારી લઉં છું, ડાબી બાજુ જવા દેતો નથી.

એટલે આ ચોકઠું જમણી બાજુ ઘસાયેલું છે, ડાબી બાજુ ઘસાયા વિનાનું છે."

પોતાના ગુરુની આવી વિશિષ્ટતમ પરિણતિ જોઈ શિષ્ય ખૂબ આશ્ચર્ય પામ્યો.

**"શાસ્ત્ર વાંચે ઘણા, પણ વાંચીને એને આત્મસાત્ કરવાનું કામ તો કો'ક વિરલ આત્મા જ કરી શકે."**

## ૧૯. તું મારો શત્રુ શા માટે બને છે ?

એ આચાર્યશ્રીને બાધા હતી કે, **'ઠંડી વધારે હોય તો પણ એક જ કામળી ઓઢવી.'**

છેલ્લા વર્ષોમાં તેઓ અમદાવાદના જ સંઘોમાં મોટો સમય પસાર કરતા હતા. અત્યંત વૃદ્ધ એ આચાર્યશ્રીને એક દિ' રાત્રે અચાનક તાવ ચડ્યો. શરીર ધ્રુજવા લાગ્યું તો ય તેમણે પોતાના શિષ્યો પાસે બીજી કામળી વિગેરેની માંગણી ન કરી. એક જ કામળી ઓઢીને સંથારામાં સૂઈ રહ્યા.

તાવના કારણે ઠંડી ખૂબ લાગતી હતી.

શિષ્યને આ વાતની ખબર પડી.

શિષ્યને ખબર હતી કે "ગુરુદેવને વધુ કામળી ન ઓઢવાની પ્રતિજ્ઞા છે" એટલે શિષ્યે ગુરુને ખબર ન પડે એ રીતે ધાબડો ઓઢાડી દીધો.

થોડીવાર પછી બીજો ધાબડો પણ ઓઢાડ્યો.

બે જ મિનિટમાં ધાબડો ઓઢાડ્યાનો ખ્યાલ આવી જતા આચાર્યશ્રી ઊભા થઈ ગયા. બે ય ધાબડાઓ દૂર કરી એ વયોવૃદ્ધ ગુરુદેવે શિષ્યને કહ્યું કે,

**"તું શા માટે મારો શત્રુ બને છે ? આ અનંત કર્મો ખતમ કરવાનો અમૂલ્ય અવસર મને મળ્યો છે ત્યારે તું મને એમાં અંતરાય શા માટે કરે છે ?"**

શિષ્યે નત-મસ્તકે માફી માંગી.

કેવી ઉત્કૃષ્ટ પરિણતિના ધારક !

આચાર્ય બન્યા બાદ તેઓ વિહાર કરતા એકવાર શિરોહી પહોંચ્યા. એ જ દિવસે ત્યાં પંન્યાસ ભદ્રંકરવિજયજી મ. સાહેબ પણ પધાર્યા. એ યોગીપુરુષ દીક્ષાપર્યાયમાં મોટા હતા, તો આ આચાર્યશ્રી આચાર્યપદવીની દૃષ્ટિએ મોટા હતા.

કોણ કોને વંદન કરે ?

પણ અહીં મીઠો ઝઘડો શરુ થયો.

યોગીપુરુષ આચાર્યને વંદન કરવા લાગ્યા ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે,

"હું પર્યાયમાં નાનો છું. વળી આપ મહાન યોગી છો એટલે આપ મને વંદન નહિ કરી શકો. આપે મને નવકારની આરાધના આપી છે.આપ મારા ઉપકારી છો માટે હું આચાર્ય હોવા છતાં પણ આપને વંદન કરીશ."

યોગીપુરુષ કહે,"હું પંન્યાસ થઈને જો આચાર્યના વંદન લઉં તો મારી દુર્ગતિ થાય. મારે આ નુકસાન વહોરવું નથી."

સવારથી આ મીઠો ઝઘડો શરુ થયો હતો. સાધુઓ ગોચરી લઈને આવી ગયા ત્યારે આ બે ય મહાપુરુષો પોતપોતાની જીદમાં હતા. બેમાંથી એકને આંબિલ હતું અને એકને એકાસણું હતું. બે ય ની ગોચરી ઠંડી થઈ ગઈ હતી. અંતે સાધુઓ વચ્ચે પડ્યા પણ આચાર્યશ્રી માનવા તૈયાર ન હતા. એ કહે, "હું વંદન કરીને યોગીપુરુષ પાસે પચ્ચક્ખાણ લીધા પછી જ ગોચરી વાપરીશ."

છેવટે સાધુઓએ યોગીપુરુષને મનાવ્યા. આચાર્યશ્રીએ એ યોગીપુરુષને વંદન કર્યા, પચ્ચક્ખાણ લીધા બાદ ગોચરી વાપરી.

આવી નિઃસ્પૃહતા જો સર્વત્ર ફેલાય તો જિનશાસનની રોનક પલટાઈ જાય. આચાર્યપદ જેવા ઊંચા સ્થાને બેઠા પછી પણ આટલી બધી નમ્રતા, ગુણાનુરાગિતા, સરળતા, ભવભીરુતા હોવી એ નજીકમાં મોક્ષે જનારા આત્માઓમાં મળી શકે.

કોટિ કોટિ વંદન હો એ સ્વર્ગસ્થ મહાપુરુષને !

## ૧૭. શિષ્યના વિકાસ માટે ગુરુની કાળજી

એક બાળ સાધુ ભણવામાં ખૂબ હોંશિયાર હતા. એમણે પોતાના દાદાગુરુ પ્રત્યે અતિશય લાગણી હતી. દાદાગુરુ અનાસક્ત, મીઠાઈ વગેરેના ત્યાગી હતા.

એકવાર બાળમુનિએ જીદ પકડી,'ગુરુદેવ ! આપે આજે તો મીઠાઈ વાપરવી જ પડશે.'

દાદાગુરુએ સ્પષ્ટ ના પાડી પણ આ તો બાળહઠ. છેવટે ગીતાર્થ દાદાગુરુએ માર્ગ કાઢ્યો.

એમણે કહ્યું કે

"તું જો આવતીકાલે ૧૦૮ નવા શ્લોકો બનાવે તો જ હું મીઠાઈ વાપરું."

બાળમુનિએ કહ્યું,

"જો હું આવતીકાલે ૧૦૮ નવા શ્લોકો બનાવું તો આપે બે મહિના સુધી મીઠાઈ

વાપરવી પડશે. ''

દાદાગુરુએ હા પાડી.

બાળમુનિ બીજા દિવસે શ્લોકો બનાવવા બેસી ગયા. અને ખરેખર **એક જ દિવસમાં નવા ૧૦૮ શ્લોકો બનાવી દીધા,** સાંજે દાદાગુરુને સમર્પિત કર્યા.

બે મહિના સુધી ગુરુને મીઠાઈ વપરાવવા મળશે એનો એમને અપાર આનંદ હતો. પોતાના શિષ્યની આવી શક્તિ અને આવો ઉલ્લાસ જોઈ દાદાગુરુની આંખમાં હર્ષના આંસુ આવી ગયા.

આજે મોટી ઉંમરના બની ગયેલા એ બાળમુનિ કહે છે કે,

''આ પ્રસંગ પૂર્વે પણ હું શ્લોકો બનાવતો હતો પરંતુ બે-પાંચ માંડ બનાવી શકતો. પણ જ્યારે ગુરુના કહેવાથી મેં શ્લોકો બનાવ્યા ત્યારથી મારો ક્ષયોપશમ ખીલી ગયો છે, ખૂબ સહેલાઈથી ઘણા બધા શ્લોકો બનાવી શકું છું.''

## ૧૮. સંયમીના સાચા-નિર્મળ ભાવો શેતાનને પણ સંત બનાવી દે

**''अय ! कौन हो तुम ? कहां जाना है ?''**

બે ભરયુવાન, સશક્ત, ગુંડા જેવા દેખાતા મુસલમાનોએ બુમ પાડી.

માગશર મહીનો અને સાંજના પોણાસાત વાગ્યા હતા. અંધારુ લગભગ ફેલાઈ ગયુ હતું. કાવીથી એક-બે કિલોમીટર દૂર જંગલ જેવા સ્થાનમાં દૂરથી બે યુવાન સાધ્વીજીઓને જોઈને એ મુસ્લિમ યુવાનોએ બુમ પાડી.

નિર્મળ બ્રહ્મચર્યના ધારક અને શીલને લેશ પણ ડાઘ ન લાગે એની સાચી ટેકવાળા એ બે ય શ્રમણીઓ આ શબ્દો સાંભળી ધ્રુજી ઉઠ્યા.

હકીકત એ બનેલી કે એ બે સાધ્વીજીઓ રસ્તામાં ભુલા પડ્યા અને પહોંચતા મોડું થયું. કાવી તીર્થ ધર્મશાળા પહોંચવાનો રસ્તો શોધતા હતા. સુમસામ જંગલ જેવા સ્થાનમાં તો કોણ સહાયક મળે? એમાં વળી પુષ્કળ મુસ્લિમોની વસતિ ધરાવતું ગામ. અંધારું થઈ ચૂક્યું હતું.

મુસ્લિમોને જોઈ સાધ્વીજીઓના મનમાં અનેક સંકલ્પ-વિકલ્પો ચાલવા લાગ્યા. મનોમન પરમાત્માને પ્રાર્થના કરી લીધી કે

''પ્રભો ! બીજું જે થવું હોય તે થાય પણ ચારિત્રને-શીલને આંચ ન આવે એટલું કરજે.''

બે ય યુવાનો નજીક આવી ગયા. શ્રમણીઓમાં બોલવાના હોંશ રહ્યા ન હતા. આખા શરીરે ભયની કંપારી થતી હતી.

**"आप हमारे लिए पूजनीय हैं, बिलकुल भय मत रखना ! आपको धर्मशालामें जाना हैं न ? हम आपको पहुँचा देंगे, हमारे पीछे-पीछे चले आओ ।"**

ગુંડા જેવા દેખાતા બે મુસ્લિમોના આશ્વાસનદાયક વચનો સાંભળી બે ય યુવાન શ્રમણીઓને સહેજ ધરપત તો થઈ પણ છતાં "મુસલમાનોનો વિશ્વાસ કેટલો ?" એ વિચારથી ભય ઓછો ન થયો. બે ય સાધ્વીજીઓ એ મુસ્લિમોની પાછળ-પાછળ ચાલવા લાગ્યા.

**"दरवाजा खोलो । हम आपके साध्वीजीओ को छोडने के लिए आए हैं ।"**

કાવીતીર્થ પાસે પહોંચીને મુસ્લિમ યુવાને બુમ પાડી. અંદરથી બારણું ખોલવામાં આવ્યું. આટલા અંધારામાં બે સાધ્વીજીઓ અને એની સાથે બે મુસ્લિમ યુવાનોને જોઈ ચોકીદાર અને તીર્થનો મુનીમ આશ્ચર્ય પામ્યા. બે ય યુવાનો ત્યાંથી જ વિદાય થયા.

મુનીમે બે ય સાધ્વીજીઓને અંદર લીધા. બધી વાતચીત થઈ.

સાધ્વીજીઓએ કહ્યું કે

"આ બે મુસ્લિમ યુવાનોએ અમારી રક્ષા કરી. છેક અમને અહીં સુધી મૂકી ગયા."

મુનીમે કહ્યું

"સાધ્વીજી ભગવંતો ! આ બે યુવાનો કોણ હતા? એ તમે જાણો છો ? આ બે યુવાનો કાવીમાં બહેનોની છેડતી કરવા વગેરે માટે પ્રસિદ્ધ ગુંડા જેવા યુવાનો હતા. હું તેમને ઓળખું છું ને ! એ આપને અહીં મૂકી ગયા એ તો પરમ આશ્ચર્ય કહેવાય!"

આ વાત સાંભળી સાધ્વીજીઓ પણ અતિ આશ્ચર્ય પામ્યા. આવી કટોકટિમાંથી ઉગરી ગયા બદલ તેઓએ પ્રભુનો ખૂબ જ ઉપકાર માન્યો.

આને ચમત્કાર ગણો કે બીજું કંઈપણ ગણો પણ એક હકીકત તો છે જ કે **જેઓની પોતાની આત્માની શુદ્ધિની તમન્ના તીવ્ર કક્ષાની હોય છે. તેઓને કુદરત સહાય કર્યા વિના રહેતી નથી.** નિર્દોષગોચરીની ઈચ્છાવાળાઓને ભરજંગલમાં નિર્દોષ વહોરાવનારા મળી જાય. બ્રહ્મચર્યની નિર્મળતાને ઈચ્છનારાઓને કુદરત જ બ્રહ્મચર્યના સ્વાભાવિક નિર્મળ પાલન માટેની વ્યવસ્થા ઊભી કરી આપે.

જરૂર છે આપણી સાચા હૃદયની તીવ્ર ભાવનાની !

વધારે અનુમોદનીય કોણ ? સાધ્વીજીઓની રક્ષા કરનારા એ બે મુસલમાનો ? કે એવા ગુંડા જેવા મુસ્લિમોના હૃદયમાં શુભભાવને જન્માવી દેનારા બે શ્રમણીઓના શુભ પરિણામો ?

## ૧૯. શાસ્ત્રોના પ્રત્યેક વાક્યો ગીતાર્થ-સંવિગ્ન ગુરુની ગરજ સારે છે.

સાંજના પ્રતિક્રમણ બાદ બે મિત્ર સંયમીઓ ભેગા બેસીને સંયમ અંગેની અનેક પ્રકારની વાતો કરતા હતા.

એમાં એક સંયમી બોલ્યો

"આ કાળમાં બ્રહ્મચર્યનું નિર્મળ પાલન ખરેખર ખૂબ જ કપરું થતું જાય છે. ખરાબ નિમિત્તો વગેરેની વચ્ચે નિર્વિકારભાવને સિદ્ધ કરવો એ સહેલું કામ નથી. ઉપાશ્રયની બહાર નીકળીએ, દેરાસર-ગોચરી-ઠલ્લે જઈએ કે તરત બધે જ કુનિમિત્તો ભટકાયા જ કરે."

તરત બીજો ભરયુવાન સંયમી બોલી ઉઠ્યો.

"મુનિવર ! તમારી વાત એકદમ સાચી છે. પણ હું મારી વાત કરું ? આ ભરયુવાનીમાં પણ મારા માટે તો બ્રહ્મચર્યનું નિર્મળ પાલન સાવ જ સહેલું થઈ ગયું છે. મને લગભગ માનસિક પણ ખરાબ વિચારો પ્રાયઃ ક્યારેય આવતા નથી."

પહેલા સંયમીએ આશ્ચર્ય સાથે વળતો પ્રશ્ન કર્યો,

"આટલા નિમિત્તોની વચ્ચે પણ, માનસિક પણ કુવિચાર ન આવે એ તો ઘણી મોટી સિદ્ધિ કહેવાય. તમને આ સિદ્ધિ ક્યાંથી મળી ? કઈ રીતે મળી ?"

બીજા સંયમીએ પ્રત્યુત્તર આપ્યો,

"ઉપદેશમાલાની ગાથાઓ મેં ગોખી. એમાં એક વાક્ય મને ખૂબ જ ગમી ગયું. **"रूवं दट्ठुं पुणो न इक्खिज्जा"** ગમે ત્યાં પણ સામેથી નિમિત્ત ભટકાય તો એનું રૂપ બિલકુલ જોવું નહિ.

બસ આ વાક્યને મેં ખૂબ જ ઘુંટ્યુ. હું એમ જ વિચારું કે આ મારા ભગવાનની આજ્ઞા છે. એ તો મારે પાળવાની જ. એટલે જ્યારે પણ રસ્તામાં કે ગમે ત્યાં નિમિત્ત સામે આવે એટલે હું મનમાં આ વાક્ય વારંવાર બોલવા લાગું.

**એની કોઈક ગજબની તાકાત છે કે એ શાસ્ત્રવચનના સ્મરણ પછી મારી લેશપણ નજર નિમિત્ત ઉપર પડતી જ નથી. ખરાબ વિચારો તો નિમિત્તોને જોવાથી આવે. હું નિમિત્તોને જોતો જ નથી એટલે મને ખરાબ વિચાર આવતા જ નથી."**

આવા હળાહળ કળિયુગમાં, અતિભયંકર નિમિત્તોની હાજરીમાં, ભરયુવાન ઉંમરમાં એક સંયમી આવી શુદ્ધિને ધારણ કરતો હોય એ તો ખરેખર અત્યંત અનુમોદનીય છે. આવા મહાત્માઓની અનુમોદના જ કુવિચારોના જંગલને બાળી નાંખવા માટે ભડભડતી અગ્નિનું કામ કરે છે.

આપણે ખૂબ ગોખવું. ખૂબ ભણવું. ખૂબ પુનરાવર્તન કરવું. ક્યારે કયો શ્લોક, કયું વાક્ય આપણને પતન પામતા ઉગારી લેશે, દોષો સેવતા અટકાવી દેશે એ કહી નહિ શકાય.

## ૨૦. શાસનરક્ષા માટે કંઈક તો કરો !

"મનુષ્ય ભવ મળવો દુર્લભ, જિનશાસન મળવું એથીય વધુ દુર્લભ ! છતાંય મળી ગયેલા જૈન શાસન માટે કંઈ કરી છૂટવાથી ભવાંતરમાં પણ જૈન શાસન મળી શકે"

એવી ગુરુમુખે વાણી સાંભળી અમદાવાદમાં એક સુશ્રાવિકાને વિચાર આવી ગયો કે

"હું જૈન શાસન માટે કંઈક કરું અને મારા આત્માનું કલ્યાણ થાય."

એ વખતે એમણે આજથી આશરે ૧૦ વર્ષ પહેલાં નિર્ધાર કર્યો કે

"સમેતશિખર તીર્થની રક્ષા કાજે સમેતશિખરનો ચુકાદો શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘની તરફેણમાં ન આવે ત્યાં સુધી અઠ્ઠમના પારણે અઠ્ઠમ અને પારણે બિયાસણું કરીશ."

આજ દિન સુધી છેલ્લા ૧૦ વર્ષમાં આશરે ૯૪૦ અઠ્ઠમ થઈ ચૂક્યા છે. હમણાં રાંચી હાઈકોર્ટનો વિચિત્ર ચુકાદો જાણ્યા પછી પણ હિંમત હારવાને બદલે તેમનું સત્ત્વ ફોરવી અને અઠ્ઠમને પારણે બિયાસણું કરતા હતા, તેને બદલે અઠ્ઠમના પારણે આયંબિલ કરવાનો નિર્ધાર એ શ્રાવિકાએ કરેલો છે.

ધન્ય છે આવા સત્ત્વશાળી સુશ્રાવિકાને....

## ૨૧. શાસનદાઝ !

એક વિદ્વાન, શાસન પ્રભાવક, અનેક નૂતન ગ્રન્થોના રચયિતા યુવાન મુનિરાજને શારીરિક એવી વિચિત્ર મુશ્કેલીઓ ઉભી થઈ કે "એમના બે પગો કાપી નાંખવા પડે ત્યાં સુધીની પરિસ્થિતિ આવી."

પગો કપાઈ જાય એટલે વિહાર બંધ થાય. સંપૂર્ણ પરતંત્રતા આવે. પછી

સંયમપાલન, શાસનસેવા વગેરે લગભગ ઘણા અઘરા પડે.

એ વખતે એ મુનિરાજે પરમાત્માને જે હાર્દિક પ્રાર્થના કરી એના એમના જ મુખે સાંભળેલા શબ્દો –

હે પરમાત્મન્ ! મેં પૂર્વકાળમાં ઘણા ભયંકર પાપ કાર્યો કર્યા હશે. અને એના પરિણામે પુષ્કળ અશાતા વિગેરે અશુભ કર્મો બાંધ્યા જ હશે. એમાંના કેટલાંક કર્મો તો એવા નિકાચિત પણ હશે કે મોક્ષમાં પહોંચતા પહેલા મારે એ કર્મો ભોગવવા જ પડે. આજે મને જે આ અશુભકર્મો ઉદયમાં આવ્યા છે એ પણ એવા અતિ ચીકણાં અશુભકર્મો હોવાની પાકી શક્યતા છે.

**પરમાત્મન્ ! હું તારી પાસે એ નથી માંગતો કે 'તું એ બધા મારા દુઃખો પાછા ખેંચી લે.' કેમકે મેં જં એવા વિચિત્ર કર્મો બાંધ્યા છે તો મારે એ ભોગવવા જ પડે.**

**પણ પ્રભો ! તું એટલું તો કર કે "હજી મોક્ષમાં પહોંચતા પહેલા મારા જે કંઈ તિર્યંચ-નરક-કુમાનવાદિ ખરાબ ભવો થવાના હોય એમાં જ આ બધા અશાતાના ઉદયો થાય. અત્યારે એ ઉદયો અટકાવી દે."**

**કેમકે અત્યારે મને તારું શાસન મળ્યું છે. તારા શાસનને આરાધવાની અને તેની સેવા કરવાની શક્તિ-સમજણ મને સાંપડી છે. જો અત્યારે પેલા અશુભકર્મો ઉદયમાં આવશે તો તારા શાસનની આરાધના-સેવા-કરવાનો અવસર હું ગુમાવી દઈશ.**

બાકી તિર્યંચાદિ ભવોમાં મારે બીજું શું કરવાનું છે ? ત્યાં આ બધા અશુભ કર્મો ભોગવી લઈશ. મારી આટલી પ્રાર્થના સ્વીકાર."

આવો નિર્મળ વિચાર પણ એ મહાત્માની શાસન પ્રત્યેની વિશિષ્ટતમ ભાવનાને સુચવી જાય છે.

ના ! આ માત્ર ગોખી કાઢેલા કે ઉપજાવી કાઢેલા શબ્દો નથી. એક સુવિહિત શ્રમણની નાભિમાંથી ઉઠેલા અને સગા કાને સાંભળેલા આ શબ્દો છે.

જિનશાસન માટે આવી ઉદાત્ત ભાવના ધરાવનારા કોઈપણ સંયમીઓ ખરેખર ખૂબ ખૂબ અનુમોદનીય છે.

## ૨૨. નિઃસ્પૃહતાની પણ કંઈક હદ હોય !

એક મુનિરાજને આજની તારીખમાં સળંગ ૩૩૦૦થી વધુ આંબિલો થઈ ચૂક્યા છે.

આશ્ચર્ય એ છે કે કોઈપણ આંબિલમાં એમણે દોષિત ગોચરી વાપરી નથી. આધાકર્મી દાળ તો દૂરની વાત છે પણ ઘરોમાં સ્થાપના તરીકે રખાવેલી દાળ પણ એ

મુનિરાજ વાપરતા નથી. ઘરોમાં લુખી રોટલી રાખવાનું કહ્યું હોય અને શ્રાવિકાઓએ રાખી હોય તો એવી સ્થાપના દોષવાળી રોટલી પણ તે લેતા નથી.

નિર્દોષ રોટલી ન મળે તો નિર્દોષ ખાખરા વહોરીને ચલાવે. એ પણ ન મળે તો એકલા ભાત, એકલા કોરા પૌંઆ, એકલા ચણા ઉપર પણ આંબિલ કરી લે. પણ દોષિત તો ન જ લે. નિર્દોષ દાળ ન મળે તો ભાતનું ઓસામણ વહોરી લે. એ પણ ન મળે તો છેવટે ભાત કે પૌંઆમાં પાણી નાંખી એને જ સાધન તરીકે વાપરે. આવા તો પુષ્કળ આંબિલો વારંવાર કરવા પડે તો પણ અત્યંત પ્રસન્નતાપૂર્વક તે આંબિલો કરે.

ક્યારેય પણ દાળ ન મળવાનો, રોટલી વગેરે ન મળવાનો ખેદ એમના મુખ કે વચનમાં શોધ્યો ન જડે. એકલા રોટલા ચાવી-ચાવીને આંબિલો કરવામાં એ ખૂબ જ પ્રસન્ન થાય.

આ ૩૩૦૦ આંબિલમાં ઉપવાસોનો પણ ઢગલો કરી દીધો છે. લગભગ પાંચમ-આઠમ-ચૌદશના ઉપવાસો કર્યા અને કરે છે. ચોમાસી છઠ્ઠ, દિવાળી છઠ્ઠ, વિગેરે આરાધનાઓ પણ આ ઘોર આંબિલ તપમાં કરવાની જ. અઠ્ઠમના પારણે પણ પોતાનું પ્રતિલેખન જાતે કરે, ગોચરી જાતે જાય. કોઈપણ વ્યક્તિ એમના મુખને જોઈને એમ કહી જ ન શકે કે "આમને અઠ્ઠમનું પારણું છે અથવા ઘોર તપ ચાલે છે." એટલી પ્રસન્નતા એમના મુખ ઉપર તરવરતી હોય.

આ મહાત્મા છેલ્લા ૧૩ વર્ષથી એક વયોવૃદ્ધ તપસ્વી આચાર્યશ્રીની સેવામાં હતા. એ આચાર્ય પણ નિર્દોષ ગોચરીના કટ્ટર આગ્રહી હતા. તો આ મહાત્મા આચાર્યશ્રી વિગેરેની નિર્દોષ ગોચરી લેવા બે-ત્રણ કી.મી. સુધી પણ જતા. ૧૦-૧૫-૨૦ કિ.મી.ના વિહાર પછી, બપોરે ૧૨ કે ૨ વાગે સ્થાને પહોંચ્યા પછી આચાર્યશ્રીને ઉપાશ્રયમાં ગોઠવી વળી પાછા નિર્દોષ ગોચરી માટે બે-ચાર કિ.મી. દૂર જવું. તદ્દન નિર્દોષ ગોચરી લાવી આચાર્યશ્રીને વપરાવી અને પછી જે વધે એ ત્રણ-ચાર-પાંચ વાગે વાપરવા બેસવું એ એમના જીવનમાં અનેકવાર બની ચૂકેલો પ્રસંગ છે.

**એકવાર ૫૦-૬૦ દિવસની જપની વિશિષ્ટ આરાધના કરી. એમાં એ ૫૦-૬૦ દિવસના આંબિલ એક માત્ર ચણા વાપરીને કર્યા.** (માત્ર ચણા જ. ચણાની ભાખરી, ચણાના ઢોકળા, ચણાનું શાક વગેરે કંઈ જ નહિ. ચોકૃખો ચણો. એ એક જ દ્રવ્ય ઉપર ૫૦-૬૦ દિનના આંબિલો કરવા પૂર્વક રોજનો ૮-૧૦-૧૨ કલાકનો જપ કર્યો.)

આવી તો અનેક-અનેક વિશેષતાઓ આ મહાત્માની છે.

આટલા ઘોર તપ સાથે સ્વાધ્યાયની પણ એટલી જ ધગશ ! ભણવાનું મળે, કોઈક મહાપુરુષોની વાચના મળે તો એ કદી ન ચૂકે.

એમનો એક વિચિત્ર નિયમ છે.

ગમે એટલી ઠંડી હોય, બાકીના સંયમીઓ બારી-બારણા બંધ કરી, બે ધાબડા ઓઢીને જે ઠંડીમાં સંથારો કરતા હોય એવી ઠંડીમાં પણ આ સંયમી કામળી સુધ્ધાં પણ ઓઢતા નથી. માત્ર કામળીનો એક કપડો જ ઓઢવાનો એમનો નિયમ છે. અને એ વર્ષોથી પાળી રહ્યા છે.

એમની પાસે પોતાની રોજીંદી કામળી પડી હોય એ પણ ન ઓઢે. એ ય બાજુમાં પડી રહે અથવા તો એ જાતે બીજા સંયમીને ઓઢાડી દે.

મારે જે પ્રસંગ કહેવો છે તે હવે કહીશ.

એકવાર આઠમના દિવસે આ સંયમીએ ગુરુ પાસે ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું. બધા જાણતા હતા કે "આ સંયમી પાંચ તિથિ ઉપવાસ કરે છે." એટલે કોઈને એમાં નવાઈ જેવું ન લાગ્યું. નોમના દિવસે બપોરે બાર વાગે એ સંયમી ગોચરી વહોરીને આવ્યા.

ગુરુ પાસે ગોચરી આલોવી ગુરુના ચરણોમાં પડી આશીર્વાદ માંગ્યા કે

"ગુરુદેવ ! આજે મારે ૧૦૦મી ઓળીનું પારણું છે. આપ મારા પાત્રામાં આંબિલની ગોચરી આપી મને પારણું કરાવવા કૃપા કરો. અને આશીર્વાદ આપો કે જીંદગીના છેલ્લા દિવસે પણ મારે આંબિલ જ હોય. આ આખી જીંદગી હવે આ શરીરમાં વિગઈનું એક ટીપું પણ ન જાય એવા આશિષ આપો."

ગુરુ આશ્ચર્ય પામ્યા, ગદ્ગદ થઈ ગયા.

"છેલ્લા સળંગ ૨૫૦૦ આંબિલ સાથે ૧૦૦મી ઓળી પુરી થઈ, એની નાનકડી પત્રિકા તો નહિ જ, સ્વજનોની હાજરી તો નહિ જ, કોઈક ત્રણ-ચાર દિવસનો મહોત્સવ તો નહિ જ. આજુબાજુના ગુરુભાઈઓ અને સાક્ષાત્ ગુરુને પણ જેની ૧૦૦મી ઓળીના પારણાની ગંધ સુધ્ધા ન આવી"

એવો અજોડ-અદ્વિતીય તપ જોઈ ગુરુ હર્ષથી રડી પડ્યા.

આવા શિષ્યોના ગુરુ થવા બદલ એમને શા માટે ગર્વ ન થાય?

**સંયમીઓનો તપ અજાણ્યો, અપ્રસિદ્ધ હોય એ ઘણો જ શોભે.**

આ જોયા પછી હવે ખરેખર દૃઢ વિશ્વાસ બેસે છે કે "આ જિનશાસન ખરેખર જયવંતુ છે."


આ છે અણગાર અમારા

## ૨૩. ઝટપટ મોક્ષ પામવો છે ? તો આ તપસ્વીઓની ભારોભાર અનુમોદના કરીએ

આપણને એક આયંબિલ કરવું ય જ્યાં ભારે પડતું હોય કે આયંબિલની રસોઈ દેખતાં જ ઉબકા આવતા હોય ત્યારે આ પૂજ્યો ભારે પ્રસન્નતાપૂર્વક વર્ધમાન તપ આયંબિલની ૯૮ થી લઈ ૨૫૦ ઉપરાંત ઓળી સુધી પહોંચેલા છે. તપસ્વીઓની હાર્દિક અનુમોદના કરવાનો આ અણમોલ અવસર જો જો ચૂકાય નહિ.

**૧) પૂ. લબ્ધિસૂ. મ. પરિવાર**

પૂ.આ. અશોકરત્નસૂરિજી મ.

પૂ.આ. વારિષેણસૂરિજી મ.

(૯ થી ૧૦૦ ઓળી ઠામ ચૌવિહારી અને એકદત્તી)

પૂ.આ. અમિતયશસૂરિજી મ.
પૂ.આ. કલ્પયશસૂરિજી મ.
પૂ.મુ. જયકુંજરવિજયજી મ.
પૂ.મુ. કલાપૂર્ણવિજયજી મ.
પૂ.સા. સુભદ્રાશ્રીજી મ. ૧૦૮
પૂ.સા. જિતેન્દ્રશ્રીજી મ.
પૂ.સા. જિનેન્દ્રશ્રીજી મ.
પૂ.સા. યશોમાલાશ્રીજી મ.
પૂ.સા. કયવન્નાશ્રીજી મ.
પૂ.સા. શુભંકરાશ્રીજી મ.
પૂ.સા. નિર્મળાશ્રીજી મ.
પૂ.સા. હંસકલાશ્રીજી મ.
પૂ.સા. અર્હદ્પદ્માશ્રીજી મ.
પૂ.સા. પરમપદ્માશ્રીજી મ.
પૂ.સા. સુધાંશુયશાશ્રીજી મ.
પૂ.સા. સીતાંશુયશાશ્રીજી મ.
પૂ.સા. વસુપદ્માશ્રીજી મ.
પૂ.સા. અક્ષતયશાશ્રીજી મ. ૯૯
પૂ.સા. નમ્રયશાશ્રીજી મ. ૯૮

**પૂ.સા. ગીતપદ્માશ્રીજી મ. અને**

**૨૩. પૂ.સા. દીપયશાશ્રીજી મ.**

**(ઓળી એટલી નથી કરી, અલબત્ત ૫ વર્ષમાં ૨૦ માસક્ષમણ કર્યા છે.)**

**૨) પૂ. કલાપૂર્ણસૂ. મ. પરિવાર**

વર્ધમાનતપની ૧૦૦ વગેરે ઓળીના આરાધકો

પૂ.સા. હંસકીર્તિશ્રીજી મ. ૧૦૦ + ૧૦૦ + ૬૫

પૂ.સા. કુવલયાશ્રીજી મ. ૧૦૦ + ૬૪

પૂ.સા. દમયંતીશ્રીજી મ. ૧૦૦ + ૪૫

પૂ.સા. સૌમ્યરસાશ્રીજી મ. ૧૦૦ + ૪૫

પૂ.સા. અનંત કિરણાશ્રીજી મ. ૧૦૦ + ૪૫

પૂ.સા. અનંતશ્રીજી મ. ૧૦૦ + ૩૬

પૂ.સા. ચંદ્રલતાશ્રીજી મ. ૧૦૦ + ૩૦

પૂ.સા. સંયમપૂર્ણાશ્રીજી મ. ૧૦૦ + ૩૪

પૂ.સા. યશોધનાશ્રીજી મ. ૧૦૦ + ૧૭

પૂ.સા. હીરશ્રીજી મ. ૧૦૦ + ૧૨

પૂ.સા. ચારુધર્માશ્રીજી મ. ૧૦૦ + ૨૫

પૂ.સા. શીલગુણાશ્રીજી મ. ૧૦૦ + ૧૧

પૂ.સા. અમીવર્ષાશ્રીજી મ. ૧૦૦ + ૮

પૂ.સા. નેમિપ્રભાશ્રીજી મ. ૧૦૮ + ૮૧

પૂ.સા. પૂર્ણયશાશ્રીજી મ. ૧૦૮ + ૩૯

પૂ.સા. ચંદ્રકીર્તિશ્રીજી મ. ૧૦૦ + ૨૦

પૂ.સા. દેવાનંદાશ્રીજી મ. ૧૦૮

પૂ.સા. અનંતદર્શનાશ્રીજી મ. ૧૦૦ + ૩૦

પૂ.સા. વિબુધશ્રીજી મ.

પૂ.સા. સૌમ્યજ્યોતિશ્રીજી મ.

પૂ.સા. હર્ષપૂર્ણાશ્રીજી મ.

પૂ.સા. પૂર્ણગુણાશ્રીજી મ.

પૂ.સા. ચારુવ્રતાશ્રીજી મ.

પૂ.સા. ચારુજ્યોતિશ્રીજી મ.

પૂ.સા. સુશીલગુણાશ્રીજી મ. ૯૯

પૂ.સા. જયપદ્માશ્રીજી મ. ૯૮

પૂ.સા. જયદર્શનાશ્રીજી મ. ૧૦૦ + ૨૨

૫૪. પૂ. ચંદ્રમાલાશ્રીજી મ. ૧૦૦ + ૧૭

**૩) પૂ. શાન્તિચંદ્ર સૂ. મ. પરિવાર**

પૂ.સા. સુવ્રતાશ્રીજી મ.

પૂ.સા. સત્યરેખાશ્રીજી મ.

૫૮ પૂ.સા. અર્હદ્પ્રભાશ્રીજી મ. ૯૮

**૪) પૂ. રામચંદ્રસૂ. મ. પરિવાર**

પૂ.આ. લલિતશેખરસૂ. મ. ૧૦૦ + ૭૬

| | |
|---|---|
| પૂ.આ. નરચંદ્રસૂરિજી મ. | પૂ.મુ. રાજયશવિજયજી મ. |
| પૂ.મુ. મિત્રવિજયજી મ. | પૂ.મુ. મનોગુપ્તવિજયજી મ. ૧૦૮ |

પૂ.મુ. દિવ્યાનંદવિજયજી મ. ૧૦૦ + ૧૦૦ + ૪૫

પૂ. પં. જિનસેનવિજયજી મ. ૧૦૦ + ૧૦૦ + ૧૬

પૂ.આ. નરવાહનસૂરિજી મ.

પૂ.આ. ગુણયશસૂરિ મ. ૧૦૦ + ૨૯

પૂ.પં. જિનયશવિજય મ. ૧૦૦ + ૯૨

પૂ.મુ. મુક્તિભદ્રવિ મ. ૧૦૦ + ૭૮

પૂ.આ. પ્રભાકરસૂરિજી મ.

પૂ.મુ. વિશ્વદર્શનવિ. મ. ૧૦૦ + ૧૦

પૂ.મુ. ખ્યાતદર્શનવિજયજી મ.

પૂ.મુ. ખ્યાતકીર્તિવિ. મ. ૧૦૦ + ૩૬

પૂ.મુ. રવિશેખરવિ. મ. ૧૦૦ + ૬૦

પૂ.આ. કમલરત્નસૂ. મ. ૧૦૦ + ૧૧

પૂ.મુ. મોક્ષતિલકવિ. મ. ૧૦૦ + ૫૦

પૂ.મુ. નયભદ્રવિ. મ. ૧૦૦ + ૩૪

પૂ.મુ. જગત્દર્શનવિ. મ. ૧૦૦ + ૮

પૂ.મુ. જ્ઞાનરત્નવિ. મ. ૧૦૦ + ૫

પૂ.મુ. વિનયબલવિ. મ. ૧૦૦ + ૧૫

પૂ.મુ. શાસનરતિવિ. મ. ૧૦૦ + ૫

પૂ.મુ. ઉદયરત્નવિજયજી મ.

**પૂ.મુ. આત્મરતિવિજયજી મ. (૧૭ વર્ષનો પર્યાય, એકલા એકાસનથી વર્ષીતપ)**

| | |
|---|---|
| પૂ.સા. લબ્ધગુણાશ્રી મ. ૧૦૦+૪૫ | પૂ.સા. રત્નશીલાશ્રીજી મ. |
| પૂ.સા. વિશુદ્ધદર્શનાશ્રીજી મ. | પૂ.સા. ધર્મપૂર્ણાશ્રીજી મ. ૯૮ |
| પૂ.સા. તત્ત્વદર્શનાશ્રીજી મ. | પૂ.સા. નયપ્રજ્ઞાશ્રીજી મ. |
| પૂ.સા. માર્ગોદયાશ્રીજી મ. | પૂ.સા. મુક્તિપૂર્ણાશ્રીજી મ. ૯૯ |
| પૂ.સા. આત્મદર્શનાશ્રીજી મ. | પૂ.સા. વિશ્વપ્રજ્ઞાશ્રીજી મ. |

પૂ.સા. કિરણરેખાશ્રીજી મ. પૂ.સા. પદ્મરેખાશ્રીજી મ.
પૂ.સા. પદમયશાશ્રીજી મ. પૂ.સા. અનુપમાશ્રીજી મ.
પૂ.સા. વિરતિગુણાશ્રીજી મ. પૂ.સા. તત્ત્વપ્રજ્ઞાશ્રીજી મ.
પૂ.સા. જિતસેનાશ્રીજી મ. ૧૦૧. પૂ.સા. ગુણજ્ઞાશ્રીજી મ.

**૫) પૂ. ભુવનભાનુસૂ. મ. પરિવાર**

પૂ.આ. વિદ્યાનંદસૂરિજી મ. પૂ.આ. વરબોધિસૂરિજી મ.
પૂ.ઉ. વિમલસેનવિ. મ. ૧૦૦+૯ પૂ.પં. જયસોમવિજયજી મ. ૧૧૧
પૂ.પં. કનકસુંદરવિજયજી મ. ૧૦૮
**પૂ.પં. ધર્મરક્ષિતવિ. મ. ૧૦૦ + ૫૦ (સંયમના ૧૮ વર્ષમાં ૧૭ વર્ષ આયંબિલ)**
પૂ.પં. પુન્યંરત્નવિજયજી મ. પૂ.મુ. કીર્તિરત્નવિજયજી મ.
પૂ.મુ. પદ્મઆનંદવિજયજી મ. ૧૦૨ પૂ.મુ. શોભનવિજયજી મ. ૧૧૧
પૂ.પં. ધર્મયશવિ. મ. ૧૦૦ + ૨૭ પૂ.પં. પદ્મભૂષણવિજયજી મ.
પૂ.પં. યશોભૂષણવિજયજી મ. પૂ.મુ. જિનવલ્લભ મ. ૧૦૦ + ૨૨
પૂ.મુ. દિવ્યરત્નવિજયજી મ.
**પૂ.મુ. હેમવલ્લભવિજયજી મ. ૭૪ થી સળંગ ૧૦૦ ઓળી**
પૂ.સા. ઉજ્જવળધર્માશ્રી ૧૦૦+૧૧ પૂ.સા. સુધર્મનિધિશ્રી ૧૦૦ + ૧૫
પૂ.સા. શુભદર્શનાશ્રીજી મ. ૧૨૨. પૂ.સા. કલ્પનિધિશ્રીજી મ. ૯૯

**૬) પૂ.નીતિ સૂ.મ. પરિવાર**

**પૂ.આ. અરિહંતસિદ્ધસૂરિજી મ. ઓળી નહિ, અલબત્ત ચોવિહાર છટ્ઠ કરીને સાત યાત્રા એવી ૩૫૫ કે (?)**

પૂ.મુ. અનંતભદ્રવિજયજી મ. પૂ.સા. કલ્પધરાશ્રીજી મ. ૧૦૦ + ૨૫
પૂ.સા. પદ્મયશાશ્રીજી મ. ૧૦૦+૧૦ પૂ.સા. જયજ્ઞાશ્રીજી મ. ૧૦૦ + ૧૪
પૂ.સા. દિવ્યજ્ઞાશ્રીજી મ. ૯૮ પૂ.સા. પ્રિયંકરાશ્રીજી મ.
પૂ.સા. પ્રશીલયશાશ્રીજી મ. પૂ.સા. વિપુલયશાશ્રીજી મ.
પૂ.સા. રત્નરેખાશ્રીજી મ. ૧૦૦+૨૨ પૂ.સા. વિશ્વપૂર્ણાશ્રીજી મ.
પૂ.સા. સ્નેહલતાશ્રીજી મ. પૂ.સા. શીલગુણાશ્રીજી મ.
પૂ.સા. પ્રજ્ઞાશ્રીજી મ. પૂ.સા. પ્રજ્ઞપ્તાશ્રીજી મ.

પૂ.સા. પુણ્યપ્રભાશ્રીજી મ. પૂ.સા. સૂર્યલતાશ્રીજી મ.

પૂ.સા. કલ્પલતાશ્રીજી મ. ૧૪૧. પૂ.સા. પવિત્રલતાશ્રીજી મ.

**૮) પૂ. ડહેલાવાળાનો પરિવાર**

પૂ.સા. જયંતીશ્રીજી મ. ૧૦૮+૨૦ પૂ.સા. કનકપ્રભાશ્રીજી મ.૧૦૮+૧૭

પૂ.સા. તરુણપ્રભાશ્રીજી મ. ૧૦૮ પૂ.સા. ભાનુપ્રભાશ્રીજી મ.

પૂ.સા. પદમપ્રભાશ્રીજી મ. પૂ.સા. શ્રેયગુણાશ્રીજી મ.

૧૪૮. પૂ.સા. નયપ્રજ્ઞાશ્રીજી મ.

**૯) પૂ. સાગરાનંદસૂ. મ. પરિવાર**

**પૂ.આ. નવરત્નસાગરસૂ. મ. ૧૦૦ + ૬૦ (તપમાં ય ત્યાગ જબરો છે.)**

પૂ.આ. કલ્યાણસાગરસૂરિજી મ. પૂ.ગ. ચંદ્રરત્નસાગરજી મ.

પૂ.પં. અપૂર્વરત્નસાગરજી મ.

**પૂ.મુ. હિતેન્દ્રસાગરજી મ. (ઓળી નહિ, ૧૦૦૮ અઠ્ઠમની તપસ્યા)**

**પૂ.મુ. વૈરાગ્યરત્નસાગરજી મ. (ઓળી ૮૮મી, પણ સળંગ કરી રહ્યા છે.)**

પૂ.સા. કલ્પબોધશ્રીજી મ. ૧૦૦ + ૧૦૦

પૂ.સા. મોક્ષરતાશ્રીજી મ. ૯૯ પૂ.સા. વિરક્તાશ્રીજી મ.

પૂ.સા. વિશદગુણાશ્રી મ. ૧૦૦+૯ પૂ.સા. પ્રશમરતાશ્રીજી મ. ૯૮

પૂ.સા. ચંદ્રયશાશ્રીજી મ. પૂ.સા. રેવતીશ્રીજી મ.

પૂ.સા. ચારુધર્માશ્રીજી મ. પૂ.સા. જયરેખાશ્રીજી મ.

પૂ.સા. હર્ષપ્રજ્ઞાશ્રીજી મ. ૯૯ પૂ.સા. દર્શનરસાશ્રીજી મ.

પૂ.સા. ઋષિદત્તાશ્રી મ. ૧૦૦+૨૦ પૂ.સા. તત્ત્વદર્શનાશ્રી મ. ૧૦૦ + ૫

**પૂ.સા. પ્રશમપ્રજ્ઞા મ. ૯૯ (તપસ્વી)**

પૂ.સા. પુણ્યયશાશ્રીજી મ. પૂ.સા. પ્રદિપ્તાશ્રીજી મ. ૧૦૦ + ૧૨

પૂ.સા. પુન્યોદયાશ્રીજી મ. પૂ.સા. કર્મજ્ઞાશ્રીજી મ.

પૂ.સા. ઈન્દ્રિયદમાશ્રીજી મ. પૂ.સા. વિશુદ્ધદર્શનાશ્રીજી મ.

પૂ.સા. તત્ત્વજ્ઞાશ્રીજી મ. પૂ.સા. રાજેન્દ્રશ્રીજી મ.

પૂ.સા. પદ્મલતાશ્રીજી મ. પૂ.સા. અમીવર્ષાશ્રીજી મ.

પૂ.સા. સુરજ્ઞાશ્રીજી મ. ૯૯ પૂ.સા. શમપૂર્ણાશ્રીજી મ.

પૂ.સા. વિનયધર્માશ્રીજી મ.
પૂ.સા. પ્રિયધર્માશ્રીજી મ.
પૂ.સા. અમિતગુણાશ્રીજી મ.
પૂ.સા. ભાવિતાશ્રીજી મ.
પૂ.સા. ધર્મોદયાશ્રીજી મ.
પૂ.સા. જિતેન્દ્રશ્રીજી મ.
પૂ.સા. મદનરેખાશ્રીજી મ.
પૂ.સા. તત્ત્વવિદાશ્રીજી મ.
પૂ.સા. નવરત્નાશ્રીજી મ.૧૦૦+૪૫
પૂ.સા. શશિપ્રભાશ્રીજી મ.
પૂ.સા. કલ્પલતાશ્રીજી મ.
પૂ.સા. હર્ષિતવદનાશ્રીજી મ.
પૂ.સા. ધર્મયશાશ્રીજી મ.
પૂ.સા. મહાયશાશ્રીજી મ.
પૂ.સા. તત્ત્વવિદાશ્રીજી મ.
પૂ.સા. નવરત્નાશ્રી મ. ૧૦૦ + ૪૫
૧૯૭ પૂ.સા. શશિપ્રભાશ્રીજી મ.

**૧૦) પૂ. નેમિસૂ. મ. પરિવાર**

પૂ.આ. પ્રબોધચંદ્રસૂ. મ. ૧૦૦+૨૫
પૂ.મુ. લબ્ધિયશવિજયજી મ.
પૂ.પં. રાજચંદ્રવિ. મ. ૧૦૦+૧૦
પૂ.સા. મનોરમાશ્રીજી મ.
પૂ.સા. પદમલતાશ્રીજી મ.
પૂ.સા. રત્નયશાશ્રીજી મ. ૧૦૮
પૂ.સા. જ્યોતિપ્રજ્ઞાશ્રીજી મ.
પૂ.સા. અભયપ્રજ્ઞાશ્રીજી મ.
પૂ.સા. પુન્યપ્રભાશ્રીજી મ.
પૂ.સા. સન્મતિશ્રીજી મ.
પૂ.સા. રત્નપ્રભાશ્રીજી મ.
પૂ.સા. જિતમોહાશ્રીજી મ. ૯૯
૨૧૦. પૂ.સા. પ્રબોધશ્રી મ.

**૧૧) પૂ. ધર્મસૂ. મ. પરિવાર**

પૂ.સા. અજિતસેનાશ્રીજી મ.
પૂ.સા. અનંતગુણાશ્રીજી મ.
૨૧૪. પૂ.સા. નીતિધર્માશ્રીજી મ.

**૧૨) પૂ. ૐકારસૂ. મ. પરિવાર**

પૂ.સા. મનોરમાશ્રીજી મ.
૧૦૦ + ૧૦૦ + ૬૩
પૂ.સા. મૃગાવતીશ્રીજી મ. ૧૦૦ + ૨૦
પૂ.સા. સૂર્યકાન્તાશ્રીજી મ. ૧૦૦ + ૧૮
પૂ.સા. જયપૂર્ણાશ્રીજી મ. ૧૦૦ + ૧૮
પૂ.સા. હિતોદયાશ્રીજી મ. ૧૦૦ + ૧૮

પૂ.સા. રવિપ્રભાશ્રીજી મ. ૧૨૧ + ૨૫
પૂ.સા. હર્ષચંદ્રાશ્રીજી મ. ૧૦૦ + ૧૯
પૂ.સા. શીલરત્નાશ્રીજી મ.
પૂ.સા. જયરત્નાશ્રીજી મ. ૯૯
પૂ.સા. જસકીર્તિશ્રીજી મ.
પૂ.સા. કિરણશ્રીજી મ.
પૂ.સા. કમલપ્રભાશ્રીજી મ.
પૂ.સા. ક્ષેમંકરાશ્રીજી મ.
પૂ.સા. રાજીમતિશ્રીજી મ.
પૂ.સા. હિરણ્યપ્રભાશ્રીજી મ.
પૂ.સા. ક્ષમાશીલાશ્રીજી મ.
પૂ.સા. વિગતમોહાશ્રીજી મ. ૧૦૭
પૂ.સા. મહાકીર્તિશ્રીજી મ. ૧૦૦+૨૦
પૂ.સા. શીલગુણાશ્રીજી મ.
પૂ.સા. મિત્રપ્રભાશ્રીજી મ.
પૂ.સા. પરમહંસાશ્રીજી મ.
પૂ.સા. પ્રશમચંદ્રાશ્રીજી મ..
૨૩૮. પૂ. સદ્‌ગુણાશ્રી મ. ૧૦૦+૬૦

**૧૩) પૂ. કેશરસૂ. મ. પરિવાર**

પૂ.સા. મંજુલાશ્રીજી મ. ૧૩૧ (૧૦૦ ઓળી)
પૂ.સા. કલ્પલતાશ્રીજી મ. ૧૨૫ (૧૩૫ ઓળી)
પૂ.સા. મનોરંજનાશ્રીજી મ.
૨૪૨. પૂ.સા. નિરંજનાશ્રીજી મ.
પૂ.સા. નિરંજનાશ્રીજી મ.સા. (૧૪૫ ઓળી)
પૂ.સા. શાસનરસાશ્રીજી મ.સા. (૯૮મી ઓળી ચાલે છે)

**૧૪) પૂ. મોહનલાલજી પરિવાર**

**૧૫) પૂ. રંગવિમલસૂ. મ. પરિવાર**

૨૪૩. પૂ.સા. શરદપૂર્ણાશ્રીજી મ.

**૧૬) પૂ. બુદ્ધિસાગરસૂ. મ. પરિવાર**

પૂ.સા. પિયુષપૂર્ણાશ્રીજી મ. ૧૦૦+૫
પૂ.સા. રાજેન્દ્રશ્રીજી મ.
પૂ.સા. સૂર્યલતાશ્રીજી મ.
પૂ.સા. મયણલતાશ્રીજી મ.
પૂ.સા. હિતપ્રજ્ઞાશ્રીજી મ.
૨૪૯. પૂ.સા. સુવર્ણરેખાશ્રીજી મ.

**૧૭) પૂ. વલ્લભસૂ. મ. પરિવાર**

૨૫૦. પૂ.સા. સદ્‌ગુણાશ્રીજી મ.

**૧૮) પૂ. ભક્તિસૂ. મ. પરિવાર**

પૂ.સા. સુરેન્દ્રશ્રીજી મ. ૧૦૦ + ૨૫

પૂ.સા. મહેન્દ્રશ્રીજી મ.

૨૫૩. પૂ.સા. હર્ષપ્રભાશ્રી મ. ૧૦૦ + ૯૯

**૨૧) ખરતરગચ્છ**

૨૫૪. પૂ.સા. જસવંતશ્રીજી મ.

**૨૨) અચલગચ્છ**

**પૂ.આ. ગુણોદયસાગરસૂ. મ. (ઓળી નહિ, અલબત્ત સળંગ ૩૬ મો વર્ષીતપ)**

**પૂ.મુ. નંદિવર્ધનસાગરજી મ. (૨૦ વર્ષના પર્યાયમાં ૨૦ માસક્ષમણ, વય આજે ૭૬)**

પૂ.સા. વિશ્વોદયાશ્રીજી મ. ૧૦૦ + ૬૫

પૂ.સા. અભયગુણાશ્રીજી મ.

પૂ.સા. અરુણોદયશ્રીજી મ. ૧૦૦ + ૧૩

પૂ.સા. રમ્યગુણાશ્રીજી મ.

પૂ.સા. નયપૂર્ણાશ્રીજી મ. ૧૦૦ + ૪

પૂ.સા. કીર્તિલતાશ્રીજી મ. ૯૯

૨૬૩. પૂ.સા. કીર્તિષેણાશ્રીજી મ. ૯૮

**રેકોર્ડરૂપ તપસ્વીરત્ન**

**સ્વ. પૂ.આ. રાજતિલકસૂરિજી મ.**

**સ્વ. પૂ.આ. હિમાંશુસૂરિજી મ.**

**સ્વ. પૂ.આ. કુમુદચંદ્રસૂરિજી મ. ને વંદના.**

**આ સિવાય અમારા ખ્યાલમાં આવ્યા ન હોય એવા પણ જે તપસ્વીરત્નોના અત્રે નામ લખવાના રહી ગયા છે. એની અમે ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.**

**('નિખાલસ' માસિકમાંથી સાભાર.)**

## ૨૪. પોતે સહન કરીને સૌનું પૂછીને શરમાવે !

"ગુરુજી ! પગમાં કોઈક જીવો કરડી રહ્યા હોય એવું લાગે છે. અસહ્ય પીડા થાય છે. જરાક જોઈ આપશો કે શું છે ?"

સિદ્ધાચલની પવિત્ર છાયામાં સંયમારાધના કરતા એક સાધ્વીજી ભગવંતે રાત્રે ત્રણ વાગે પોતાના ગુરુણીને ઉઠાડ્યા અને ઉપર મુજબ વાત કરી.

. સંયમ અને શાસનનો રાગ એમના રોમેરોમે વસ્યો હતો. વૈરાગ્ય એમના મુખ પર ઝળહળતા સૂર્ય જેવો દીપતો હતો. મુમુક્ષુપણામાં હતા ત્યારે સદ્ગુરુની શોધ માટે ખૂબ પ્રયત્નો કર્યા.. અંતે શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના પુષ્કળ અઠ્ઠમો કરી પ્રભુની ભક્તિના પ્રભાવે પ્રાપ્ત થયેલાં સદ્ગુરુણીને પોતાના આરાધ્ય તત્ત્વ તરીકે સ્થાપિત કર્યા.

સંયમમાં એક પણ દોષ ન લાગવા દેવાની તીવ્ર ઝંખના અને પ્રવૃત્તિ એમણે દીક્ષાના પ્રથમ દિવસથી જ આરંભી. દીક્ષાના પ્રથમ દિવસથી જ માંડીને સળંગ ૫૦૦ આંબિલો કર્યા. એ તો ઠીક, પણ પાણી પણ દોષિત = પોતાના જ માટે ઉકાળેલું વાપરવું ન પડે એ માટે જૈનોના ઘરમાં ભાતાદિ કરવા માટે જે પાણી કુકરમાં મૂકાતું. એ પાણી બધાના ઘરોમાંથી વહોરી વહોરીને લાવતા અને સંયમનિર્વાહ કરતા.

કલાકો સુધી પરમાત્મામાં એકાકાર બની ચોધાર આંસુએ રડવું એ એમના આત્મા માટે અત્યંત સાહજિક શુભાનુષ્ઠાન બની ગયું હતું. તો સ્વાધ્યાયમાં પણ ઉણા ન હતા. મુક્તાવલિ, દીનકરી વિગેરે ન્યાયના ગ્રંથોના અઠંગ અભ્યાસી હતા.

પણ વિધિની વક્રતા કેવી !

અત્યંત આશાસ્પદ એ સાધ્વીજીને ૩૫ વર્ષની ઉંમરે કેન્સર થયું. જીવનલીલા સંકેલાઈ જવાની ઘડીઓ ગણાવા લાગી. છેલ્લા બે વર્ષથી સિદ્ધાચલની પવિત્ર ભૂમિમાં કેન્સરની ઘોરાતિઘોર પીડા ભોગવી રહ્યા હતા. કેન્સરના કારણે આખું શરીર ખવાઈ રહ્યું હતું. હાડકા અને નસો સ્પષ્ટ દેખાતા હતા. કેન્સરના કીટાણુઓ આખાય શરીરમાં ફેલાઈ ગયા હતા અને પગ કાળામેશ થઈ ગયા હતા.

એક રાત્રે રૂમમાં સંથારો કરીને સૂતા હતા. આશરે ૧૧ વાગે પગ ઉપર કોઈક જંતુઓ કરડતા હોય, ચટકા ભરતા હોય એવો આભાસ થવાથી સાધ્વીજી ઉઠી તો ગયા, પણ અત્યંત અશક્તિને કારણે સંથારામાં બેઠા થવા પણ સમર્થ ન બન્યા. થોડીકવારમાં તો આખા પગ ઉપર બધી જગ્યાએ જંતુઓના ચટકાઓ અનુભવાવા લાગ્યા. પીડા અત્યંત અસહ્ય બની.

નજીકમાં જ ગુરુણી અને ગુરુબહેનો સંથારો કરીને સૂતા હતા.

પણ "એ મહાત્માઓની ઉંઘ નથી બગાડવી." એવા એક માત્ર આશયથી સાધ્વીજી કંઈપણ બોલ્યા વિના સુઈ રહ્યા. પીડા સહેતા જ રહ્યા.

અંતે બે-ત્રણ કલાક બાદ પીડાએ હદ વટાવી ત્યારે એમણે ગુરુણીને ઉઠાડ્યા. ગુરુબહેનો પણ જાગી ગયા. અંધારામાં કંઈ જ ન દેખાવાથી છેવટે અપવાદ માર્ગે

ગૃહસ્થ પાસે લાઈટ શરુ કરાવી અને લાઈટના પ્રકાશમાં એ સાધ્વીજીનો પગ જોતાની સાથે જ ગુરુણી ચીસ પાડી ઉઠ્યા. કેમકે

**આખા પગ ઉપર સેંકડો-હજારોની સંખ્યામાં કીડીઓ ચડી ગઈ હતી. કેન્સરથી કહોવાઈ ગયેલા એ પગને કોતરી રહી હતી. આખાને આખા બે પગો કીડીથી ભરાયેલા દેખાણા.**

બે પળ તો ગુરુણી અને ગુરુબહેનો અત્યંત મૂઢ બની ગયા. પછી તો તરત એ કીડીઓની વિરાધના ન થાય એ રીતે બધી કીડીઓ દૂર કરી સાધ્વીજીને પાટ ઉપર સુવાડ્યા.

"સાધ્વીજી ! આટલી બધી કીડીઓ ચડી ગઈ છતાં તમે અમને આટલા બધા મોડા ઉઠાડ્યા ? બે-ત્રણ કલાક આ વેદના સહન કરી. શા માટે ?"

અને એ સાધ્વીજી બોલ્યા,

"તમે આખો દિવસ મારી અપૂર્વ સેવા કરો છો. અને એટલે ખૂબ થાકીને જ ઊંઘી ગયા હો, ત્યારે રાત્રે પાછા મારા માટે ઉઠાડીને તમને શા માટે પરેશાન કરવા ? એટલે મારી શક્તિ હતી ત્યાં સુધી સહન કર્યું. છેલ્લે તમને ઉઠાડ્યા."

સાધ્વીજીની આવી સહનશક્તિ અને પારકાઓનો વિચાર કરવાની પરિણતિ જોઈ ગુરુણી અને ગુરુબહેનો ગદ્ગદ બની ગયા,

થોડાક જ દિવસોમાં એ સાધ્વીજીએ એ પવિત્રભૂમિમાં પાવન દેહનો ત્યાગ કર્યો. સિદ્ધાચલ પર્વત ઉપર ચડતા એક ઠેકાણે એમના નામની તકતી એમના સ્વજનોએ મૂકાવી છે.

**પૃથ્વી શું સહન કરે ? સંયમી તો પૃથ્વી કરતા ય વધુ સહનશીલ બની પૃથ્વીને શરમાવનારો હોય.**

પૂજ્યપાદ લબ્ધિસૂરીશ્વરજી સમુદાયના એ સાધ્વીજીને કોટિ કોટિ વંદન !

## ૨૫. અહો ! णिच्चं तवोकम्मं ।

એક પરિપક્વ મુનિરાજ આમ તો વિહારમાં સામેની તરફથી સાધ્વીજીઓ આવે તો એમની સાથે વાતચીત ન કરવાની, 'મત્થએણ વંદામિ' ન કરવાની શાસ્ત્રીય સામાચારીને બરાબર જાણતા હતા અને પાળતા હતા.

પણ અપવાદ તો દરેકમાં હોય જ.

શાસનસમ્રાટ સમુદાયના ૧૮ સાધ્વીજીઓનું એક ગ્રુપ વિહારમાં સામેથી આવી રહ્યું હતું. આ મુનિરાજે શાસ્ત્રીય નિયમ જાળવવા સાધ્વીજીઓ જે તરફથી આવતા હતા એની બીજી બાજુ ચાલવાની શરુઆત કરી.

સંયમીઓને પરસ્પર વાત્સલ્ય-સદ્ભાવ હોય જ, પણ શાસ્ત્રીય મર્યાદાઓ તો પાળવી જ જોઈએ ને ? રસ્તામાં સાધુ-સાધ્વીજીઓ પરસ્પર વાતો કરે એ લોકોમાં ઘણું ખરાબ દેખાય.

પણ એ મુનિરાજે જોયું કે પાછળ આવતી વ્હીલચેરમાં એક અત્યંત વૃદ્ધ સાધ્વીજી બેઠેલા હતા અને તે સાધ્વીજીએ મુનિરાજને આવતા જોઈ વ્હીલચેર અટકાવી. વ્હીલચેરમાંથી નીચે ઉતરવા લાગ્યા.

મુનિરાજે એમની અત્યંત વૃદ્ધ કાયાને જોઈ અને તરત એમની પાસે ગયા. સાધ્વીજીના આનંદનો પાર ન રહ્યો. ખૂબ ભાવથી વંદન કર્યા. વંદન કરી પચ્ચક્ખાણ માંગ્યું.

"ઈચ્છકારી ભગવન્ !..... એકાસણું-પુરિમડ્ઢ"....

મુનિરાજ આશ્ચર્ય પામ્યા.

"આજે કોઈ તિથિ નથી. અને આ તો ઘણી મોટી ઉંમરના છે. આજે શેનું એકાસણું ? એ પણ પુરિમડ્ઢનું પચ્ચક્ખાણ..."

ત્યાં તો પાછળથી બીજા સાધ્વીજીઓ આવી પહોંચ્યા. એમણે મુનિરાજની મુંઝવણ જોઈને ખુલાસો કર્યો કે

**"સાહેબ ! આમની ઉંમર ૯૫ વર્ષની છે. અને છેલ્લા ૫૦ વર્ષથી એકપણ ખાડો પાડ્યા વિના અખંડ એકાસણા કરે છે. ગમે એટલો વિહાર હોય, ગમે એટલી ગરમી હોય તો પણ આ સાધ્વીજીએ પુરિમડ્ઢ એકાસણા કદી છોડ્યા નથી. ઉનાળામાં તો અમે સ્થાને પહોંચતાની સાથે પાણી-પાણી કરતા હોઈએ છીએ. જ્યારે આ અમારા ગુરુણી સહજ રીતે પુરિમડ્ઢનું પચ્ચક્ખાણ કરે છે. વર્ષ દરમ્યાન આંબિલ-ઉપવાસો કરે તો પણ પારણામાં તો પુરિમડ્ઢ એકાસણું અવશ્ય કરે જ."**

મુનિરાજ અત્યંત આશ્ચર્ય પામ્યા. **૫૦ વર્ષ અખંડ-પુરિમડ્ઢ એકાસણા** એ એમના માટે અત્યંત આશ્ચર્યજનક વાત હતી.

સાધ્વીજીઓ બોલ્યા "સાહેબ ! આજે અમારા ગુરુણી ખૂબ-ખૂબ આનંદમાં રહેશે. કેમકે જ્યારે પણ કોઈ મહાત્માના એમને દર્શન થાય ત્યારે એ ખૂબ આનંદવિભોર બની

જાય છે."

મુનિરાજ આગળ વધ્યા.

જે કાળમાં યુવાન સંયમીઓને પણ એકાસણા કરવા અઘરા પડતા હોય. જે કાળમાં પાંચ તિથિ એકાસણા કરનારાઓની સંખ્યા પણ ઘટી ગઈ હોય. જે કાળમાં "एगभत्तं च भोयणं" એવી દશવૈકાલિકની પંક્તિનું પાલન અઘરું થઈ પડ્યું હોય. એ કાળમાં આ સાધ્વીજી એક સર્વોત્તમ આદર્શ છે.

ગુણાનુરાગી કોઈપણ સંયમી ગચ્છભેદ જોયા વિના આવા સાધ્વીજીને ભાવપૂર્વક કોટિ કોટિ વંદન કરવાનું ન જ ચૂકે એ નિશ્ચિત વાત છે.

## ૨૯. તપ અને વૈયાવચ્ચનો સુંદર સંગમ

કલિકુંડ તીર્થોદ્ધારક આચાર્ય ભગવંતશ્રીની આજ્ઞામાં રહેલા એક શ્રમણી ભગવંતની જ્યારે પોતાની ૧૦૦મી ઓળી ચાલતી હતી ત્યારે રોજે રોજના વિહાર ચાલુ જ હતા. અંતે ૯૩ આંબિલ બાદ એમને અઠ્ઠાઈ કરીને ૧૦૦મી ઓળીનું પારણું કરવાની ભાવના થઈ.

ચાલુ વિહારમાં એમણે અઠ્ઠાઈ ઉપાડી અને કોઈપણ જાતના વિઘ્ન વિના અઠ્ઠાઈ કરી ૧૦૦મી ઓળીનું પારણું કર્યું.

આ સાધ્વીજી ભગવંતે શ્રમણ ભગવાન મહાવીરદેવના ૨૨૯ છઠ્ઠ તપની આરાધના નિમિત્તે સળંગ ૨૨૯ છઠ્ઠ પણ કર્યા છે. અત્યારે તેઓ સળંગ ૧૦૮ અઠ્ઠમ તપની ઉગ્ર આરાધના કરી રહ્યા છે.

સામાન્યથી એવું જોવા મળે છે કે જેઓ તપસ્વી હોય તે વૈયાવચ્ચી ન હોય. ઊલ્ટું એ સ્વયં તપસ્વી હોવાથી બાકીના સંયમીઓ એમની સેવા કરવા આવે. તપસ્વી તો બીજા સંયમીઓને પોતાની વૈયાવચ્ચનો લાભ આપે.

પણ આ સાધ્વીજીએ કોઈક અલગ જ આદર્શ ઊભો કર્યો છે.

તેઓનો અત્યારે ૩૦ વર્ષ જેટલો મોટો દીક્ષાપર્યાય છે અને તેમ છતાં તેઓ પોતાનું પ્રતિલેખન સુદ્ધાં જાતે કરે છે. ૧૦૦મી ઓળી વખતે પણ એમણે છેલ્લા દિવસ સુધી પોતાનું પ્રતિલેખન જાતે કર્યું.

રે ! માંત્ર 'પોતાનું કરી લીધું' એમ નહિ, પણ વડીલ સાધ્વીજીઓના પ્રતિલેખનમાં તે અવશ્ય હાજરી આપતા. વડીલોનું પ્રતિલેખન કદી ન ચૂકતા.

આ સાધ્વીજીએ જ્યારે ૫૧ ઉપવાસ કર્યા ત્યારે ૩૦માં ઉપવાસ સુધી તેઓ વડીલોનું પ્રતિલેખન કરવા જતા અને પોતાનું બધું પ્રતિલેખન જાતે કરતા.

શરુઆતમાં વડીલોએ એમના ઉત્કૃષ્ટ ભાવો જોઈ રજા તો આપી. પણ ૩૦ ઉપવાસ બાદ વડીલોએ સખત પ્રતિબંધ મૂક્યો,'લોકોને ખબર પડે તો અમારી નિંદા થાય કે વડીલો આ તપસ્વીની કાળજી નથી કરતા ?' એ બધા કારણોસર ૩૧મા ઉપવાસથી એમની વૈયાવચ્ચ બીજા સાધ્વીજીઓએ કરવા માંડી અને ઈચ્છા ન હોવા છતાં આ સાધ્વીજીએ તે સેવા કરવા દેવી પડી.

આ સાધ્વીજી વિહારાદિમાં ઝડપવાળા હોવાથી પ્રાયઃ સૌથી પહેલા ઉપાશ્રયમાં પહોંચી જાય, કાજો કાઢવો-દોરી બાંધવી-પાણી લાવવું વગેરે નાના-મોટા કાર્યો ખૂબ જ ઉલ્લાસથી સ્વયં કરી લેતા. 'પોતે તપસ્વી છે, મોટા પર્યાયવાળા છે' એનો અહંકાર એમના જીવનમાં શોધ્યો ન જડતો.

કોટિશઃ વંદના, એ વંદનીય શ્રમણી ભગવંતને !

## ૨૭. વૈરાગ્યના રંગો સજી ક્યારે પ્રભુ ! સંયમ ગ્રહું ?

એક સંયમીએ દીક્ષા લેતા પહેલા લગાતાર ચાર વર્ષ સુધી અખંડ એકાસણા કરેલા.(ગાઢ કારણસર ક્યારેક છૂટું રાખ્યું.) અને માટે જ એના ઘરે કાયમી ઉકાળેલું પાણી રહેતું. પણ ઉપાશ્રયથી એનું ઘર ૩૦૦-૪૦૦ ડગલા દૂર હતું. એટલે ત્યાં પાણી વહોરવા ભાગ્યે જ કોઈ સંયમી જતા. એમાં ય આંબિલખાતાના જ પાણી શરુ થયા પછી તો ઘરે-ઘરે એક-એક ગ્લાસ પાણી વહોરનારા તો ભાગ્યે જ કોઈક સંયમી મળે.

"ધર્મલાભ !"

સાંજે પાંચ-સાડા પાંચ વાગ્યાના સમયે એક મુનિરાજે મુમુક્ષુના ઘરે પ્રવેશ કર્યો. સાથે લાકડાનો લોટ (ઘડો) હતો.

'ઉકાળેલું પાણી છે ?' એમ પૃચ્છા કરી.

મુમુક્ષુ (કે જે એ વખતે મુમુક્ષુ ન હતો. મુનિ સાથે કોઈપણ પરિચય વિનાનો જ હતો. માત્ર પ્રાયશ્ચિત્ત રૂપે અખંડ એકાસણા કરતો હતો.) આ રીતે ઘરે પાણી વહોરવા આવેલા મુનિને જોઈ અત્યંત આનંદમાં આવી ગયો. 'આવો અણમોલ સુપાત્રદાનનો લાભ ક્યાંથી ?' એમ વિચારી નાનકડો ઘડો લઈ મુનિ પાસે આવ્યો.

'સાહેબ ! લાભ આપો.'

મુનિરાજે જોયું કે 'સૂર્યાસ્ત થવાને પોણો-એક કલાકની જ વાર હતી. અને ઘડામાં

મુમુક્ષુને ચાલે એટલું બે ગ્લાસ જેટલું જ પાણી હતું. જો પાણી લઈ લે તો મુમુક્ષુ શું વાપરે ? અને એ જો નવું પાણી ઉકાળે તો તો દોષો લાગે જ.' એટલે મુનિવર પાણી વહોરતા ખચકાયા.

બે - પળમાં જ મુનિના ખચકાટનું રહસ્ય સમજી ગયેલા ચકોર મુમુક્ષુએ ત્યાં જ ઘડો મૂકી દઈ બે હાથ જોડી 'પાણાહાર દિવસ ચરિમં...' પચ્ચક્ખાણ જાતે જ લઈ લીધું.

અને બોલી ઊઠ્યો,

'સાહેબ ! હવે મારે પાણી વાપરવાનું નથી. આ બધા પાણીનો આપે લાભ આપવો જ પડશે.'

મુનિરાજે પાણી નિર્દોષ જાણી વહોરી લીધું.

એક નિર્દોષ સંયમજીવન જીવનારા સંયમીનો આવો અણધાર્યો, અપૂર્વ સુપાત્રદાનનો લાભ મળવાથી મુમુક્ષુનો મન-મોરલો નાચી ઊઠ્યો. સંયમીના નિર્મળ સંયમે જ એ મુમુક્ષુની ભાવનાને વેગ આપ્યો હતો.

આ મુમુક્ષુ જ્યારે દીક્ષા લેવાની કોઈ જ ભાવનાવાળો ન હતો ત્યારે એને એકવાર વિચાર આવ્યો કે,

'હું દરરોજ સ્નાન કર્યા બાદ દર્પણ સામે ઉભો રહી વાળ ઓળું છું. દિવસમાં ત્રણ-ચાર વાર વાળને કાંસકાથી દર્પણ સામે રહીને બરાબર કરું છું. આ મારો મારા રૂપ ઉપરનો કેટલો રાગ ! આમાં મને મોક્ષ શી રીતે મળે ?'

અને એ દિવસથી પોતાની મેળે જ એણે દર્પણમાં જોવાનો ત્યાગ કર્યો. સ્નાન બાદ દર્પણ વિના જ વાળ ઓળી લેવાની પ્રેક્ટીસ પાડી.

પણ લલાટમાં મોટો કેસરી ચાંદલો ભગવાનની આજ્ઞાના પ્રતીક રૂપે કરવો તો ખૂબ ગમતો. અને એ તો દર્પણમાં જોયા વિના શી રીતે કરવો ફાવે ?

મુમુક્ષુએ એનો પણ ઉપાય અજમાવ્યો. ખેસનો અષ્ટ પડવાળો મુખકોશ એવી રીતે બાંધે કે માત્ર કપાળ અને બે આંખ સિવાય મુખનો કોઈ જ ભાગ ન દેખાય અને એ રીતે બાંધીને જ પછી ચાંદલો કરે જેથી મુખદર્શનનું પાપ ન લાગે.

માત્ર એક ગ્લાસ પાણી વડે જ એ રોજ સ્નાન કરતો. અને એ બધું પાણી ટબમાં લઈ બહાર પરઠવી દેતો. એક ગ્લાસ પાણીનો એવો તો વ્યંવસ્થિત ઉપયોગ કરે કે જેથી એટલા ઓછા પાણીમાં પણ સંપૂર્ણ સ્નાન થઈ જતું.

દીક્ષા પૂર્વે દીક્ષાની ભાવના વિનાના ચાર વર્ષ આવા વિરતિપરિણામ સહિત એ મુમુક્ષુએ વીતાવ્યા.

એ મુમુક્ષુ કહે છે કે આ ભાવોએ જ મને સર્વવિરતિની ઈચ્છા પ્રગટાવી.

જો અદીક્ષાર્થી આત્મા પણ સાધુની ભક્તિ કરવા પાણી છોડી રાતભર તરસ્યો રહેવા તૈયાર થાય, પોતાનું મુખ સુદ્ધાં જોવામાં પાપ માને, તો આપણે બધા તો સર્વવિરતિધરો છીએ. શાસનને જો ખરેખર સમજ્યા હોઈએ તો સાધુની ભક્તિ માટે આપણો ભાવ કેવો હોય ?

તથા આપણા નામ લખાવવા કે ફોટો મુકાવવાની મલિન ઈચ્છા સુદ્ધાં પણ શું આપણને થઈ શકે ખરી ? વિચારશો.

## ૨૮. એક આશ્ચર્યજનક ઘટના - ખટારામાં રાત્રિ સંથારો

'વોચમેન ભાઈ ! અમારે રાત્રે અહીં રોકાવું છે. સવાર પડતાની સાથે જ નીકળી જશું. અમારે માત્ર ઉપર છત જોઈએ છે. બાકી તમારી પાસે કોઈ જ અપેક્ષા નથી.'

**બગોદરાથી** બાવળા તરફના રસ્તા ઉપર **કલ્યાણગઢ પછી** આવેલી એક ગેસની અતિ-વિરાટ ફેક્ટરીના બંધ બારણાની બહાર ઉભા રહેલા બે સંયમીઓએ અંદર રહેલા વોચમેનને વિનંતિ કરી.

કારતક વદ પાંચમથી જ **અમદાવાદમાં** શરુ થનારા જોગમાં જોડાઈ જવા બે મહાત્માઓએ **લીમડીથી** પુનમના સવારે વિહાર કર્યો. ચાર દિવસમાં ૧૨૦ કિલોમીટર ચાલવાના હતા. એટલે ખૂબ ઝડપી વિહાર પ્રારંભ્યો. ખૂબ થાક લાગતો હોવા છતાં વિહાર ચાલુ રાખવો પડ્યો.

બગોદરા ચોકડીથી સાંજે નીકળ્યા અને લગભગ સાડાસાત વાગે ફેક્ટરી પાસે પહોંચ્યા. એ બે મહાત્માઓ ફોન વગેરેની વિરાધના કરાવવા તૈયાર ન હતા. એટલે જ પહેલેથી જ આગળ ઉતરવાની જગ્યાએ ફોન કરી સમાચાર કહેવડાવવા કે તે માટેની વ્યવસ્થા કરાવવા તેઓ બેશક અસમર્થ હતા.

'સંયમના પ્રભાવે અમને બધી અનુકૂળતા મળી જ જશે. અને ન મળે તો પ્રતિકૂળતા પણ વેઠશું.' એવી એ બે ય મુનિવરોની ટેક હતી.

કારતક માસમાં સૂર્યાસ્ત વહેલો થતો હોવાથી સાડાસાત વાગે તો ખાસ્સું અંધારું થઈ ચૂક્યું હતું. રસ્તાને અડીને જ એ ફેક્ટરી હતી. પણ એના તોતીંગ બારણા સંપૂર્ણ બંધ હતા. બહાર ઉભા રહેલા સંયમીઓની વિનંતિ સાંભળી ચોકીદારો વિચારમાં

પડ્યા.

'મહારાજ ! તમારી વાત તો સાચી. પણ આ ગેસની ફેક્ટરી છે. અહીં રાત્રે અમે ત્રણ-ચાર ચોકીદાર જ રહીએ છીએ. બીજું કોઈ નહિ. ક્યાંક કંઈ પણ ગરબડ થાય ને મોટી હોનારત થાય તો ? અમારા માલિકને ખબર પડે કે અમે તમને રાત્રે અહીં રાખ્યા તો અમારી નોકરી જાય. એટલે અમે ક્ષમા માંગીએ છીએ. અમે તમને અંદર જગ્યા નહિ આપીએ.' બારણું ખોલ્યા વિના ચોકીદારે જવાબ આપ્યો.

સંયમીઓએ બે-ત્રણ વાર વિનંતિ કરી પણ તેઓ નિષ્ફળ ગયા.

હવે શું કરવું ?

હજી આગળ બે કીલોમીટર બાદ એક ગામ હતું ખરું પણ હવે ચાલવાની શક્તિ ન હતી. અધુરામાં પૂરું એક સંયમીને ઠંડી લાગીને સખત તાવ ભરાઈ ગયો. એટલે અંધારામાં આટલા થાક અને તાવ સાથે હજી બે કિ.મી. ચાલવા શક્ય ન હતા.

સંયમીઓએ આજુબાજુ નજર કરી તો બાજુમાં જ એક ખાલી, ખુલ્લો ખટારો પડેલો હતો.

સંયમીઓની આંખમાં ચમક આવી.

'આ ખટારો કોનો છે ?' પ્રશ્ન કર્યો.

ચોકીદારે કહ્યું કે, 'આ કંપનીનો જ છે. ગેસના બાટલાઓ ભરીને બીજા શહેરોમાં લઈ જવા માટે આવા ઢગલાબંધ ખટારાઓ હોય છે.'

'અમે આમાં સુઈ જઈએ તો વાંધો નહિ ને ?' સંયમીએ પાછો પ્રશ્ન કર્યો.

'કોઈ જ વાંધો નથી. પણ તમને આમાં ફાવશે ?' ચોકીદારે વળતો પ્રશ્ન કર્યો.

એની અવગણના કરી સંયમીએ ભયસ્થાન અંગે સ્પષ્ટતા કરી કે, 'અમે ઉંઘી જઈએ અને રાત્રે ડ્રાઈવર આ ખટારો ચલાવીને લઈ નહિ જાય ને ?'

જવાબ મળ્યો, 'ડ્રાઈવર તો સવારે ૧૦ વાગે આવશે. સવારે આખો ખટારો ગેસના બાટલાઓથી ભર્યા બાદ એ ખટારો લઈ જશે.'

અને બે ય સંયમીઓ ખૂબ ઊંચા એ ટ્રકમાં ચડી તો ગયા પણ ઉપરથી ખટારો ખુલ્લો હતો. માત્ર આડા-ઊભા બે-ચાર મોટા સળીયાઓ હતા.

એમાં ય જેને તાવ આવેલો, એ સંયમી ઉપર ચડીને આસન પાથરી કામળી ઓઢીને સુઈ ગયો, 'મુનિવર ! મારાથી ઉભા નહિ થવાય. સખત થાક, તાવ, ઠંડીથી શરીર ઘેરાયું છે. તમે જ ઉપર છત થાય એનો ઉપાય કરો.'

બીજા સંયમીએ ઝપાટાબંધ શિયાળાની કામળી કાઢી સળીયાઓ ઉપર એના ચાર છેડાઓ બાંધી કામળીનો તંબુ બનાવી દીધો.

બે જણે પ્રતિક્રમણ પૂર્ણ કર્યું.

માંદો સંયમી વિચારમાં પડ્યો,

'અધવચ્ચે છીએ. એક બાજુ ૧૦ કિલોમીટર ઉપર **બાવળા** છે. બીજી બાજુ ૧૧-૧૨ કિલોમીટર ઉપર **બગોદરા** છે. અહીં તો કંઈ જ નથી. જો તાવ નહિ ઉતરે તો? ગોચરી વગેરેના કેટલા બધા દોષો સેવવા પડશે ? શું કરવું ?'

વિચારધારામાં અચાનક એક ચમકારો થયો.

'અનાથી મુનિની દીક્ષા લેવાની પ્રતિજ્ઞાથી એમનો ભયંકર રોગ જતો રહેલો. હું આખા વર્ષમાં સંવત્સરીનો એક ઉપવાસ માંડ-માંડ કરું છું. પણ હું ય અત્યારે પ્રતિજ્ઞા કરું છું કે જો સવાર સુધીમાં તાવ ઉતરી જાય અને હેમખેમ આગળના સ્થાને પહોંચી જઉં તો એક છઠ્ઠ કરીશ.'

સંયમીએ પ્રતિજ્ઞા લીધી અને બીજીબાજુ ચોકીદારોને પૃચ્છા કરી કે 'બામ વગેરે છે ?' પણ કંઈ ન મળ્યું.

પ્રતિકૂળતાઓમાં શરીર તો નબળું પડ્યું હતું પણ મનને અપાર આનંદ હતો. **કદાચ ૨૫૦૦ વર્ષના ઈતિહાસમાં કોઈક સંયમીએ આવી રીતે ખટારામાં સંથારો કર્યાનો પ્રસંગ પ્રથમવાર બનેલો હતો.**

બાધાનો પ્રભાવ ગણો, ભવિતવ્યતા ગણો, ચમત્કાર ગણો કે છેવટે આખી રાત થયેલો આરામનો પ્રતાપ ગણો પણ વગર દવાએ વહેલી સવારે થાક-તાવ બે ય દૂર થઈ ગયા. સડસડાટ વિહાર કરતા બાવળા પહોંચી ગયા.

'સંયમ અમારી રક્ષા કરશે' એવા દૃઢ મનોબળવાળા અને માટે જ સંયમાચારોનું પાલન કરવામાં દૃઢ ટેકવાળા સંયમીઓની કુદરત જ રક્ષા કરે, એમના શુભ પરિણામોથી પ્રગટેલું પ્રચંડ પુણ્ય જ એમને સર્વત્ર સહાય કરે તો એમાં આશ્ચર્ય પામવા જેવું છે જ શું ?

## ૨૯. વિશેષણો વામણાં પડે, સમાસો સાંકડા પડે અને અલંકારો પણ ઓછા પડે તેવા એક સાધ્વીવર્યાની તપસાધનાની ઝલક

શાસનપ્રભાવનાનું અદ્વિતીયકારણ, આધિ, વ્યાધિ અને ઉપાધિના તાપને શમન કરનાર, ગાઢ મોહનીય કર્મનો નાશ કરનાર, આત્મસમાધિ- અર્પનાર,

મહામંગલકારી તપધર્મની યાદી જોતા સ્હેજે ખ્યાલ આવશે કે પૂજય આ.દેવ રામચન્દ્રસૂરીશ્વરજી સમુદાયના આ સાધ્વીવર્યાનું જીવન તપથી કેવું ઓતપ્રોત હતું.

સવિજીવ કરું શાસનરસીની ભવ્ય ભાવનાથી વીશ સ્થાનક તપની આરાધના ૪ વાર • પ્રથમતીર્થંકર શ્રી આદિનાથ ભગવાનના તપધર્મના આલંબને વરસીતપ ૩ વાર જેમાં છઠ્ઠ થી ૧વાર, • મૃત્યુ ઉપર વિજય મેળવવા માટે મૃત્યુંજય તપ ૨ વાર, • સિદ્ધિગતિમાં પહોંચાડનાર સિદ્ધિતપ ૨ વાર • ક્ષપકશ્રેણીને યાદ કરનાર શ્રેણીતપ • પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ. ના ૧૦૮ અઠ્ઠમસળંગ • ૧૬ ઉપવાસ ૨ વાર • ૧૫ ઉપવાસ ૧ વાર, • ૮ ઉપવાસ ૪ વાર, • ૬ ઉપવાસ ૧ વાર

**• સમવસરણતપ • સિંહાસનતપ • ભદ્રતપ • ચત્તારી અઠ્ઠ દસ દોય તપ • ધર્મચક્રતપ • અગ્યાર અંગતપ • અંગવિશુદ્ધિતપ • અષ્ટપ્રાતિહાર્યતપ • અદુઃખદર્શીતપ • અષ્ટમહાસિદ્ધિતપ • એકસો સિત્તેર જિન તપ • આગમોકત કેવલી તપ • કંઠાભરણ તપ • કર્મચતુર્થ તપ • ચતુર્વિધ સંઘ તપ • ચૌદ પૂર્વ તપ • ૯૬ જિનની ઓળી • તેર કાઠીયાનો તપ • દારિદ્ર હરણ તપ • નમસ્કાર મહામંત્ર તપ • પાંચપચ્ચકખ્ખાણતપ • પરદેશીતપ • પંચપરમેષ્ઠિતપ • બાવનજિનાલયતપ • માણીક્યપ્રસ્તારિકાતપ • મેરૂત્રયોદશીતપ • યોગશુદ્ધિતપ • રત્નરોહણતપ • રત્નત્રયીતપ • શત્રુંજય છઠ્ઠ અઠ્ઠમતપ • શ્રુતદેવતા તપ • સાત સૌખ્ય અને આઠમું મોક્ષ તપ • વીરગણધર તપ • સિંહાસન તપ • અષ્ટકર્મ પ્રકૃતિ તપ • કષાય જય તપ • કલંક નિવારણ તપ • ગૌતમકમલ તપ • ચિંતામણી તપ • ચૈત્રી પૂનમતપ • જિનગુણ સંપત્તિતપ • દશયતિધર્મતપ • દેવલ ઈંડા તપ • નંદીશ્વર તપ • પાર્શ્વજિનગણધરતપ • પચરંગીતપ • બીજનો તપ • બૃહત્ સંસારતારણ તપ • મૌન એકાદશીતપ • મેરૂમંદિર તપ • રત્નોત્તરતપ • રતનપાવડીના છઠ્ઠ અઠ્ઠમતપ • શત્રુંજય મોદક તપ • સૌભાગ્યસુંદરતપ • ષટ્કાયતપ • સળંગ ૮૧ આયંબિલ**

**• પ્રભુ મહાવીર પરમાત્માના ૨૨૯ છઠ્ઠ, ૧૨ અઠ્ઠમ, ૬ માસી, ૪ માસી, ૩ માસી, અઢી માસી, ૨ માસી, દોઢ માસી, અઢી માસી, ૨ માસી, દોઢ માસી, છઠ્ઠ કરીને ૭ યાત્રા**

**• નવપદજીની નવ ઓળી • વર્ધમાનતપની ૪૭ ઓળી • ત્રણ વાર નવ્વાણું યાત્રા • જ્ઞાનપંચમી જીવનપર્યંત • એકાસણાથી કરેલો તપ • તીર્થંકરવર્ધમાનતપ • યુગપ્રધાન તપ • પીસ્તાલીસ આગમતપ • સહસ્રકૂટ તપ, પોષદશમી**

• સાત કરોડને બોંત્તેર લાખ એ ઉક્તિને યાદ કરાવતો ૭ કરોડને ૭૨ લાખનો સ્વાધ્યાય આરાધના ખાતે

આ છે અણગાર અમારા

- નમસ્કાર મહામંત્રનો જાપ ૧૧ કરોડ
- મહાપ્રભાવિક ઉવસગ્ગહરં સ્તોત્રનો જાપ ૨ કરોડ
- પ્રગટપ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ.નો જાપ ૧૧ કરોડ
- નવપદમાં અરિહંત પદનો જાપ ૧૧ા કરોડ
- બીજા બધા પદોનો જાપ ૧૧ કરોડ
- ગૌતમસ્વામીનો જાપ ૧૧ લાખ
- નમોજિણાણં જિઅભયાણં જાપ ૧૧ લાખ

થોડા સમયપૂર્વે જ આ સાધ્વીવર્યા મુક્તિપુરી ભણી ડગ માંડવા આગેકૂચ કરી ગયા છે.

## ૩૦. "પ્રથમ સંઘયણનો વિચ્છેદ થયો છે" એ વાત શું ખરેખર સાચી છે ?

પૂર્વના કાળના સંયમીઓ ઘોર-અતિઘોર તપ કરી શકતા કેમકે તેઓ પાસે સંઘયણબળ જોરદાર હતું. આજે તો પ્રથમ પાંચ સંઘયણો વિચ્છેદ પામ્યા છે. માત્ર છેલ્લું સાવ નબળું ગણાતું એક જ સંઘયણ અત્યારે છે. એટલે આજના સંયમીઓ વિશિષ્ટ આરાધના ન કરી શકે એ શક્ય છે.

પણ હવે જરાક નીચેની બાબતો ધ્યાન દઈને વાંચો.

માલવાના વતની એક શ્રાવિકાએ લગ્ન કર્યા. માત્ર છ મહિના પસાર થયા અને પતિનું મૃત્યુ થયું. સંસારથી વૈરાગ્ય પામી વિ.સં.૨૦૦૯માં **સાગરસમુદાયમાં** દીક્ષા લીધી. તે પછી તેઓએ નીચે મુજબ આરાધના કરી.

(૧) દીક્ષા બાદ ક્યારેય પણ સળંગ બે દિવસ વિગઈઓ વાપરી નથી.

(૨) વર્ષીતપ

(૩) વીશસ્થાનક તપ

(૪) શંખેશ્વર પાર્શ્વનાથના ૧૦૮ અઠ્ઠમ

(૫) મહાવીર સ્વામીજીના ૨૨૯ છઠ્ઠ

(૬) ૧૨ સ્વતંત્ર અઠ્ઠમ

(૭) સિધ્ધિતપ (૧ ઉપવાસ ૧ બેસણું, ૨-૩...૮ ઉપવાસ અને પારણે બેસણું એ રીતે આ તપ થાય.)

(૮) ૧૬ ઉપવાસ

(૯) ચતારિ-અઠ-દશ-હોય તપ (૪-૮-૧૦-૨ ઉપવાસ પારણે બેસણું.) (૧૦) ૬ અઠાઈ.

(૧૧) શ્રેણીતપ (કુલ ૮૨ ઉપવાસ અને ૨૮ બેસણા એમ ૧૧૦ દિવસનો આ તપ થાય છે.)

(૧૨) ભદ્રપ્રતિમા

(૧૩) મહાભદ્રપ્રતિમા

(૧૪) વર્ગતપ

(૧૫) ઘનતપ

(૧૬) કર્મસૂદન તપ

(૧૭) ઘડિયા - બે ઘડિયા તપ

(૧૮) સહસ્રકૂટ તપ (જેમાં ૧૦૨૪ ઉપવાસ કરવાના આવે.)

(૧૯) ૨૫૦ આંબિલ, ૫૦૦ આંબિલ, ૭૦૦ આંબિલ અને ૧૧૭૬ આંબિલો સળંગ કર્યા.

(૨૦) વર્ધમાન તપની ૧૦૦ ઓળી.

(૨૧) આ સાધ્વીજીએ ચોવિહાર છઠ્ઠ કરીને શત્રુંજય ગિરિરાજની ૭ યાત્રા બે કટકે ૧૦૮ વાર સળંગ કરી. અર્થાત્ એકવાર સળંગ ૫૪ છઠ્ઠ, અને દરેક છઠ્ઠમાં ૭ યાત્રાઓ અને બીજીવાર પણ સળંગ ૫૪ છટ્ઠ અને દરેક છટ્ઠમાં ૭ યાત્રાઓ કરી. બેય ભેગા કરો તો કુલ ૩૨૪ દિવસમાં ૨૧૬ ઉપવાસ અને ૧૦૮ પારણા કર્યા. અને એ દરેક પારણાના દિવસે પણ એક યાત્રા કર્યા બાદ જ પારણું કરતા. એટલે એટલા દિવસમાં કુલ ૮૬૪ યાત્રાઓ કરી.

આ વિશાળ તપ-આરાધનામાં કયાંય આ સાધ્વીજી માન-સન્માનમાં લપેટાયા નથી.

(૨૨) વિ.સં. ૨૦૪૩માં દેરાસરથી પાછા આવતા રસ્તામાં એક ગાયે શીંગડા વડે આ સાધ્વીજીને દૂર ફેંક્યા. હાડકા ભાંગી ગયા. ડોકટરે પ્લાસ્ટર કર્યું અને દવા આપી. પણ પોતાના તપોબળ ઉપર દૃઢ શ્રદ્ધા ધરાવતા આ સાધ્વીજીએ દવાઓ ન લીધી.

(૨૩) સં. ૨૦૪૩માં અતિવિશાળ મહાઘન તપ શરૂ કર્યો. ત્રણ વર્ષ પસાર થયા. મહાઘન તપ ચાલુ જ હતો. અંતે ૨૦૪૫માં તેઓ સમાધિપૂર્વક કાળ પામ્યા.

એમ સાંભળ્યુ છે કે એમને અગ્નિદાહ આપવામાં આવ્યો. ત્યારે પણ એમનું એક વસ્ત્ર ઘણો પ્રયત્ન કરવા છતાં ભડભડતી આગમાં પણ ન જ બળ્યું.

છઠ્ઠા સંઘયણમાં આવી ઘોર આરાધના શી રીતે શક્ય બને ? એ આશ્ચર્ય છે.

## ૩૧. કચ્છડો બારેમાસ

આમ તો કચ્છ-વાગડ પ્રદેશ રણપ્રદેશની અત્યંત નજીક હોવાથી ત્યાં ધોધમાર વરસાદ અને ખળખળ વહેતી નદીઓની અપેક્ષા ભાગ્યે જ રાખી શકાય. પરંતુ સાંભળ્યું છે કે પૂર્વકાળમાં આખા ય કચ્છને આવરી લેતી સરસ્વતી નદીના ધસમસતા પાણીઓ કચ્છ-વાગડને લીલોછમ રાખતા. એટલે તે વખતે કહેવત પડેલી કે કચ્છડો તો માત્ર ચોમાસામાં જ નહિ પણ બારેમાસ લીલોછમ જ હોય.

અધ્યાત્મયોગી, પરમાત્મભક્ત પૂજ્યપાદ સ્વર્ગસ્થ આચાર્યદેવશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી આવી જ એક સરસ્વતી નદી જેવા હતા. એમના અસ્તિત્ત્વને કારણે કચ્છ-વાગડ દેશનો જૈન સમાજ, કચ્છ-વાગડ સમુદાય ધર્મભાવનાઓથી ભર્યો ભર્યો રહેતો. એમાં કદી દુકાળ-ધર્મભાવનાઓની ઓછાશ ન હતી.

આજે એ આચાર્ય ભગવંતરૂપ સરસ્વતી નદી અલોપ થઈ ગઈ છે. પણ છતાં આશ્ચર્ય એ છે કે કચ્છપ્રદેશ ભલે સરસ્વતી નદી અદૃશ્ય થયા બાદ સુકાવા લાગ્યો. પણ આ આચાર્યશ્રીની ગેરહાજરી બાદ પણ એમનો સમુદાય તપત્યાગાદિથી લીલોછમ છે.

એમના સમુદાયમાં ત્રણ-ચાર સાધ્વીજીઓની તો ૨૦૦ ઉપરાંત ઓળી થઈ ચૂકી છે. પણ આજે આપણે જે સાધ્વીજીના તપ અંગે વાત કરવી છે, એ તો આશ્ચર્ય ઉપજાવે એવી છે.

પોતાના ગુરુણીની ૧૦૦+૧૦૦ ઓળીની ઘોર સાધનાનું આલંબન લઈ આ સાધ્વીજી પણ એ માર્ગે આગળ વધ્યા.

એમના તપની વિશેષતાઓ :

(૧) અત્યારે ૬૫ વર્ષની ઉંમર છે, અને કુલ ૧૦૦+૧૦૦+૭૨ ઓળીઓ થઈ ચૂકી છે. ૭-૮ વર્ષ બાદ એમની કુલ ૩૦૦ ઓળી પૂર્ણ થાય એવી સંભાવના છે. જો **૩૦૦ ઓળી થશે તો જૈનસંઘમાં આ એક ઐતિહાસિક પ્રસંગ બની રહેશે.**

(૨) છેલ્લા ૩૩ વર્ષથી એમણે આંબિલમાં રોટલી-રોટલા-ખાખરા વગેરે કશું જ લીધું નથી. માત્ર ભાત-દાળ-મગ આવા બે-ચાર દ્રવ્યથી જ છેલ્લા ૩૩ વર્ષ દરમ્યાન

એમણે તમામ આંબિલો કર્યા છે.

(૩) આ બે-ચાર દ્રવ્યો પણ દોષિત તો ન જ વાપરવાના. ગૃહસ્થોને ત્યાં ૯-૧૦ વાગે કુકર થતું હોય, ત્યારે જ ત્યાં પહોંચી જાય અને તદ્દન નિર્દોષ દાળ-ભાત લઈ આંબિલ કરે. માત્ર દાળ-ભાત-મગ ઉપર ૩૩-૩૩ વર્ષ શી રીતે ચલાવ્યા હશે? એ હજી ય સમજાતું નથી. પણ આ તદ્દન સત્ય હકીકત છે.

(૪) એમના તપાદિ અનેક ગુણોથી આકર્ષાઈને જ એમનો વિશાળ શિષ્ય પરિવાર તૈયાર થયો છે. આજે કુલ ૨૧ શિષ્યાઓના તેઓ ગુરુણી છે.

આશ્ચર્ય તો એ છે કે ૧૫-૧૫ શિષ્યાઓ જ્યારે હતી, ત્યારે પણ આ ગુરુણી જાતે ગોચરી લેવા જઈ બધા શિષ્યાઓની ભક્તિ કરતા. શિષ્યાઓ પાસેથી ભક્તિ લેવાને બદલે એમની ભક્તિ કરવાની ભાવના એ આ તપસ્વિની ગુરુણીનો આંખે ઉડીને વળગે એવો ગુણ હતો.

આજે હવે શિષ્યાઓએ જીદ કરી એમને તમામ કાર્ય કરતા અટકાવ્યા છે.

(૫) રાત્રે માંડ ચાર કલાકનો જ આરામ, દિવસે લેશ પણ પ્રમાદ નહિ. આખો દિવસ-રાત સ્વાધ્યાય-ધ્યાન-જપ વગેરેમાં આ સાધ્વીજી સમય પસાર કરે છે.

(૬) એવા ય દિવસો એમના જીવનમાં અનેકવાર આવ્યા છે કે જ્યારે વિહારમાં નિર્દોષ ગોચરી ન મળવાથી બાજરીના લોટમાં ગરમાગરમ પાણી નાંખી, એને બરાબર હલાવી, વાપરીને ય આંબિલો એમણે કર્યા છે.

(૭) પહેલી ૧૦૦ ઓળી થયા બાદ બીજી ૧૦૦ ઓળી એમણે માત્ર પંદર વર્ષમાં જ પૂર્ણ કરી છે. જો એકપણ પારણું કર્યા વિના સળંગ ૧૦૦ ઓળી કરવી હોય તો ૧૪ વર્ષ અને સાડા છ મહીના લાગે. આમણે ૧૫ વર્ષમાં ૧૦૦ ઓળી પૂર્ણ કરી એનો અર્થ એ જ કે ૧૫ વર્ષ દરમ્યાન માત્ર ૧૬૫ જેટલા દિવસ જ એમણે પારણા કર્યા છે. બાકીના ૪૯૦૦ જેટલા દિવસ તો એમણે ઉપવાસ-આંબિલ જ કર્યા છે.

(૮) છેલ્લા ૪૬ વર્ષથી એમણે કોઈપણ શાકભાજી-કોઈપણ ફળ-કોઈપણ મેવા-મીઠાઈ-ફરસાણ કદી વાપર્યા નથી. જ્યારે પારણાઓ કર્યા છે, ત્યારે પણ ગોળ જેવી એકાદ વિગઈ જ માત્ર લે છે. "તપની પરીક્ષા પારણામાં થાય" એવી કહેવત છે. પણ આ સાધ્વીજીએ આ પરીક્ષા અનેકવાર આપી અને અનેકવાર જબરદસ્ત સફળતા હાંસલ કરી છે. આસક્તિના ચક્કરમાં ફસાયા નથી.

(૯) એમણે ૧ માસક્ષપણ + ક્ષીરસમુદ્ર તપ + વર્ષીતપ + ૩ અઠ્ઠાઈ + ૧૬૮૦ આંબિલ સળંગ + ૧૪૮૦ આંબિલ સળંગ + એકવાર છ મહીનામાં ૧૮ અઠ્ઠમ +

મોટાભાગે કોઈપણ ઓળી પુરી થવા આવે ત્યારે છેલ્લે અટ્ઠમ અને પારણે મોટાભાગે આયંબિલ... આવી પણ અનેક તપશ્ચર્યાઓ કરી છે.

(૧૦) એકવાર સાત-આઠ ડોક્ટરોએ આ સાધ્વીજીની મુલાકાત લીધી હતી. એમની તપશ્ચર્યાના સમાચાર સાંભળી તેઓ આશ્ચર્ય પામેલા. એમના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણમાં આ તપ બંધબેસતો ન હતો. માત્ર મગ-દાળ-ભાત ઉપર ૩૩ વર્ષ.... આ શી રીતે શક્ય બને ?

મુલાકાત બાદ તેઓએ એક જ અભિપ્રાય આપ્યો કે **આધ્યાત્મિકશક્તિ સિવાય આ તપ અમને શક્ય જણાતો નથી.**

(૧૧) એમના જ તપની પ્રેરણાથી એમના એક શિષ્યાએ માત્ર પાંચ જ વર્ષમાં ૨૦વાર ૨૦-૨૦ ઉપવાસ કર્યા હતા.

આપણે ધન્ના અણગારના કે એવા પ્રભુવીરના અનેક શિષ્યરત્નોના દર્શન કરવાનું સૌભાગ્ય તો પામ્યા નથી, પણ કલિકાલના આવા અણમોલરત્નનું દર્શન તો પામી શકવાનું સૌભાગ્ય આપણા લલાટે લખાયું હોઈ જ શકે છે. ક્યાંક વિહારમાં કે કોઈક સ્થાનમાં આ શ્રમણીરત્નનો મેળાપ થાય તો દર્શન કરવાનું, ભારોભાર અનુમોદના કરવાનું ન ચૂકશો.

કદાચ એમના દર્શન જ આપણી અનાદિ આહારસંજ્ઞાને જડમૂળથી ખતમ કરી નાંખશે.

મનમાં એવો વિચાર આવી જાય છે કે "શું અધ્યાત્મયોગી મહાપુરુષ સ્વર્ગમાંથી આ શ્રમણીરત્નને અદૃશ્ય સહાય તો નહિ કરતા હોય ને ?"

## ૩૨. શું ઘડપણમાં આરાધનાઓ ન થઈ શકે ?

આજે એમ કહેવાય છે કે ૬૦ વર્ષ પછી સંયમજીવનની આરાધનાઓમાં ઓટ જ આવતી હોય છે. શરીર નબળું પડે, તપાદિ થાય નહિ, દવાઓ ઉપર જીંદગી જીવવાની શરુ થાય, ત્રણ ટાઈમ વાપરવું અનિવાર્ય બને, બીજાની સેવા વિના સંયમયોગો સાધી જ ન શકાય એવી પરિસ્થિતિનું નિર્માણ થાય.

પણ હવે જરાક વર્તમાનકાળમાં સાક્ષાત વિદ્યમાન એક શ્રમણીરત્નનું જીવન જોઈએ.

આ શ્રમણીરત્નની ઉંમર છે ૯૭ વર્ષની.

(૧) ૪૦ વર્ષની ઉંમરે એમણે દીક્ષા લીધી, ત્યારથી માંડીને આજ સુધી અખંડપણે

એ એકાસણા કરી રહ્યા છે. અર્થાત્ ૫૭ વર્ષથી અખંડપણે એકાસણા કર્યા છે, અને હજી એ ચાલુ જ છે.

(૨) ૫૭ વર્ષમાં આ સાધ્વીજીએ તમામે તમામ એકાસણા ઠામ ચોવિહાર જ કર્યા છે. ગમે એટલો વિહાર કર્યો હોય, વૈશાખ-જેઠની ભયંકર ગરમી હોય તો ય એમણે કદી ઠામ ચોવિહાર એકાસણા છોડ્યા નથી. (ગોચરી વાપર્યા બાદ પાણી વાપરવાનું બંધ એનું નામ ઠામ ચોવિહાર.)

(૩) ૯૭ વર્ષની ઉંમરે આ વર્ષે અટ્ઠાઈ કરી, એ પણ ચોવિહાર અઠ્ઠાઈ કરી અને પારણામાં ઠામ ચોવિહાર એકાસણું કર્યું.

(૪) એમને તમામ મિષ્ટાન્ન બંધ છે. લીલોતરીમાં પણ માત્ર નામ સાથેના બે જ શાકની છૂટ છે. એ મળે તો જ વાપરે, બાકી માત્ર રોટલી અને દાળ ઉપર જ એમના એકાસણા ચાલે છે.

(૫) ૯૭ વર્ષની આ ઉંમરે પણ પોતાનો આખો ય કાપ જાતે કાઢે છે.

(૬) રોજે રોજ ૧૦૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ ત્રણથી ચાર વાર કરે છે.

(૭) આ ઉંમરે પણ પોતાના ગુરુણીની પ્રતિલેખન-માત્રુ પરઠવવું વગેરે સેવાનો લાભ ચૂકતા નથી. એ તો ઠીક, પણ નાના નાના સાધ્વીજીઓના પણ પ્રતિલેખનાદિ (માંદગી વગેરે કારણો આવી પડે ત્યારે) કરવા દોડી જાય.

(૮) એમનું ગુરુસમર્પણ, ગુરુ પ્રત્યે સંપૂર્ણ પરતન્ત્રભાવ એ ગ્રુપમાં એક આદર્શ તરીકે મનાય છે. અને માટે જ એમનાં ગુરુણીને આ વૃદ્ધસાધ્વીજી ખૂબ જ અનુકૂળ થઈ પડ્યા છે.

(૯) દરવર્ષે ચૈત્રીઓળીના ૯ આંબિલ અને પ્રાયશ્ચિત્તના ૫-૬ ઉપવાસ કરે છે.

(૧૦) માંદા પડેલા નાના સાધ્વીજીઓની માથું-પગ દબાવવા વગેરે સેવા પણ આ ઉંમરે તેઓ હોંશે હોંશે કરે છે.

જે ઉંમર જોવાનો અવસર લગભગ તો આપણો આવવાનો નથી જ, એવી ઉંમરમાં ય આવી ઘોર આરાધના કરનારા આ સાધ્વીજીને ભાવભર્યા વંદન કરીને પ્રભુને પ્રાર્થના કરીએ કે

**પ્રભો ! ભલે ૯૭ વર્ષનું જીવન કદાચ ન મળે, ભલે છેલ્લા વર્ષોમાં શરીર રોગોથી ઘેરાય, ભલે આ જપ-તપ-સ્વાધ્યાય-વૈયાવચ્ચાદિ બાહ્ય આરાધનાઓમાં કાપ મૂકાય પણ એ સમયે મારી સમાધિ, મારો પાપભય, મારી અનાસક્તિ, મારું જિનાજ્ઞાબહુમાન, મારી**

અંતર્મુખતા ન નંદવાય, એમાં જરીય ઝાંખપ ન આવે એવા અંતરનાય અંતરથી આશિષ દેજો.

## ૩૩. शरीरेणैव युद्ध्यन्ते, दीक्षापरिणतौ बुधाः ।

"સાહેબજી ! અઠ્ઠમનું પચ્ચક્ખાણ આપશોજી."

એક સુવિનીત શિષ્યાએ ગુરુને વંદન કરીને નમ્રભાવે અઠ્ઠમનું પચ્ચક્ખાણ માંગ્યું.

ગુરુણી પાસે બેઠેલા સંસારીઓને આશ્ચર્ય થયું.

"આજે તો કોઈ તિથિ નથી. કોઈ વિશિષ્ટ દિવસ નથી. આજે કેમ આ સાધ્વીજી અઠ્ઠમ કરે છે ?" જિજ્ઞાસાથી તેઓએ પ્રશ્ન કર્યો.

સ્મિત સાથે ગુરુએ ઉત્તર આપ્યો.

"આ એમનો કેટલામો અઠ્ઠમ છે એ તમને ખબર છે ? દીક્ષા લીધાને આ સંયમીને ૧૧-૧૨ વર્ષ થયા છે. **દીક્ષાના પ્રથમ દિવસથી માંડીને આ સાધ્વીજીએ અઠ્ઠમના પારણે અઠ્ઠમ શરૂ કર્યા છે. આજે ૧૧-૧૨ વર્ષ થઈ ગયા. અખંડ રીતે અઠ્ઠમના પારણે અઠ્ઠમ ચાલુ છે. આજે એમનો લગભગ ૯૭૦ મો અઠ્ઠમ છે."**

બેઠેલા સંસારીઓ અવાચક બની ગયા. "શું બોલવું ?" એમને કંઈ સમજ ન પડી. દીક્ષા દિનથી માંડીને સળંગ ૯૭૦ અઠ્ઠમ કોને કહેવાય ?

મહોપાધ્યાયજીએ બત્રીશ-બત્રીશીમાં કહ્યું છે કે "જે આત્મામાં સંયમપરિણામ પ્રગટે એ પંડિત આત્માઓ પોતાના શરીરની સાથે જ ઘોર યુધ્ધ કરે. એ શરીરને જ પોતાનો સૌથી કટ્ટર શત્રુ માને."

આ સાધ્વીજીમાં આવા જ કોઈ પરિણામો પ્રગટયા હશે. એ વિના આવી ઘોર આરાધના શી રીતે સંભવે ?

## ૩૪. સહનશીલતાની પણ હદ હોય !

અત્યારે અનેક શિષ્યાઓના ગુરુણી બની ચૂકેલા, મૌન-જપ-ભક્તિ-ધ્યાનના પ્રભાવે ઉચ્ચ આધ્યાત્મિક દશાના સ્વામિની તરીકે પ્રસિદ્ધ એક વિશિષ્ટ સાધ્વીજીએ જ્યારે દીક્ષા લીધેલી અને જ્યારે એ હજી તો વડીદીક્ષાના જોગ જ કરતા હતા. એ વખતે તેઓ જ્યાં વિદ્યમાન હતા ત્યાંથી ૭૦ કિ.મી. દૂર એક તીર્થમાં એક વૃદ્ધ સાધ્વીજી વિદ્યમાન હતા.

તેઓ આ સાધ્વીગ્રુપના સંચાલક ઉપાધ્યાયજી મ.ના બા મહારાજ હતા.

ઉપાધ્યાયજીએ ગાઢ કારણસર સાધ્વીજીઓને વાત કરી કે "એ વૃદ્ધ બા મહારાજને ડોળીમાં બેસાડી ઉંચકીને અહીં લઈ આવવા ફાવશે ?"

એ વખતે કામ કરનારી બહેનો દ્વારા ડોળી ઉપાડવાની વાત ન હતી. સાધ્વીજીઓએ સ્વયં ડોળી ઉપાડવાની હતી. ૭૦ કિ.મી. ડોળી ઉંચકીને વિહાર કરવા તો કોણ તૈયાર થાય ?

પણ આ નૂતન સાધ્વીજીએ તૈયારી બતાવી. એમના વડીદીક્ષાના જોગ પુરા થતા જ એક બીજા સક્ષમ સાધ્વીજી સાથે તેઓ ૭૦ કિ.મી. દૂરના તીર્થમાં પહોંચ્યા. ગમે તે કારણસર એ વૃદ્ધ સાધ્વીજીને બનતી ઝડપે અહીં લાવવાના હતા. આ નૂતન સાધ્વીજી અને બીજા એક સાધ્વીજીએ વૃદ્ધ સાધ્વીજીને ડોળીમાં બેસાડી ઝડપી વિહાર શરૂ કર્યો. ખૂબ જ ઉલ્લાસ સાથે તેઓ ડોળી ઉંચકીને ચાલતા હતા. લગભગ ૩૫ કિ.મી.નો વિહાર થયો અને આ નૂતન સાધ્વીજીને રસ્તામાં વીંછી કરડયો.

એમ કહેવાય છે કે સાપના ડંખ કરતા પણ વીંછીના ડંખની વેદના અતિભયંકર હોય છે.

આ ભયંકર વેદના હોવા છતાં નૂતન સાધ્વીજીએ વચ્ચે થોડાક દિન રોકાઈ જવાનું મંજૂર ન રાખ્યું. માત્ર પાટો બાંધી ઘોર વેદના સાથે પણ વિહાર કર્યો. અને બનતી ઝડપે વૃદ્ધ સાધ્વીજીને ઉપાધ્યાયજી મ. પાસે પહોંચાડી દીધા. એમની આ સહનશીલતા, ગુર્વાજ્ઞાપાલનની દૃઢતા જોઈ ગુરુએ એમને અંતરના ય અંતરથી પુષ્કળ આશિષ આપ્યા.

એકવાર રાતના સમયે આ સાધ્વીજીની આંખમાં ગમે તે રીતે એક મંકોડો ઘુસી ગયો. આંખ ચોળી નાંખે તો પળવારમાં મંકોડો બહાર નીકળી જાય. પણ એમાં મંકોડાને કીલામણા થાય. કદાચ આંખ ચોળવા જતાં, મંકોડાને પકડીને કાઢવા જતા મંકોડો મરી પણ જાય. કરૂણાર્દ્ર હૃદયવાળા આ સાધ્વીજી મંકોડાને પીડા આપવા લેશ પણ તૈયાર ન હતા. આંખો સૂઝીને ટેટા જેવી થઈ ગઈ. આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. વેદના અસહ્ય હતી. પણ આ સાધ્વીજીએ આખી રાત નવકાર ગણતા ગણતા એ ઘોર વેદના સહન કરી.

છેક સવારે મંકોડો એની મેળે આંખમાંથી બહાર નીકળ્યો ત્યારબાદ વેદના શાંત થઈ.

એક નાનકડી કીડી પગના તળીયે ચટકો ભરે એ પણ એક મિનિટ માટે પણ સહન

ન કરી શકનારા, ઓઘાથી તરત કીડીને દૂર કરનારા આપણે આ સાધ્વીજીની સહનશીલતાની કિંમત કરી શકશું ?

સં. ૨૦૩૧માં આ સાધ્વીજી કાળધર્મ પામ્યા. એ વર્ષે એમને લોહીની ઉલટી વગેરે થતું હોવાથી શિષ્યાઓ એમને છોડીને ચાતુર્માસ દૂર જવા તૈયાર ન હતા. પરંતુ ગચ્છાધિપતિશ્રીની આજ્ઞા થવાથી આ સાધ્વીજીએ પોતાના શિષ્યાઓને ૭ ક્ષેત્રોમાં ચાતુર્માસ માટે મોકલી આપ્યા. **લોહીની ઉલટીઓ થાય એવી છેલ્લી ખરાબ તબિયતમાં પણ એમણે ૨૭ આંબિલ સળંગ કર્યા. આંબિલમાં માત્ર મગનું પાણી અને ભાત જ લેતા હતા.**

છેલ્લી ગંભીર પરિસ્થિતિમાં રાત્રે ડોકટરે એમને અંબર નામની અણાહારી દવા વપરાવવાની સલાહ આપી. તે સાધ્વીજી અણાહારી દવા પણ રાત્રે લેતા ન હતા. કેમકે ઉત્સર્ગમાર્ગ તો એ જ છે. શિષ્યાઓએ એમને બેભાન સમજી એમના મોઢામાં અંબર અણાહારી દવા નાંખવાનો પ્રયત્ન કર્યો.

દવા જેવી મુખને સ્પર્શી કે તરત આંખો ખોલી ધીમા સ્વરે કહ્યું કે

"મને કશું જ નથી થયું. મને દવા ન વપરાવશો."

અને એ છેલ્લી અવસ્થામાં પણ રાત્રે અણાહારી દવા પણ ન જ લીધી.

જ્યારે એમની તબિયત વધારે બગડી હોવાના સમાચાર જાણીને ત્યાંથી ચાર જ કિલોમીટર દૂરના સ્થાને ચાતુર્માસ રહેલા શિષ્યાઓએ વંદન-દર્શન કરવા આવવાની અનુમતિ મંગાવી ત્યારે આ સાધ્વીજીએ સ્પષ્ટ કહેવડાવી દીધું કે

"ચાતુર્માસમાં ૧૦ કિ.મી.ની રજા છે, એ સાચું, પણ વિશિષ્ટ કારણો સિવાય એ છૂટનો ઉપયોગ ન કરવો. તમે જ્યાં છો, ત્યાં જ શુભભાવનાપૂર્વક નમસ્કાર મહામંત્રનો જપ કરો. મને વંદન કરવા માટે આ શાસ્ત્રીયમર્યાદા ઓળંગવાની જરૂર નથી."

**છેલ્લે વીર-વીર-વીર... બોલતા સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.**

વિ.સં. ૨૦૦૮માં દીક્ષા પામેલા આ સાધ્વીજી વિ.સં. ૨૦૩૧માં કા.સુ.૮ના દિવસે કાળધર્મ પામ્યા.

## ૩૫. શિષ્યલાલસા દુર્ગતિદાયી, મોક્ષાર્થી મુનિ ત્યજતા !

'સહનશીલતાની પણ હદ હોય' એ શીર્ષક હેઠળ જે સાધ્વીજીની અનુમોદના કરી. એમની પાસે અનેક મુમુક્ષુ કુમારિકાઓ દીક્ષા લેવા આવતી. પરંતુ દીક્ષા આપવા

બાબતમાં આ સાધ્વીજી ખૂબ કડક હતા. એકપણ અપાત્ર આત્મા આ શ્રમણસંસ્થામાં ઘુસી ન જાય એ માટેની તેઓ અંગત રીતે ખૂબ કાળજી કરતા. કોઈપણ મુમુક્ષુ બહેનને ૪-૫ વર્ષ સુધીની સંયમની તાલીમ આપ્યા બાદ જ દીક્ષા આપતા.

જ્યારે આ સાધ્વીજી કાળધર્મ પામ્યા ત્યારે એમની પાસે ત્રણ મુમુક્ષુ કુમારિકાઓ ધાર્મિક અભ્યાસ કરતી હતી.

સાધ્વીજીના કાળધર્મ બાદ આ ત્રણેય મુમુક્ષુઓએ નિર્ણય કર્યો કે "આપણે કાળધર્મ પામેલા સાધ્વી ગુરુણીના જ ભાણેજી સાધ્વી પાસે દીક્ષા લેવી. એમના શિષ્યા બનવું."

પણ એ ભાણેજી સાધ્વી બીજા અનેક સાધ્વીજીઓ કરતા નાના હતા અને વધારે ખૂબીની વાત તો એ હતી કે તેઓ પોતાની શિષ્યા બનાવવા માટે તૈયાર ન હતા. એમણે ત્રણેય મુમુક્ષુઓને સ્પષ્ટ કહી દીધું કે **"હું તમારી ગુરુણી બનવા માટે લાયક નથી. મારા કરતા ઘણાય વડીલ સાધ્વીજીઓ આ ગ્રુપમાં છે. તમે ખુશીથી એમના શિષ્યા થઈ શકો છો."**

પણ આ ત્રણેય મુમુક્ષુઓ ગમે તે કારણસર આ ભાણેજી સાધ્વીજી પ્રત્યે અતિશય બહુમાનભાવવાળા હતા. એમણે કહી દીધું કે "અમે દીક્ષા લેશું તો આપના જ શિષ્યા થઈશું. જ્યાં સુધી આપ "હા" નહિ પાડો ત્યાં સુધી અમે સંસારમાં રહીને ધર્મારાધના કરશું. આપની અનુમતિની રાહ જોશું. પણ આપના સિવાય બીજા કોઈને પણ ગુરુ નહિ બનાવીએ."

આટલી બધી જીદ છતાં ભાણેજી સાધ્વીજી તદ્દન નિઃસ્પૃહ રહ્યા. એ પોતાની આરાધનામાં લીન બની ગયા.

વર્ષોના વર્ષો વીતતા ગયા. પણ સાધ્વીજીને એ મુમુક્ષુઓને શિષ્યા બનાવવાની લેશ પણ ભાવના ન જાગી. તો એ ત્રણેય મુમુક્ષુઓ પણ આ નિર્ણયમાં અડિખમ રહી. આ વાતને ૨૦ વર્ષ થયા.

એમાં એક મુમુક્ષુ નાનકડી બિમારીમાં મૃત્યુ પામ્યા. છેવટે બીજા મુમુક્ષુએ બીજા ગ્રુપમાં દીક્ષા લઈ લીધી. પરંતુ ત્રીજા મુમુક્ષુ હજી પણ દૃઢ રહ્યા. છેવટે ભાણેજી સાધ્વીજીના વડીલે વચ્ચે પડી ભાણેજી સાધ્વીજીને એ મુમુક્ષુના ગુરુણી બનવાની આજ્ઞા કરી. આજ્ઞાચક્ર સામે એ સાધ્વીજીનું કંઈ ન ચાલ્યું અને અંતે એ મુમુક્ષુ એ જ ભાણેજી સાધ્વીજીના શિષ્યા બન્યા.

"આટલા વર્ષો એ મુમુક્ષુઓ ભાણેજી સાધ્વીજી નિમિત્તે સંસારમાં રહે તો એ

બધાનો દોષ એ સાધ્વીજીને ન લાગે ?" ઇત્યાદિ કોઈપણ બાબતોની ચર્ચા કરવાનું હાલ મોકુફ રાખી માત્ર એમનામાં પડેલા નિઃસ્પૃહતા ગુણની આપણે ભરપૂર અનુમોદના કરીએ એ જ આપણા માટે વધુ હિતકારી છે.

એમનું કર્તવ્ય શું હતું ? એ ગીતાર્થો નક્કી કરે. આપણું કર્તવ્ય એમના આ ગુણની અનુમોદના કરવાનું છે એ નિશ્ચિત હકીકત છે.

## ૩૬. પિંડં અસોહંતો અચરિત્તી, નત્થિ સંદેહો

માત્ર ૪૦ વર્ષની નાનકડી ઉંમરના ૨૧ વર્ષના દીક્ષાપર્યાયવાળા આ સાધ્વીજી ૮૦ જેટલા શિષ્યાઓના ગુરુણી છે.

(આઠ વર્ષની પહેલાની આ વાત છે. આજે તો આ સાધ્વીજી ૪૮ વર્ષની ઉંમરે ૧૫૦ થી ૨૦૦ સાધ્વીજીઓના ગુરુણીપદને કુશળતાપૂર્વક નિભાવી રહ્યા છે. પહેલીવાર જોનારા કોઈપણ એમને માટે કલ્પના પણ ન કરી શકે કે "આ વર્તમાનમાં સૌથી વધુ શિષ્યાઓના ગુરુણી છે" એવી એમની સરળતા, નિખાલસતા છે.)

આ સાધ્વીજીએ શિષ્યાઓ સાથે છ'રી પાલિત સંઘ સાથે જેસલમેરની યાત્રા કરી. ત્યાંથી પાછા ફરતા તો સંઘ ન હતો.

જૈનો વિનાના ગામડાઓમાં ગોચરી શી રીતે મળે ?

સંઘવીએ બધી વ્યવસ્થા ગોઠવી દીધી. સવાર-બપોર-સાંજ વિશાળ સાધ્વીજી સમુદાયને લેશ પણ ગોચરી અંગે તકલીફ ન પડે એ માટેની બધી વ્યવસ્થા સંઘવી કરવા લાગ્યા.

પણ

વ્યવસ્થા લેવી જ કોને હતી ?

અનુકૂળતાઓ ભોગવવી જ કોને હતી ?

આ ગુરુણીએ વિહારમાં નિર્દોષ ગોચરી વાપરવા માટે ૧૫-૧૫ દિવસ સુધી માત્ર ચણા-ખાખરા વગેરે સુકી વસ્તુઓ જ વાપરી. પણ દોષિત ન જ વાપર્યું.

આવા મહાન ગુરુણી પણ જો નિર્દોષ ગોચરી માટે આટલા બધા આગ્રહી હોય તો એને જોઈને એમના શિષ્યાઓ પણ એવા જ થાય એમાં શી નવાઈ છે ?

વિશાળ શ્રમણી સમુદાયે સુકી વસ્તુઓ વાપરીને ૧૫-૧૫ દિવસ પસાર કર્યા. એનો અનેરો આનંદ પ્રત્યેક સંયમીના મુખ ઉપર તરવરતો હતો.

- આ મુખ્ય ગુરુણીએ આખી જીંદગી માટે ફરસાણ, મેવો અને ફ્રુટનો ત્યાગ કરેલો છે. છેલ્લા કેટલાક વર્ષોથી ચોમાસામાં મિષ્ટાન્ન, કડક વસ્તુ, તળેલુ વગેરેનો ત્યાગ કરવા પૂર્વક માત્ર ત્રણ જ દ્રવ્ય વાપરે છે.

તેઓએ સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણ, રત્નાકરાવતારિકા સુધીના ન્યાયગ્રન્થો, કમ્મપયડિ, આચારાંગ-ઉત્તરાધ્યયનાદિ આગમગ્રન્થોનું સુંદર અધ્યયન કરેલું છે.

તેમના શ્રમણી સમુદાયમાં મોટા ભાગના સાધ્વીજીઓ વર્ષે એકવાર કાપ કાઢે છે. કેટલાક શ્રમણીઓ યાવજ્જીવ મિષ્ટાન્ન, ફરસાણ, ફ્રુટ આદિના ત્યાગી છે. મોટા ભાગના સાધ્વીજીઓ એકાસણાનો તપ કરે છે. કેટલાકો પોતાનો લોચ પોતાના જ હાથે કરે છે. શિબિરોનું આયોજનાદિ કરવા દ્વારા તેઓ શાસનપ્રભાવના પણ કરે છે.

આ સાધ્વીજી કલાકના માત્ર અઢિ કી.મી. જ ચાલી શકે છે. પણ તેમ છતાં ડોળી વાપરવાનું હજી સુધી શરુ કર્યું નથી. ભલે, ચાર-ચાર કલાક ચાલવું પડે, સ્થાને મોડા પહોંચાય તો પણ એ બધું સહન કરે.

પિંડ નિર્યુક્તિમાં કહ્યું છે કે **“જે ૪૨ દોષથી રહિત ગોચરી ન વાપરે. દોષો વાળી ગોચરી વાપરે, તે ચારિત્રહીન જાણવો. એમાં કોઈ સંદેહ ન રાખવો.”** (હા, ગીતાર્થોની રજા પ્રમાણે એમાં પણ અપવાદો હોઈ શકે છે.)

આ મુખ્ય સાધ્વીજીએ નિર્દોષગોચરી માટે પોતાના ગ્રુપને આદર્શ રૂપે તૈયાર કરેલું છે.

## ૩૭. વૈરાગ્યના રંગો સજી ક્યારે પ્રભુ ! સંયમ ગ્રહુ ?

એક બહેન પોતાના લગ્નના દિવસે જ પતિનું મૃત્યુ થવાથી વિધવા બન્યા.

પ્રચંડ વૈરાગ્ય પામી દીક્ષા લેવાનો નિર્ધાર કર્યો. ઘરવાળાઓએ રજા ન આપી તો એમણે છ વિગઈઓનો ત્યાગ કર્યો. છતાં સ્વજનો ન માન્યા ત્યારે એમણે “જ્યાં સુધી દીક્ષાની રજા ન મળે ત્યાં સુધી ચારેય આહારનો ત્યાગ” એમ સાગારઅનશન સ્વીકારી લીધું.

છેવટે વડીલોએ અનુમતિ આપી અને દીક્ષા થઈ.

આ સાધ્વીજી આજે ૮૦ જેટલા સાધ્વીજીઓના ગુરુણીપદ ઉપર બિરાજમાન છે અને ખૂબ સફળતાપૂર્વક પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે.

એમણે પોતાના જીવનમાં જે ઘોર તપ-આરાધના કરી છે તે નીચે મુજબ છે.

(૧) વીશસ્થાનક તપની આરાધના માટે ૪૦૦ અઠ્ઠમ.

(૨) પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ અઠ્ઠમ.

(૩) અઠ્ઠમથી વર્ષીતપ.

(૪) છઠ્ઠથી વર્ષીતપ.

(૫) મહાવીર સ્વામી ભગવાનના ૨૨૯ છઠ્ઠ.

(૬) વીશસ્થાનકની આરાધના માટે છૂટા છૂટા ૪૨૦ ઉપવાસ.

(૭) ત્રણ માસક્ષપણ.

(૮) શ્રેણીતપ. (૧૨૦ ઉપવાસ અને ૩૬ બેસણાવાળો તપ)

(૯) સિદ્ધિતપ. (૩૬ ઉપવાસ અને ૮ બેસણાવાળો તપ)

(૧૦) ભદ્રતપ.

(૧૧) સમવસરણતપ.

(૧૨) સિંહાસન તપ.

(૧૩) ૧૬ ઉપવાસ.

(૧૪) ૧૫ ઉપવાસ.

(૧૫) બે વાર ૧૧ ઉપવાસ.

(૧૬) બે વાર ૯ ઉપવાસ.

(૧૭) ૧૬ અઠ્ઠાઈ.

(૧૮) ચત્તારિ-અઠ્ઠ-દસ-દોય.

(૧૯) ૧૫૮ કર્મપ્રકૃતિના છૂટા છૂટા ૧૫૮ ઉપવાસ.

આ સાધ્વીજી તપસ્વિની ઉપરાંત શાસનપ્રભાવિકા પણ છે. એમની પ્રેરણાથી ૩ વાર નવાણું યાત્રા, ૬ વાર સામૂહિક ઉપધાન તપ, ૯ જેટલા છ'રીપાલિત સંઘ વગેરે શાસનપ્રભાવનાના કાર્ય થયા છે.

એમનું જીવન જ દર્શાવે છે કે એમનો વૈરાગ્ય પતિના મૃત્યુરૂપી દુઃખથી જન્મેલો ભલે હતો. પણ દુઃખગર્ભિત તો ન જ હતો. એ દુઃખજન્ય વૈરાગ્ય જ્ઞાનગર્ભિત હતો.

| **ભદ્રતપ** | | | **ઉપવાસો** | | |
|---|---|---|---|---|---|
| **પહેલી બારી** | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **બીજી બારી** | ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| **ત્રીજી બારી** | ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| **ચોથી બારી** | ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| **પાંચમી બારી** | ૪ | ૫ | ૧ | ૨ | ૩ |

આ રીતે ઉપવાસ કરવાના આવે. કુલ ૧૦૦ દિવસના આ તપમાં ૭૫ ઉપવાસ અને ૨૫ પારણા આવે.

**મહાભદ્રતપ**માં ૨૪૫ દિવસનો તપ છે. એમાં ૧૯૬ ઉપવાસ અને ૪૯ પારણા આવે.

| મહાભદ્રતપ | ઉપવાસો | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ લી બારી | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨ જી બારી | ૪ | ૫ | ૬ | ૭ | ૧ | ૨ | ૩ |
| ૩ જી બારી | ૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૪ થી બારી | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૧ | ૨ |
| ૫ મી બારી | ૬ | ૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ ઠ્ઠી બારી | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૧ |
| ૭ મી બારી | ૫ | ૬ | ૭ | ૧ | ૨ | ૩ | ૪ |

## ૩૮. શાસનસમ્રાટ સમુદાયના તપસ્વીસમ્રાટ

દીક્ષા પૂર્વે ૩૨ ઓળી કરી ચૂકેલા આ મહાત્માએ મૃત્યુ સુધીમાં કુલ ૧૦૦+૭૫ ઓળી કરી.

આ સિવાય એમણે જે જે તપો કર્યા એ જરાક ધ્યાન દઈને વાંચવા.

(૧) આખા જીવન દરમ્યાન કુલ ૧૩૧ નવપદની ઓળીઓ કરી. (દર વર્ષે બે ઓળી આવે. એટલે કુલ ૬૫ વર્ષ નવપદની ઓળીઓ કરી.)

(૨) ૪૫ આગમના તમામ યોગોદ્વહન એકપણ નીવી વિના સંપૂર્ણ આંબિલથી કર્યા.

(૩) દીક્ષાથી માંડી ૨૦ વર્ષ સુધી ચાતુર્માસ પ્રવેશદિનથી માંડી તે ક્ષેત્રમાંથી વિહાર થાય ત્યાં સુધી સળંગ આંબિલ કર્યા.

(૪) એકવાર સળંગ ૫૦૦, એકવાર સળંગ ૬૦૦ આંબિલ કર્યા.

(૫) કુલ આખા જીવનમાં લગભગ ૧૦,૦૦૦ આંબિલ કર્યા.

(૬) ખરી બાબતો હવે જાણવાની છે. એમણે કુલ ૧૯ સિદ્ધિતપ કર્યા અને એ તમામ સિધ્ધિતપમાં જેટલા પારણા આવ્યા એ બધા પારણા આંબિલથી કર્યા. (એક ઉપવાસ એક પારણું, બે ઉપવાસ એક પારણું... આઠ ઉપવાસ એક પારણું... આ રીતે

સિદ્ધિતપ થાય.)

(૭) ૧૦૦મી ઓળી ચાલતી હતી ત્યારે લગભગ ૩૯ આંબિલ થયા બાદ એમણે સિદ્ધિતપ ઉપાડ્યો. એમાં સાતમી બારીનું પારણું ચૌદશના દિવસે આવ્યું. તિથિની ગણતરીમાં ભૂલ થઈ. આ મહાત્મા કદી પણ ચૌદશના દિવસે ઉપવાસથી ઓછું પચ્ચકખાણ ન કરતા. એટલે ચૌદશના દિવસે ૭ મી બારીનું પારણું કરવાને બદલે ઉપવાસ કર્યો. અને તેની ઉપર આઠમી બારી ઉપાડી. આમ સળંગ ૧૬ ઉપવાસ થયા. આમ સિદ્ધિતપ પૂર્ણ થયો ત્યારે એના પારણે આંબિલ કર્યું. કેમકે ૧૦૦મી ઓળી તો ચાલુ જ હતી.

૧૦૦મી ઓળીના ૮૫માં દિવસે આ પારણું કરી ૮૬માં દિવસથી પાછા ૧૬ ઉપવાસ કર્યા. અને પછી પારણું કર્યું.

(૮) ૯૫ મી ઓળી શરુ કરી ત્યારે પ્રથમ દિવસથી જ સિદ્ધિતપ ઉપાડ્યો. ૪૪ દિવસે આઠ બારીવાળો આ તપ પૂર્ણ થયો. આંબિલથી પારણું કરી તરત ૨૨ ઉપવાસ કર્યા. એનું પણ આંબિલથી પારણું કરી તરત માસક્ષપણ કર્યું અને આ રીતે ૯૫મી ઓળી પૂર્ણ કરી. ૯૫મી ઓળીમાં કુલ ૯-૧૦ આંબિલ અને બાકીના ૮૫-૮૬ જેટલા ઉપવાસો કર્યા.

(૯) બીજીવાર વર્ધમાનતપનો પાયો નાંખ્યા બાદ ૨૧ મી ઓળીના પારણાના દિવસથી જ માસક્ષપણ ઉપાડી પૂર્ણ કર્યું. એમ ૩૩ અને ૩૪મી ઓળીમાં પણ એક એક માસક્ષપણ કર્યું.

(૧૦) એક શ્રેણીતપ કર્યો. જેમાં પારણાના દિવસે બેસણાના બદલે પાંચ દ્રવ્યના એકાસણાં કર્યા.

(૧૧) એકવાર ચત્તારિ-અટ્ઠ-દસ-દોય તપ કર્યો. (ચાર ઉપવાસ, પારણું આઠ ઉપવાસ... એ રીતે)

(૧૨) વીસ સ્થાનકની ૨૦ ઓળીના ૪૨૦ ઉપવાસ એકાંતરે સળંગ કર્યા.

(૧૩) ૯૬ જિન આરાધનાના ૯૬ ઉપવાસ કર્યા.

(૧૪) ૪ થી માંડી ૧૬ ઉપવાસની તપશ્ચર્યા અનેકવાર કરી.

(૧૫) ૮૦ વર્ષ સુધી દર પજુસણમાં ૧ ઉપવાસ + પારણું + ૨ ઉપવાસ + પારણું + ૩ ઉપવાસ કર્યા.

(૧૬) ૮૦ વર્ષ સુધી ત્રણેય ચોમાશીના છટ્ઠ કર્યા.

(૧૭) એક વર્ષમાં એમણે છ અટ્ઠાઈઓમાં છ વાર ૮-૮ ઉપવાસ કર્યા.

(૧૮) સમવસરણ તપ કર્યો.

(૧૯) નવકારમંત્રના નવ પદોના અક્ષરોની સંખ્યા પ્રમાણે ૭-૫-૭-૭-૯-૮-૮-૮-૯ સળંગ ઉપવાસો કર્યા. દરેક પદની આરાધનાના પારણાના દિવસે આંબિલ કર્યા. કુલ ૭૭ દિવસમાં ૬૮ ઉપવાસ અને ૯ આંબિલ કર્યા.

(૨૦) સળંગ ૬૮ ઉપવાસ કરી તેના ઉપર સળંગ ૧૧ આંબિલ કરી પારણું કર્યું.

(૨૧) શત્રુંજયતીર્થની ચોવિહાર છટ્ઠ કરીને સાત યાત્રા કુલ ૧૪ વાર કરી. એકવાર છટ્ઠ કરીને ૧૧ યાત્રા કરી. ગિરનાર તીર્થની અટ્ઠમ કરીને ૧૧ યાત્રા કરી.

(૨૨) તમામ ઉપવાસો, આંબિલો, એકાસણા આ મહાત્મા પુરિમડ્ઢના પચ્ચક્ખાણથી જ કરતા.

(૨૩) ભરૂચતીર્થથી એક માઈલ દૂર આવેલા વેજલપુરમાં રહીને જ્યારે ૬૮ ઉપવાસ કર્યા ત્યારે આ મહાત્મા ૪૫ ઉપવાસ સુધી રોજ કોઈના પણ ટેકા વિના એક માઈલ ચાલીને ભરૂચ તીર્થના દર્શન માટે જતા અને એ જ રીતે પાછા આવતા. ૬૦ માં ઉપવાસે શ્રી સંઘ સાથે વાજતે ગાજતે ત્યાં ચાલીને ગયા. એમાં જ ૪૨માં ઉપવાસના દિવસે લોચ કરાવ્યો. ૬૦ ઉપવાસ સુધી પોતાનું બીજી પોરિસીનું પાણી પોતે જાતે જ વહોરી લાવતા. છેલ્લા ૮ દિવસ ગુર્વાજ્ઞાના કારણે બીજાને કામ સોંપ્યું.

આ ૬૮ ઉપવાસ દરમ્યાન એકપણ દિવસ એમણે જપ-ધ્યાનાદિ નિત્યક્રમ છોડ્યો નહિ કે એકપણ દિવસ દિવસે સૂતા નહિ.

૬૮ ઉપવાસના પારણે ૧૧ અંબિલ માત્ર ગાળેલા મગનું પાણી નામના એક જ દ્રવ્યથી કર્યા.

(૨૪) શત્રુંજયતીર્થની કુલ ૧૮૫૦ યાત્રાઓ કરી, ગિરનાર તીર્થની ૩૫ દિવસમાં ૧૦૮ યાત્રા કરી. એ ૩૫ દિવસ રોજ ઠામ ચોવિહાર અવઠ્ઠ એકાસણું કર્યું. તળાજા અને કદંબગિરિની ૧૦૮-૧૦૮ યાત્રાઓ કરી. અમદાવાદ પાંજરાપોળ ઉપાશ્રયેથી હઠીભાઈની વાડીની તથા સુરતમાં વડા ચૌટાથી કતારગામની ૧૦૮-૧૦૮ યાત્રાઓ કરી.

આ મહાત્માનું જીવનદર્શન કરીએ તો ચોક્કસ કહી શકાય કે તેઓ **"અજાતશત્રુ"** હતા. એમને કોઈની સાથે અણબનાવ બન્યો હોય એવું સાંભળવા મળતું નથી.

ગચ્છભેદની સંકુચિતદષ્ટિના કારણે પરસમુદાયના સંવિગ્ન મહાત્માઓના

ગુણોની અનુમોદના ન કરવી એ અત્યંત દુઃખદ ઘટના છે. આત્માનું અહિત કરનારી આ પ્રવૃત્તિ છે. દષ્ટિ વિશાળ બનાવી સૌ કોઈ આ પરમવંદનીય મહાત્માના અદ્ભુત ગુણોની અનુમોદના કરે.

ઘણાએ નજરોનજર જોયું છે કે આ મહાત્માના શિષ્ય એમની આંબિલની ગોચરી (રોટલા વગેરે) બરાબર ચોળી નાંખી એમાં કરિયાતું નાંખી દેતા અને રગડા જેવી થઈ ગયેલી એ ગોચરી આ મહાત્મા વાપરી જતા. પાંચ-સાત દસ મિનિટમાં એમના આંબિલ પૂરા થતા.

આવી અનાસક્તિ આપણે સ્વપ્નમાં પણ પામ્યા છીએ ખરા ?

## ૩૯. સાધુતા : જીવદયાની કોમળ પરિણતિ !

"અરે મહાત્મન્ ! કાપની ડોલ પરઠવવા નીચે ગયેલા અને છેક અત્યારે એક કલાક પછી તમે ઉપર આવો છો ? કયાં ગયા હતા ? એક ડોલ પરઠવતા કલાક થતો હશે ?"

ઉપાશ્રયમાં રહેલા વડીલ સાધુએ કાપનું પાણી પરઠવવા ગયેલા સાધુને કંઈક આશ્ચર્ય સાથે ઉપર મુજબ પ્રશ્ન કર્યો.

વાત તદ્દન સાચી હતી. એ નાનો સાધુ કાપ કાઢી ડોલ પરઠવવા ગયો અને બરાબર એક કલાકે પાછો ઉપર આવ્યો. નીચે કંપાઉન્ડની અંદર જ જમીન સાથે સંબંધવાળી મોટી કુંડી હતી. એમાં પાણી પરઠવવાનું હતું.

પ્રશ્ન પુછનાર વડીલ મહાત્માના શબ્દોમાં કડકાઈ ન હતી. કેમકે સામેવાળા મહાત્મા એકદમ સંયમી હતા. એટલે તે એક કલાક ઉંધા-ચત્તા કામ કરી આવ્યા હોવાની શંકા પડવાનો પણ પ્રશ્ન ન હતો. પણ એ પ્રશ્નમાં આશ્ચર્ય તો ચોક્કસ હતું.

અને રડતી આંખે એ સંવિગ્ન સાધુએ ચોથા આરાના મહાત્માઓની યાદ અપાવે તેવો પ્રત્યુત્તર વાળ્યો,

"સાહેબ ! નીચે કુંડીમાં કીડીના સેંકડો નગરાઓ છે. ઉપર-ઉપરથી જોઈએ તો કંઈ જ ખબર ન પડે. પણ નીચે વળીને મેં જોયું તો સોંય જેટલી જાડાઈ-પહોળાઈવાળા સેંકડો કાણાઓ મને જમીનમાં દેખાયા અને એમાં કીડીની અવર-જવર પણ દેખાણી. હવે જો ડોલનું પાણી એક ધડાકે પરઠવી દઉં તો સેંકડો નગરાઓમાં હજારોની સંખ્યામાં કીડી મરી જાય.

વળી આ ભરચક વસ્તીવાળું સ્થાન હોવાથી કંપાઉન્ડની બહાર પરઠવવાની કોઈ

જ શક્યતા નથી. શાસન હીલનાનો ભય રહે છે. એટલે હું હાથના ખોબાઓ દ્વારા થોડું થોડું પાણી લઈ નગરાઓ વિનાની જગ્યાએ થોડું થોડું પરઠવતો ગયો એ રીતે પરઠવવામાં સ્વાભાવિક રીતે જ વાર લાગે. માટે મને કલાક થયો.

પણ સાહેબ ! આટલી બધી કાળજી કરવા છતાં અમુક વિરાધના તો થઈ જ હશે. માટે ખૂબ પશ્ચાત્તાપ થાય છે."

આ વાત સાંભળીને સાધુઓ સ્તબ્ધ બની ગયા. એક ડોલ પરઠવવા માટે એક કલાક કાઢવો એ એમના માટે તો અજાયબી જેવું જ હતું.

બીજા દિવસે એ સંઘના જ આગળ પડતા આરાધક શ્રાવક જ્યારે વંદન કરવા આવ્યા ત્યારે ખુલ્લે મોઢે તે શ્રાવક પેલા સાધુની પ્રશંસા કરવા લાગ્યા.

"સાહેબ ! ગઈકાલે આપના એક સાધુ પાણીની ડોલ પરઠવતા હતા ત્યારે જ હું ત્યાં જઈ ચડેલો. પણ એમની જયણા, એમનો ઉપયોગ જોઈ હું તો આશ્ચર્ય પામ્યો. જીંદગીમાં પહેલીવાર મેં આવો જીવદયાનો પરિણામ નિહાળ્યો છે. શું આ મહાત્મા છે !"

માત્ર શાસન પ્રભાવનામાં, માત્ર તપમાં, માત્ર સ્વાધ્યાયમાં, માત્ર વૈયાવચ્ચમાં સિધ્ધિના શિખરો સર કરી લઈને પોતાની જાતને કૃતકૃત્ય - સુસાધુ માની લેનારાઓ ભયંકર ભ્રમણાના ભોગ બનેલા તો નથી ને ?

ઉપદેશમાલાકાર કહે છે કે छज्जीवनिकायपंचमहव्वयपरिपालणाइ जइधम्मो । जइ पुण ताइं न रक्खह, भणाहि को नाम सो धम्मो । ષડ્જીવનિકાય અને પાંચ મહાવ્રતનું પાલન એ જ યતિધર્મ છે. જો હવે એની જ રક્ષા સાધુ ન કરે તો પછી બોલો ! તે શી રીતે ધર્મ કહેવાય ?

सर्वजीवस्नेहपरिणाम અર્થાત્ સર્વજીવો પ્રત્યે સ્નેહભાવ એ સંયમપરિણામનું સ્વરૂપ છે એ વાત આપણે કદી ન ભૂલીએ.

## ૪૦. અજોડ શાસન પ્રભાવના

"સાહેબજી ! એક વાત સ્પષ્ટપણે સમજી લો કે અમે તમને કોઈપણ ભોગે એ ગામમાં રોકાવા દેવાના નથી. કાં તો આપ મોટો લાંબો વિહાર કરો અથવા તો રસ્તો બદલી નાંખો. પણ એ ગામમાં એક દિવસ પણ અમે આપને જવા નહિ દઈએ. એ તો સંપૂર્ણ મુસ્લિમ વસ્તી ધરાવતું ગામ છે. અને એ મુસલમાનો પણ પાછા કેવા ? ગુંડાઓ જ છે બધા ત્યાં ! આ વિસ્તારમાં સૌથી નીચ માણસોવાળું ગામ એ ગામ

ગણાય છે. આપ ત્યાં જાઓ અને કંઈપણ થાય તો અમારે લોકોને શું જવાબ દેવો ?"

જૈનસંઘના આગેવાનો એક આચાર્ય ભગવંતને ભારપૂર્વક, કડક ભાષામાં છતાં લાગણીસભર ભાષામાં સમજાવી રહ્યા હતા.

એમની વાત સાચી જ હતી.

મધ્યપ્રદેશનું એ ગામ **"નાનકડું પાકિસ્તાન"** એ નામથી જ પ્રસિદ્ધ હતું. આજુબાજુમાં કંઈપણ ચોરી-લુંટફાટ-ખૂન થાય તો પોલીસો પહેલા આ ગામ ઉપર જ શંકા કરે. એ ગામના રસ્તેથી પસાર થવા ભાગ્યે જ કોઈ તૈયાર થાય. જેઓ ત્યાંથી પસાર થાય તેઓ પણ ૮૦ની સ્પીડવાળી ગાડી ૧૨૦ની સ્પીડવાળી કરી નાંખે.

આવા ગામમાં આચાર્યશ્રી જાય અને એ ગામવાળા મુસલમાનો એમને બધી રીતે પરેશાન કરે એ સંભવિત હતું. આ જોખમ લેવા શ્રીસંઘના આગેવાનો કોઈપણ હિસાબે તૈયાર ન હતા.

પણ જબરદસ્ત શાસનપ્રભાવક આ આચાર્યદેવ તો કંઈક જુદા જ વિચારમાં હતા.

"ભગવાન મહાવીરદેવ લોકોની ના છતાં ચંડકોશીયાને પમાડવા એ ભીષણ જંગલમાંથી ગયા તો એમનું જ સંતાન હું આ મુસલમાનોને પમાડવા ન જઉં ? મારા સંયમની શું તાકાત છે એની પરીક્ષા પણ થઈ જાય."

આ એકમાત્ર વિચારથી આચાર્યશ્રીએ પોતાનો અફર નિર્ણય જણાવી દીધો કે

"હું એ ગામમાં જઈશ જ અને એક દિવસ રોકાઈશ જ. તમારે બિલકુલ ગભરાવાની જરૂર નથી."

અને વિશાળ પરિવાર સાથે આચાર્યશ્રીએ તે ગામ તરફ વિહાર કર્યો.

આ સમાચાર ગામના મુસલમાનોને મળ્યા. તેઓ કંઈક આશ્ચર્ય પામ્યા. એમાંય ખુલ્લા પગે નિર્ભીક બનીને ચાલી આવતા, પ્રસન્ન મુખમુદ્રાવાળા અનેક શ્રમણોને જોઈ એમના હૃદયમાં જબરદસ્ત બહુમાન ઉત્પન્ન થયું.

આચાર્યશ્રીએ મુસલમાનોને વિનંતિ કરી કે

"અહીં ઉતરવાની વ્યવસ્થા કરી આપો તો સારું"

અને એમ જ થયું.

એ પછી આચાર્યશ્રીના કહેવાથી ત્યાં વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું અને આશ્ચર્ય કેવું ! **૧૦૦૦ મુસલમાનો એ વ્યાખ્યાન સાંભળવા હાજર થયા.** એક કલાક સુધી આચાર્યશ્રીની અમૃત તુલ્ય વાણી સાંભળી તેઓ ગદ્ગદ બની ગયા.

એ પછી ગામના આગેવાનોએ આચાર્યશ્રીને કહ્યું કે

"हमनें आपकी बहनो को भी (સાધ્વીજીઓ) कभी कभी देखा हैं, आप उनको यहां भेजे तो हम पर उपकार होगा, हमारे घर में भी बीवी बच्चियाँ हैं, आपकी बहनो के संपर्क से उनमें अच्छे संस्कार पडेंगे ।

ओर दूसरी बात यह है कि रात को भगवान की भक्ति करने के लिए आप उठते हों, तो ठीक हैं, लेकिन हमारे भय से रात को उठने की जरुरत नहि हैं । यहाँ आपको कोइ भी कनडगत नहि करेगा ।"

લગભગ રાત્રે ૮- વાગે આચાર્ય મ. સંથારો કરી ગયા બાદ કેટલાક મુસલમાનો આવ્યા. સવારે જે સ્થાને આચાર્યશ્રી બેઠેલા, તે સ્થાને તે ન દેખાવાથી એક જાગતા શિષ્યને પુછ્યું કે "दिन को यहाँ जो परमात्मा बैंठे थें, वो कहाँ गये ? हमें उनसे मीलना था ?" (પછી સાધુએ કહ્યું કે "તેઓ આરામ કરે છે" એટલે જતા રહ્યા.)

મુસલમાનો આપણા આચાર્યશ્રીને પરમાત્મા કહે એ જિનશાસનની કેટલી મોટી જીત છે !

અનેક મુસલમાનોએ આ આચાર્યશ્રીની પધરામણી વખતે ગહુલીઓ કરી છે. મુસલમાનોની વિનંતિથી આચાર્યશ્રીએ મસ્જીદમાં જઈને પણ વ્યાખ્યાનો કર્યા.

જો પરમાત્માની આજ્ઞાને વફાદાર રહી ઉંચુ સંયમ પાળશું તો નિશ્ચિત વાત છે કે આપણે સર્વત્ર જિનશાસનની સાચી પ્રભાવના કરી શકશું.

## ૪૧. અદ્‌ભુત ચરિત્રના સ્વામિનીનો જય હો !
## ઉંમર વર્ષ-૧૧, દીક્ષા પર્યાય વર્ષ-૩, શિષ્યા પરિવાર-૭૦૦ શિષ્યાઓ

વિ.સં. ૧૨૬૮માં ખંભાત જેવા ગામમાં કોટ્યાધિપતિ શ્રેષ્ઠિના દીકરાને ત્યાં દીકરી જન્મી.

જોનારા મોંમાં આંગળા નાંખી જાય એવી રૂપ-રૂપના અંબાર જેવી આ દીકરી ! અને રૂપ કરતાં અનેકગણું ચડિયાતું એનું ભાગ્ય ! કોઈ નકશામાં ન સમાઈ શકે એવું એનું ભાગ્ય. જોષી મહારાજને કુંડળી બનાવવા તો આપી, પણ ભાગ્યનું વર્ણન કરવાનું એમનું ગજું ન હતું ! કુંડળી દોરી એના ફળાદેશમાં ॐ મોટી પૂર્ણાકૃતિ ચીતરી જાતકના પિતાને પરત કરી આવ્યા !

સુખના દિવસોને વીતતાં વાર શી ?

દીકરીના દાદાનો રોજનો નિયમ - સવારે પ્રભુદર્શન કરી, ગુરુ મહારાજને વંદના કરી ઘેર આવવું. એક સવારે દાદા દર્શને જતા હતા ત્યારે પૌત્રી પદ્મલક્ષ્મીએ સાથે આવવા જીદ કરી. દાદાની આંગળી પકડી દીકરી દેવ-દર્શન કરી ઉપાશ્રયમાં ગુરુ મહારાજ પાસે આવી. ત્યાં ધર્મમૂર્તિ મહારાજ સ્થિરવાસ રહેલા, બિરાજમાન હતા. દાદાએ વંદના કરી. તે રીતે દીકરીએ પણ વંદના કરી.

દીકરીના ભાગ્યની સંકેતલિપિ જોષી મહારાજ ભલે ન ઊકેલી શક્યા પરંતુ, મુનિરાજ પળવારમાં દીકરીનું લલાટ જોઈને એ કળી ગયા !

દાદાને કહ્યું : તમારી આ દીકરી અસાધારણ કામ કરવા આ પૃથ્વીલોકમાં અવતરી છે. એને પ્રભુશાસનના ચરણે સોંપી દો !

દાદા સંસ્કારમૂર્તિ હતા. આવા કામ માટે "ના" જેવો શબ્દ એમના મુખમાંથી ક્યારે પણ ન આવે. "આયુષ્યનું અમૃત સાધુતા છે." — આ સમજણ હતી પણ વિમાસણ એ થઈ કે, સતત સુખમાં ઊછરેલી કોમળ કુસુમ જેવી આ દીકરી કઠોર સંયમ જીવન કેવી રીતે પાળી શકશે ? વળી ગુરુવચન પણ અમોઘ હોય છે એવી શ્રદ્ધા પણ હતી.

ઘડીક કમળના ફૂલ જેવી દીકરીના મોં તરફ જુએ, તો ઘડીક ગુરુ મહારાજના, તપ-તેજથી દીપતા મુખ-કમળ તરફ જુએ !

છેવટે ધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધાનો વિજય થયો.

**પુત્ર, પુત્રવધુ તથા પરિવાર સાથે આવીને આઠ વર્ષની દીકરી પદ્માને વહોરાવી દીક્ષા અપાવી. ભાવોલ્લાસની ઊછળતી છોળો વચ્ચે દીક્ષા થઈ. તે હવે પદ્માશ્રી નામે ઓળખાવા લાગ્યા.**

દીક્ષા પછી, ભાગ્યે ખીલવાના બધા સીમાડા ઓળંગી લીધા. પોતાના ગુરુ મહારાજની સાથે તે નાના સાધ્વી બેઠાં હોય તો પણ આવેલાં બધા પહેલાં આ નાના મહારાજને જ વંદન કરે ! અરે ! એ તો ઠીક, પણ તેમને જોઈને વગર ઉપદેશે દીક્ષા લેવા માટે શ્રાવિકાના વૃન્દના વૃન્દ તૈયાર થઈ જાય.

**તમે માનશો ?**

**માત્ર ત્રણ વર્ષના દીક્ષાપર્યાયમાં તેઓ સાતસો શિષ્યાના ગુરુણી બન્યા !** સૂરિ મહારાજે તેમનો પ્રવર્તિની પદનો અભિષેક કર્યો. ત્રણ-ચાર વર્ષ પછી મહત્તરા પદથી અલંકૃત કર્યાં. સકળ શ્રી સંઘમાં તેમનું ચારિત્ર, સંયમ આદર્શરૂપ ગણાવા લાગ્યું. બુદ્ધિની તેજસ્વિતા એવી કે ગૂઢમાં ગૂઢ તત્ત્વજ્ઞાનના પદાર્થ સરળતાથી, હાથમાં રહેલા

આમળાની જેમ સામાને સમજાવતા હતાં. તપસ્યામાં ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહેતાં હતાં.

માત્ર અઠ્ઠાવીસ વર્ષની વયે તો આ ભવમાં સંચિત થયેલાં ઉત્કૃષ્ટ પુણ્ય ભોગવવા સદ્ગતિમાં સંચરી ગયા. **વય ઓછી હોય કે વત્તી હોય પણ અજવાળું કેટલું પથરાયું તે મહત્ત્વનું છે.** સકળ સંઘ શોકમગ્ન બની ગયો ! એક તેજસ્વી તારલો પૃથ્વીલોકની મુલાકાત લઈને તેજ લિસોટો પાથરીને વિદાય થયો.

તેમના સમગ્ર જીવન પર દૃષ્ટિપાત કરીએ તો બધી ઘટના સાંભળતાં માત્ર "અદ્ભુત" શબ્દ જ મુખમાંથી સરી પડે.

તે કાળ એવો હતો કે ગુરુ મહારાજની પણ પ્રતિમા ભરાવાતી નહીં. કોઈ યુગપ્રધાન પુરુષ માટે જ એ વિકલ્પ ખુલ્લો રહેતો હતો. એવા સમય દરમિયાન એક સાધ્વીની પ્રતિમાની તો કલ્પના શી રીતે થઈ શકે ?

છતાં આ મહત્તરા પદ્મશ્રીનું ઉત્કૃષ્ટ પુણ્ય, અલૌકિક પ્રભાવ, તેથી વિ.સં. ૧૨૯૮માં તેઓની પ્રતિમાનું નિર્માણ કરાવવામાં આવ્યું. નિત્ય દર્શનાર્થે અને ઉપકારીના ઉપકારનું સ્મરણ થતું રહે એ આશયથી બનાવેલી એમની પ્રતિમા, કાળની પછડાટો વચ્ચે આજે પણ અખંડ સચવાયેલી રહી છે. **માતર તીર્થના સુમતિનાથ પ્રભુના વિશાળ જિનાલયમાં આ પ્રતિમા વિદ્યમાન છે.**

જય હો ! જય હો ! મહત્તરા પ્રવર્તિની સાધ્વીશ્રી પદ્મશ્રી મહારાજનો જય હો!

જિનશાસનનો સદાકાળ જય હો !

**('પાઠશાળા' માસિકમાંથી સાભાર)**

## ૪૨. પાળે-પળાવે પંચાચાર

"આચાર્ય ભગવંત છે ? મારે એમને મળવું છે. ખાસ મળવા જ આવ્યો છું.'

બપોરના સમયે એક મુનિરાજ દૂરના ઉપાશ્રયથી આચાર્યશ્રીને મળવા આવેલા, તેમણે આચાર્યશ્રીના શિષ્યને ઉપર મુજબ પ્રશ્ન કર્યો,

'સાહેબ છે તો ખરા, પણ થાકેલા હોવાથી અત્યારે આરામ કરે છે.'

કવિકુલકિરીટના નામે પ્રસિદ્ધ એ આચાર્યશ્રીના શિષ્યે પ્રત્યુત્તર વાળ્યો.

આ બે મુનિઓનો વાર્તાલાપ ચાલી રહ્યો હતો ત્યાં જ જરાક દૂરના સ્થાને આરામ કરતા આચાર્યશ્રી સહજ રીતે જ ઉઠી ગયા. આગંતુક મુનિવરની નજર એ તરફ ગઈ

અને તે વખતે આચાર્યશ્રીની પ્રવૃત્તિ જોઈ એ આશ્ચર્ય પામ્યા.

ઉઠતાની સાથે જ આચાર્યશ્રીએ દૃષ્ટિથી બરાબર જોઈને મુહપત્તી હાથમાં લીધી. મુહપત્તીથી ઓઘો પુંજી ઓઘો પકડ્યો. પછી ઓઘાથી ચશ્માનું બોક્સ પૂંજી, બોક્સના સાંધાના ભાગ પૂંજી એ ખોલ્યું. ખોલ્યા બાદ ઓઘાથી ચશ્માની દાંડીઓ પૂંજી ચશ્મા હાથમાં પકડ્યા. પછી ચશ્માના સાંધાના ભાગ પૂંજી ચશ્માની દાંડીઓ ખોલી અને બીજી બાજુ મુહપત્તી દ્વારા બે ય કાનના ભાગ પૂંજી ચશ્મા પહેરી આગંતુક મુનિરાજની દિશામાં નજર દોડાવી.

આ બધી ક્રિયા એટલી બધી સ્વાભાવિક રીતે થઈ હતી કે આગંતુકને સ્પષ્ટ ખ્યાલ આવ્યો કે

"આ માત્ર આજ પુરતી ક્રિયા નથી. પણ આચાર્યશ્રીના જીવનમાં પળેપળ માટે વણાઈ ગયેલી સંયમક્રિયા છે."

મુનિને આચાર્યશ્રી પ્રત્યે અત્યંત આદરભાવ પ્રગટ થયો. 'આટલા મહાન આચાર્ય હોવા છતાં આવી ઝીણી-ઝીણી કાળજી રાખે છે!' એ ભાવથી એમનું મસ્તક નમી પડ્યું.

## ૪૩. સાગર એટલે રત્નોનો ભંડાર

યોગીપુરુષ પૂ. પંન્યાસ અભયસાગરજી મ.સાહેબ તથા તેઓશ્રીના ગુરુ પૂ.પાદ ધર્મસાગરજી મ. સાહેબને કોણ નથી જાણતું ? આ બધા મહાત્માઓ સાગર સમુદાયના રત્નો હતા.

આજે એ જ સમુદાયના એક શ્રમણીરત્નના જીવનના કેટલાક તેજલિસોટાઓ જોઈએ.

(૧) ૨૦ વર્ષ સુધી ત્રણ વૃદ્ધ સાધ્વીજીઓની નિઃસ્વાર્થભાવે સેવા કરી.

(૨) પ્રાયઃ રોજ એકાસણા જ કરે, અને એમાં ય માત્ર એક જ પાત્રાનો ઉપયોગ કરે. (મોટું પાતરું રોટલી-શાક માટે, નાની બે-ચાર પાતરીઓ પાણી-દૂધ-દાળ... માટે.... આ પદ્ધતિને એમણે તિલાંજલિ આપેલી. એક જ પાત્રામાં બધું લેતા અને વાપરી જતા.)

(૩) દર મહીને એક જ વાર કાપ કાઢે.

(૪) ચાલુ વિહારમાં રસ્તે ભોજનશાળા-રસોડાની દોષિત ગોચરી વહોરવા-

વાપરવાનો પ્રસંગ આવે તો ઉપવાસ કરી લે પણ દોષિત ન વાપરે.

(૫) મૃત્યુ સુધી એકે ય વાર ડોળી કે વ્હીલચેરનો ઉપયોગ કર્યો નથી. એકવાર વિહારમાં ગાડીની ટક્કર લાગવાથી ખોપરીમાં ઉંડી તીરાડ પડી, છતાં એ વખતે ગાડીમાં બેસીને દવાખાને જવાની તૈયારી ન બતાવી. "મારે સમાધિ ટકે છે, અને એવો ભયંકર એક્સીડન્ટ નથી..." એમ કહી ગાડીમાં ન જ બેઠા. છેવટે એમને ખાટલામાં સુવાડી ઉંચકીને નજીકના ગામમાં લઈ જઈ સારવાર અપાઈ.

(૬) એક ગામડા જેવા તીર્થમાં એમણે જોગ કર્યા ત્યારે પટેલોના ઘરના આહાર-પાણીથી જ ચલાવ્યું.

(૭) વિશેષ સ્વાધ્યાયશક્તિ ન હોવાને લીધે ગમે તેવી તબિયતમાં પણ રોજ ૨૫ બાંધી નવકારવાળી ગણે.

(૮) શાસ્ત્રીય ક્રિયાઓ શાસ્ત્રે બતાવેલા સમયે કરવાના ખૂબ આગ્રહી.

(૯) પોતાના નામે કદી પોટલા ન રાખે.

(૧૦) ગુરુણી પ્રત્યે એવી અગાધ શ્રદ્ધા કે તેઓ જેટલા સમયમાં જેટલી ગાથાઓ ગોખવાનું કહે, એટલા સમયમાં એટલી ગાથાઓ ગોખી જ આપે.

(૧૧) ગૃહસ્થને પૈસાનું કામ બતાવે નહિ. એક ચોમાસમાં ચશ્મા તૂટી ગયા તો આખું ચોમાસું ચશ્મા વિના ચલાવ્યુ પણ ગૃહસ્થને એ કામ સોંપી ન શક્યા.

(૧૨) વર્ષો સુધી ઘડિયાળનો ઉપયોગ ન કર્યો, આકાશના તારાની ગતિ વગેરે ઉપરથી સમય જાણી લેતા. છેલ્લા વર્ષોમાં ઘડિયાળ રાખવાની જરૂર પડી, તો પણ ચાવીવાળી રાખી. અને તેમાં ય જ્યારે જરૂર પડે ત્યારે જ ગૃહસ્થ પાસે ચાવી અપાવે. (જાતે તો ન જ આપે.)

(૧૩) સૂર્યાસ્ત થઈ ગયા બાદ સામાચારીપાલન માટે ઉપાશ્રયની બહાર (દેરાસર દર્શન કરવા માટે પણ) ન નીકળે. સૂર્યાસ્ત પૂર્વે દર્શન થાય તો જ કરે.

થોડાક વખત પૂર્વેજ આ સાધ્વીજી સમાધિમરણ પામ્યા છે.

આપણે ઈચ્છીએ કે સાગરસમુદાયમાં આવા રત્નો નવા નવા પ્રગટ થતા જ રહે.

## ૪૪. ગુણવંતા ગુરુરાજ

"એ સાધુ ! અહીં આવ. જો પેલી સામેની રૂમમાં હમણા જ બે સાધુ અંદર ગયા છે. એમણે રૂમનું બારણું અડકાવી દીધું છે. એ બેયને અહીં બોલાવી લાવ."

ગરવા ગુજરાતની વર્ષો પુરાણી રાજધાની પાટણના એક વિરાટ ઉપાશ્રયમાં રાત્રે પ્રતિક્રમણ બાદ આશરે સાડા આઠ વાગ્યાના સમયે એક આચાર્ય ભગવંતે નજીક રહેલા સાધુને ઉપર પ્રમાણે સૂચના કરી.

એ વખતે ત્યાં ૭૦ સાધુઓ બિરાજમાન હતા. પાટણના એક જિનાલયના ભવ્યપ્રસંગે નિશ્રાપ્રદાન કરવા આચાર્યશ્રી ત્યાં પધાર્યા હતા. આશરે ૨૫૦-૩૦૦ સાધુ-સાધ્વીજીઓના અધિપતિપદને તેઓશ્રી શોભાવી રહ્યા હતા.

સાંજના પ્રતિક્રમણ બાદ એમણે અચાનક જોયું કે બે સાધુઓ સામેની રૂમમાં ગયા અને બારણુ અડકાડી દીધુ.

ગચ્છરક્ષા કરવાના પોતાના પરમ કર્તવ્યને સારી પેઠે સમજતા તેઓએ તરત એ બે સાધુઓને પોતાની પાસે બોલાવ્યા.

"મત્થએણ વંદામિ, સાહેબજી ! આપે અમને યાદ કર્યા ?"

બે સાધુઓએ આવી આચાર્યશ્રીને નમસ્કાર કર્યા.

બે ય મુનિરાજ મહાસંયમી અને તપસ્વી તરીકે પ્રસિદ્ધ હતા.

આચાર્યશ્રીએ એ બેને જોયા.

"અરે, તમે છો ? બારણું કેમ અડકાડી દીધું ?" આચાર્યશ્રીએ પ્રશ્ન કર્યો.

"સાહેબજી ! ઘણા સાધુઓ ભેગા થયા છે, બધા પરસ્પર મળે એટલે થોડો-ઘણો અવાજ તો રહેવાનો જ. અમારે પરસ્પર દશવૈકાલિકનો પાઠ કરવો હતો. એટલે અવાજનું વિઘ્ન ન નડે, એ માટે બારણું અડકાડેલું. બાકી બારણું ખુલ્લું જ રાખેલું. સ્ટોપર લગાવી ન હતી. બંધ બારણે ન બેસવાની આપની સૂચના અમારા ધ્યાનમાં જ છે."

મુનિરાજોએ ખુલાસો આપ્યો.

"તમે દશવૈ.નો પાઠ કરો છો ? તો અહીં બેસો. અને હું દશવૈ. બોલું છું. એ સાંભળો." આચાર્યશ્રી બોલ્યા.

પેલા બે સાધુ આશ્ચર્ય પામ્યા. વર્તમાનકાળમાં આખું દશવૈ. તો ઠીક, પણ એના પાંચ અધ્યયન કંઠસ્થ રાખનારા નાના - મોટા મુનિરાજો પણ ઓછા છે એ વાત તે બે ય મુનિ સારી રીતે જાણતા હતા. એટલે જ આચાર્યની વાત એમને આશ્ચર્યકારક લાગી.

અને આચાર્યશ્રી મંદ છતાં સ્પષ્ટ, મધુર સ્વરે કડકડાટ ગાથાઓ બોલવા લાગ્યા. મુનિઓ આભા બની સાંભળી જ રહ્યા.

આચાર્યશ્રીએ પછી જણાવ્યું કે

"ગાથાઓ ધડાધડ ન બોલવી. ધીમી ગતિએ બોલવી અને અર્થચિંતન કરવાપૂર્વક બોલવી, જેથી એમાં પરિણતિ વિકસે."

આ જ આચાર્યશ્રીએ એક બહારથી આવેલા સાધુને પૃચ્છા કરી કે "તું શું ભણે છે ?"

યુવાન સાધુએ જવાબ વાળ્યો કે "પન્નવણાનું ૧૯મું પદ." (કુલ ૩૬ પદ છે. પદ એટલે એક પ્રકારનો વિભાગ. દરેક વિભાગમાં અતિગહન જુદાજુદા પદાર્થોનું નિરૂપણ છે.)

"તો મને ૧૮માં પદના બધા પદાર્થો સંભળાવ." આચાર્યશ્રીએ કહ્યું.

સાધુ મુંઝાઈ ગયો. "સાહેબજી ! એ બધું કંઈ યાદ ન રહે. બધું વાંચી લીધુ, સમજાઈ ગયું એટલે બસ."

આચાર્યશ્રીએ ઉત્તર વાળ્યો,

"આવું તે કંઈ ચાલે ? વિદ્યા તો મોઢે હોય એ જ શોભે. વળી તેં તો હજી હમણા જ એ પદાર્થો વાંચ્યા છે.' છતાં તને ઉપસ્થિત ન હોય તો એ કેમ ચાલે ? જો, મેં તો ૩૦-૪૦ વર્ષ પહેલા વાંચેલા, છતાં તને બધા પદાર્થો કહી સંભળાવું."

અને આચાર્યશ્રીએ સાધુને બેસાડી ૧૮માં પદના તમામ પદાર્થો કહી સંભળાવ્યા.

આ આચાર્યશ્રી માટે એવી પ્રસિદ્ધિ છે કે ૪૫ આગમોના લગભગ તમામ પદાર્થો એમને ઉપસ્થિત છે. ઘણા ય વિદ્વાનોનો એવો અનુભવ છે કે એમને જટિલ પ્રશ્નો પુછવામાં આવે તો ય તેઓશ્રી આગમોના સાક્ષીપાઠો મોઢે-મોઢ જ આપીને એના સમાધાનો આપી દેતા.

તેઓશ્રી સેંકડો સંયમીઓની આલોચના લઈ, પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધિનું દાન કરી રહ્યા છે.

નાનામાં નાનો સાધુ ય જો એમને પત્ર લખે, કંઈક પુછાવે તો એની ઉપેક્ષા ન કરતા, ખૂબ જ વાત્સલ્યથી વ્યવસ્થિત ઉત્તર આપવો... એ એમની સાધુઓના મુખે ગવાયેલી ગુણગરિમા છે.

હજી આજે પણ જ્યારે તેઓ એકલા બેઠા હોય, કોઈ શાસનના કામમાં પરોવાયેલા ન હોય ત્યારે આગમના પદાર્થોનું સૂક્ષ્મચિંતન કરવામાં ડુબકી લગાવી દે છે.

મોટા વિદ્વાનોનો પણ તેઓશ્રી માટેનો એવો અભિપ્રાય છે કે "એમની પાસે

આગમો ભણવા, વિશિષ્ટ ગ્રન્થોનો અભ્યાસ કરવો.. એ સંયમજીવનનો અમૂલ્ય લહાવો છે.''

અનંતાનંત વંદન હો ગુણગરિષ્ઠ એ ગચ્છાધિપતિશ્રીને !

## ૪૫. સૌરાષ્ટ્રનો શણગાર : એક તપસ્વિની સાધ્વીજી

૩૯ વર્ષના દીક્ષાપર્યાયવાળા એક સાધ્વીજી છેલ્લા ૨૫ વર્ષથી તપશ્ચર્યાના માર્ગે ચડ્યા છે. એમાં ય છેલ્લા ૧૯ વર્ષથી તો એમણે જાણે કે શરીર સાથે ઘોર સંગ્રામ જ શરુ કર્યો છે. છેલ્લા ૧૯ વર્ષથી લગાતાર એમણે કદી એકસાથે બે દિવસ વાપર્યું નથી. અને જે દિવસે વાપર્યું છે, તે દિવસે પણ કદી એકાસણાથી ઓછો તપ કરેલો નથી. **૧૯ વર્ષમાં કુલ ૧૯ વર્ષીતપ કરી ચૂક્યા છે.**

એમાં ય કેટલીક વિશેષતાઓ :

(૧) દર પંદર દિવસે ચૌદશનો છટ્ઠ અવશ્ય કરવાનો.

(૨) આખા વર્ષમાં કુલ પાંચ અટ્ઠમો અવશ્ય કરવાના.

(૩) વચ્ચે એક-બે વર્ષીતપ છટ્ઠના પારણે એકાસણું... અને એક-બે વર્ષીતપ અટ્ઠમના પારણે એકાસણું... આ રીતે કર્યા.

(૪) એકવાર લગાતાર ૧૬ માસ સુધી ૯-૯ ઉપવાસના પારણે એકાસણું.... એ રીતે ઘોર તપ કર્યો. (અર્થાત્ આશરે ૪૮૦ દિવસમાંથી કુલ ૪૨૦ જેટલા ઉપવાસ કર્યા.)

(૫) આવો ઘોર તપ હોવા છતાં પારણામાં મીઠાઈ વગેરે વાપરતા નથી. એમણે યાવજ્જીવ માટે સંપૂર્ણ મીઠાઈ અને સંપૂર્ણ મેવાનો ત્યાગ કરેલો છે. દૂધની કે માવાની પણ તમામ વસ્તુનો યાવજ્જીવ માટે ત્યાગ કરેલી છે.

(૬) આખી જીંદગી માટે એમણે મનથી સંકલ્પ કરી લીધો છે કે મૃત્યુના છેલ્લા દિવસ સુધી મારે ઉપવાસ-એકાસણું-ઉપવાસ-એકાસણું... તપથી ઓછું કંઈ જ કરવું નથી. અર્થાત્ હજી ૫૫ વર્ષ જેટલી ઉંમર છે. એટલે કદાચ બીજા ૨૦-૩૦ વર્ષીતપ પણ થઈ જાય.

જો ગણતરી કરીએ તો

**અત્યાર સુધીમાં આ તપસ્વિની સાધ્વીજી ભગવંત આશરે ૪૫૦૦ જેટલા ઉપવાસ કરી ચૂક્યા છે.**

ના, માત્ર તપ કરીને બાકી આખો દિવસ આરામ કરવો કે નકામો સમય પસાર કરવો એ આ શ્રમણીભગવંતનું જીવન નથી. ૭૨ સાધ્વીજીઓનું આ ગ્રુપ એક જ મુખ્ય પ્રવર્તિનીની નિશ્રામાં રહે છે. ત્યાં પ્રવર્તિનીની વાચનાઓનું શ્રવણ, તેમની પાસે વિશિષ્ટ શાસ્ત્રાભ્યાસ અને બહેનોને વ્યાખ્યાનાદિ આપવા દ્વારા શાસનપ્રભાવનાના કાર્ય કરવા એ પણ આ સાધ્વીજીના જીવનનું એક ઘરેણું છે.

આવા તો કંઈ કેટલાય રત્નો જિનશાસનમાં ખૂણે-ખાંચરે ચીંથરે વીંટેલા પડેલા હશે. ચીંથરુ હોવાના લીધે એનો પ્રકાશ સર્વત્ર ફેલાતો નથી અને આપણે એમને રત્ન તરીકે ઓળખી શકતા નથી. પણ જ્યારે ગમે તે પ્રકારે એ ચીંથરા દૂર થાય છે અને એ રત્નોનો ચળકાટ નજરે પડે છે. ત્યારે જ એની ખરી કિંમત સમજાય છે.

## ૪૬. દોષ માત્ર મારા પાપકર્મોનો છે, બીજા કોઈનો નથી

અનેક સાધ્વીજીઓના ગુરુણીપદે બિરાજમાન એક સાધ્વીજી ભગવંતની પાસે મુમુક્ષુ બહેને દીક્ષા લીધી.

આ નૂતનસાધ્વીજીની શક્તિ અજબ-ગજબની હતી. વિનયમાં-વૈયાવચ્ચમાં અને સ્વાધ્યાયમાં એમનો ઘોડો રેસના ઘોડાની જેમ પૂરવેગે દોડવા લાગ્યો. અને

માનવસુલભ સ્વભાવના કારણે તે કેટલાકોની ઈર્ષ્યાનો ભોગ બન્યા. એમનો વિકાસ કેટલાક સહવર્તીઓ જીરવી ન શક્યા, કનડગત શરુ થઈ. પણ આ સાધ્વીજી કર્મના મર્મને જાણતા હતા.

ગુરુણીએ એમને બહેનો સામે વ્યાખ્યાન કરવાની આજ્ઞા કરી, અને એક માત્ર ગુર્વાજ્ઞાના કારણે એમણે બહેનો સામે વ્યાખ્યાનો શરુ કર્યા. પ્રત-પુસ્તક હાથમાં રાખીને વ્યાખ્યાનો આપે. એમની પ્રચંડવક્તૃત્વ શક્તિથી બહેનોમાં આકર્ષણ વધવા લાગ્યું. કીડીયારાની જેમ હોલ ભરાવા લાગ્યો.

એક આશ્ચર્ય સર્જાયું.

કર્મના વિપાકો કેવા ભયંકર હોય છે કે ખુદ ગુરુણી પોતાની આ અપ્રતિમ શિષ્યાનો વિકાસ સહી ન શક્યા. એમનો વધતો જતો યશ-ભક્તાણીવર્ગ જીરવી ન શક્યા. એમાં વળી સહવર્તીઓએ બળતામાં ઘી હોમ્યું.

અને એક દિવસ

સેંકડો બહેનોની વચ્ચે એ સાધ્વીજી વ્યાખ્યાન આપતા હતા અને ત્યાં એમના ગુરુણી જઈ ચડ્યા. એક ઝાટકા સાથે શિષ્યાના હાથમાંથી પ્રત/પુસ્તક ખેંચી લીધા.

"બંધ કરો વ્યાખ્યાન ! શું બકો છો તમે ? શાસ્ત્રનો કશો બોધ તો છે નહિ, અને શું જેમ તેમ મનમાં આવે એમ બક્યા કરો છો ? અહંકાર આવી ગયો છે, તમને !..."

ભરસભામાં મોટા અવાજે ખખડાવ્યા, ઘોર અપમાન કર્યું. આખી સભા સ્તબ્ધ થઈ ગઈ.

પણ શું કરે ?

ગુરુણીને કોણ કહે ?

પણ આ તો મહાસતી ચંદનબાળાના વારસદાર શ્રમણી !

કૂરગડુમુનિના સાક્ષાત અવતાર સમાન શ્રમણી !

ક્ષમાગુણથી ધરતીને પણ શરમાવી નાંખનાર શ્રમણી !

મોઢાની રેખા પણ ન ફરકી, કોઈ પ્રતીકાર ન કર્યો. થયેલા અપમાન બદલ કોઈ ખેદ વ્યક્ત ન કર્યો.

"મારી ભૂલ થઈ, મને ક્ષમા કરો"

ગુરુણીના પગે પડી માફી માંગી અને પોતાના સ્થાને ચાલ્યા ગયા.

વ્યાખ્યાનો બંધ થયા.

પણ ન કોઈ ફરિયાદ !

ન કોઈ આર્તધ્યાન !

ગુરુણી કે ગુરુબેનો માટે ન કોઈ દ્વેષભાવ !

માત્ર પોતાના કર્મોનો દોષ જોયો. એ જ ભક્તિ-વૈયાવચ્ચાદિ કરતા જ રહ્યા.

કોઈને પણ ગુરુણી-ગુરુબેનો વિશે એક અપશબ્દ માત્ર પણ ન કહ્યો.

વ્યાખ્યાન બીજા સાધ્વીજીઓ આપવા લાગ્યા, પણ બહેનોને એ વ્યાખ્યાનો ગમ્યા નહિ. સંખ્યા ઘટતી ઘટતી સાવ જ ઓછી થઈ.

અંતે ગુરુણીને ખ્યાલ આવ્યો કે, "આમાં તો મારું ખરાબ દેખાય છે"

પણ હવે શું થાય ?

આ બાજુ બહેનોએ ભેગા મળી ગુરુણી પાસે આવી માંગણી કરી કે, "અમને એ જૂના સાધ્વીજીનું જ વ્યાખ્યાન ફાવે છે, ગમે છે. આપ એમને આજ્ઞા કરો ને ?"

અને ગુરુણીએ પોતાની ચાલાકીનો પૂરેપૂરો ઉપયોગ કર્યો,

"હું ક્યાં ના પાડું છું? પણ એ જ જીદ્દી છે. એક દિ' ઠપકો આપ્યો, એમાં એટલું

ખોટું શેનું લાગે ? ગુરુણી નહિ કહે તો કોણ કહેશે ? મોઢું ચડાવીને બેસી જવું કંઈ યોગ્ય થોડું જ છે..."

એ સાધ્વીજી ત્યાં હાજર જ હતા. બધું એમણે સાંભળ્યું. પણ એમ ન બોલ્યા કે,"આપે જ તો મારા વ્યાખ્યાનો બંધ કરાવ્યા છે...."

ગુરુણીએ ત્યાં જ એમને આદેશ કર્યો કે,"બોલો ! હવે વ્યાખ્યાન કરશો ?" અને નતમસ્તકે એમણે આજ્ઞા શિરોધાર્ય કરી.

એ પછી તો એમનો પુણ્યોદય વધ્યો, આજે તો ૨૫-૩૦ શિષ્યાઓના ગુરુણી પદે આ સમતાશીલ શ્રમણી બિરાજમાન છે. પણ કદી પોતાની ગુરુણી વગેરેના આવા અપવર્તનો એમણે વર્ણવ્યા નથી.

"મારા ગુરુણી મારા ઉપકારી છે, મને સંસારમાંથી બચાવી છે..." એ જ ઉદ્ગારો એમના રહ્યા છે.

આ કોઈ ઉપજાવી કાઢેલી કે અતિશયોક્તિ ભરેલી ઘટના નથી, પણ તદ્દન સત્ય હકીકત છે.

સાવધાન ! એ ગુરુણી કે ગુરુબેનોના અવગુણો જોવા કે નિંદવા માટે આ પ્રસંગ નથી આલેખાયો, તેઓ કર્મવશ બની આવી ભૂલો કરી બેસે એમાં શો દોષ દેવો ?

અહીં તો આ શ્રમણી ભગવંતના જીવનની મુઠ્ઠી ઉંચેરી સમતાને સ્પર્શવા માટે, આપણું આત્મદર્શન કરવા માટે આ દૃષ્ટાન્તરૂપી દર્પણ ધરવામાં આવ્યું છે.

આપણી ભૂલ હોય, ગુરુ આપણને સાચી હિતબુદ્ધિથી ઠપકો આપતા હોય તો પણ જો આપણા મનમાં આર્તધ્યાનની હોળી સળગતી હોય...

"ગુરુ મને જ ઠપકારે છે, બીજાને તો કશું કહેતા જ નથી. મારું ઘોર અપમાન કરી નાંખ્યું... ક્યાં મેં આમને ગુરુ બનાવ્યા..." એવા વિચારો જ જો પ્રગટતા હોય,

તો આ શ્રમણીની સમતાને ખાસ ખાસ અશ્રુભરી વંદના કરવા જેવી છે.

નથી પોતાની ભૂલ !

નથી ગુરુણીમાં હિત કરવાની બુદ્ધિ !

ઈર્ષ્યાપ્રેરિત એ જાહેરસભામાં કરાયેલું અતિઘોર અપમાન !

કેમ સહન થાય ?

છતાં એ તો અમૃતના ઘુંટડાની જેમ ગળી ગયા.

મેળવવી છે આવી લોકોત્તમ સાધના ?

તો ચાલો ઝૂકી પડીએ આવા સમતાસાગરોના ચરણકમળમાં !

અનુમોદીએ ખૂબખૂબ ભાવ સાથે-અશ્રુ સાથે એ ઉત્તમગુણોને !

## ૪૭. શ્રી વજસ્વામીના ક્ષયોપશમના વારસદાર આજે પણ છે

કવિકુલકિરિટ સમુદાયના એક સાધુએ ઉત્તરાધ્યયનના જોગ શરુ કર્યા.

એમને ખબર પડી કે "જોગની મૂળવિધિ એ છે કે જે દિવસે જે અધ્યયનની અનુજ્ઞા થાય એ દિવસે એ આખું અધ્યયન ગોખાઈ ગયું હોવું જોઈએ."

પણ આજે તો એવો તીવ્ર ક્ષયોપશમ ન હોવાથી લગભગ કોઈ ગોખતું નથી.

**૩૬ અધ્યયન, ૨૦૦૦ ગાથા ૩૨ દિવસના જોગ દરમ્યાન ગોખવાની.**

એમણે બીડું ઝડપ્યું અને પોતાના તીવ્ર ક્ષયોપશમનો સદ્ઉપયોગ કર્યો અને ખરેખર ૩૨માં દિવસે આખું ઉત્તરાધ્યયન કડકડાટ સંભળાવી દીધું.

અંદાજે રોજની ૬૫-૬૬ પ્રાકૃત ગાથાઓ કંઠસ્થ કરી.

## ૪૮. ધન્ના અણગારનું પ્રતિબિંબ જોવું છે ?

વિ.સં. ૨૦૩૧ની આસપાસ દીક્ષિત થયેલા આ મુનિરાજની સંયમયાત્રાની અપ્રમત્તતા અદ્વિતીયકક્ષાની છે.

(૧) દીક્ષાના ૩૨ વર્ષ થયા, હજી પણ અખંડ એકાસણા ચાલુ છે.

(૨) એકાસણામાં માત્ર દાળ-રોટલી કે દૂધ-રોટલી એમ બે જ દ્રવ્ય વાપરે છે.

(૩) ઘી અને સાકર બે વિગઈ યાવજ્જીવ માટે બંધ છે.

(૪) વર્ષમાં ૯ થી ૧૦ મહિના આંબિલ કરે છે. તેમાં પણ બે જ દ્રવ્ય વાપરે.

(૫) નિર્દોષ ગોચરીના ખૂબ ખપી છે. સંપૂર્ણપણે ૪૨ દોષ વિનાની ગોચરી વાપરે.

(૬) બપોરે ગોચરી લાવી, સહવર્તી સાધુઓના પાત્રામાં નાનકડી શેષ મૂકી પોતાની ગોચરી ઢાંકી રાખે અને પછી પડિલેહણાદિ પતાવીને રોજ અવઢના પચ્ચક્ખાણે જ આંબિલ-એકાસણું કરે.

(૭) મહિનામાં ઓછામાં ઓછો એક અટ્ઠમ કરે. પારણે પણ અવઢનું જ પચ્ચક્ખાણ કરે.

(૮) પોતાના દરેક કામ જાતે કરે, બીજા સાધુઓ પાસે પોતાનું કોઈપણ કામ ન

કરાવે.

(૯) જો ક્યારેક નિર્દોષ પાણી ન મળે તો દોષિત પાણી ૧-૨ ટોકસા જ લે, અને એમાં જ પોતાનો નિર્વાહ કરી લે. ચૂનાનું પાણી પણ બે ટોક્સીથી વધારે ન કાઢે.

(૧૦) આ મુનિ કપડા-પાત્રાદિ પણ સંપૂર્ણ નિર્દોષ વાપરે છે.

(૧૧) પાણી માટે કદી ઘડાનો ઉપયોગ કરતા નથી. માત્ર તુંબડું જ રાખે.

(૧૨) એમની પાસે પરિગ્રહ રૂપે એક નાનકડું પણ પોટલું નથી.

(૧૩) ૫૦-૫૨ વર્ષની ઉંમરના આ મુનિની કાયા હાડપિંજર જેવી લાગે છે.

સાધુલોકમાં આ મુનિ **ધન્ના અણગાર** તરીકે પ્રસિદ્ધિ પામેલા છે.

## ૪૯. માષતુષમુનિ આજે પણ વિદ્યમાન છે.

ગુરુએ શિષ્યને **मा रुष, मा तुष** આટલું ગોખવા આપ્યું, પણ એ એટલું પણ મોઢે કરી શકતા ન હતા અને ભુલી જઈ **माषतुष** બોલવા માંડતા હતા. પરિણામે એમનું નામ **माषतुष** પડી ગયું અને આવો ઘોર જ્ઞાનાવરણીયોદય હોવા છતાં પણ થાક્યા વિના, કંટાળ્યા વિના તેમણે શ્રુતજ્ઞાન માટે સખત પુરુષાર્થ કર્યો, કૈવલ્ય મેળવી લીધું.

આ બધું શાસ્ત્રમાં વાંચીએ, ત્યારે મનમાં વિચાર તો આવી જાય કે

"આ કેવું ? **मा रुष मा तुष** આટલું બોલતા પણ ન આવડે ? આટલું યાદ ન રહે ? આવું તે કંઈ બનતું હશે ?"

પણ વર્તમાનમાં એક શ્રમણીભગવંતની વાતો જ્યારે સાંભળવા મળી ત્યારે ખરેખર લાગ્યું કે "ના ! એ માષતુષમુનિની વાતો એકદમ સાચી જ છે."

એક બાળાએ શાળામાં છ ધોરણ સુધી અભ્યાસ કર્યો.કક્કો-બારાખડી તો શીખી લીધા, પણ એટલો ઘોર કર્મોદય કે કશું વાંચી ન શકે.

મા-બાપે પૈસા ખવડાવીને જેમ તેમ છ ધોરણ પાસ કરાવ્યા.

જેમ નાનો છોકરો પુસ્તક વાંચતો હોય તો કમલ શબ્દ એક ઝાટકે વાંચી ન શકે, પણ ક.. મ.. અને લ.. એમ માંડ વાંચે. એ ત્રણેય અક્ષરો સાથે વાંચીને એનો અર્થ સમજવાની શક્તિ ન હોય, તેમ આ બાળાની પણ એજ હાલત ! કક્કો બારાખડી શીખ્યા પછી ઘણી મહેનત કરવા છતાં કોઈપણ શબ્દ-વાક્ય આખું વાંચી ન શકે.

૧૫ વર્ષની નાનકડી ઊંમરે પરિવાર સાથે દીક્ષા લીધી. પણ તે વખતે બે પ્રતિક્રમણના સૂત્રો પણ ઘણા ઓછા આવડતા તો સાધુના આવશ્યકસૂત્રોની અપેક્ષા

જ શું રખાય ?

પણ બા મહારાજે એમને તૈયાર કરવા માટે કમર કસી. બે પ્રતિક્રમણના ઘણા બાકી સૂત્રો ગોખાવવાના શરુ કર્યા.

પણ મોટી મુશ્કેલી એ કે તે સાધ્વીજી આખો શબ્દ કે આખું વાક્ય વાંચી ન શકે. **आयरिय उवज्झाए** આટલું પણ વાંચી ન શકે. **आ... य... रि... य...** એમ અક્ષર અક્ષર વાંચે.

હવે આવી પરિસ્થિતિમાં એ પોતે વાંચી વાંચીને મોઢે કરી ન શકે. એમની પાસે બોલાવી બોલાવીને જ સૂત્રો ગોખાવવા પડે. બા મહારાજ પાસે બેસી **आयरिय...** એ શબ્દો બોલી એમની પાસે બોલાવડાવે. પણ કર્મોદય એટલો ભયંકર કે બા મહારાજે બોલેલા શબ્દો પ્રમાણે પણ પોતે **आयरिय उवज्झाए** આટલા શબ્દો પણ બોલી ન શકે. એમને પ્રથમ તો એટલા શબ્દો સ્પષ્ટ બોલાવવા માટે બા મહારાજે ૪૦ થી ૫૦ વાર એ શબ્દો બોલીને એમની પાસે બોલાવવા પડે. ત્યારે એ એટલા શબ્દો સ્પષ્ટ બોલી શકે.

આ તો શુદ્ધ ઉચ્ચાર કરવાની વાત ! હજી ગોખવાનું તો બાકી જ.

એ સાધ્વીજી રોજ ઓછામાં ઓછા ત્રણ કલાક સુધી માત્ર એ એક પાદનો પાઠ કરે. એમાં પણ ઘણીવાર પાછુ અશુદ્ધ બોલવા લાગે.

બા મહારાજ સાંભળે ત્યારે ખખડાવે કે "કેમ ખોટું બોલો છો ? સાચુ બોલો." એમ પાછુ શુદ્ધ બોલાવડાવે.

ત્યારે થાક્યા-હાર્યા વિના કહે કે "હું તો ભૂલી ગયેલી" અને હસતા હસતા પાછુ ગોખવા લાગે.

આ રીતે એકપાદ ગોખતા એમને ૬ દિવસ લાગે. છ દિવસ થાય ત્યારે એક પાદ ગોખી રહે, કડકડાટ કરી રહે. એ પછી બા મહારાજ બીજો પાદ **सीसे साहम्मिए...** આપે. એને બીજા છ દિવસ લાગે... આમ એક મહીને માંડ ૧ ગાથા-દોઢ ગાથા કંઠસ્થ થાય.

આજે દીક્ષાને સાત વર્ષ પસાર થયા, આવા અથાગ પુરુષાર્થથી બે પ્રતિક્રમણના જરૂરી સૂત્રોને તો ગોખી લીધા. પણ પગામ સિજ્જા વગેરે તો બાકી જ છે. હવે **पगामसिज्जा** ગોખવાનું શરુ કર્યું છે. એ જ રીતે દર ૬ દિવસે ૧ પાદ ગોખી રહે છે. સાતેય વર્ષ સવાર-સાંજનું પ્રતિક્રમણ વગેરે ઘણી ક્રિયાઓ બા મહારાજે જ કરાવી.

ઘણીવાર બા મહારાજ એમની આવી અલ્પબુદ્ધિ જોઈ રડી પડતા, ત્યારે પોતાના નિમિત્તે બાને દુ:ખી થતા જોઈ આ સાધ્વીજીની આંખમાં પણ આંસુ આવી જતા. આટલું હોવા છતાં પણ એમણે અભ્યાસ ન છોડ્યો, અથાગ પુરુષાર્થ ચાલુ જ રાખ્યો છે.

એક-એક પાદ લગભગ ૧૦૦૦-૧૫૦૦ વાર બોલે, ત્યારે યાદ રહે, પાછા ભૂલે, પાછા ગોખે. રોજ રાત્રે બા મહારાજને બધા સૂત્રો સંભળાવે, કાચા થાય તો પાછા પાકા કરે.

માષતુષની જેમ એમને પણ કેવો ઘોર કર્મોદય છે, એ તો આપણે જોયું. હવે *એમાં માષતુષ જેવી ગુણવત્તાના પણ દર્શન કરીએ.*

એમના વડીલ ગુરુણીના શબ્દો છે કે

"આ સાધ્વીજીએ દીક્ષા બાદ કદી મારા પેટનું પાણી પણ હલાવ્યું નથી. એક શબ્દ પણ એમને કહેવો પડ્યો નથી. જે સમજાવીએ, એ તરત અમલમાં જ હોય, વિનયગુણ એટલો બધો જબરદસ્ત કે અમારા ૧૦૦-૧૫૦ સાધ્વીજીઓમાં સૌથી વધુ ગુણવત્તા એમની કહી શકાય. ખાવામાં કદી કોઈ વસ્તુની માંગણી નહિ. કદી કોઈ વસ્તુની ના નહિ... જે આપીએ એ વાપરી લે. નિત્ય એકાસણા કરે."

જ્યારે એમના બા મહારાજ આ લેખ વિરતિદૂતને મોકલી રહ્યા હતા, ત્યારે એ સાધ્વીજીએ સ્પષ્ટ કહ્યું કે

"ગુરુણીજી ! મારામાં છે શું ? મને કશું આવડતું નથી. લખવું હોય તો એટલું લખો કે મને ગુસ્સો કરતા આવડે છે - ખાતા-પીતા આવડે છે. બીજું કશું જ આવડતું નથી."

મહાનિશીથનું વચન છે કે "એક વર્ષ સુધી સખત પ્રયત્ન કરવા દ્વારા જો એક ગાથા પણ કંઠસ્થ થતી હોય તો સંયમીએ એનો સખત પ્રયત્ન કરવો."

આજની પરિસ્થિતિ જોઈએ તો કેટલાક સંયમીઓ તીવ્ર ક્ષયોપશમવાળા હોવા છતાં, અભ્યાસની બધી અનુકુળતા હોવા છતાં પ્રમાદાદિના કારણે એક વર્ષે પણ ૨૫-૫૦ ગાથા પણ ન ગોખે... એ વખતે દુ:ખ થાય.

એની સામે આવા સાવ જ મંદ ક્ષયોપશમવાળા સાધ્વીજીની વાત સાંભળીને હૈયાને ટાઢક વળે છે, કે

"ના ! જિનશાસનમાં કિંમતી રત્નો આજે પણ વિદ્યમાન છે. પેલા માષતુષ મુનિ

તો આજે નથી. પણ એમના જ પ્રતિબિંબતુલ્ય આ સાધ્વીજી તો આપણી પાસે છે જ."

ઉપરની કોઈપણ વાતમાં બિલકુલ અતિશયોક્તિ નથી. બિંદુનો સિંધુ કરીને લખાણ થયું નથી. પણ વાસ્તવિકતાનો જ એકમાત્ર ચિતાર કરવામાં આવ્યો છે.

## ૫૦. જિનશાસન પ્રભાવનાનું અદ્વિતીય કારણ : જૈનેતરોમાં ગોચરી

**રાજસ્થાન**માં આવેલા **અજમેર**થી ૧૫ કિ.મી. દૂર જયપુર-ભીલવાડા નેશનલ હાઈવે ૭૯ ઉપર **શ્રીનગર** નામનું એક ગામ રોડથી એક કી.મી. અંદર હતું.

એક આચાર્ય ભગવંત ૧૫ ઠાણા સાથે હાઈવે ઉપર જ રહેલા પંચાયત ભવનમાં ઉતરેલા હતા. એ ગ્રુપમાં પાંચેક સાધુઓ શક્ય હોય ત્યાં સુધી નિર્દોષ વાપરવાની તીવ્ર ભાવના-પ્રવૃત્તિવાળા હતા.

બે સાધુ એક કી.મી. ચાલી અંદર ગામમાં ગોચરી વહોરવા ગયા. તપાસ કરતા ખબર પડી કે ગામમાં ૨૫-૩૦ માહેશ્વરીના ઘરો છે. જૈન કોઈ નથી (માહેશ્વરીઓ વૈષ્ણવ જેવા હોય છે.)

અંદરના રોડ પર ચાની હોટલ પાસે જઈ પૂછ્યું. - "માહેશ્વરીનાં ઘરો ક્યાં છે?"

જવાબ મળ્યો કે "દરવાજાની અંદર."

સાધુઓ આગળ ચાલ્યા. એક દવાની દુકાન પાસે ૩૫-૪૦ વર્ષના ભાઈ નીચું માથું નાંખીને વાંચી રહ્યાં હતા. સાધુઓએ એ ભાઈને જ ફરી પૃચ્છા કરી કે "માહેશ્વરીના ઘરો ક્યાં છે ?"

એમણે પણ એજ જવાબ આપ્યો કે "દરવાજાની અંદર"

પરંતુ એ જવાબ પાછળ ભારોભાર વિનય-બહુમાનભાવ સ્પષ્ટ દેખાયો.

સાધુઓ આગળ ચાલ્યા. ત્યાં બે રસ્તા આવ્યા, ભૂલથી ઉંધા રસ્તે ચડી ગયા. ૧૫૦ ડગલા આગળ ચાલ્યાં, ત્યાં સામેથી આવતા એક ભાઈએ કશી પૃચ્છા વિના જ જવાબ આપ્યો કે "તમે ખોટા રસ્તે છો, સાચો રસ્તો પેલો છે."

સાધુઓ પાછા ફરી સાચા રસ્તે ચાલ્યા, ત્યાં દવાની દુકાન પાસે બેઠેલા ભાઈ મોટરસાઈકલ પર જતા હતા તે મળ્યા. તેમણે કહ્યું કે "તમે આગળ આવો, હું તમને આગળ મળું છું."

કુલ ૧-૧ કી.મી. ચાલ્યા બાદ તે ભાઈ મળ્યા. પછી તો એ ભાઈ સાધુઓ સાથે જ ઘેર ઘેર ફર્યા. લગભગ એક કલાક સુધી એ ભાઈ સાથે ફર્યા.

ઘેર ઘેર જઈ બારણું ખોલાવી પૃચ્છા કરે કે "ભોજન તૈયાર છે ? મહારાજ આવ્યા છે. રોટલી-દૂધ-દહીં જે હોય તે લેશે."

સાધુઓ ત્યાં ૪૦-૫૦ ઘરોમાં ફર્યા.

ક્યાંક કો'કે પરાણે ઘી વહોરાવ્યું,

ક્યાંક કો'કે ખૂબ આજીજી કરી,

"જેટલું જોઈએ એટલું લઈ લો" એવું કેટલાકોએ કહ્યું.

સાધુઓએ જ્યાં જ્યાં ગોચરી વહોરી ત્યાં તેઓ અત્યંત આનંદ પામ્યા.

આવા તો અગણિત અનુભવો આ સાધુઓને થયા.

આ સાધુઓ છેલ્લા ચાર વર્ષથી ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશમાં વિચર્યા છે, પણ જૈનોના ઘરો ન હોવાદિ કારણે આધાકર્માદિ વાપરવાનો પ્રસંગ આ સાધુઓને માટે ચાર કે પાંચવાર જ બન્યો છે.

સાર એ કે પ્રભુશાસનના વેશનું અદ્ભુત પુણ્ય છે કે બીજા માંગવા આવે તો તેઓને જાકારો દેનાર અજૈનો જૈન સાધુઓને વગર ઓળખાણે સામેથી બોલાવીને સદ્ભાવપૂર્વક, આનંદપૂર્વક આપે છે.

આ ચર્યા અદ્ભુત શાસનપ્રભાવના કરે છે. અનેકોને બોધિબીજનું દાન કે સુપાત્રદાન દ્વારા અદ્ભુત પુણ્યબંધ કરાવે છે. સંયમીઓને ગોચરીના મહાભયંકર દોષોથી બચાવે છે.

હા ! ક્યાંક એકાદ ઘરે અપમાન કરે - કાઢી મૂકે - ધુત્કારે તેવો પણ પ્રસંગ બને પણ એ યાચનાપરિષહ પણ નિર્જરાકારક છે.

જૈનેતરોમાં ગોચરી જવામાં સંકોચ-ભયનો અનુભવ કરતા સંયમીઓ આ દૃષ્ટાન્ત વાંચીને નિઃસંકોચ-નિર્ભય બની જૈનેતરોમાં ગોચરી જતા થાય.

## ૫૧. ગુણસમ્રાટ-મહાન સૂરીશ્વર

અહીં એક એવા આચાર્ય ભગવંતના ગુણપુષ્પોનું વર્ણન કરવાનું છે કે જે આચાર્ય ચોથા આરાના નહિ, પાંચમાં આરામાં પણ ઘણા જૂના નહિ, પણ નજીકના જ કાળમાં થયેલા છે. છેલ્લા સંઘયણવાળા અને આપણા જેવા જ દેહવાળા હતા. પણ એમની ગુણસમૃદ્ધિ તો ખરેખર ચોથા આરાના મહાત્મા જેવી જ હતી.

(ક) અનેક શિષ્યોના ગુરુપદે બિરાજમાન આ સૂરિવરને છેલ્લા વર્ષોમાં ફરતા

વાનો દુઃખાવો થયો. કોઈ શરીરમાં સોંય ભોંકે અને જે વેદના થાય એવી તીવ્ર વેદના એમને આ ફરતા વાંથી વારાફરતી આખા શરીરમાં થતી. એ અપાર વેદના જ્યારે તીવ્રતા પકડતી, ત્યારે એમની મુખાકૃતિ જોઈ ભલભલા ધ્રૂજી ઉઠે, એટલી બધી તીવ્રવેદના થતી. પણ કદી એ ચીસ ન પાડતા, ઊંહકારો ન કરતા.

આ વેદનાને કાબુમાં રાખવા એમના શિષ્યો રોજ મગનું પાણી અને ઘસેલી હરડે ખાલી પેટે વપરાવતા. એમની તીવ્રવેદનાને કાબુમાં લેવાનો એકમાત્ર રામબાણ ઉપાય એજ હતો.

પણ એક રાત્રે પ્રતિક્રમણમાં આ સૂરિવરના શિષ્યે ધન્ના અણગારની સજ્ઝાય અત્યંત મધુર કંઠે ભાવવિભોર બનીને લલકારી. એ સજ્ઝાયમાં દેહ પ્રત્યેની અનાસક્તિનું જ વર્ણન હતું.

સૂરિવર હચમચી ઉઠ્યા. આમ પણ એમને દેહ પ્રત્યે એવી આસક્તિ ન હતી, પણ આ સજ્ઝાયે તો એમની અનાસક્તિને આભ આંબતી કરી મૂકી.

બીજા જ દિવસે સૂરિવરે અઠ્ઠમના પચ્ચક્ખાણ કર્યા.

કશી ચિંતા ન કરી કે પેલી ફરતા વાની શૂળ જેવી વેદના ફરી ઉભી થશે.

(ખ) આ સૂરિવર એકવાર પોતાના વિશાળ સમુદાય સાથે અમદાવાદમાં હતા ત્યારે એમને સમાચાર મળ્યા કે "ત્યાં જ એક ઉપાશ્રયમાં એક સાધુ ગ્લાન છે, સેવા કરનાર કોઈ નથી."

**"વૈયાવચ્ચમાં ગચ્છભેદ ન હોય"** એ શાસ્ત્રીયમર્યાદાને પચાવી ચૂકેલા આ સૂરિવરે ગચ્છભેદનો વિચાર કર્યા વિના જ તરત બે-ત્રણ સાધુ સેવા માટે મોકલી આપ્યા.

થોડાક દિન બાદ પોતે સ્વયં ત્યાં ગયા, સુખશાતા પૃચ્છા કરી બધી કાળજી કરી છેવટે પોતાના જ ઉપાશ્રયમાં ગ્લાન સાધુને લાવી ઉત્કૃષ્ટ સેવા કરી-કરાવી. એ સાધુ સાજો થયો, ત્યારે એની આંખમાં કૃતજ્ઞતાભાવના ચોધાર આંસુ ટપકતા હતા.

**जो गिलाणं पडिसेवइ सो मां पडिसेवइ** એ શાસ્ત્રવચન આ સૂરિવરે કેવું આત્મસાત કર્યું હશે ! તે આના ઉપરથી સમજી શકાય છે કે એક સામાન્ય સાધુ માટે પણ એમણે આટલી હદ સુધીની કાળજી કરી.

(ગ) આ સૂરિવર જાણતા હતા કે "હું આચાર્ય થયો એટલે મને કંઈ ત્રણ ટાઈમ વાપરવા વગેરેની છૂટ નથી મળતી. મારી શક્તિ હોય તો મારે પણ તપ કરવાનો છે,

ત્યાગપ્રધાન જીવન જીવવાનું છે. શિષ્યોની ભક્તિ લેવામાં મારે તણાઈ જવાનું નથી."

અને માટે જ અતિવિરાટ સમુદાયના સ્વામી એવા પણ આ આચાર્ય રોજ એકાસણા જ કરતા હતા અને એ પણ માત્ર રોટલી-દાળ કે રોટલી-દૂધ... એમ બે જ દ્રવ્ય વાપરતા હતા. પાંચતિથિમાં ઉપવાસ કરતા.

આ વખતે તેઓ ખંભાતમાં ચાતુર્માસ બિરાજમાન હતા. દર પાંચતિથિ તેઓશ્રી સવારથી ખંભાતનાં દેરાસરોના દર્શન કરવા નીકળી જતા. ખંભાતનાં તમામ એટલે કે ૬૫ દેરાસરોના દર્શન કરીને પાછા ફરતા. પાંચેય તિથિઓમાં તેમનો આ નિત્યક્રમ હતો.

વળી આ જ સૂરિવર રોજ રાત્રે પણ ત્રણ ત્રણ કલાક જુદા જુદા અનેક ગામો-તીર્થોના મુળનાયક ભગવાનને યાદ કરી કરી ભાવપૂર્વક વંદના કરવાનું અનુષ્ઠાન કરતા. રોજે રોજ રાત્રે ત્રણ કલાક એમનું આ અનુષ્ઠાન ચાલતું.

એક મહાગીતાર્થ અજોડ શાસ્ત્રજ્ઞાતા એવા પણ આ સૂરિવરનો કેવો પરમાત્મભક્તિભાવ ! કેવી સમ્યગ્દર્શનની નિર્મળતા !

(ઘ) આ સૂરિવરનો દીક્ષા પર્યાય કુલ ૬૮ વર્ષનો થયો હતો. ૧૬ વર્ષની ઉંમરે દીક્ષિત થયેલા આ સૂરિવર ૮૪ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા હતા. છેલ્લા ૭ વર્ષ બાદ કરતા બાકીનાં ૬૧ વર્ષના દીક્ષાપર્યાય દરમ્યાન એમણે એક દિવસ પણ એકાસણાથી ઓછું પચ્ચક્ખાણ કર્યું નથી. ગણિત માંડીએ તો ૬૧x ૩૬૦=૧૯૯૬૦ એકાસણા થાય.

આ લગભગ ૨૦ હજાર એકાસણા પણ મોટાભાગે માત્ર બેજ દ્રવ્યના કર્યા છે. એમની દીક્ષા જીંદગીમાં એમણે

પ્રાયઃ કદી કોઈ ફળ ખાધું નથી,

પ્રાયઃ કદી કોઈ મીઠાઈ ખાધી નથી,

પ્રાયઃ કદી કોઈપણ પ્રકારનો મેવો ખાધો નથી.

૬૧ વર્ષમાં લગભગ દર સંવત્સરીનો અઠ્ઠમ પણ આ સૂરિવર ચૂક્યા નથી.

કેવો બેનમૂન વૈરાગ્ય ! કેવી અનાસક્તિ !

(ચ) આ સૂરિવર શરુઆતમાં તો શ્રાવક-શ્રાવિકા વગેરે બધાને ખૂબ જ ઉંચી કોટિનાં તાત્વિક પદાર્થોનું વ્યાખ્યાન આપતા હતા. પણ એકવાર પ્રવચન બાદ કોઈક શ્રાવિકાબહેન એ પ્રવચન અંગેના જ પ્રશ્નો પુછવા લાગ્યા. સૂરિવર વિચારમાં પડ્યા

કે "આ રીતે વ્યાખ્યાન આપવાથી જો બહેનો પ્રશ્નાદિ પુછવા માટે આવવાના હોય તો મારે આ બધી લપ નં જોઈએ" અને બ્રહ્મચર્યની અત્યંત નિર્મળપરિણતિના ધારક આ સૂરીશ્વરે એ દિવસથી શ્રાવક-શ્રાવિકાઓ સામે વ્યાખ્યાનો આપવાના બંધ કરી દીધા. (આમ પણ એમના શિષ્ય વ્યાખ્યાન માટે તૈયાર થઈ ગયા હતા.)

(છ) આ સૂરિવર સ્વાધ્યાયના અતિ-અતિ રસિક !

રાત્રે અઢી-ત્રણ વાગે ઉઠીને આગમોના પદાર્થો વગેરેનું ચિંતન કરવા બેસી જાય. એમણે આખી જીંદગી અતિઘોર સ્વાધ્યાય કર્યો છે અને શિષ્યો પાસે કરાવ્યો છે.

છેલ્લે ૮૪ વર્ષની ઉંમરે એમને વિચાર આવ્યો કે "મારે લગભગ ઘણા ગ્રન્થો વંચાઈ ગયા છે, પરંતુ વૈરાગ્યનો સાગર ગણાતો એક **ઉપમિતિભવ પ્રપંચ મહાકથા** ગ્રન્થ વાંચવાનો બાકી છે. એ વંચાઈ જાય તો સારું."

ભાવના તો થઈ પણ ઉંમરના કારણે આંખોનું તેજ ઘટી ગયેલું એટલે જાતે વાંચવા એ અસમર્થ હતા. પણ એમના જ એક યુવાન સાધુએ ગુરુદેવની આ ભાવના જાણી એને પૂર્ણ કરવાનો ભેખ લીધો. લગભગ રોજ ૮ કલાક એ સાધુ ઉપમિતિ ગ્રન્થ મોટેથી વાંચે અને સૂરિવર એ સાંભળી સાંભળીને અર્થ સમજતા જાય.

મૃત્યુને માત્ર ૪૮ કલાક જ બાકી હતા, ત્યારે એમણે આ રીતે અતિવિરાટ એ ગ્રન્થ સંપૂર્ણ કર્યો.

કદાચ આ સૂરિવરના હૃદયમાં ઊંડે ઊંડે એવો પણ પવિત્રતમ આશય હશે કે "આ રીતે યુવાન સાધુ મને સ્વાધ્યાય કરાવવાના બહાને સ્વયં સ્વાધ્યાયમાં તલ્લીન બની જાય."

(જ) આ મહાન સૂરિવર રોજ એકાસણા તો કરતા જ, પણ એમાં નિત્ય પોરિસીનું પચ્ચક્ખાણ કરતા.

કેટલાક સાધુઓએ જોયું કે ૧૧ વાગે સાઢપોરિસી આવતી હોય અને પોણા અગિયાર વાગ્યા હોય તો પણ સૂરિવર તો પોરિસીનું પચ્ચક્ખાણ પારી પાણી વાપરી લેતા.

સાધુઓ જાણતા હતા કે "સૂરિવર મહાસંયમી છે. તો પછી માત્ર ૧૦-૧૫ મિનિટ માટે એ સાઢપોરિસીનું પચ્ચકખાણ કેમ ચૂકે છે ?"

અને એક સાધુએ સૂરિવરને પૃચ્છા કરી કે "સાહેબ ! આપ ૧૫-૨૦ મિનિટ સાઢપોરિસીને બાકી હોય ત્યારે પોરિસી પચ્ચ. પારો છો. પણ તો પછી થોડીક રાહ

જોઈને સાઢપોરિસીનું પારો તો વધુ લાભ મળે ને ?"

સૂરિવરે પ્રત્યુત્તર વાળ્યો કે

"જો ! મારી પાસે ઘડિયાળ નથી અને એ વિરાધનાનું સાધન, અપરિગ્રહમહાવ્રતમાં અતિચાર લગાડનાર વધારાની વસ્તુ રૂપ સાધન મારે રાખવું પણ નથી.

હવે જો હું સાઢપોરિસી કરું તો એ પચ્ચ. આવ્યું કે નહિ ? એ જોવા માટે મારે ઘડિયાળ રાખવી પડે કે ઘડિયાળવાળાને પૃચ્છા કરવી પડે. આ બધા દોષો મોટા છે, એટલે હું પોરિસીનું પચ્ચ. પારી લઉં છું. એમાં મારે ઉપરના કોઈ દોષો સેવવા પડતા નથી. કેમકે વ્યાખ્યાન સાડાદસ વાગે ઉઠે, અને લગભગ આખા વર્ષમાં કોઈપણ દિવસે સાડાદસ વાગે તો પોરિસી પચ્ચ. આવી જ ગયું હોય છે. એટલે મારે પછી ઘડિયાળ જોવાની -પુછવાની જરૂર જ ન પડે. જેવું વ્યાખ્યાન પૂર્ણ થાય કે તરત હું પચ્ચ. પારી શકું. જો સાઢપોરિસી કરું તો ઘડિયાળનો દોષ મારા લલાટે લખાયા વિના ન રહે."

સાધુ તો આ સાંભળીને સ્તબ્ધ જ થઈ ગયો.

**સેંકડો શિષ્યોના ગુરુપદે બિરાજમાન એક સૂરિવર ઘડિયાળ જોવા-રાખવા જેટલો દોષ સેવવા પણ બિલકુલ તૈયાર ન હોય એ એમની સંયમ પરિણતિ કેવી ઉદાત્ત !**

(ઝ) આ સૂરિવરે આખી જીંદગી એક બોલપેન પણ વાપરી નથી કે પોતાની પાસે રાખી નથી. માત્ર પેન્સિલના નાનકડા ટુકડાથી જ બધું કામ કરતા.

કેવી અપરિગ્રહતા !

(ટ) ફરતા વાની અસહ્ય પીડાને આ સૂરિવર સમભાવે સહન કરતા. આ વાને કારણે એમને પીઠમાં અતિસખત દુઃખાવો રહેતો.

શિષ્યો જાણતા કે "ગરમ પાણીની કોથળીનો શેક કરવાથી આ પીડા ઘણી ઓછી થાય." એટલે તેઓ ગરમ પાણીની કોથળી લઈ આવ્યા, ત્યારે સૂરિવર હસતા હસતા કહે કે

"જુઓ મુનિઓ ! આપણા ઘરે મહેમાન આવે તો એને મીષ્ટાન્નાદિ ખવડાવવા જોઈએ ? કે પછી ડામ આપવા જોઈએ ?

આ દુઃખાવો એ મારો મહેમાન છે. મને પ્રચંડ કર્મક્ષય કરાવી આપે છે. તો એને તો પાળવો-પોષવો જોઈએ. એને બદલે એને આ ધગધગતા ગરમપાણીના ડામ કેમ

આપો છો ?"

શિષ્યો શું બોલે ?

(ઠ) છેલ્લા સાતવર્ષ દરમ્યાન સ્વાસ્થ્ય પ્રતિકૂળ હોવાના કારણે એમણે એકાસણા છોડવા પડ્યા. નવકારશી કરવી પડી. છતાં એ ઘણું અલ્પ વાપરતા.

એકવાર એક મહાત્મા સૂરિવર પ્રત્યેની ભક્તિથી નિર્દોષ મમરા લઈ આવ્યા, મમરા પચવા વગેરેમાં અનુકૂળ હોવાથી સૂરિવરે વાપર્યા.

એ રાત્રે સાડાબાર વાગે એક સાધુ માત્રુ કરવા માટે જાગ્યા, પણ એ સાધુ ત્યારનું દૃશ્ય જોઈ સ્તબ્ધ થઈ ગયા.

૮૨ વર્ષની ઉંમરના, હાર્ટ એટેકના દર્દી એ સૂરિવર ૧૭ સંડાસા પુંજવા પૂર્વક પંચાંગ પ્રણિપાતપૂર્વક ખમાસમણા આપતા હતા.

સાધુ આશ્ચર્ય પામ્યો, "અડધી રાતે ગુરુદેવ આ શું કરે છે ?"

તરત પાસે જઈને પૃચ્છા કરી કે

"ગુરુદેવ ! આપ આ શું કરો છો ?"

ત્યારે સૂરિવરે ઉત્તર આપ્યો કે

"આજે દિવસે મમરા વાપરતી વખતે મને રાગ થઈ ગયેલો, આસક્તિ થયેલી. એના પ્રાયશ્ચિત્ત રૂપે આ ૧૦૮ ખમાસમણા આપી રહ્યો છું."

શરીર-તબિયત-વૃદ્ધાવસ્થા... આ બધાની સામે નજર પણ નાંખ્યા વિના પોતાના મમરા ખાવાના રાગને ખતમ કરવાનો કેવો અપૂર્વ પુરુષાર્થ ! કેવી અપ્રમત્તતા !

(ડ) એકવાર સવારે આગળ જે ગામે પહોંચવાનું હતું, તે ગામમાં જૈનોની વસતી ન હોવાથી આ સૂરિવરે બે-ચાર સાધુઓને કહ્યું કે

"તમે આ જ ગામમાં જૈનોના ઘરોમાંથી સૂર્યોદય બાદ ખાખરા-ગોળ વહોરીને પછી આગળના ગામે આવી જજો. ત્યાં એકપણ ઘર ન હોવાથી ત્યાંની ગોચરી દોષિત થવાની છે. એટલે આ નિર્દોષ ખાખરા ગોળ વધુ સારા..."

આચાર્યદેવ આગળના ગામે પહોંચ્યા. ત્યાંના બહારગામ રહેતા શ્રાવકોએ તો વિશાળ સમુદાયની ભક્તિ કરવા માટે રસોડું શરુ કરી દીધુ હતુ. પણ આ સૂરિવર તો જિનાજ્ઞાપાલન માટે અત્યંત કટિબદ્ધ હતા. એમણે રસોડામાંથી લેવાની ના પાડી.

યોગ્ય સમયે પેલા બે-ચાર સાધુઓ ખાખરા અને ગોળ વહોરીને આવી પહોંચ્યા અને બપોરે બધા એકાસણા માટે વાપરવા બેઠા.

સૂરિવરે બધા સાધુઓને ખાખરા અને ગોળની વહેંચણી કરી.

પણ

એમાં એક અસહિષ્ણુ સાધુ સામે બોલ્યો કે "ગુરુદેવ ! મને આવુ બધું નહિ ફાવે. આ શું ? માત્ર ખાખરા-ગોળ ખાઈને એકાસણા કરવાના ? ના ! હું તો મારા માટે રસોડામાંથી લઈ આવું છું."

સૂરિવર એકપળ વિચારમાં પડ્યા, કંઈ ન બોલ્યા.

પછી "સારું" એમ કહી પોતાના સ્થાને આવી બેસી ગયા.

પેલો સાધુ ગોચરી જવા તરપણી-પાત્રા તૈયાર કરવા લાગ્યો, પણ તે વખતે જ સૂરિવરે પોતાના પાત્રામાં એ ખાખરા અને ગોળ લઈ વાપરવાની શરુઆત કરી. એક હરફ પણ ન ઉચ્ચાર્યો.

પેલા સાધુના મનોભાવ પલટાયા.

"સેંકડો શિષ્યોનાં ગુરુપદે બિરાજમાન આ મહાન ગુરુદેવ પણ જો એકાસણા કરે અને એમાં નિર્દોષ ગોચરીનો આગ્રહ હોવાથી માત્ર ખાખરા-ગોળ વાપરે, અને મારા જેવા સ્વચ્છંદી સાધુને પણ નભાવી લે... રે ! ધિક્કાર હો મારી જાતને !"

સાધુની આંખે શ્રાવણ-ભાદરવો વરસવા લાગ્યો. સૂરિવર પાસે આવી હીબકા ભરી ભરીને રડ્યો. ક્ષમા માંગવા માટે શબ્દો બોલવા જેટલી પણ હિંમત ન રહી.

સૂરિવર તો સમજુ હતા, તરત એના પાત્રામાં ચોક્ખા ખાખરા-ગોળ મૂક્યા. પુષ્કળ આશ્વાસન આપ્યું અને તરત વાપરવા બેસાડી દીધો.

પેલો શિષ્ય ! અશ્રુરૂપી ઘીથી ખાખરા ચોપડતો જાય અને વાપરતો જાય.

ખૂબ ખૂબ ખૂબ જરૂર છે આવા વૈરાગી, આચારસંપન્ન, શિષ્યાનુવર્તક, મહાગીતાર્થ સૂરિવરોની !

(ઢ) શિષ્યોના હિત માટે પોતાના પગ ઉપર કુહાડો મારવા જેટલો જબરદસ્ત ભોગ આપવાનું અપૂર્વ સામર્થ્ય આ સૂરિદેવ પાસે હતું.

એકવાર વિશાળ ગોચરી માંડલીમાં જાહેરાત કરી કે

"જ્યાં સુધી આ આ આ પાંચ સાધુઓ સંપૂર્ણપણે ૪૫ આગમ વાંચી ન લે ત્યાં સુધી મારે સંપૂર્ણપણે મિષ્ટાન્નનો ત્યાગ !"

હજી તો શિષ્યો કંઈક બચાવ કરે એ પહેલા જ ઘડ્ દઈને બે હાથ જોડી બાધા લઈ લીધી.

અને ખરેખર એ પાંચેય મુનિવરોએ ૪૫ આગમો વાંચ્યા, પચાવ્યા. આજે તો એમાંથી માત્ર એકજ મુનિવર વિદ્યમાન છે કે જે આગમોના રહસ્યોને જાણનારાઓમાં આગળ પડતી શ્રેણીમાં છે.

(ત) એકવાર કેટલાક સાધ્વીજીઓ છઠ્ઠા કર્મગ્રન્થના કેટલાક અતિ અઘરા પ્રશ્નોનો ઉત્તર મેળવવા આચાર્યદેવ પાસે આવ્યા.

સૂરિવર તો સાધ્વીજી ભગવંતો સાથે આ રીતે પ્રશ્નોત્તરી કરવા તૈયાર ન હતા. એમણે કહ્યું કે "તમે બીજા કોઈ પીઢ વિદ્વાન વ્યક્તિ પાસે જાઓ."

પણ અતિ-અઘરા પ્રશ્નોના અન્ય સ્થાને ઉત્તર મેળવવા અઘરા હતા.

છેવટે એ સૂરિવરે એક સુંદર ઉપાય શોધી કાઢ્યો. પોતે જે રૂમમાં બેઠા હતા, એ રૂમની બહાર જમણા હાથ તરફના બારણાની બહાર સાધ્વીજીઓને બેસાડ્યા. રૂમની અંદર પોતાની સામે પોતાના વિદ્વાન સાધુઓને બેસાડ્યા. સાધ્વીજીઓએ લખેલા પ્રશ્નો એ સાધુઓ જ આચાર્યશ્રીને પુછતા અને સૂરિવર એમને જવાબ આપતા. આ જવાબ બહાર બેઠેલા સાધ્વીજીઓ મેળવી લેતા.

આમ સાધ્વીજીઓ સાથે લેશ પણ પરિચય વિના-સામે જોયા વિના બધા ઉત્તરો આપી દીધા.

પોતે પીઢ-ગીતાર્થ-ઉંમરલાયક હોવા છતાં વિજાતીયપરિચય ન કરવા માટેની એમની આ કેવી અજબ-ગજબની ટેક !

(થ) ૪૦-૫૦ સાધુઓના વિશાળ સમુદાય સાથે આ સૂરિદેવ મુંબઈમાં બિરાજમાન હતા. ગોચરી માંડલીમાં કદી મીઠાઈનો એક ટુકડો પણ ન આવતો.

પણ એક દિન કો'ક ગૃહસ્થના અત્યંત આગ્રહને લીધે એક સાધુ મીઠાઈનો એક ટુકડો (માત્ર એકજ) વહોરી લાવ્યા.

આશ્ચર્ય તો એ થયું કે ૫૦ સાધુઓ હોવા છતાં એ એક ટુકડો કોઈએ ન લીધો. બધાયને એની બાધા હતી. સૂરિવરનો ત્યાગ એવો તો ઉચ્ચકોટિનો હતો કે કોઈપણ બળજબરી વિના આખો ગચ્છ એમનું આલંબન લઈ મીષ્ટાન્નનો ત્યાગી બન્યો હતો.

અંતે એક સાધુને બાધામાં અપવાદ આપી એ ટુકડો વપરાવ્યો.

આ ૫૦ સાધુઓમાં બાળમુનિઓ અને અનેક નૂતનદીક્ષિતો પણ હતા એ ન ભૂલશો.

(દ) આ સૂરિવરે અહમદનગરમાં ચાતુર્માસ માટે પ્રવેશ કર્યો અને એજ દિવસે

તમામ સાધુઓ ઘરે ઘરે જઈને જાતે જ પાટ-પાટલા-ઘડા-પરાત-ડોલ-તપેલા-ઢાંકણા વગેરે લઈ આવ્યા.

એજ દિવસે કોઈક પ્રસંગ હોવાથી એક જણને ત્યાં ઘણા નાળીયેર ફોડાયા હતા. સાધુઓ ત્યાં જઈ એ સુકી કાચલીઓ લઈ આવ્યા. ઉચિત પરિકર્મ કરી એનો ટોક્સા તરીકે ઉપયોગ કરવા લાગ્યા.

નિર્દોષ સંયમ જીવનનું કેટલું ઉંચુ લક્ષ !

આ લક્ષ અપાવનાર તો આ સૂરિવર જ હતા ને !

(ઘ) આ સૂરિવર રોજ રાત્રે વિશાળ સમુદાયમાંના એક-એક સાધુને વારાફરતી પોતાની પાસે બોલાવી અંગત મીટીંગ કરતા. એની મુશ્કેલીઓ જાણતા, એનું નિવારણ કરતા. એના દોષો દૂર કરવાના સમ્યગ્ ઉપાય બતાવતા. મહાનિશીથના શલ્યોદ્ધારનું એવું તો જોરદાર વર્ણન કરતા કે સાધુઓ ગમે તેવા પાપોનું પણ પ્રાયશ્ચિત્ત કરવા માટે સહર્ષ તૈયાર થઈ જતા.

સેંકડો શિષ્યોની આવી અજબગજબની કાળજી કરવાની આ એમની કેવી દીર્ઘદૃષ્ટિ !

## ૫૨. કરુણાસાગર આચાર્યદેવ

નૂતન બાળદીક્ષિતને દશવૈકાલિકના જોગ ચાલતા હતા.

સ્વાભાવિક છે કે નવા અને નાના હોવાથી ગોચરીમાં કેટલું લેવું ? એની સમજણ ઓછી હોય.

એ મુનિ "ઓછું પડશે" એમ વિચારી પહેલા વધારે લઈને ચોક્ખું રાખતા. પછી છેલ્લે વધી પડતા હેરાન થતા.

માંડલીના વ્યવસ્થાપકને ગુસ્સો આવતો, "પહેલેથી જ ઓછું લો ને ? વધારે કેમ લો છો ?" એમ નૂતન બાલમુનિને ઠપકો આપતા.

એક દિ' એ ગોચરી વધારે વધી. પરઠવવી જ પડે એટલી બધી વધી. અને એ પણ પાછી એંઠી થઈ ગયેલી.

"દિવસે પડશે, આંબિલ વધશે"

એ વિચારથી એ નૂતન બાલ મુનિ ઉદાસ બની ગયા. એમના નિર્દોષ મુખ ઉપર અશ્રુબિંદુઓ મોતીની માફક ચમકવા લાગ્યા.

વ્યવસ્થાપકે એ દુઃખમાં વધારો કર્યો.

"રોજ કહું છું, પણ સુધરતા જ નથી. હવે આજે પરઠવો અને કરો એક દિ' વધારે."

એ જ વખતે સાગરસમુદાયના અધિપતિ, આગમજ્ઞાતા, પૂજ્યપાદ આચાર્યદેવ ત્યાંથી પસાર થયા. બાલમુનિની આંખમાં આંસુ જોયા, પૂછતાછ કરતા જ બધુ સમજી ગયા.

આચાર્યશ્રીએ તરત જ એ નૂતનમુનિની માંડલીમાં પ્રવેશી આસન પાથરી, બેસી ધડાધડ એ એંઠી ગોચરી વાપરી લીધી.

પેલા બાલમુનિ જોઈજ રહ્યા. એમની આંખના આંસુ બમણા થઈ ગયા. પણ હવેના આંસુ હર્ષના હતા. સૂરિજીની પોતાના પ્રત્યેની માતા જેવી લાગણીના દર્શન થયાના હતા.

સૂરિજીએ વાપરીને કહ્યું કે

"બસ, હવે તારો દિવસ નહીં પડે અને એંઠુ વાપરવાનું જે પ્રાયશ્ચિત્ત આવશે તે પણ હું કરી લઈશ. તારે કશી ચિંતા ન કરવી."

માથે વહાલ ભરેલો હાથ ફેરવી સૂરિજીએ વિદાય લીધી.

વર્તમાનકાળના તમામ ગુરુજનો જો આવા સ્નેહાળ-વાત્સલ્યસભર બની જાય તો શિષ્યોનો ગુણવિકાસ-દોષનાશ કેટલો બધો વેગીલો બને !

## ૫૩. ગુરુભક્તિ-ગુરુબહુમાન આને કહેવાય !

વૃદ્ધ ઉંમરે પણ એક આચાર્યદેવ રોજ એકાસણા જ કરતા હતા. તે પણ પ્રાયઃ બે જ દ્રવ્યના કરતા.

એ આચાર્યે પોતાના બે યુવાન શિષ્યોને હસતા હસતા કહ્યું કે

"કમ્મપયડિ ઉપર નાની મોટી જેટલી ટીકાઓ છે, એ બધી જ જો તમે બે જણ ૧૦ દિવસમાં અક્ષરશઃ વાંચી લો અને એ પદાર્થો એવી રીતે સમજી લો કે બીજાને પણ સમજાવી શકો. તો હું એક મહીના સુધી નવકારશી કરીશ. એકાસણા છોડી દઈશ."

આચાર્યશ્રી માનતા હતા કે "આટલું વિશાળ સાહિત્ય ૧૦ દિનમાં તો કોઈ વાંચી ન શકે."

એટલે એમણે તો ટુચકા રૂપે આ વાત કરી.

પણ ગુરુના આ વિશ્વાસ કરતા પણ એ બે શિષ્યોની ગુરુભક્તિ-ગુરુબહુમાનની શક્તિ વધી ગઈ.

"પોતાના વૃદ્ધ ગુરુદેવ એક મહીનો નવકારશી કરે અને એમાં પોતે નિમિત્ત બને તો કેટલો બધો લાભ થાય ? ગુરુદેવ આમ તો નવકારશી નહિ કરે, પણ આ રીતે એક મહીનો પણ નવકારશી કરે તો એમના શરીરને પોષણ મળી રહે."

આવા વિચારથી-બહુમાનથી એ બે મુનિઓએ ૧૦ દિવસમાં વિશાળ સાહિત્ય વાંચવાનું શરુ કર્યું.

બધી આવશ્યક ક્રિયા વિધિસર કરે, માંડલીનું કામ કરે પણ વાપરવામાં માત્ર ૧૫ મિનિટમાં વાપરીને તરત જ સ્વાધ્યાયમાં લાગી પડે. સૂર્યના છેલ્લા પ્રકાશ સુધી તેઓ શાસ્ત્રવાંચન કરે.

પાંચ દિવસ થઈ ગયા, એકવાર તો એમ લાગ્યું કે આ પૂર્ણ નહિ થાય. પણ છતાં બે ય શિષ્યોએ પોતાનો સખત પુરુષાર્થ ચાલુ જ રાખ્યો.

શાસ્ત્રોમાં કહ્યું છે કે **प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः , प्रारभ्य विघ्नविहिता विरमन्ति मध्याः । विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः प्रारब्धमुत्तमजना न परित्यजन्ति** જઘન્યમાણસો તો વિઘ્નોના ભયથી કાર્ય શરુ જ ન કરે. મધ્યમ માણસો કાર્ય શરુ તો કરે પણ પછી વિઘ્નો આવે એટલે થાકી-હારીને કામ છોડી દે. જ્યારે ઉત્તમપુરુષો તો વિઘ્નો વડે પુષ્કળ પરેશાની થાય તો પણ શરુ કરેલા કામને ન છોડે.

આ બેય મુનિવરો આવા ઉત્તમ હતા.

બરાબર ૧૦માં દિવસના અંતે સૂર્યાસ્ત બાદ છેલ્લા છેલ્લા આછા પ્રકાશમાં એ બેય મુનિઓએ છેલ્લો શ્લોક પૂર્ણ કર્યો અને જાણે કે વિશ્વવિજેતા બન્યા હોય એટલો બધો આનંદ એ બેય મુનિઓ અનુભવી રહ્યા હતા.

ખ્યાલ રહે કે

આશરે ૩૦૦૦ શ્લોક પ્રમાણ આ સાહિત્યમાં એક નાનકડી વાર્તા પણ આવતી નથી. એકલા તાત્વિક પદાર્થોથી = ગૂઢ પદાર્થોથી ભરેલું આ સાહિત્ય છે.

## ૫૪. ગુરુના ભાવોને સહજ રીતે સમજે એ શિષ્ય !

"સાહેબજી ! આ શ્રીખંડ છે."

૬૦ સાધુની વિશાળ માંડલીમાં ગોચરી વહોરીને આવેલા સાધુએ મુખ્ય આચાર્ય

ભગવંતને ચેતનામાં વહોરેલો શ્રીખંડ દેખાડ્યો.

સ્વાભાવિક છે કે વિશિષ્ટ વસ્તુ આવે તો એ તપસ્વી, બાલ, વૃદ્ધ વિશિષ્ટ સાધુને આપવામાં આવે.

પણ આચાર્ય ભગવંતે આંગળી ચીંધીને સુચન કર્યું કે

"આ અમુક સાધુને આ શ્રીખંડ વાપરવા આપી દો."

"સાહેબજી ! મારે તો શ્રીખંડ સંપૂર્ણ બંધ છે. કોઈ છૂટ નથી."

એ વિરાગી સાધુએ શ્રીખંડ ન ખાવા માટે પોતાની પ્રતિજ્ઞા ગુરુને જણાવી.

"મને ખબર છે, કે તને શ્રીખંડ બંધ છે. છતાં મારો આદેશ છે. વાપરી લે." આચાર્યશ્રી બોલ્યા.

"૬૦-૬૦ સાધુ હોવા છતાં પણ આચાર્યશ્રીએ શા માટે એક સાધુની બાધા હોવા છતાં પણ એને જ એ શ્રીખંડ વપરાવ્યો ?" એ પ્રશ્ન બધાને થયો, છતાં આચાર્યશ્રીની દીર્ઘદૃષ્ટિથી સૌ માહિતગાર હતા. બધા મૌન રહ્યા.

એ સાધુએ શ્રીખંડ વાપર્યો.

બીજા દિવસે સવારે બધા સાધુઓ રાબેતામુજબ આચાર્યશ્રીને ભેગા મળીને વંદન કરવા ગયા.

વંદન બાદ પેલા શ્રીખંડ વાપરનારા સાધુએ કહ્યું, "ગુરુદેવ ! આજે અઠ્ઠમનું પચ્ચક્ખાણ આપવા કૃપા કરશોજી."

"કેમ ? આજે કોઈ તિથિ વગેરે તો નથી. હમણાં શેનો અઠ્ઠમ ?"

આચાર્યે પ્રશ્ન કર્યો અલબત્ત એમના મુખ ઉપર અનોખો આનંદ તરવરતો દેખાતો હતો.

"ગુરુદેવ ! ગઈકાલે પ્રતિજ્ઞા હોવા છતાં મારે આપશ્રીની આજ્ઞાથી શ્રીખંડ વાપરવો પડ્યો. અલબત્ત, આપની આજ્ઞાથી જ વાપરેલો હોવાથી મને કોઈ જ દોષ ન લાગે.

પણ મારો સંકલ્પ છે કે જો શક્તિ પહોંચે તો ગુર્વાજ્ઞાથી છૂટ લેવા છતાં પણ અઠ્ઠમ કરવો. એટલે મારે આજે અઠ્ઠમ કરવો છે."

આચાર્યદેવ ખૂબ ખુશ થયા,

"શાબાશ ! આજે એક કારણસર કો'ક સાધુને મંગલરૂપે અઠ્ઠમ કરાવવાની મારી ભાવના હતી અને મને ખાત્રી હતી કે તને કહેવું નહિ પડે. તું સામેથી જ અઠ્ઠમ કરી

લે એ માટે જ મેં તને શ્રીખંડ વપરાવ્યો હતો."

ગુરુ-શિષ્યના મનોભાવોના આ મીલનને ૬૦ સાધુઓ આશ્ચર્યચકિત બનીને નિહાળી રહ્યા.

ગુરુ કહે અને શિષ્ય કરે એ શિષ્યની પાત્રતા-લાયકાત ઓછી કહેવાય. ઉત્તમોત્તમ શિષ્ય તો એવો હોય કે ગુરુના મનમાં જે ભાવ પ્રગટે, એમના કહ્યા વિના જ શિષ્યના મનમાં પણ એજ ભાવ પ્રગટે અને એ પ્રમાણે પ્રવૃત્તિ પણ થઈ જાય.

## ૫૫. ગુરુની ભક્તિ વિના ભોજન કેમ ભાવે ?

સેંકડો સાધુઓના અધિપતિ એક કડકસ્વભાવી આચાર્યદેવે પોતાના કો'ક શિષ્યની ભૂલ બદલ કડક થઈને સજા ફટકારી કે "તેં આ જે ભૂલ કરી છે. એની સજા નિમિત્તે આઠ દિન સુધી તારે મારું પડિલેહણ નહિ કરવાનું. મારા વસ્ત્રોનો કાપ નહિ કાઢવાનો. મારી કોઈપણ પ્રકારની સેવા કરવાની નહિ."

પેલા શિષ્યને માથે તો જાણે આભ તૂટી પડ્યું.

ગુરુસેવા-ગુરુભક્તિ, એ સાધુનો પ્રાણ હતો.

એ સાધુએ ગુરુના પગ પકડી ધ્રુસકે ધ્રુસકે રડી એ સજા માફ કરવા વિનંતી કરી "બીજી ગમે તે સજા કરો, ગુરુદેવ ! પણ મારી પાસેથી ગુરુભક્તિ છિનવી ન લો."

પણ આચાર્યદેવે કો'ક કારણસર બિલકુલ મચક ન આપી.

છેવટે એ શિષ્યે વિચાર કર્યો કે

"જે આઠ દિવસ હું ગુરુભક્તિ ન કરી શકું, એ આઠ દિન મને ગોચરી વાપરવાનો પણ શો અધિકાર ?"

અને એણે ભયંકર પશ્ચાત્તાપ સાથે રડતા રડતા આઠ દિન પૂર્ણ કર્યા.

નવમા દિવસે ગુરુના પ્રતિલેખન વગેરેનો લાભ મળ્યો એ પછી જ એમણે પારણું કર્યું.

જ્યારે કોઈક શિષ્યો પોતાના સાક્ષાત વિદ્યમાન ગુરુદેવના પ્રતિલેખન-કાપ-ઉપધિ ઉંચકવી, ગોચરીવપરાવવી વાણી આપવું... વગેરે કાર્યોમાં ઉપેક્ષા કરતા દેખાય ત્યારે સમજુ મુનિવરોને દુઃખ થાય.

ક્યાં આ ગુરુભક્તિ ન મળવાને લીધે આઠ આઠ દિન એક દાણો પણ ન ખાનારા મુનિરાજ !

અને ક્યાં ગુરુભક્તિ ખૂબ મળતી હોવા છતાં એની ઉપેક્ષા કરનારા અણસમજુ શિષ્યો !



## ૫૬. જીવનની પરીક્ષામાં નાપાસ ન થશો !

"એય યુવાન ! આ તારા ગામમાં બહારગામનાં પાંચ પાંચ યુવાનોની દીક્ષા થઈ રહી છે, એનો મહોત્સવ ચાલી રહ્યો છે અને તેમાં તારા ગામનો કોઈ જ યુવાન દીક્ષા લેવા તૈયાર નથી ? આ તો ધર્મનિષ્ઠ ગામ છે. તમારા માટે તો આ એક મોટું કલંક કહેવાય."

આચાર્યદેવે ગામના એક વિશિષ્ટ યુવાનને પ્રેરણા કરી.

એ યુવાનને વર્ષીતપ ચાલતો હતો. બી.કોમની પરીક્ષા આપવાના થોડાક જ દિ' બાકી હતા.

જે પાંચ યુવાનોની દીક્ષા થવાની હતી, એમની દીક્ષાને ચાર દિવસ જ બાકી હતા.

થનગનતા આ યુવાને આચાર્યદેવને જણાવ્યું કે

"જો આપને મારામાં પાત્રતા દેખાય તો હું જ દીક્ષા લઈશ. બીજા કોઈને શોધવા જવાની જરૂર નથી."

અને આચાર્યે શ્રીમંતઘરના એ યુવાનની પાત્રતા નિહાળી, મુખ પર જ્વલંત વૈરાગ્ય નિહાળીને દીક્ષા આપી.

બી.કોમની પરીક્ષા જે દિને આપવાની હતી એ જ દિને એ યુવાને જીવનની પરીક્ષા-સર્વવિરતિ સ્વીકારી અને ખરેખર એ પરીક્ષામાં સફળ થયા.

## ૫૭. શાસ્ત્રીય મર્યાદાઓના પાલનમાં કોઈની શેહ-શરમમાં તણાઈ જવું નહિ

"મત્થએણ વંદામિ"

બોલીને કેટલીક બહેનોએ = યુવતીઓએ લગભગ સૂર્યાસ્તના સમયે ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો.

સુરતના એ ઉપાશ્રયમાં બિરાજમાન આચાર્ય ભગવંત શાસ્ત્રાજ્ઞાઓના પાલનમાં અને એમાં પણ બ્રહ્મચર્યની વાડોના પાલનમાં અત્યંત કડક હતા.

આચાર્ય ભગવંત વયોવૃદ્ધ બની ચૂક્યા હતા. એમની ભાવના સ્થિરવાસ કરવાની હતી. સુરતના શ્રીસંઘે સ્થિરવાસ કરવા માટે આચાર્યદેવને વિનંતિ કરી અને એ વિનંતિ

સ્વીકારીને જ આચાર્યશ્રી ત્યાં પધાર્યા અને એક-બે દિવસમાં જ આ રીતે સૂર્યાસ્ત સમયે યુવતીઓએ ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. અકાળે વિજાતીય પ્રવેશ થતો જોઈ આચાર્યદેવે ધાક બેસાડવા માટે મોટેથી રાડ પાડી

**"अय लडकीओ ! यहां क्यु आइ हों ? मालुम नहि कि साम को साधु के उपाश्रय मे नहि आना चाहिए । नीकल जाओ यहां से".**

એ શબ્દો એટલા સખત અને મોટા હતા કે યુવતીઓ ગભરાઈ ગઈ અને તરત ભાગી ગઈ. તેમને ખોટું લાગી ગયું. ઘરે જઈને પોતાના વડીલો-ટ્રસ્ટીઓને વાત કરી. મુગ્ધ વડીલોએ આચાર્યની તરફેણ કરવાને બદલે એ બહેનોની તરફેણ કરી નાંખી.

સવારે ઉપાશ્રયમાં જઈને આચાર્યશ્રીને કહેવા લાગ્યા કે

"તમે અમારી દિકરીઓને આ રીતે ગમે તેમ ખખડાવો, એ ન ચાલે. તમારે વિવેક રાખવો જોઈએ."

આચાર્યદેવ સમજી ગયા કે ટ્રસ્ટીપણાનો રોફ જ એમને આ પ્રમાણે બોલાવી રહ્યો છે. ટ્રસ્ટીઓ એમ માનતા હશે કે "અમે આચાર્યને અહીં સ્થિરવાસ કરાવીને એમના ઉપર ઉપકાર કરીએ છીએ; એટલે અમારી વાત આચાર્યે માનવી જોઈએ."

આચાર્યદેવ પરમ નિ:સ્પૃહી હતા. એમણે સ્પષ્ટ ઉત્તર આપી દીધો કે **"यदि मैं यहां मरुंगा, तो शायद तुम मुझे चंदन से जलाओगे, लेकिन इसके लिए मैं अपने सिद्धांतो में बांध छोड करने के लिए तैयार नहि हुं, मैं यहां से चला जाउंगा, दुसरी जगह भले मुझे चंदन से जलाने वाले न मीले, किन्तु लकडी से जलाने वाले तो मील जायेंगे."**

અને એમણે બીજા જ દિવસે ત્યાંથી વિહાર કર્યો, નવસારી જલાલપુર પહોંચી ત્યાં જ સ્થિરવાસ કર્યો અને ત્યાં જ કાળધર્મ પામ્યા.

આજે પણ ત્યાં એમનું સમાધિસ્થાન વિદ્યમાન છે.

ગમે તેવા શ્રીમંતો-ભક્તો-શ્રાવકોની શેહશરમમાં બિલકુલ તણાયા વિના શાસ્ત્રીય મર્યાદાઓનું અણિશુદ્ધ પાલન કરનારા આવા શૂરવીર મુનિવરોથી જ જિનશાસન દેદિપ્યમાન છે.

## ૫૮. અધરું કશું જ નથી. બધું પ્રયત્નસાધ્ય છે

એક તપસ્વી મુનિરાજ છેલ્લા ૪૫ વર્ષથી અખંડ વર્ષીતપ કરી રહ્યા છે.

એમાં

(૧) ૨૦ વર્ષીતપ તો છ એ છ વિગઈના મૂળથી ત્યાગ સાથે કરેલા છે. એમ જ સમજો ને કે આંબિલ પૂર્વક ૨૦ વર્ષીતપ કર્યા છે.

(૨) કેટલાક વર્ષીતપ છઠ્ઠ દ્વારા કર્યા છે.

(૩) કેટલાક વર્ષીતપ અઠ્ઠમ દ્વારા કર્યા છે.

આવી દીર્ઘ તપશ્ચર્યા અંગે જ્યારે એમને પૃચ્છા કરવામાં આવી ત્યારે એમણે ઉત્તર આપ્યો કે

"આ વર્ષીતપ મારે તો હવે સ્વભાવભૂત થઈ ગયો છે. મને હવે દર બીજા દિવસે જ ભૂખ લાગે છે. ઉપવાસના દિવસે ભૂખ લાગતી જ નથી. ઉપવાસના દિવસોમાં વાપરવાનું યાદ પણ આવતું નથી."

(લગભગ ૯ થી ૧૦ હજાર ઉપવાસ એમના જીવનમાં થયા.)

કોઈપણ વસ્તુમાં જો દીર્ઘકાળ સુધી, નિરંતર, બહુમાનપૂર્વક પ્રયત્ન કરવામાં આવે તો એમાં સિદ્ધિ મળ્યા વિના ન રહે. એ પછી જીવના સ્વભાવભૂત બની જાય.

## ૫૯. અનોખો સિદ્ધિતપ

એક મહાત્માએ સિદ્ધિતપ કર્યો, પણ એ આશ્ચર્યજનક વિશિષ્ટ પ્રકારનો સિદ્ધિતપ હતો.

સિદ્ધિતપમાં ૧ ઉપવાસ + ૧ બેસણું + ૨ ઉપવાસ + ૧ બેસણું + ૩ ઉપવાસ + ૧ બેસણું...૮ ઉપવાસ + ૧ બેસણું... આમ કરવાનું હોય છે.

કુલ ૩૬ ઉપવાસ અને ૮ બેસણા એટલે ૪૪ દિવસનો આ સિદ્ધિતપ થાય.

પણ આ મહાત્માએ દરેકે દરેક બારી એટલીવાર કરી અર્થાત્

| | | | |
|---|---|---|---|
| ૧ ઉપવાસ | ૨ ઉપ. | ૩ ઉપ. | ૪ ઉપ. |
| ૧ બેસણું | ૧ બે. | ૧ બે. | ૧ બે. |
| | ૨ ઉપ. | ૩ ઉપ. | ૪ ઉપ. |
| | ૧ બે. | ૧ બે. | ૧ બે. |
| | | ૩ ઉપ. | ૪ ઉપ. |
| | | ૧ બે. | ૧ બે. |
| | | | ૪ ઉપ. |
| | | | ૧ બે. |

ટુંકમાં બીજી બારી બે વાર, ત્રીજી બારી ત્રણવાર, ચોથી બારી ચાર વાર, ...

આઠમી બારી આઠવાર કરી.

કુલ હીસાબ કરીએ તો **૨૪૦ દિવસનો આ તપ થયો, એમાં એમણે ૨૦૪ દિવસ ઉપવાસ કર્યા અને ૩૬ બેસણા કર્યા.**

આ ઉપરાંત આ મહાત્માએ પોતાના જીવનમાં **કુલ ૧૨૫ થી વધારે અઠ્ઠાઈઓ કરી** છે.

## ૯૦. કેવી અનાસક્તિ ! કેવી જીવદયા પરિણતિ !

૮-૧૦ વર્ષની નાનકડી ઉંમરે દીક્ષા લેનાર એ મુનિરાજ પરમવૈરાગી હતા. એમના તપ-ત્યાગ એટલા જવલંત હતા કે

**બીજા સાધુઓને પ્રાયશ્ચિત્તમાં ગુરુજનો વિગઈત્યાગ-મિષ્ટાન્નત્યાગની બાધા આપે, જ્યારે આ સાધુને એમના ગુરુ ભૂલ બદલ લાડવા ખાવાની શિક્ષા કરતા.**

લાડવા ખાવા એ જેને માટે શિક્ષા રૂપ બનતા હોય એમનો વૈરાગ્ય કેવો હશે !

આ મુનિ કોઈપણ ટોક્સી ભીની રહેવા ન દેતા. પાત્રી કે ટોક્સીમાં એક નાનકડું ચોક્ખુ પાણીનું ટીપું હોય તો પણ એ ન ચલાવતા. તરત લુંછી લેતા.

જ્યારે એમની આ ચીકાશ અંગે બીજા સાધુઓએ પ્રશ્ન કર્યો ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે

"આપણા માટે આ પાણીનું ટીપુ માત્ર એક નાનુ ટીપું જ છે. પણ નાના નાના જીવો માટે તો આ ટીપું મોતનો કુવો બની શકે છે. આના ઉપર જો એવા નાના જીવો પડે તો એ ચોંટી જાય, પછી ત્યાંથી ઉડી ન શકે અને મૃત્યુ પામે. એટલે હું પાત્રી કે ટોક્સીમાં એક ટીપું પણ રહેવા દેતો નથી. એ લુંછી લઉં છું. એમ જમીન ઉપર પણ ક્યાંય પાણી રહેવા દેતો નથી."

આચાર્ય પદવી થઈ ગયા બાદ પણ આ કેવી અદ્ભુત સૂક્ષ્મસંયમની કાળજી !

## ૯૧. આ તે પીપરમીંટ ? કે કડવી ગોળી ?

"ગુરુદેવ ! આ પીપરમીંટ તમે પણ ખાઓ ને ? આ ક્યાં અભક્ષ્ય છે ? તદ્દન નિર્દોષ છે."

એક બાલમુનિ પોતાના ગુરુદેવને-સેંકડો શિષ્યોના અધિપતિ ગચ્છાચાર્યને રોજ આ પ્રમાણે જીદ કરી પીપર મીંટ ખવડાવવા પ્રયત્ન કરતા.

પરમવિરાગી આચાર્યદેવ આવી તુચ્છ આસક્તિકારક વસ્તુ કદી ન વાપરતા

એમણે બાલમુનિનું બાળપણ જોઈને એમને ભક્ષ્ય પીપરમીંટ વાપરવાની રજા આપેલી.

રોજેરોજની બાલમુનિની જીદથી કંટાળીને એક દિવસ આચાર્યદેવે બાલમુનિને કહ્યું કે

"જો તારે મને પીપરમીંટ વપરાવવી જ હોય, તો હું તૈયાર છું. પણ એક શરત કે તારે એક જ દિવસમાં નવી ૧૦૦ ગાથા ગોખી આપવી પડશે. તું મને એ કડકડાટ સંભળાવી દે એ પછી હું પીપરમીંટ વાપરીશ."

આચાર્યદેવ એમ માનતા હતા કે આ બાલમુનિ દિવસની ૧૦૦ ગાથા તો ગોખી શકવાના નથી, એટલે એ હવે જીદ કરતા બંધ થાય. જ્યારે જીદ કરે ત્યારે આ જ વાત આગળ ધરી દેવાય.

પણ બાલમુનિ પણ ગાંજ્યા જાય એવા ન હતા. પોતાના ગુરુદેવને પીપરમીંટ વપરાવવાની પોતાની જીદ પૂર્ણ કરવા એમણે કમર કસી અને બીજા દિવસે સવારથી જ અંગુઠા પકડી ગોખવા બેસી ગયા.

સૂર્યાસ્ત સુધીમાં ૧૦૦ ગાથા ગોખી આચાર્ય દેવને કડકડાટ સંભળાવી દીધી.

આચાર્યદેવ આશ્ચર્ય પામ્યા, આનંદ પામ્યા પણ સાથે જ મુંઝવણ પામ્યા. કેમકે એ પીપરમીંટ જેવી તુચ્છ આસક્તિકારક વસ્તુ વાપરવા હરગીજ તૈયાર ન હતા.

પણ હવે શું થાય ?

તેઓ વચનથી બંધાયેલા હતા.

છેવટે એમણે સુંદર ઉપાય શોધી કાઢ્યો.

આસક્તિ પણ ન થાય અને વચનનો ભંગ પણ ન થાય એ માટે એમણે જેમ દવાની ગોળી પાણી વડે સીધી અંદર ઉતારી લઈએ, એને ચૂસીએ નહિ એ રીતે એ પીપરમીંટ પણ સીધી અંદર જ ઉતારી લીધી. જીભમાં એનો સ્વાદ ઉત્પન્ન જ ન થવા દીધો.

પોતાના ગુરુદેવને પોતાની પ્રિય વસ્તુ વપરાવવા માટે દિનની ૧૦૦ ગાથા ગોખવાનો અથાગ પુરુષાર્થ કરનારા એ બાલમુનિનો ગુરુ પ્રત્યેનો કેવો અપાર-અમાપ ભક્તિભાવ !

તો પીપરમીંટના સ્વાદને પણ ભયંકર પાપ ગણી દવાની કડવી ગોળીની જેમ ગળી જનારા એ આચાર્ય દેવનો કેવો અનાસક્ત ભાવ !

આવા શિષ્યો, આવા ગુરુજનો ક્યાંય જોયા છે ? જોવા મળે તો અમને ખાસ

જણાવશો, જેથી એમના દર્શન કરીને નેત્રોને પવિત્રતમ બનાવીએ.

## ૬૨. માસક્ષપણનું પારણું આવું ક્યાંય જોયું છે ?

"જો શિષ્ય ! તું ૧૦-૩૦ વાગે આંબિલની ગોચરી વહોરીને ઘેટી ઉપાશ્રયે પહોંચી જજે. હું ત્યાં આવી જઈશ. ત્યાં જ પારણું કરીશું."

એક આચાર્યદેવે શિષ્યને આદેશ કર્યો.

ઘોર તપસ્વી આ આચાર્યદેવે ગિરનારની છત્રછાયામાં માસક્ષપણનો તપ પ્રારંભ્યો હતો, ચાલુ તપમાં વિહાર કરીને તેઓ સિદ્ધાચલ પહોંચ્યા. પારણાના દિવસે યાત્રા કરી પછી ઘેટીની પાગે ઉતરી ઘેટી ગામમાં જઈ આંબિલથી જ પારણું કરવાનો એમણે નિર્ણય કર્યો, અને એ માટે શિષ્યને ઘેટી ગામે સાડા દસ વાગે ગોચરી લાવી રાખવાનો આદેશ કર્યો.

પણ

આ આચાર્યદેવ ૩૦ ઉપવાસને પારણે યાત્રા કરી દાદાના દરબારે પહોંચ્યા, દાદાને જોઈ ભક્તિમાં ભાન ભૂલ્યા, સમય વીતતો ગયો...

ઘેટીના ઉપાશ્રયે ૧૦-૩૦ વાગે પહોંચવાને બદલે છેક બપોરે બે વાગે, સાડા ત્રણ કલાક મોડા પહોંચ્યા. શિષ્ય ત્યાં રાહ જોતો હતો.

અલબત્ત આચાર્યદેવના ભક્તિભાવથી એ માહિતગાર હતો, એટલે એને ઝાઝી ચિંતા ન થઈ પણ લાવેલી આંબિલની ગોચરી બપોરે બે વાગ્યા સુધીમાં તો સાવ ઠંડી થઈ જાય. એ માસક્ષપણના પારણે શી રીતે વપરાય ? એટલે એ મુનિરાજ આચાર્યના આવ્યા બાદ પાછા ગોચરી લેવા ચાલી નીકળ્યા.

"કેમ ? હજી ગોચરી લેવા જાય છે ? હમણાં ગોચરી આવી નથી ?" આચાર્યદેવે પ્રશ્ન કર્યો.

"ગુરુદેવ ! ગોચરી તો આવી ગઈ છે. પરંતુ એ તો સાડા દશ વાગ્યાની લાવેલી છે. એકદમ ઠંડી થઈ ગઈ છે. એ હું વાપરી લઈશ. આપના માટે અજૈનોના ઘર વગેરેમાંથી રોટલા-રોટલી વગેરે લઈ આવું છું." (આચાર્ય દેવ નિર્દોષગોચરીના આગ્રહી હતા)

શિષ્યે ઉત્તર આપ્યો.

પણ આ તો અત્યંત નિઃસ્પૃહ આચાર્યદેવ !

શિષ્યને અટકાવીને સાવ-સાવ ઠંડી થઈ ગયેલી ગોચરી વડે માસક્ષપણનું પારણું આંબિલથી બપોરે બે વાગે કર્યું.

શરીર પ્રત્યે કેવો નિર્મમત્વભાવ !

## ૬૩. મીઠાઈ (સ્વાધ્યાય) સાકર (સાધુભક્તિ-બહુમાન) વિનાની ન શોભે

એ મુનિરાજ હતા ગણિપદવીના ધારક !

અનેકાનેક સાધુઓને આગમોનું અધ્યયન કરાવનાર વિદ્યાગુરુ !

૨૮ વર્ષના દીર્ઘદીક્ષાપર્યાયવાળા !

વિદ્વત્તામાં - આગમબોધમાં જેમનો જોટો ન જડે એવા પ્રકાંડ શાસ્ત્રજ્ઞાતા !

એમનો વિશાળ સમુદાય અમદાવાદના એક ઉપાશ્રયમાં ભેગો થયો હતો. એક આચાર્ય પદવીના પ્રસંગે બધા ભેગા થયેલા હતા. ગોચરી છેક ઉપાશ્રયના પાંચમા માળે બેસતી હતી.

આચાર્ય પદવીના દિવસે સવારે બધા જ મહાત્માઓ આચાર્ય પદવીના વિશાળમંડળમાં પહોંચી ગયા હતા.

આ મુનિરાજે વિચાર કર્યો કે "બપોરે બધા પાછા આવશે, ત્યારે તરસ્યા થયા હશે અને ઠંડુ પાણી ઝંખતા હશે, લાવ ! આજે એ બધો લાભ હું લઉં."

અને

"હું વિદ્વાન છું, ઘણાઓનો વિદ્યાગુરુ છું, ગણિ છું, ૨૮ વર્ષના દીક્ષાપર્યાય વાળો છું." આ તમામ વિશેષણોને વિસરી જઈ

"હું મુનિ છું, સાધુ-સહાયક છું." એ એક માત્ર વિશેષણ યાદ રાખી એ મુનિએ છેક ભોંયતળીયેથી પાંચમે માળે પાણીના ઘડાઓ લઈ જવાના શરુ કર્યા.

કુલ ૯૨ ઘડા પાણી પાંચમા માળે પહોંચાડ્યું, ઠારીને ઠંડુ કર્યું. બપોરે પાછા આવેલા મુનિઓએ જ્યારે આ હકીકત જાણી, ત્યારે તેઓ આશ્ચર્ય પામ્યા, ખૂબ અનુમોદના કરી.

અહંકારનો નશો ઉતારી ગચ્છભક્તિ માટે આવો પુરુષાર્થ ખેડનારા મહામુનિઓ જિનશાસન રૂપી મુકુટમાં રત્નની માફક શોભી રહ્યા છે.

## ૬૪. નિર્દોષ પાણી માટેનો સખત પુરુષાર્થ !

એ મહામુનિ નિર્દોષ ગોચરીની માફક નિર્દોષ પાણીના પણ ખૂબ ખપી ! નિર્દોષ

પાણી માટે કલાક-બે કલાક ફરવામાં પણ એમને કદી કંટાળો આવ્યો નથી.

દીક્ષા પૂર્વે સાતેય વ્યસનોમાં ખૂંપેલા હતા. એમના ધર્મપત્ની રસોડામાં કંઈક ભૂલને કારણે સળગી ગયા. આ પતિ ઉપર પત્નીને બાળી નાંખવાનો આરોપ આવ્યો, કેસ ચાલ્યો અંતે નિર્દોષ જાહેર થયા, પણ એમને સંસાર પર વૈરાગ્યભાવ બીજ રૂપે પ્રગટી ગયો.

એમાં વળી એકવાર નાસિકમાં પ્રભાવક સાધુની શિબિરો ભરી અને પાંચ-સાત દિવસના વ્યાખ્યાનશ્રવણ બાદ તેઓ દીક્ષા લેવાની તીવ્રતમ ભાવનાવાળા બન્યા. સાંસારિક વિઘ્નો દૂર કરીને દીક્ષા લીધી અને આજે અતિ-ઉત્તમ કોટિનું સંયમજીવન જીવી રહ્યા છે.

એકવાર સવારે ૩૨ કિ.મી.નો વિહાર કરીને એક ગામમાં પહોંચ્યા. પણ ત્યાં ઘણી તપાસ કરવા છતાં નિર્દોષ પાણી ન મળ્યું. અલબત્ત સાધુ-સાધ્વીઓ માટે ઉકળતું દોષિત પાણી તો હાજર હતું જ, પણ આ મહામુનિએ એનો ઉપભોગ ન કર્યો અને હસતે મોઢે ચોવિહાર ઉપવાસના પચ્ચક્ખાણ સ્વીકારી લીધા.

એ મુનિરાજ કહે છે કે

"૧૫-૨૦ વર્ષમાં મને ઉકાળેલું નિર્દોષ પાણી બિલકુલ ન મળ્યું હોય એવા દિવસો તો ૧૦-૧૫ પણ ભાગ્યે જ થયા છે. મોટાભાગે સંયમપ્રભાવે પાણી મળી રહે છે.

હા ! એના માટે ક્યારેક કલાક-કલાક ફરવું પડે. ઘણીયવાર અજૈનોના ઘરોમાંથી પણ તેઓએ બીજા કોઈ કામ માટે ઉકાળેલું પાણી પણ મળી રહે છે. પાણી ક્યારેક એક બે ટોક્સા જેટલું જ મળે તો એ ચલાવી લેવું પડે છે. પણ જિનાજ્ઞા પાળવાનો અનેરો આનંદ અનુભવું છું."

આ મુનિરાજ એટલા બધા નમ્ર-નિખાલસ છે કે પોતાની સાધનાની વાતો કદી કોઈને કરતા નથી. અત્યંત જૂજ વ્યક્તિઓને જ ઘણી પૂછતાછ થવાના કારણે એમણે આ વાતો જણાવી છે.

સ્વાધ્યાયનો રસ એટલો બધો કે બીજા સમુદાયના સાધુઓનો પાઠ ચાલતો હોય, તો પણ એ શાસ્ત્રવાંચન કરવા ત્યાં નમ્ર-નાના બનીને બેસી જાય.

"આ મુનિનો પરિણામ ખરેખર શાસ્ત્ર સાપેક્ષ છે." એનું સચોટ ઉદાહરણ એ કે તે નિર્દોષપાણી જ વાપરવાના આગ્રહી હોવા છતાં એ ઉત્સર્ગમાર્ગનાં અતિરાગી નથી.

અપવાદ માર્ગ વખતે તેઓ દોષિત પાણી પણ વાપરી લે છે.

તેઓએ જ કહેલી આ વાત કે

"જ્યારે ગચ્છાધિપતિ મને કોઈ વૃદ્ધ-ગ્લાનાદિની સેવામાં મૂકે છે, ત્યારે હું એમની સેવામાં જ વધુ ધ્યાન આપું છું. એ વખતે જો હું મારા નિર્દોષ પાણી માટે કલાક કલાક ફરું તો વૃદ્ધ-ગ્લાનાદિને ગોચરી સમયસર ન પહોંચે, એમની ઉપાશ્રયમાં કાળજી ન થાય. એટલે વૈયાવચ્ચના સમયે તો હું વૈયાવચ્ચ જ કરું છું. કોઈપણ રીતે વૃદ્ધ ગ્લાનાદિને સમાધિ આપવાનો જ મારો ઉદ્દેશ હોય છે..."

## ૬૫. બ્રહ્મચર્યની વાડો બ્રહ્મચર્ય જેટલી જ અગત્યની સમજવી

એક પ્રભાવક આચાર્ય ભગવંત પોતાના વિશાળ શિષ્યવૃંદ સાથે સાંજે ૧૧-૧૨ કિ.મી.નો વિહાર કરીને ૨૦-૨૫ ઝૂંપડાવાળા એક ગામમાં રોકાવાના હતા.

એમની વ્યવસ્થા ગોઠવવા શ્રાવકો ત્યાં ગયા, પણ સાધુઓ સાથે સાધ્વીવૃંદની પણ વ્યવસ્થા ગોઠવવાની હતી એટલે જુદી જુદી બે જગ્યા જરૂરી હતી.

શ્રાવકોએ ત્યાં ઘણી ઘણી તપાસ કરી, પણ ત્યાં માત્ર એક મોટો ઓરડો જ મળ્યો, એ સિવાય કશું જ ન મળ્યું.

હવે શું થાય ? માત્ર એકજ વિશાળ ઓરડામાં વિશાળ સાધુવૃંદ અને સાધ્વીવૃંદ સાથે શી રીતે રહી શકે ?

અંતે કોઈપણ બીજો ઉપાય ન મળ્યો એટલે શ્રાવકોએ એ ઓરડાની વચ્ચોવચ્ચ ઘાસની ગંજીઓ ગોઠવી દીધી અને એ રીતે એ મોટા ઓરડાને બે ભાગમાં વેંચી નાંખ્યો. જેથી એકબાજુ સાધુઓ રહી શકે અને બીજી બાજુ સાધ્વીજીઓ ! કોઈ કોઈને જોઈ ન શકે. દરવાજા પણ બંનેના જુદા જુદા હતા.

સાંજના સમયે આચાર્યદેવ વિહાર કરીને પધાર્યા, શ્રાવકોએ ઓરડો દેખાડ્યો, બધી વાત કરી. આચાર્યદેવને આ રીતે એક જ રૂમમાં ઉતરવું બિલકુલ ઉચિત ન લાગ્યું.

"ભલે વચ્ચે ઘાસની ગંજીઓ હોય, પણ એકબીજાના અવાજ તો સંભળાય જ ને? શાસ્ત્રમાં તો એની પણ ના પાડી છે."

આચાર્યદેવે ગામમાં બીજી જગ્યા માટે જાતે તપાસ કરી, પણ એમને ખ્યાલ આવી ગયો કે "શ્રાવકોની વાત સાચી છે. બીજી કોઈજ જગ્યા નથી."

આચાર્યદેવે આગળના સ્થાનની પૃચ્છા કરતા જાણવા મળ્યું કે આગળ પાંચ કી.મી. બાદ પાણીની પરબડી આવે છે. ત્યાં સંથારો કરવાની જગ્યા મળી રહે.

આચાર્યદેવે શિષ્યવૃંદને આદેશ કર્યો કે "ઉપધિ છોડતા નહિ, આપણે આગળ જઈ પાણીની પરબડીમાં સંથારો કરવાનો છે."

૧૧-૧૨ કિ.મી. સાંજે ચાલીને થાકી ગયા હોવા છતાં સુવિનીતશિષ્યોએ બ્રહ્મચર્યની વાડની રક્ષા માટે આ પ્રસ્તાવ સહર્ષ વધાવી લીધો અને સાધ્વીજીઓને એ ઓરડામાં ઉતરવા દઈ સાધુઓ આગળ ચાલ્યા.

આશરે ૮-૩૦ વાગે તેઓ પાણીની પરબડીએ પહોંચ્યા, સખત થાક લાગ્યો હોવા છતાં બ્રહ્મચર્યવાડની રક્ષા રૂપી ઉત્તમોત્તમ જિનાજ્ઞા પાળવાનો અનેરો આનંદ તેઓ અનુભવી રહ્યા હતા.

અનંતાનંત વંદન હો આવા કટ્ટર બ્રહ્મચારી આચાર્યદેવને અને એમના અત્યંત સુવિનીત શિષ્યવૃંદને !

## ૬૬. 'અમારે દોષિત ગોચરી નથી વાપરવી'

પોતાના ગુરુદેવ સાથે બે મુનિઓ રાતા મહાવીરમાં રોકાયા હતા. બેય મુનિઓને ઓળી ચાલતી હતી.

રાતા મહાવીર એટલે જાણે કે તદન સૂમસામ વગડો જ જોઈ લ્યો! કોઈ ગામ નહિ કે ઘરો નહિ.

એક ભક્ત શ્રાવકે ત્યાં રસોડું ખોલેલું હતું અને બધી વ્યવસ્થા ગોઠવી હતી

પણ

આ મુનિરાજો તો નિર્દોષ ગોચરીના ખપી !

એમને આ બધું દોષિત શેં ખપે ?

રાતા મહાવીરથી ૪ કિ.મી. દૂર વીજાપુર ગામ હતું. ત્યાં અજૈનોના ઘરોમાંથી નિર્દોષ ગોચરી મળી રહેતી હતી.

પણ

ચૈત્ર-વૈશાખનો ધોમધખતો તાપ !

બપોરે ગોચરી લેવા જવું !

રાજસ્થાનની ગરમી !

વિચારતા પણ કંપારી છૂટે.

છતાં એ મુનિવરોએ એ બીડુ ઝડપી લીધું.

અને

રોજ બપોરે ચાર કી.મી. ચાલી વીજાપુર ગામમાં જાય, ગોચરી વહોરી વળી ચાર કિ.મી. ચાલી રાતા મહાવીર પાછા ફરે. આમ રોજેરોજ આઠ આઠ કિ.મી.ના ભરતડકાના વિહાર કરીને તેઓએ એ દિવસો પસાર કર્યા.

## ૯૭. શરીર ભલે ઘરડું થાય, આત્મા કદી ઘરડો થતો નથી

૪૯ વર્ષની ઉંમરે એમણે દીક્ષા લીધી ત્યારે તેઓ કુલ ૪૫ વર્ધમાનતપની ઓળી કરી ચૂક્યા હતા. તબિયત બહુ સારી ન હોવા છતાં એ બેસણાથી ઓછું પચ્ચક્ખાણ કદી ન કરતા અને પાંચતિથિ આયંબિલ કરતા.

૩૭ થી ૮૭ આ પચાસ વર્ષ દરમ્યાન એમણે પાંચતિથિ આંબિલ અને એ સિવાય બેસણા... આનાથી ઓછુ પચ્ચક્ખાણ કર્યું જ નથી.

એટલું જ નહિ, દીક્ષા પૂર્વે થયેલી ૪૫ ઓળીઓ પછી બીજી ૫૫ ઓળીઓ અહીં આવીને પૂર્ણ કરી ૧૦૦ ઓળીના તપસ્વી પણ બની ચૂક્યા છે.

છતાં એ મહાત્માનો એવો ભાવ હતો કે "મેં ૪૫ ઓળી તો સંસારીપણામાં જ કરેલી એટલે સાધુપણામાં તો મેં ૪૬ થી ૧૦૦ ઓળી જ કરી છે. મારે તો સાધુપણામાં જ ૧ થી ૧૦૦ ઓળી પૂર્ણ કરવી છે."

અને ૮૭ વર્ષની ઉંમર સુધીમાં તેઓ બીજી ૧ થી ૩૭ ઓળી કરી ચૂક્યા. આવી પાકટ વયોવૃદ્ધ ઉંમરે પણ એમનો પરિશ્રમ ચાલુ જ છે.

કોણ કહે છે કે વૃદ્ધદશામાં આરાધનાઓ - તપશ્ચર્યાઓ ન થાય ?

જો આત્મા દૃઢ સંકલ્પ કરે તો એ જે ધારે તે બધું જ કરી શકે.

## ૯૮. બાલમુનિ આખી જીંદગી લીલા શાક અને ફળો ત્યાગી શકે !

આજથી લગભગ ૪૪ વર્ષ પૂર્વે દીક્ષિત થયેલા એ બાલમુનિના જે વખતે વડીદીક્ષાના જોગ પણ થયા ન હતા અને એ દાંડાની મર્યાદામાં બેસીને વાપરતા હતા, એ વખતની આ વાત છે.

આચાર્યદેવ બાલમુનિને કેરીનો રસ વપરાવવા માટે કેરીના રસથી ભરેલી તરપણી લઈને સીધા જ દાંડાની અંદર પ્રવેશી ગયા.

પેલા બાલમુનિ તો ગભરાઈ ગયા.

"ગુરુદેવ ! મારું તો પેટ ભરાઈ ગયું છે. હવે આ મારી માંડલીમાં આવેલો રસ

હું બિલકુલ વાપરી નહિ શકું. અને બીજા પણ નહિ વાપરી શકે. આપે આ શું કર્યું?"

આચાર્યદેવે હસતા હસતા કહ્યું કે

"અરે ! તું તો જાણે જોરદાર વૈરાગી હોવાનો દેખાવ કરે છે. કેરીનો રસ વાપરવાની પણ ના પાડે છે. એટલો બધો વૈરાગ્ય હોય તો લે, અત્યારે જ હાથ જોડ. આખી જીંદગી માટે કેરીના રસની બાધા આપી દઉં."

એકજ ક્ષણમાં એ મુનિએ તહત્તિ કર્યું અને હાથ જોડી દીધા. બાલમુનિની આવી તૈયારી જોઈ આચાર્યદેવ વિચારમાં પડ્યા.

પણ એમણે તો વધુ સખત વાત કરી,

"માત્ર કેરીનો રસ ત્યાગવાથી શું વળે ? શાસ્ત્રોમાં તો તમામ ફળોનો અને તમામ લીલા શાકભાજીનો સ્પષ્ટ નિષેધ કર્યો છે યુવાન સાધુઓ માટે આ લીલી વનસ્પતિઓ તાલપુટ ઝેર સમાન છે. હિંમત હોય તો બોલ ! માત્ર કેરીના રસની નહિ, પરંતુ તમામ ફળોની અને તમામ વનસ્પતિની બાધા આપી દઉં તને."

ગુરુની ઈચ્છાને આજ્ઞા માનનારા આ બાલમુનિએ પળનો પણ વિલંબ કર્યા વિના આખી જીંદગી માટે એ બાધા લેવાની તૈયારી બતાવી અને ખરેખર આચાર્યદેવે એની પાત્રતા નિહાળીને એ મુનિને બાધા આપી.

વિ.સં. ૨૦૧૮ની સાલમાં આ પ્રસંગ બન્યો.

આજે તો એ બાલમુનિ પ્રભાવક આચાર્ય છે, પણ આજ સુધી અખંડપણે એમણે આ નિયમ પાળ્યો છે. ગમે એટલી માંદગી આવી, પણ એમણે સંતરાનો રસ... વગેરે કોઈપણ લીલોતરી વાપરી નથી. ડોક્ટરો ગમે તે કહે કે શિષ્યો પણ ભલે ગમે તેટલો આગ્રહ કરે પણ એમના માટે તો એ બે કરતા પણ ગુરુવચન-પ્રતિજ્ઞા પ્રધાન છે.

## ૬૯. માતાને છોડીને માસી પાસે શીદ ને જાઉં ?

૫૫ વર્ષના દીર્ઘ દીક્ષાપર્યાયવાળા યોગીપુરુષ એક પંન્યાસજી ભયંકર બિમારીમાં પટકાયા, પણ એ કદી બિમારી દૂર કરવા માટે સાવદ્ય ઉપાયો અજમાવતા ન હતા. ન તો એ બ્લડ ચેક કરાવે કે ન તો એ એક્સ-રે પડાવે. એલોપથી દવાઓથી પણ એ છેટા જ રહેતા તો આયુર્વેદિક દવાઓને પણ તિલાંજલિ આપતા.

એમને સમાધિ ટકતી હતી, પ્રસન્નતા રહેતી હતી એટલે એ સાવદ્ય ઉપાયોથી અળગા રહેતા.

પણ આ ભયંકર બિમારીમાં એમને સપડાયેલા જોઈને અન્ય સમુદાયના એક

પંન્યાસજીએ એમને સૂચના કરી કે

"તમે સાવદ્ય ઉપાય નહિ અજમાવો તે બરાબર. પણ એક્યુપ્રેસર તો સાવ જ સીધો-સાદો ઉપાય છે. એમાં તો કોઈ જ દોષ નથી. માત્ર શરીરના તે તે ભાગ દબાવવાના હોય છે, એનાથી જ ઘણી બધી રાહત થઈ જાય છે."

આ સાંભળીને આ ગ્લાન પંન્યાસજીએ હસતા હસતા પ્રત્યુત્તર વાળ્યો કે

"તમારી વાત સાચી છે. પણ નમસ્કાર મહામંત્ર મારી માતા છે. તો આ બધા કહેવાતા નિરવદ્ય ઉપાયો મારી માસી છે. માતાને છોડી માસી પાસે હું શીદને જાઉં?

મને સારું કરવું હશે તો મારી માતા કરશે, માસીના શરણે જવાની અને એના દ્વારા સારા થવાની મારી તૈયારી નથી."

સમજાતું નથી કે આ મહાત્માની દેહ પ્રત્યેની નિર્લેપવૃત્તિ ચડી જાય ? કે પછી નમસ્કાર મહામંત્ર પ્રત્યેની અડગ શ્રદ્ધા ચડી જાય ?

## ૭૦. એક સંયમી મહાત્માની ત્રણ વિશિષ્ટ બાબતો

(૧) એ કદી કોઈને કવર-ટપાલ લખતા નહિ. ન છૂટકે લખવી પડે ત્યારે દરેક ટપાલ દીઠ પંચાંગપ્રણિપાત પૂર્વક ૧૦ ખમાસમણા આપવાનો એમણે અભિગ્રહ ધારેલો હતો.

(૨) જો રાત્રે સાડા ચાર કલાક કરતા થોડીક પણ વધુ ઉંઘ થાય તો એ સંયમી બીજા દિવસે એકાસણામાં શાકનો ત્યાગ કરતા.

(૩) જો ક્યારેય પણ દિવસે ઉંઘવાનું થાય તો એક દિવસ ઉંઘ બદલ એક ઉપવાસ કરી લેતા.

## ૭૧. તપશક્તિ T.B.ને પણ મટાડી દે.

મોહમયી નગરીમાં એક મુનિરાજને ત્રીજા તબક્કાનો ટી.બી. (ક્ષયરોગ) થઈ ગયો. હાલત ગંભીર બની. ગમે ત્યારે ગમે તે થઈ જાય એવી પરિસ્થિતિ સર્જાણી, એમને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા.

ડોક્ટરોએ યોગ્ય સારવાર બાદ જણાવ્યું કે "તમારે રોજ ચાર વાર વાપરવું પડશે અને અમુક અમુક દવાઓ લેવી પડશે. એ વિના આ ટી.બી.માંથી તમે બચી નહિ શકો."

મુનિરાજ ધ્રૂજી ઉઠ્યા. એમણે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે "હું મારા

પ્રાણપ્યારા એકાસણા કદી નહિ છોડું. અને પાંચ તિથિ આંબિલ કરીશ જ. આટલું સાચવ્યા બાદ તમારી દવાઓ લઈશ. તમે એ પ્રમાણે ઉપચાર સૂચવો.''

ડોક્ટરોએ પણ સામે કડક ભાષામાં જણાવી દીધું કે "જો આ રીતે તમારી જીદ હોય તો પછી ટ્રીટમેન્ટ શક્ય જ નથી. ચાર ટાઈમ વાપર્યા વિના અને ત્રણ ટાઈમ ગોળી લીધા વિના કશોં ફેરફાર ન થાય. કાં આરાધના કરો કે કાં દવા કરો.... બેમાંથી એક પસંદ કરી લો.''

એ મુનિવર ઝાઝુ વિચાર્યા વિના ઉભા થઈ સડસડાટ હોસ્પિટલના દાદરા ઉતરી ગયા અને ઉપાશ્રયે આવી ગુરુને કાકલુદી ભરી વિનંતિ કરીને સીધા અઠ્ઠમના પચ્ચક્ખાણ લઈ લીધા. (ટી.બી. એવો રોગ છે કે જેમાં તો પોષ્ટિક વસ્તુઓ વાપરવી પડે. નહિ તો શરીર વધુને વધુ ઘસાતું જાય... અંતે મોત આવે.)

ધીમે ધીમે તે મુનિવર તપમાં આગળ વધ્યા.

૩૦ ઉપવાસ પૂર્ણ થયા.

કોણ જાણે એ મુનિવરને તપની કેવી ભૂખ લાગી હશે કે ૩૦ ઉપવાસના પારણે પારણું કરવાને બદલે આંબિલ શરુ કર્યા, અને લગાતાર ૪૦ આંબિલ કર્યા.

વગર દવાએ; વગર વિગઈસેવને ટી.બી. સંપૂર્ણ ગાયબ થઈ ગયો.

જરાક માંદગી આવે એટલે ઝટપટ બધા પ્રકારની છૂટ લઈ લેનારા આપણે ત્રીજા સ્ટેજના ટી.બી.માં વધુ ઘોર તપના માર્ગ ઉપર ચડી જનારા આ મુનિરાજને જોઈ શરમાવા જેવું નથી લાગતું શું ?

ધર્મની તાકાત અપ્રતિમ છે, અગાધ શ્રદ્ધા સાથે કરવામાં આવેલા ધર્મ દ્વારા રોગાદિ નાશ પામે એ શક્ય જ છે. એમાં શંકા થવી એ સમ્યગ્દર્શનની મંદતાની નિશાની છે.

## ૭૨. અધધધ...તપ

આજથી લગભગ ૪૦૦ વર્ષ પૂર્વે થયેલા એક મુનિરાજે જે ઘોર-અતિઘોર તપ પોતાના જીવનમાં આદર્યો હતો, એનું સ્વરૂપ જરાક નિહાળીએ.

માસક્ષપણ ૫૦ વાર = ૩૦ x ૫૦=૧૫૦૦ ઉપવાસ

૨૦ ઉપવાસ ૫૦ વાર = ૨૦ x ૫૦=૧૦૦૦ ઉપવાસ

૧૬ ઉપવાસ ૨૦ વાર = ૨૦ x ૧૬=૩૨૦ ઉપવાસ

૧૪ ઉપવાસ ૧૪ વાર = ૧૪ x ૧૪=૧૯૬ ઉપવાસ

૧૩ ઉપવાસ ૧૩ વાર =૧૩ x ૧૩=૧૬૯ ઉપવાસ

૧૨ ઉપવાસ ૧૨ વાર =૧૨ x ૧૨=૧૪૪ ઉપવાસ

૮ ઉપવાસ ૨૮૧ વાર =૮ x ૨૮૧=૨૨૪૮ ઉપવાસ

૩ ઉપવાસ ૧૫૬૦ વાર =૩ x ૧૫૬૦=૪૬૮૦ ઉપવાસ

**કુલ = ૧૦૨૫૭ ઉપવાસ**

આ ઉપરાંત આ મુનિએ ધન્ના અણગારનો નવમાસી તપ કર્યો, જેમાં ૪ વાર ૯ ઉપવાસ, ચાર વાર અઠ્ઠાઈ અને ચાર અઠ્ઠમ કરેલા. ૭૦ દિવસ છઠ્ઠના પારણે છઠ્ઠ કરેલા. જેમાં પારણામાં માત્ર છાશ વાપરેલી.

આ સિવાય છૂટા-છૂટા કરેલા ઉપવાસ વગેરે બધાનો સરવાળો કરીએ તો આ **મહામુનિએ કુલ ૩૮ વર્ષના પર્યાયમાં ૧૧૩૨૧ (૩૧ ૧/૨ વર્ષ= સાડા એકત્રીસ વર્ષ) તો ઉપવાસ જ કર્યા છે. માત્ર ૬ ૧/૨ (સાડા છ) વર્ષ જેટલા પારણા કર્યા છે.**

એમણે ૧૨ વર્ષ વિગઈત્યાગ કરેલો.

૫ વર્ષ ઠંડી સહન કરવા કપડો ઓઢવાનું બંધ રાખેલું.

૫ વર્ષ આડા પડખે સુવાનું બંધ રાખેલું.

ચાર બહેનો પૂજા કર્યા બાદ એક સાથે ઘી વહોરાવે તો વહોરવું એવો એમનો અભિગ્રહ હતો, અને એ અભિગ્રહ ત્રણ વર્ષ બાદ **નરોડા**માં પૂર્ણ થયો હતો.

આ મુનિવર અમદાવાદ **નરોડા**માં જ કાળધર્મ પામ્યા હતા.

## ૭૩. કેવી જીવદયાની પરિણતિ ! કેવી સહનશીલતા !

એક આચાર્ય ભગવંતે પોતાના ૪૮ વર્ષના સંયમ પર્યાય દરમ્યાન કુલ ૩ કરોડ ૬૩ લાખ નમસ્કાર મહામંત્રનો જપ કર્યો હતો, અર્થાત્ ૩ લાખ ૬૩૦૦૦ બાંધી નવકાર ગણી હતી. ૪૮ વર્ષના દિવસ ૪૮ x૩૬૦=૧૭૨૮૦ થાય. અંદાજે રોજની ૨૦ બાંધી નવકારવાળી થાય.

આ આચાર્ય દેવને એકવાર હાથ ઉપર ખરજવાનો રોગ થયો. ડોક્ટરે એના ઉપર લગાડવા માટેની જે દવા આપેલી તે હિંસક વસ્તુઓમાંથી બનેલી હોવાથી આચાર્યદેવ એ દવાનો ઉપયોગ કરવા તૈયાર ન હતા.

છેવટે એમણે છરી વડે છોલી છોલીને એ ખરજવું દૂર કર્યું, એમાં અતિ અતિ

ભયંકર વેદના થઈ છતાં આચાર્યે હિંસક દવા ન જ વાપરી.

## ૭૪. ભક્તિ કરવી જ હોય તો અનેક રીતે થઈ શકે

એકવાર સમૂહ દીક્ષાના પ્રસંગે ૧૦૦ સાધુઓનો સમુદાય ભેગો થયેલો હતો. ત્યારે બેજ વર્ષના પર્યાયવાળા, શ્રીમંતઘરના યુવાન સાધુને તમામ સાધુઓની કંઈક ભક્તિ કરવાનું મન થયું.

૧૦૦ની ગોચરી કે પાણી લાવવાની એમની શક્તિ ન હતી કે એ શક્ય પણ ન હતું.

છેવટે એમણે એક દિવસ ગોચરી બાદ ૧૦૦ સાધુના ૧૦૦ લુણાઓનો કાપ કાઢવાનું બીડું ઝડપી લીધું.

માત્ર એ લુણાંનો કાપ જ કાઢ્યો, એમ નહિ, પરંતુ એ બધા જ લુણા પોતે જાતે સુકવ્યા જાતે એનું પડિલેહણ કરી તમામ સાધુઓને પોતપોતાના સ્થાને પહોંચાડ્યા.

સાધુ ધારે તો એક કે બીજી રીતે ગચ્છભક્તિનો લાભ લઈ જ શકે છે.

## ૭૫. નાથ ! મૃત્યુ મંગળમય બને, એટલી કૃપા કરજે

પોતાના વયોવૃદ્ધ દાદાએ દીક્ષા લીધેલી હોવાથી એમને દીક્ષાજીવનમાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે અને પોતાના આત્માનું કલ્યાણ થાય એ માટે જુવાન જોધ પૌત્રે દીક્ષા લીધી.

જીવદયાનો પરિણામ આ મુનિનો એટલો બધો જોરદાર કે પાત્રાપ્રતિલેખનાદિ કરતા એમને ૧૫-૨૦ મિનિટ લાગે. પલ્લા-પાત્રા બધું જ બરાબર જુએ.

એક દિ પિંડવાડા ચતુર્માસ દરમ્યાન આ સંયમી-વૈયાવચ્ચી મુનિરાજના હોઠની નીચે નાનકડી ફોલ્લી થઈ, ધીમે ધીમે એ મોટી થઈ, મોટુ ગુમડુ બની ગયું. અંદર રસી ભરાઈ ગઈ. ડોક્ટરોએ ગુમડુ કાપવાનો નિર્ણય કર્યો.

મુનિવરની ઉંમર માત્ર ૨૯ વર્ષની જ હોવાથી એમને ડાયાબીટીસ હશે એવી તો કોઈને કલ્પના પણ ન હતી, પણ એ હકીકત હતી. ડાયાબિટીસ તપાસ્યા વિના જ ડોક્ટરોએ ગુમડું કાપી નાંખ્યું અને પરિણામ ભયંકર આવ્યું. મૃત્યુના ભણકારા વાગવા માંડ્યા.

મુનિપણાની એ સૌથી છેલ્લી રાત !

એ મુનિએ રાત્રે ધીમેથી બુમ પાડી "...મહારાજ !"

અને એ નામવાળા મુનિવર એમની પાસે પહોંચ્યા.

"કંઈ જોઈએ છે ? તકલીફ છે ?"

અપાર વાત્સલ્યભાવ સાથે પ્રશ્ન કર્યો.

"મુનિવર ! તમે મને નવતત્ત્વના પદાર્થોનો સ્વાધ્યાય કરાવશો ?"

માત્ર અડધો કલાક બાદ પરલોકયાત્રાએ નીકળી જનારા એ મુનિરાજે ત્યારે સ્વાધ્યાયની પોતાની અત્યંત ઉત્કંઠા પ્રગટ કરી.

આવી ભયંકર દશામાં પણ સ્વાધ્યાયની માંગણી કરતા એ મુનિરાજને જોઈને આગંતુક સાધુની આંખમાંથી દડ દડ આંસુ ટપકી પડ્યા.

નવતત્ત્વનો પાઠ શરુ થયો અને ચાલુ પાઠમાં એ મુનિરાજે દેહત્યાગ કર્યો.

૭૨ વર્ષના દાદામુનિએ ૨૬ વર્ષના આશાસ્પદ પૌત્રમુનિનો કાળધર્મ જોયો.

કોણ જાણે શી હાલત હશે મૃત્યુ પળે આપણી ?

આ મુનિરાજની જેમ સ્વાધ્યાય કરતા, સ્વદોષગર્હા કરતા, પરગુણાનુમોદના કરતા, ભગવદ્ભક્તિ કરતા મૃત્યુ પામશું ?

કે પછી આર્તધ્યાન કરતા, રીબાતા રીબાતા, ચીસો પાડતા ભવચક્રની યાત્રા માટે પ્રયાણ કરશું ?

ભગવાન જાણે.

## ૭૬. ઘડપણમાં આરાધનાનું ગળપણ !

૫૭ વર્ષની પાકટ ઉંમરે દીક્ષા લેનાર એ મુનિવર ૯૭ વર્ષે સમાધિ મરણ પામ્યા. કુલ ૪૦ વર્ષ સંયમજીવનમાં જીવ્યા.

એમાં એમણે વૃદ્ધાવસ્થામાં પણ

(૧) વર્ધમાનતપની ૮૧ ઓળીઓ કરી.

(૨) વીશસ્થાનકતપની આરાધના કરી.

(૩) એકવાર ચાર જ મહિના દરમ્યાન ૯ અટ્ઠાઈઓ કરી.

(૪) ૯ લાખ નવકારનો જપ કર્યો.

(૫) કુલ આખા જીવન દરમ્યાન પાંચ કરોડ નવકાર ગણ્યા.

(૬) પોતાના પરિવારમાંથી ૯ આત્માઓને દીક્ષા અપાવડાવી.

"વૃદ્ધાવસ્થામાં કોઈજ આરાધના ન થઈ શકે" એ માન્યતા ભૂલ ભરેલી તો નથી ને ?

## ૭૭. ૬૦,૦૦૦ ગાથાઓ કંઠસ્થ

આજથી લગભગ ૨૦ વર્ષ પૂર્વે દિલ્હીમાં એક સાધ્વીજી ભગવંત કાળધર્મ પામ્યા હતા.

એમણે ૪૮ વર્ષના દીક્ષા પર્યાય દરમ્યાન **કુલ ૬૦,૦૦૦** ગાથાઓ કંઠસ્થ કરી હતી.

એકવાર ભયંકર બિમારીમાં એમને લોહીનો બાટલો ચઢાવવાનો પ્રસંગ ઉપસ્થિત થયો, પણ એમણે મક્કમતા સાથે જણાવી દીધું કે "હું મારા શરીરમાં કોઈપણ અવિરતિધરના લોહીનો પ્રવેશ નહિ થવા દઉં."

એમના કાળધર્મ બાદ દિલ્હીના સંઘે એમના સ્મારકનું આયોજન કર્યું, તો એમાં ટુંક જ સમયમાં લાખો રૂપિયાનો ફાળો નોંધાયો.

## ૭૮. આવા કડક ગુરુ આપણને મળે તો...?

કાયમ એકાસણા કરનારા એક મુનિરાજે એક દિવસ તબિયત ખરાબ હોવાના કારણે કકળતા હૃદયે ગુરુદેવ પાસે નવકારશીનું પચ્ચક્ખાણ માંગ્યું.

પણ એ કડક ગુરુદેવે તો જણાવી દીધું કે

"નવકારશી એમ કંઈ રેઢી પડી છે કે જ્યારે માંગો ત્યારે મળી જાય. લે, ૧૬ ઉપવાસના પચ્ચક્ખાણ આપું છું. હાથ જોડ."

એક અક્ષર પણ બચાવ કર્યા વિના પ્રસન્નવદને એમણે પચ્ચક્ખાણ લીધું.

૧૭માં દિવસે = પારણાના દિવસે નવકારશીનું પચ્ચકખાણ માંગ્યું, પણ આચાર્યદેવે પોતાની આગવી છટાથી બીજા ૧૬ ઉપવાસના પચ્ચકખાણ આપી દીધા.

એ પણ એટલી જ પ્રસન્નતા સાથે શિષ્યે સ્વીકાર્યા.

નિર્વિઘ્ને એ ૧૬ ઉપવાસ પણ પૂર્ણ થયા.

કુલ ૩૨ ઉપવાસ સમાપ્ત થયા.

હવે ૩૩મો દિવસ ઉગ્યો. પણ એ અઠ્ઠાઈધરનો દિવસ, પર્યુષણનો પ્રથમ દિવસ હતો.

"એ દિવસે પારણું કેમ કરાય ?"

એમ વિચારી વિનીત શિષ્યે ઉપવાસનાં પચ્ચકખાણની માંગણી કરી.

પણ આશ્ચર્ય !

આજે તો સૂરિદેવે કંઈક વિચિત્ર જ નિર્ણય લીધો.

"આજે તો ૩૨ ઉપવાસનું પારણું છે, આજે ઉપવાસ નહિ, નવકારશી કરો."

૩૨ ઉપવાસ પ્રસન્નતાપૂર્વક કરનારા એ શિષ્યે ગુરુની ઈચ્છા ખાતર અઠ્ઠાઈઘરના દિવસે નવકારશી કરી.

અઠ્ઠાઈ ઘરના દિવસ કરતા કે દીર્ઘ તપશ્ચર્યા કરતા પણ પોતાના ગીતાર્થ સંવિગ્ન ગુરુની આજ્ઞા એમને માટે અત્યંત મહત્વની હતી.

પોતાની ઈચ્છા મુજબ તપાદિ કરવા માટે ગુર્વાદિ સાથે જીદ કરતા શિષ્યોને જ્યારે ક્યાંક જોઈએ છીએ, ત્યારે આ મહામુનિને અનંતશઃ વંદના કર્યા વિના રહી શકાતું નથી.

આ મુનિરાજે એકવાર એક જ વર્ષમાં કુલ ૪ વાર ૩૨-૩૨ ઉપવાસની ઘોર આરાધના કરી હતી. એમણે આખા જીવન દરમ્યાન કુલ ૨૦૦ અઠ્ઠાઈઓ કરી છે.

આ મુનિના જીવનનો એક વિશિષ્ટ પ્રસંગ....

એક સાધુ ગોચરીમાં ફૂટ વહોરી લાવ્યા, અને આચાર્યદેવને ગોચરી બતાડી. આ ગોચરીમાંડલીમાં કદી ફૂટ ન આવતું એટલે જ આજે ફૂટ આવેલું જોઈને આચાર્યદેવે ઠપકો આપ્યો,

"આ ગંદવાડ કેમ ઉપાડી લાવ્યો ?"

એ વખતે આ મુનિરાજે ઉભા થઈને જણાવ્યું કે

"સાહેબજી ! આ મુનિને ફૂટ લાવવાની મેં જ છૂટ આપેલી, એમને ફૂટ વાપરવાની ઈચ્છા હોવાનો મને ખ્યાલ આવ્યો. એટલે મેં એમને સામેથી છૂટ આપી છે. એમાં એમનો દોષ નથી."

આચાર્યદેવે તો આ મુનિરાજનો જ ઉધડો લીધો કે

"તું મોટો છે, એટલે તારી ઈચ્છા મુજબ બધાને છૂટ આપવાની સત્તા ધરાવે છે એમ ?

ખબરદાર ! જો આ રીતે મારી રજા વિના કોઈપણ છૂટ આપી છે તો ! હવે આ બધો ગંદવાડ તારે જ વાપરવો પડશે."

વચ્ચે બીજા મુનિએ બચાવ કર્યો કે

"સાહેબજી ! એમણે હમણા જ અઠ્ઠાઈનું પારણું કર્યું છે અને આ ફૂટ તો એમને

તબિયત માટે અત્યંત પ્રતિકૂળ છે."

પણ એ બધી વાતો અવગણીને આચાર્યે આ મુનિરાજને જ ફ્રૂટ વાપરવા આપ્યું અને પ્રસન્નતા સાથે આ મુનિવર વાપરી ગયા.

કેળવી શકશું આવો અપ્રતિમ ગુરુસમર્પણભાવ આપણે ?

## ૭૯. "હું ઈચ્છું છું કે દેવીઓ પણ મારી પાસે આવતા ગભરાય."

એ મુનિવર બ્રહ્મચર્યની વાડોનું પાલન કરવામાં ખૂબ કટ્ટર હતા.

બહેનો સાથે કદી પરિચય નહિ, બહેનોને ઉપાશ્રયમાં એકલા પ્રવેશવા દે નહિ. રે ! અકાળે તો ભાઈઓ સાથે પણ બહેનોને ન આવવા દે. એમની જબરદસ્ત ધાક એ સંઘમાં સ્થાપિત થયેલી હતી.

ત્રણ વર્ષ બાદ એ જ સંઘમાં એ મુનિરાજ પુનઃ પધાર્યા.

બહેનો એમની કડકાઈથી પરિચિત હોવાથી વ્યાખ્યાન સમય સિવાય વંદન કરવા જતા ગભરાતા.

વ્યાખ્યાન બાદ સંઘના ચાર-છ ભાઈઓ મુનિ પાસે વંદન માટે આવીને બેઠેલા, ત્યારે છેક ઉપાશ્રયની બહારથી એક બહેને બૂમ પાડી કે

સાહેબજી ! અવાશે ?"

"શું કામ છે ?" 'હા' પાડવાને બદલે મુનિએ સામો પ્રશ્ન કર્યો.

"સાહેબ ! ગોચરી માટે..."

બહેનનો ઉત્તર પૂરો થાય એ પૂર્વે જ ધડ્ દઈને સાધુએ જવાબ વાળ્યો કે

"હા ! હા ! વર્તમાન જોગ ! અંદર આવવાની જરૂર નથી."

અને બહેન ત્યાંથી જ ઝપાટાબંધ વિદાય થઈ ગયા.

આ પ્રસંગ જોઈ ત્યાં બેઠેલા સંઘના શ્રાવકોએ જણાવ્યું કે "સાહેબ ! આપનાથી અહીંના બહેનો ખૂબ ગભરાય છે. અંદર આવતા પણ ડરે છે."

એ વખતે એ મુનિરાજે જે ખુમારી ભરેલા ઉદ્ગારો કાઢ્યા એ ખરેખર અત્યંત અનુમોદનીય હતા.

તેમણે શ્રાવકોને કહ્યું કે

"બહેનો મારાથી ગભરાય અને એટલે પાસે ન આવે એ તો મારા માટે ખૂબ જ સારુ. **હું તો ઈચ્છુ છું કે મારી કડકાઈ એવી બની રહો કે હું મરીને દેવલોકમાં જાઉં તો**

ત્યાંની દેવાંગનાઓ પણ મારી પાસે આવતા ધ્રૂજે."

નવવાડોનું અણિશુદ્ધ પાલન કરનારા આવા સંવિગ્ન મહાત્માઓ જિનશાસનને ખૂબ ખૂબ શોભાવે છે.

## ૮૦. સિદ્ધિના શિખરે સ્થાન ક્યાં તારું... એક મહાન આચાર્યદેવ

૧૦૪ વર્ષની ઉંમરે કાળધર્મ પામનારા આ મહાન આચાર્યદેવે ૭૨ વર્ષની ઉંમરથી ૧૦૪ વર્ષની ઉંમર સુધી...

સળંગ ૩૧ વર્ષ વર્ષીતપ કર્યા.

વળી એ તમામે તમામ વર્ષીતપ એકાસણા દ્વારા જ કર્યા. એકપણ બેસણું નહિ.

૮૫ વર્ષની ઉંમરે ગિરનારથી શત્રુંજયનો વિહાર કર્યો અને એ જ ઉંમરે ગિરિરાજની પણ પગે ચાલીને યાત્રા કરી.

૧૦૪ વર્ષના દીર્ઘ જીવન દરમ્યાન એમણે કદી ડોળીનો ઉપયોગ કર્યો નથી.

એમની અપરિગ્રહવૃત્તિ એટલી બધી કે એક પેન્સિલ ઘસાઈ ઘસાઈને સાવ નાનકડી થઈ ન જાય ત્યાં સુધી એ એનો વપરાશ કરે.

એકવાર આવી 'પકડવી પણ માંડ ફાવે' એવી પેન્સિલથી લેખન કાર્ય કરતા એ સૂરિવરને જોઈને એમના શિષ્યે શ્રાવક પાસે એક નવી પેન્સિલ મંગાવીને સૂરિવરને આપી.

કહ્યું કે "આપ આ વાપરો."

સૂરિવર એનો મનોભાવ સમજી ગયા. હસતા હસતા ચોટદાર શબ્દોમાં પ્રત્યુત્તર વાળ્યો કે

"તારે તો ભક્તો ભારે જબરા છે હોં ! તું જે કહે એ બધું જ લાવી આપે. મારે કોઈ ભગત નથી ને ? એટલે આ નાની પેન્સિલથી ચલાવવું પડે. તું તો ભારે પુણ્યવાન છે..."

શિષ્ય બિચારો શરમાઈ ગયો. એને પોતાની ભૂલનું ભાન થયું, ક્ષમા માંગી.

આ આચાર્યદેવે પોતાના સંયમજીવન દરમ્યાન એકવાર નહિ, પણ અનેકવાર ૪૫ આગમોનું તલસ્પર્શી ઉંડાણપૂર્વકનું વાંચન કરેલું. આખી જીંદગી દરમ્યાન આ આચાર્યદેવે સ્વયં શાસનપ્રભાવક હોવા છતાં છાપા-મેગેઝીન વાંચ્યા નથી. રે ! ધાર્મિક પણ કોઈપણ ગુજરાતી પુસ્તકો-મેગેઝીનો હાથમાં લીધા નથી.

સંસ્કૃતગ્રન્થોમાં પણ એ પ્રાયઃ કદી ચરિત્ર ગ્રન્થો ન વાંચતા. સદા માટે તેઓ તાત્વિક-સાત્વિક-માર્મિક-આધ્યાત્મિક ગ્રન્થોનું જ પરિશીલન કરતા.

એમણે ૪૫ આગમો અનેકવાર માત્ર વાંચ્યા નથી, એ વાંચ્યા બાદ અનેકવાર મુનિવરોને વંચાવ્યા પણ છે.

સદૈવ સ્વાધ્યાયની અન્તર્મુખતામાં જ મસ્ત બનનારા આ આચાર્યદેવની ખૂબ ખૂબ અનુમોદના !

## ૮૧. કવિ પણ પ્રભાવક છે

કવિકુલકિરિટ આચાર્યદેવની અસીમ કૃપા મેળવનાર આ આચાર્યદેવ એકવાર સરસ્વતીનો જપ કરીને સ્તવનોની રચના કરવા બેઠા

અને આશ્ચર્ય !

એક જ બેઠકમાં એમણે ચોવીસ ભગવાનના જુદા જુદા કુલ ૨૪ સ્તવનોની રચના કરી દીધી.

વધુ આશ્ચર્ય તો એ કે એ બધા જ સ્તવનો શાસ્ત્રીયરાગમાં હતાં, અને એ ૨૪ ય સ્તવનોના રાગો જુદા જુદા હતા. કોઈપણ બે સ્તવનોને એક જ રાગ ન હતો.

## ૮૨. મારે તીર્થંકર નહિ, ગણધર બનવું છે, કેમકે...

"બાલમુનિ ! બોલો તો ખરા કે તમને તીર્થંકર બનવાની ઈચ્છા છે કે ગણધર બનવાની ?"

એક વડીલે ૧૦ વર્ષની નાનકડી ઉંમરના બાલમુનિને પ્રશ્ન કર્યો.

મુગ્ધ જેવા દેખાતા બાલમુનિએ બીજી જ પળે ઉત્તર આપ્યો કે

"ઈચ્છા તો મને ગણધર બનવાની છે."

વડીલ આ પ્રત્યુત્તર સાંભળી જરાક આશ્ચર્ય પામ્યા.

"તીર્થંકર જેવી ઉંચી પદવી છોડીને ગણધર બનવાની તમને ઈચ્છા છે ? કેમ ?"

અને કોઈની ચડામણી વિનાના, ગોખણપટ્ટી વિનાના મનોહર શબ્દો બાલમુનિએ ઉચ્ચાર્યા.

"વડીલશ્રી ! જો હું તીર્થંકર બનું તો ત્રણલોકનું સ્વામિત્વ મને પ્રાપ્ત થાય. પણ ત્રણલોકના સ્વામીના અદકેરા સેવક બનવાનું સૌભાગ્ય તો મને ન જ મળે ને ?

એને બદલે જો હું ગણધર બનું તો ત્રણલોકના સ્વામીના ચરણોની અમૂલ્ય સેવા પ્રાપ્ત થાય, ભક્તિભાવ પ્રાપ્ત થાય. માટે મારી ઈચ્છા ગણધર બનવાની જ છે."

આજે તો એ મુનિ ૪૦ વર્ષની ઉંમરના ગણિ બની ચૂક્યા છે. પણ આજેય પોતાના ગણધર બનવાના સ્વપ્નને સાકાર કરતા હોય તેમ મુનિઓની અપૂર્વ સેવાભક્તિ કરે છે.

## ૮૩. સાગરનું અણમોલ રત્ન

સાગર સમુદાયના એક મહાસંયમી આત્માની સંયમજીવનની ગીતા અહીં સંક્ષેપમાં આલેખવામાં આવી છે.

(૧) દીક્ષાના બે વર્ષ પૂર્વેથી જ એમણે યાવજ્જીવ માટે એકાસણાથી ઓછું પચ્ચક્ખાણ કર્યું નથી.

(૨) વર્ધમાનતપની કુલ ૬૩ ઓળીઓ કરી. એમાં

૧ થી ૧૩ ઓળી સળંગ.

૨૧ થી ૩૨ ઓળી સળંગ, એકાંતરે ઉપવાસ કરવા દ્વારા કરી.

૩૮ થી ૫૫ ઓળી સળંગ, એકાંતરે ઉપવાસ કરવા દ્વારા કરી.

(૩) સળંગ ૧૯ વર્ષીતપ કર્યા. એમાં એક વર્ષીતપ છઠ્ઠથી કર્યો.

(૪) સળંગ દશ મહિના અઠ્ઠમના પારણે અઠ્ઠમ કર્યા.

(૫) છઠ્ઠ-અઠ્ઠમ વગેરે તપના પારણે એમણે કાયમ અજૈનોના ઘરની જ ગોચરી વાપરી છે.

(૬) એમણે કદી વધઘટ મંગાવી નથી. ગોચરીમાં બીજીવાર લાવેલી વસ્તુ વાપરી નથી.

(૭) આખી જીંદગી એકપણ એલોપથી દવા કદી લીધી નથી. આયુર્વેદિક દવા પણ લગભગ લીધી નથી.

(૮) કદી વાડામાં સ્થંડિલ ગયા નથી.

(૯) નવપદજીની શાશ્વતી ઓળીમાં નવ આંબિલ ક્યારેય છોડ્યા નથી.

(૧૦) ગણિપદ બાદ ચારથી વધુ દ્રવ્ય વાપર્યા નથી.

(૧૧) ડોળીમાં કદી બેઠા નથી.

(૧૨) એમણે પોતાના ફોટા કદી પડાવ્યા નથી કે કોઈને પાડવા દીધા નથી. તે

કહેતા કે "જીવતાના ક્યારેય મડદા હોય ? ફોટાઓ તો જીવતા વ્યક્તિના મડદા જેવા જ છે ને ?"

એકવાર એક ગુરુભક્ત શ્રાવકે એમનો ફોટો તૈયાર કરાવડાવ્યો, એની એમને ખબર પડતા જ શ્રાવકને ચોક્ખા શબ્દોમાં ધમકી આપી કે "આ ફોટાનું વિસર્જન જ્યાં સુધી નહિ થાય ત્યાં સુધી હું આંબિલ કરીશ."

અંતે એ શ્રાવકે ફોટાનું વિસર્જન કરવું જ પડ્યું.

સાધુલોકમાં આ મુનિરાજ ઉત્તમ અણગાર તરીકે પ્રસિદ્ધિ પામેલા છે.

## ૮૪. સાધ્વીજીઓ પણ જૈનેતરોમાં પણ અપ્રતિમ શાસનપ્રભાવના કરી શકે છે.

મહેસાણાની નજીકમાં આવેલું **લીંચ** નામનું ગામ !

૧૦૦૦ વર્ષ પ્રાચીન શ્રી આદીશ્વર પરમાત્માની પ્રભાવશાળી પ્રાચીન પ્રતિમા !

ભવ્ય દેરાસર !

લગભગ ૧૦૦ જેટલા ભગવાન, પરંતુ દુર્ભાગ્ય એ કે પૂજા કરનારા શ્રાવકો નથી. ભગવાન ગામમાં અને શ્રાવકો શહેરમાં...જે પરિસ્થિતિ લગભગ બધા જ ગામડાઓમાં છે, એ જ પરિસ્થિતિ અહીં પણ છે.

પરંતુ બે વર્ષ પૂર્વે પૂજ્યપાદ સિદ્ધિસૂરીશ્વરજી સમુદાયના સાધ્વીજી ભગવંતોએ અહીં ચાતુર્માસ કર્યું અને ગામની કાયાપલટ થઈ ગઈ.

એ શ્રમણીઓના પ્રભાવનું પરિણામ એ છે કે આ ગામમાં ઘણા જૈનેતરો જૈન બની ગયા છે, જૈનજીવન જીવે છે.

(૧) "ભગવાનના દર્શન કરીને જ પાણી પીવું" એવા નિયમવાળા ૭૦-૮૦ જૈનેતરો છે અને તેઓ દાદા આદિનાથના દર્શન બાદ જ પાણી પીએ છે.

(૨) આશરે ૨૦-૩૦ જૈનેતરો રોજ જિનપૂજા કરે છે.

(૩) આ જૈનેતરો નવકારશીનું પચ્ચક્ખાણ લે, તિથિ પાળે, મહિને એક સ્નાત્રપૂજા ભણાવે, આખું દેરાસર ભરાઈ જાય.

(૪) આજે ચાર-પાંચ જૈનેતર બાળકો દેવસી અને રાઈઅ એ બંને પ્રતિક્રમણો ભણાવી શકે એટલું ભણી ગયા છે.

ચાતુર્માસ દરમ્યાન વ્યાખ્યાનમાં ૨૦૦ જૈનેતરો આવે, શેષકાળમાં ૭૦-૮૦ જણ આવે. તેઓ બધા જ વ્યાખ્યાનના સમય પૂર્વે જ આવી જાય.

"ગુરુ મહારાજના આવ્યા બાદ અમે સભામંડપમાં આવીએ તો ગુરુની આશાતના કરી કહેવાય..." આવી સ્પષ્ટ વિચારધારા તે અજૈનો ધરાવે છે. ચાલુ વ્યાખ્યાનમાં અધવચ્ચેથી ન ઊઠે. વ્યાખ્યાન પૂર્ણ થાય ત્યારે જય બોલાવે અને લાઈનબંધ પગે પડીને જ જાય.

એ જૈનેતરો જ્યારે નવરા પડે...ત્યારે વ્યાખ્યાનમાં સાંભળેલી વાતોની પરસ્પર વિચારણા કરે. ઘરે ઘરે ગોચરી વહોરવા લઈ જાય, સાથે જ રહે, ઉપાશ્રયે મૂકી દીધા બાદ પાછા ફરે.

ચાતુર્માસના અંતે ત્રણ જૈનેતર કુટુંબોએ ભેગા મળીને ચાતુર્માસપરિવર્તન કરાવ્યું. શત્રુંજયની ભાવયાત્રામાં તેઓ બધા જોડાયા.

એ પછી તો દરેક ચોમાસમાં આ જૈનેતરો ચોમાસાની વિનંતિ કરે છે.

**સાધ્વીજીઓએ ગુરુજનોની સંમતિપૂર્વક, શ્રમણજીવનની યથોચિત મર્યાદામાં રહીને આજે એકાદ જ જૈન ઘરવાળા ગામને પણ જૈનો જેવા ૫૦-૬૦ ઘરોથી ભરેલું કરી દીધું એ એક આશ્ચર્ય છે.**

જૈન શ્રમણ-શ્રમણીઓ જીવો પ્રત્યેની અપાર કરુણાના જોરે, શુદ્ધમાર્ગનો ઉપદેશ આપીને હજારો સાચા જૈનો તૈયાર કરે એના જેવું રુડું બીજું શું ?

આવું કામ વિદ્યમાન ૧૦,૦૦૦ શ્રમણ-શ્રમણીઓ શાસ્ત્રીય રીતે કરવા લાગે તો? યોગ્યશક્તિવાળો અને બધી રીતે તૈયાર થયેલો શ્રમણ-શ્રમણીવર્ગ આ રીતે જૈનશાસનની સુંદર પ્રભાવના કરી શકે.

## ૮૫. શિષ્યની સેવા કરનાર વિરલ ગુરુજનો !

(એક શ્રમણી ભગવંતના શબ્દો !→)

મેં ૧૩ વર્ષની ઉંમરે દીક્ષા લીધી, ત્યારે મારા ગુરુણી અને દાદી ગુરુણી મને સારામાં સારો અભ્યાસ કરાવવા ઈચ્છતા હતા. તેઓ સ્વયં એટલું બધું ભણી ન શક્યા પણ એ ઉણપ તેઓ મારામાં રહેવા દેવા માંગતા ન હતા.

મને અભ્યાસ કરાવવા માટે એમણે જે ભોગ આપ્યો છે, એ યાદ આવે છે ત્યારે આંખોમાંથી આંસુ ટપકી પડે છે.

(ક) અભ્યાસ કરવામાં મને વિક્ષેપ ન પડે એ માટે મને માંડલીનું કામ ન સોંપતા. એ બંને વડીલો જ માંડલીના કામ કરી લેતા.

(ખ) હું પંડિતજી પાસેથી પાઠ લઈને બપોરે ૧૨ વાગે ઉપાશ્રયે આવું ત્યારે મારા માટે ગોચરી તૈયાર જ રાખે.

(ગ) રે ! ક્યારેક પરીક્ષા હોય તો ઉપાશ્રયે આવતા મને દોઢ પણ વાગી જાય. પણ તો ય જ્યાં સુધી હું ઉપાશ્રયે ન પહોંચુ ત્યાં સુધી એ બે વડીલો ગોચરી ન વાપરે. હું પહોંચુ, પછી મને વપરાવ્યા બાદ જ તેઓ ગોચરી વાપરે.

(ઘ) ગોચરીમાં પણ સારી વસ્તુ સૌથી પહેલા મને જ વાપરવા આપી દે.

(ચ) મારા વસ્ત્રોનો કાપ એ વડીલો કાઢી લેતા, મને કાપ પણ ન કાઢવા દે.

(છ) બંને ટાઈમ મારી ઉપધિનું પ્રતિલેખન પણ તેઓ કરી લેતા.

મને સતત એક જ વાત કરે કે,"તું બરાબર અભ્યાસ કરી લે, એ માટે જ અમે તારી સેવા કરીએ છીએ...."

મારા ગુરુણી તો આખો દિવસ મારું ધ્યાન રાખે. વૃદ્ધ હોવા છતાં મને દરેક બાબતોમાં માર્ગદર્શન આપવાનું ન ચૂકે. ક્યારેક હું આળસ કે પ્રમાદના કારણે સ્વાધ્યાય ન કરું તો તેમને દુઃખ થાય. મને કહી દે કે,

"જો તું સ્વાધ્યાય નહિ કરે તો હું ગોચરી નહિ વાપરું."

અભ્યાસકાળ દરમ્યાન મારી ઉંમર નાની, અને અણસમજ પણ ઘણી ! એટલે મારા વડીલોએ મારા માટે આપેલા ભોગને વિશેષ રીતે સમજી ન શકી. રે ! ક્યારેક તો એમની ટકોર, એમની શિખામણોમાં અણગમો પણ થયો.

પણ આજે ?

શ્રુતજ્ઞાને મારી આંખ ઉઘાડી દીધી છે. મારા ગુરુણીએ - દાદીગુરુણીએ મને અભ્યાસ કરાવવા માટે સખત ભોગ આપી મારા ઉપર કેટલો મોટો ઉપકાર કર્યો છે? એ વર્ણવવાની મારી શક્તિ નથી.

મારું કમભાગ્ય કે જ્યારે આ દૃષ્ટિ ઉઘડી, એ બંને પૂજ્યો પ્રત્યે બહુમાનભાવનો સાગર ઉછળવા લાગ્યો ત્યારે જ એક વર્ષ પૂર્વે મારા દાદીગુરુણી કાળધર્મ પામ્યા. એમની વિશિષ્ટ સેવા કરવાનો અવસર મને ન સાંપડ્યો.

(ગુરુજનો શિષ્યોની પાસેથી સેવા જ લે છે, એવું નથી. શિષ્ય-શિષ્યાઓના યોગ-ક્ષેમ માટે આવું બલિદાન આપનારા, શિષ્યાઓની સેવા કરી એને આગળ ધપાવનારા આવા તો અનેકાનેક ગુરુજનો જિનશાસનમાં આજે પણ વિદ્યમાન છે.)

## ૮૬. અનાસક્તિ

૧૮ વર્ષની ઉંમરના એક મુનિરાજે મહાનિશીથના આગાઢ જોગમાં પ્રવેશ કર્યો. જોગની પુષ્કળ ક્રિયાઓમાં શારીરિક શક્તિ ઘણી ખર્ચાય. વ્યવસ્થિત ગોચરી વાપરવાની ઈચ્છા થાય.

પણ

આ મુનિરાજ એનાથી સાવ જ અલિપ્ત હતા.

**એ બાવન દિવસ એમણે માત્ર બે જ દ્રવ્યના આંબિલ કર્યા. રોટલી અને કરિયાતું!**

રોજ ૧૦-૧૨ રોટલી પાત્રામાં લઈ એમાં કડવું કરિયાતું નાંખીને થોડીવાર રાખી મૂકે, એ બધો આહાર કરિયાતા સાથે એકમેક થઈ જઈ કડવો બની જાય એટલે એ આહાર-કરિયાતું વાપરી લે. મોઢાની રેખા પણ ન બદલાય કે કોઈ ગ્લાનિ પણ ન દેખાય.

આ મુનિરાજની આ અનાસક્તિની અનુમોદના નિમિત્તે સહવર્તી બધા સાધુઓએ છેલ્લા દિવસે આંબિલ કર્યું. એ મુનિરાજની માફક આહાર-કરિયાતું ભેગું વાપરવાનો પ્રયત્ન કર્યો તો ખરો, પણ મોઢું બગડી ગયું. માંડ માંડ આંબિલ પૂરું કર્યું.

છેલ્લા આંબિલના કારણે બધાનો એ મુનિવર પ્રત્યેનો બહુમાનભાવ બમણો થઈ ગયો.

"આ કામ ઘણું કપરું છે"એ તેમને સ્વાનુભવથી સમજાયું.

## ૮૭. શ્રમણ ભગવાન મહાવીરદેવની અનોખી ઉપાસના

ઉત્સાહથી છલકતા એ સાધ્વીજીની ઉંમર તો નાની છે, પણ વૈરાગ્ય પારાવાર છે.

દીક્ષાદિવસથી માંડીને આજે દીક્ષાના ૧૨ વર્ષ લગાતાર એકાસણા

- નિર્દોષગોચરી
- મલિન વસ્ત્રો
- અહોભાવપૂર્વક આવશ્યક ક્રિયાઓ
- જ્ઞાનના તીવ્ર ક્ષયોપશમ સાથે સ્વાધ્યાયરસિકતા....

આ બધા એ સાધ્વીજીના સંયમદેહને સુશોભિત કરતા અમૂલ્ય આભૂષણો છે.

એકવાર એમના જીવનના સંસ્મરણો સાંભળવાની ઈચ્છા કોઈક બીજા સાધ્વીજીએ

એમની સમક્ષ રજુ કરી, ત્યારે તે સાધ્વીજીએ પોતાના જે સંસ્મરણ જણાવ્યા, એ એમના જ શબ્દોમાં !

→ એ વખતે ચોમાસામાં મારા વ્હાલા વીર પ્રભુની ઉપાસના અનોખી રીતે કરવાના વિચારો મારા મનમાં રમી રહ્યા હતા. પ્રભુ આયુષ્યની અંતિમ ક્ષણ સુધી આપણા કલ્યાણ કાજે દેશનાનો ધોધ વહાવતા જ રહ્યા. પ્રભુની એ દેશના **'ઉત્તરાધ્યયન'** આગમરૂપે આજે ય ઉપલબ્ધ છે,

"વીરપ્રભુના નિર્વાણ કલ્યાણકે ગણધર ભગવંતે ઝીલી લીધેલી પ્રભુની એ વાણીનું શ્રીસંઘ સમક્ષ પઠન કરવા દ્વારા પ્રભુ ચરણે મારે ભાવ અંજલિ અર્પણ કરવી છે."

એમ વિચારી હું લાગી ગઈ ઉત્તરાધ્યયન સૂત્ર કંઠસ્થ કરવા.

દિવાળી કલ્પના બે દિવસ શ્રાવિકાવર્ગ સમક્ષ મોઢે એ ૨૦૦૦ ગાથાનું ઉત્તરાધ્યયન સૂત્ર બોલતા મેં જે પરમસંતોષ અનુભવ્યો એને હું વર્ણવી શકતી નથી. ←

## ૮૮. એક સાધ્વીજી ભગવંતની અજોડ પ્રવચનશક્તિ

મહારાષ્ટ્રના એક શહેરમાં એક સાધ્વીજીનું ચાતુર્માસ નક્કી થયું.

સંઘ એમના માટે અને એ સાધ્વીજી સંઘ માટે સાવ જ અજાણ્યા હતા. ચાતુર્માસ પૂર્વે એ જ શહેરના એક અન્ય સ્થાનમાં આ સાધ્વીજી પ્રવચનો આપતા હતા.

નિત્ય ચાલતા પ્રવચનમાં એક દિવસ સાધ્વીજી ભગવંતની હૃદયસ્પર્શી વાણીમાં સાધર્મિક ભાઈઓની દયનીય સ્થિતિ સાંભળતા સમસ્ત સભા રડી પડી. એ એક જ પ્રવચનશ્રવણમાં સાધર્મિક કુટુંબો **માટે ૪૦ લાખનું માતબર** ફંડ એકત્રિત થઈ ગયું.

સર્જાયેલા આ ચમત્કારથી સમસ્ત સંઘ અવાચક હતો, તો સ્વયં સાધ્વીજી પણ આશ્ચર્યચકિત હતા.

સાધર્મિકભક્તિનું કાર્ય પૂરજોશમાં શરૂ થઈ ગયું. ફંડ થયાના ત્રીજા દિવસે કાર્યકરોએ દરિદ્રતાના દુઃખથી આત્મહત્યાનો માર્ગ અપનાવવા મજબૂર બની ગયેલા જૈન પરિવારને આપત્તિમાંથી ઉગારી લીધો.

બધી તપાસ કરતા અંતે કાર્યકરોને જણાયું કે "સાધર્મિકો માટે સૌ પ્રથમ સુચારુ આવાસની વ્યવસ્થા કરવી અત્યંત અનિવાર્ય છે."

એમણે સાધ્વીજી ભગવંત સમક્ષ વાત રજૂ કરી. પર્યુષણના દિવસો નજીક જ હતા. પર્યુષણમાં સાધર્મિક ભક્તિનું કર્તવ્ય સમજાવતા સાધ્વીજીએ સાધર્મિક ભાઈઓની

કફોડી સ્થિતિનું વર્ણન કર્યું. વેદના નીતરતા એમના શબ્દોએ લોકોના હૈયા પીગળાવી દીધા. **સાધર્મિક બંધુઓ માટે આવાસ યોજનામાં ૬૦ લાખ ભેગા થયા. આમ માત્ર બે જ પ્રવચનમાં એક સાધ્વીજીની પ્રેરણાથી ૧ કરોડનું ફંડ એકઠું થયું.**

(અલબત્ત ઉત્સર્ગમાર્ગે સાધ્વીજીઓ વ્યાખ્યાન ન આપી શકે. પરંતુ ગચ્છના ગીતાર્થ આચાર્યશ્રીની, ગુરુણીની સંમતિ હોય તો જ્યાં સાધુ ભગવંતો હાજર ન હોય તેવા સ્થાનમાં એવા પ્રસંગો વખતે અપવાદ માર્ગે સાધ્વીજી બહેનોની સન્મુખ થઈ વ્યાખ્યાન આપે તો એ વડીલોનો વિષય છે. **आयरिया पच्चवायं जाणंति**)

## ૮૯. દુઃખમાં દીનતા ! શ્રમણ-શ્રમણીઓને હોતી હશે ?

આગળના દિવસે **જાલના**માં (એક શહેરમાં) જાહેર પ્રવચનની વ્યવસ્થા થઈ ચૂકી હતી. ચારેબાજુ જાહેરાતો પણ થઈ ગયેલી.

કોન્વેન્ટમાં અભ્યાસ કરીને ગ્રેજ્યુએટ બન્યા બાદ સંયમધર્મનો સ્વીકાર કરનારા અદ્ભુત વક્તૃત્વના સ્વામિની એક સાધ્વીજી ૨૦૦૦-૩૦૦૦ માણસોને કલાકો સુધી વ્યાખ્યાન આપી પ્રતિબોધ પમાડવાની કોઈક આગવી શક્તિના માલિક હતા.

ન કોઈ હલે કે ન કોઈ ચાલે...

બધા જ એમના વચનામૃતો ઝીલવા માટે સ્થિર થઈને બેસી રહે.

એ સાધ્વીજી જ આ જાહેરવ્યાખ્યાન કરવાના હતા.

પચીસેક સાધ્વીજીઓનું એ ગ્રુપ વિહાર કરીને પહોંચવાનું હતું. વ્યાખ્યાન હોવાથી સમયસર પહોંચી શકાય એ માટે ગુરુણીએ વ્યાખ્યાનકાર શ્રમણી સહિત કુલ પાંચ સાધ્વીજીઓને અડધો કલાક વહેલો વિહાર કરાવ્યો.

એમ જ કહો ને કે ભવિતવ્યતાએ જ આ રીતે વહેલો વિહાર ઊભો કરાવ્યો.

ખેર !

એ સાધ્વીવૃંદ એક સાથે ચાલી રહ્યું હતું ત્યાં જ એક ગોઝારી પળે વાહનની જોરદાર ટક્કર લાગી, એક સાથે પાંચેય સાધ્વીઓને એની અસર પહોંચી. એક સાધ્વીજી તો ૧૦-૧૫ ફૂટ ઊંચા ઊછળી રોડથી દૂર રહેલા એક ખાડામાં જઈ પડ્યા. બે-ત્રણ સાધ્વીજી બેભાન થઈ ગયા હતા, મોટા પ્રમાણમાં લોહી વહી ગયું હતું.

પેલા વ્યાખ્યાનકાર શ્રમણી !

એ માત્ર વિદ્વાન, માત્ર વક્તા, માત્ર ચતુર ન હતા,

પણ એ ખરેખર જિનશાસનને સ્પર્શેલા ઉત્તમ શ્રમણીરત્ન હતા.

એ ભાનમાં હતા, પણ લોહીની ધાર વહી રહી હતી. પોતાની આવી દુ:ખદ અવસ્થામાં પણ એમને પોતાની ગુરુબેનોનો વિચાર આવ્યો.

"આ પળે એમનું મરણ થઈ જાય તો ? એમને આ પળે તો સમાધિ આપવી જ જોઈએ,નવકાર મંત્ર સંભળાવવો જ જોઈએ. તો જ જો કદાચ કાળધર્મ થાય તો એમનો આત્મા સદ્ગતિમાં જાય..."

અને પોતાની ઘોર વેદનાનો વિચાર કર્યા વિના એ ઊભા થઈ સાધ્વીજી પાસે ગયા, નમસ્કાર મહામંત્ર સંભળાવવા લાગ્યા.

જોગાનુજોગ ત્યાંથી પોલીસની જીપ પસાર થઈ, ધડાધડ બધા સાધ્વીજીઓને જીપમાં મૂક્યા. ખાડામાં પડેલા સાધ્વી ન દેખાયા, છેવટે તપાસ કરતા એમને પણ ખાડામાંથી બહાર કાઢી જીપમાં મૂકી હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા.

એમાં બીજા એક વિદ્વાન સાધ્વીજીને ગળાની પાછળના મણકામાં તિરાડ પડી ગયેલી. સહેજ પણ માથુ હલે તો ચીસ પડી જાય.

ડોક્ટરે કહી દીધું કે "ત્રણ મહીના સુધી ચત્તા સુઈ રહેવું પડશે, સહેજ પણ માથું હલાવાશે નહિ. ૨૪ કલાક માટે ગળામાં બેલ્ડ પહેરી રાખવો પડશે."

ચૈત્ર-વૈશાખની ભયાનક ગરમી !

એમાં વળી આ અપાર વેદના !

પણ શ્રમણી કોનું નામ !

કોઈપણ ફરિયાદ વિના એ સહન કરતા જ રહ્યા. આખો દિવસ સુતા સુતા જાપ કરતા, રાત્રે પ્રતિક્રમણ બાદ બીજા સાધ્વીજીઓ આ Bad-rest સાધ્વીજી પાસે બેસી સ્વાધ્યાય કરતા અને સાધ્વીજી સુતા સુતા સાંભળતા, કંઈ પણ ભૂલ આવે તો પોતે એ ભૂલ સુધારતા.

આ જ એક્સીડન્ટમાં ત્રીજા એક સાધ્વીજીને પણ ડોક્ટરે સંપૂર્ણ આરામ કરવાનો કહેલો. પથારીમાંથી ઊભા પણ ન થવાય એવી પરિસ્થિતિમાં ગોચરી-માત્રુ-સ્થંડિલ બધું જ પથારીમાં રહીને જ કરવાનું. આવી પરાધીનતા આવી ત્યારે બીજા વૈયાવચ્ચી સાધ્વીજીઓએ તો કમાલ કરી.

નાગપુર સંઘ મોંમાં આંગળા નાંખી ગયો.

**'સગી માતા, સગો ભાઈ, સગી બેન કે સગો બાપ જેવી સેવા ન કરે એવી સેવા આ**

**સાધ્વીઓએ કરી છે.'** એ શબ્દો શ્રીસંઘના હૃદયમાંથી નીકળેલા હતા.

પણ પેલા સાધ્વીજીની પરહિતચિંતા તો જુઓ !

"મારા નિમિત્તે મારા ગુરુબેનોને કેટલું બધું સહન કરવું પડે છે ! કેવી મુશ્કેલી પડે છે...અરેરેરે ! ખેર ! મારે જેટલું વધુ સહન થાય એટલું કરવું. પણ મારા ગુરુબેનોને વધુ કષ્ટ નથી આપવું..."

અને એ સાધ્વીજીએ આ વિચારનો અમલ શરુ કર્યો. ભૂખ લાગે, કંઈક ખાવાનું મન થાય તો પણ સહન કરે. માંગે નહિ. પાણી પીવાનું મન થાય. તરસ લાગે તો પણ ચૂપ રહે પણ ગુરુબેનોને પાણી આપવા માટે ન કહે. માત્રુ જવાની શંકા થાય તો પણ સામાન્ય શંકા હોય ત્યાં સુધી કંઈ જ ન બોલે, વિશેષ શંકા થાય તો જ કહે.

ગુરુબેનો જ્યારે પૂછે કે "પાણી વાપરવું છે, કંઈક ગોચરી વાપરવી છે..." ત્યારે ના છૂટકે કહે.

તેઓ જે લાવે, જે આપે તે વાપરી લે.

એ ગુરુબેનોને પણ ખ્યાલ આવી ગયો કે,"અમને કષ્ટ ન પડે એ માટે આ સાધ્વીજી બધું સહન કરે છે. કશું બોલતા નથી." એટલે તેઓએ વિશેષ કાળજી કરવાની શરુ કરી દીધી.

ત્રણ મહિના સુધી પથારીમાંથી નીચે પણ ન ઉતરી શકાય એવી ગંભીર દશામાં પણ આત્માના પરિણામોની આવી હિમાલયના શિખરને આંબતી કેવી અવ્વલકોટિની ઊંચાઈ !

હજી સાંભળો !

રોજ સાંજ પડે ત્યારે આ એક્સીડન્ટવાળા સાધ્વીજી વૈયાવચ્ચી ગુરુબેનને કહે કે "મને દિવસસંબંધી આલોચના (દિવસસંબંધી લાગેલા દોષોની નોંધ) લખી આપશો ?"

આ દશામાં પણ પોતાના પાપોનો કેવો ભય !

પેલા ગુરુબેન દંગ થઈ ગયા.

પછી તો રોજેરોજ સાંજે એ ગુરુબેન ડાયરી-બોલપેન લઈને બેસે અને એ સાધ્વીજી પોતાને લાગેલા દોષો લખાવે. "આજે આધાકર્મી દૂધ વાપર્યું, આધાકર્મી ગોચરી વાપરી, ફૂટ વાપર્યું..." વગેરે.

(આપણે સાજા છીએ, જાતે લખવા સક્ષમ છીએ છતાં જો આપણને રોજ તો ઠીક,

પણ કદાચ મહીને-બે-ચાર મહીને પણ આલોચના લખવાની ફુરસદ ન હોય, કંટાળો આવતો હોય, થોડું-ઘણું લખીને આલોચના પૂરી કર્યાનો સંતોષ માનતા હોઈએ તો એ યોગ્ય ગણાય ? એની સામે આ સાધ્વીજીની ગુણવત્તાની શી કિંમત આંકવી ?)

**ઓ જિનશાસન માતા ! તારી કુક્ષિમાં આ કેવા શ્રમણ-શ્રમણીરત્નો જન્મ્યા છે? એ વિચારતા જ આંખો બારે ખાંગે હર્ષથી વરસી પડે છે.**

## ૯૦. ભક્તિ કરી સહુ સાધુજનની વધઘટ જે વાપરતા. ધન તે...

એ શ્રમણીનું આચાર્યશ્રીએ પાડેલું નામ તો કંઈક બીજું જ હતું.

પણ

ગ્રુપમાં એમના માટે પ્રસિદ્ધ થયેલું નામ હતું **મમરા મહારાજ !**

હા ! બધા સાધ્વીઓ એ શ્રમણીને મજાકમાં મમરા મહારાજ કહેતા. કારણ એ કે એમનું શરીર સાવ જ નબળું! માંડ એક જ રોટલી વાપરી શકે. તબિયતના કારણે એમણે વારંવાર મમરા વાપરવા પડે. મમરા હલકો ખોરાક હોવાથી એ એમને ફાવે.

કાયા એવી નિર્બળ કે એકાદ મિનિટ પણ જો ઊભા રહે તો એમના પગ દુઃખવા લાગે. તરત બેસી જાય. "પગ દુઃખે છે" એમ ફરિયાદ કરે.

પ્રતિક્રમણાદિ ક્રિયાઓમાં પણ એક મિનિટથી વધારે વાર સ્થિર ઊભા રહી ન શકે. પછી હલનચલન કરી, પગ હલાવી હલાવીને સમય પસાર કરે.

આ એમના જીવનનું એક પાસું છે !

બીજું પાસું આનાથી તદ્દન વિપરીત છે.

૨૪ સાધ્વીજીઓના ગ્રુપમાં રહેલા આ સાધ્વીજીને પોતાની ગુરુબેનોને વપરાવવાનો, ભક્તિ કરવાનો એવો તો ઉછળતો ભાવ છે કે આવડી મોટી ગોચરી માંડલીમાં પોતે બધી ગોચરી વેંચે, બધાની ગોચરી કાઢી આપે અને છેલ્લે એકલા ગોચરી વાપરવા બેસે.

ક્યારેક ૧૮-૨૦ કિ.મી.નો વિહાર કરીને આવ્યા હોય તો પણ એ પોતાની ગચ્છભક્તિમાં કંઈપણ ખોટ ન આવવા દે. જેવી ગોચરી આવે કે તરત આ સાધ્વીજી હાજર થાય, ઊભા-ઊભા ૨૪ સાધ્વીજીઓની ગોચરીની વહેંચણી કરે, અડધો-પોણો કલાક થઈ જાય અને એ પછી વાપરવા બેસે.

એ ગ્રુપના વડીલોને પણ આશ્ચર્ય થાય છે કે આમ તો આ સાધ્વીજી એક મિનિટ

ઊભા રહે કે તરત પગ દુઃખવાની ફરિયાદ કરી બેસી જાય છે, તો આ સાધ્વીજી અડધો-પોણો કલાક ઊભા શી રીતે રહે છે ?

## ૯૧. જ્ઞાનીના બહુમાનથી રે, જ્ઞાન તણા બહુમાન....સલુણા

૧૨ શિષ્યાઓના ગુરુણીને પ્રારંભિક વર્ષોમાં ભણવા-ભણાવવાની સખત ધગશ હતી. ક્ષયોપશમ ઓછો હોવાથી ગોખેલું ભૂલી જતા, યાદ રાખી શકતા ન હતા. એમણે અનેકવાર ૪ પ્રકરણ - ૩ ભાષ્ય - ૬ કર્મગ્રન્થ પાકા કરેલા, એ જ્યારે પણ પાકા કરે ત્યારે એ પરિશ્રમના કારણે એમને ૨ ડીગ્રી તાવ ચડી જતો...

અંતે એ બધું ભૂલ્યા. એમને ખ્યાલ આવી ગયો કે જ્ઞાનાભ્યાસ મારા માટે દુઃશક્ય છે.

એમણે વિચારધારા બદલી

“ભલે ભણી ન શકું, પણ ભણનારાઓને સહાયક બનીને તો જ્ઞાનની આરાધના કરી શકું ને ?”

અને એમણે સ્વાધ્યાયીઓની, એ પણ ખુદ પોતાની શિષ્યાઓની સેવા શરુ કરી.

(ક) ક્યારેક સવારે શિષ્યાઓનો વહેલો પાઠ હોય તો આ ગુરુણી સ્વયં એમના વસ્ત્રો વગેરેની ગડી કરવા લાગી પડતા, એ રીતે એમને જલ્દી તૈયાર કરી પાઠ માટે સમયસર મોકલી આપતા.

(ખ) શિષ્યા પાઠ લેતી હોય અને એણે નવકારશી વાપરવાની હોય તો આ ગુરુણી જેવી નવકારશી આવી જાય કે તરત એક પાત્રમાં શિષ્યા માટે ચાર ખાખરા ચૂરીને દૂધ નાંખીને તૈયાર કરી દે. શિષ્યા આવે, ઝટ વાપરી લે, માંડ ૫-૧૦ મિનિટ લાગે. આ રીતે શિષ્યાને અભ્યાસમાં સમય ઘટી ન પડે એની કાળજી કરે.

(ગ) શિષ્યા વાપરી લે, પાત્રા ધોઈ રહે કે તરત ગુરુણી પાત્રા લઈ લે અને કહે કે “હું પાત્રા લુંછી લઈશ. તમે જલ્દી ભણવા જાઓ. તમારો સમય ન બગાડો.”

૧૨-૧૨ શિષ્યાઓના ગુરુણી જ્ઞાનની આરાધના માટે પોતાની શિષ્યાઓને જ્ઞાની માની એમની આવી ઝીણી ઝીણી ભક્તિ અપૂર્વ ઉલ્લાસથી કરે એ દશ્ય તો દેવોને પણ દુર્લભ હશે ને ?

પોતાના ગુરુણીના આવા ગુણો લખનાર સાધ્વીજી અંતે લખે છે કે → **આવા ગુરુ તો ભાગ્યે જ જોવા મળે....મારી બાલબુદ્ધિ, તુચ્છબુદ્ધિ એમની વિશાળતાને ઓળખી શકવા સક્ષમ નથી.** ←

## ૯૨. નીરસ રસવતી (રસોઈ) રસથી જમતા...

(એક સાધ્વીજીનો સ્વાનુભવ એમના જ શબ્દોમાં –)

→ સમેતશિખરજીથી વિહાર કરીને આવતું ૨૪ સાધ્વીઓનું વૃંદ અમારે ત્યાં મહેમાન તરીકે પધાર્યું.

એમાં ૧૨ જેટલા સાધ્વીઓને ઓળી ચાલતી હતી.

મેં જે સાધ્વીજીની અનાસક્તિ માટે ખૂબ જ પ્રશંસા સાંભળી હતી એ પણ આ વૃંદમાં સાથે જ હતા.

મારે વિશેષ પરિચય નહિ, પણ એટલું જાણવા મળ્યું કે આવા લાંબા વિહારોમાં પણ એમને ૯૦મી ઓળી ચાલે છે, રોજ બધાને વપરાવ્યા બાદ જ ગોચરી વાપરવા બેસે છે...

એ દિવસે પણ એવું જ થયું, ગોચરી તો અમે સ્થાનિક સાધ્વીજીઓએ લાવી, પણ એ શ્રમણી બધાને ગોચરી પીરસ્યા બાદ જ વાપરવા બેઠા.

અમારા આશ્ચર્ય વચ્ચે હજી તો માત્ર ૧૦ જ મિનિટ થઈ અને એ પાત્રા ધોવા લાગ્યા,

એમનું આંબિલ થઈ ગયું.

અમે કહ્યું કે, "ઊભા તો રહો. આટલી ઉતાવળ કેમ કરો છો ? તમારી ભક્તિનો લાભ અમને ક્યારે મળશે ? અને જૂઓ. આ ગોચરી તો વધી પડી છે. મહેમાનો આવ્યા છે, એટલે ઉલ્લાસમાં સાધ્વીજીઓ વધારે ગોચરી લાવ્યા છે, તો એ ખપાવવામાં તો મદદ કરો."

ગોચરી ખરેખર વધી પડી હતી.

એક સાધ્વીજીએ એ તપસ્વિનીને જ કહ્યું કે "આપ તપસ્વિની છો, આપ જ આ વધેલી ગોચરી બધાને આપો, તો જ આ ખપશે. બાકી પરઠવવી પડશે..."

એ તપસ્વિની સાધ્વીજીએ બેઠા બેઠા બધી ગોચરી બધાને ખપાવવા આપી.

એમ કરતા લગભગ બધું પતી ગયું પણ છેલ્લે એક મોટો ચેતનો તુવેરની દાળનો વધ્યો.

એ આંબિલની હતી, એકદમ ઠંડી હતી, જાડી હતી, જે સાધ્વીજી માટે એ તુવેરદાળ લવાયેલી, એમને પિત્તપ્રકોપ હોવાથી એ માત્ર દાળનું પાણી જ પીનારા

હતા, આ જાડી તુવેરદાળ એ લઈ શકે એમ ન હતા.

એક ચેતનો, ઠંડી, આંબિલની તુવેરદાળ બધી ગોચરી વાપરી લીધા બાદ કોણ ખપાવે ?

બધાએ ના પાડી, છેલ્લે એ તપસ્વિનીએ જેના માટે એ દાળ આવેલી એ સાધ્વીજીને પૃચ્છા કરી કે, "તમને ચાલશે ?"

એ સાધ્વીજી સમજતા હતા કે "જવાબદારી તો એમની જ હતી, પણ એ લઈ શકે એમ ન હતા."

એટલે જ એ સાધ્વીજીના મોઢા પર સહેજ ઉદાસીનતા છવાઈ ગઈ....

અને

રોજ માત્ર બે જ દ્રવ્યથી આંબિલ કરનારા એ ૯૦મી ઓળીવાળા તપસ્વિની સાધ્વીજીએ બીજી જ પળે આખો ચેતનો પોતાના પાત્રામાં ખાલી કરી દીધો. બધી દાળ ખપાવી ગયા.

**રસવિજેતા તો આને કહેવાય કે પોતાને આંબિલ હોવા છતાં અને વસ્તુ દીઠી પણ ન ગમે તેવી હોવા છતાં પણ ઉત્સાહથી વાપરે.**

આપણે પણ આવા બનીએ તો કેટલું સરસ !

## ૯૩. नास्ति अकालो धर्मस्य

ખેલકુદ કરવાની, ટી.વી. વીડિયો જોવાની નાનકડી ચૌદ જ વર્ષની ઉંમરે દીક્ષિત થયેલા એક સાધ્વીજી !

આજે એમનો ૮ વર્ષનો દીક્ષાપર્યાય થયો છે.

આ આઠવર્ષમાં એમણે જે ઘોરાતિઘોર આરાધના કરી છે એ સાંભળતા અચંબો થયા વિના રહેતો નથી.

(ક) કુલ ૮ વર્ષમાંથી ૬ વર્ષ જેટલા તો એમણે આંબિલો જ કર્યા છે. આટલી નાનકડી ઉંમરે તેઓ ૫૫મી ઓળી સુધી પહોંચી ગયા છે.

(ખ) ગોરેગામમાં ચાતુર્માસ વખતે શ્રીસંઘમાં સિદ્ધિતપની આરાધના શરુ થઈ, આ સાધ્વીજીને એ વખતે સળંગ ૩૯-૪૦-૪૧-૪૨-૪૩મી ઓળી સળંગ ચાલુ હતી. ૪૩મી ઓળીના ૮ આંબિલ ઉપર એમણે સિદ્ધિતપ શરુ કર્યો.

પણ એ સિદ્ધિતપ બેસણાવાળો નહિ, એકલા ઉપવાસવાળો કર્યો. ૩૬ ઉપવાસથી

સિદ્ધિતપ પૂર્ણ કર્યો અને એ સાથે જ એમની ૪૩મી ઓળી પૂર્ણ થઈ.

પારણાના દિવસથી પાછી ૪૪મી ઓળી શરૂ કરી દીધી.

(ગ) મલાડ ચાતુર્માસ વખતે આ સાધ્વીજીએ ૫૧ ઉપવાસની આરાધના કરી. એમાં ૩૮માં ઉપવાસે ઉપાશ્રયમાં બહારથી મહેમાન સાધ્વીજીઓ આવ્યા, તો એ મહેમાન સાધ્વીજીઓને સામે લેવા જવું...વગેરે બધો વિનય એમણે સ્વયં કર્યો.

આવનારા સાધ્વીજીઓને ખબર પણ ન પડી કે આમને આજે ૩૮મો ઉપવાસ છે.

આશ્ચર્ય તો એ કે છેક ૫૧માં ઉપવાસે પણ આ સાધ્વીજી કોઈના પણ ટેકા વિના જાતે ચાર માળ ચડીને **મલાડ હીરસૂરિ ઉપાશ્રય**ના ચોથે માળે રહેલા દેરાસરે દર્શન કરવા જતા.

(ઘ) આ ઘોર તપશ્ચર્યામાં પણ એ કર્મગ્રન્થનો પાઠ લેતા, એક કલાક પ્રસન્નતાપૂર્વક બેસતા.

(ચ) આ તપશ્ચર્યા દરમ્યાન પોતાનું પ્રતિલેખનાદિ પણ જાતે જ કરતા.

(છ) આંબિલની ઓળી કરે એમાં પણ આ સાધ્વીજી નિર્દોષ ગોચરીના ખપી છે.

(જ) એમણે અઠ્ઠાઈ-શ્રેણીતપ વગેરે પણ અનેક તપશ્ચર્યાઓ કરી છે.

(ઝ) એ માત્ર તપસ્વી નથી, પણ સમુદાયમાં નાના-મોટા બધાને સહાયક થવું એ એમનો અવ્વલકક્ષાનો ગુણ છે.

બાલ્યવય તો રમતની વય છે,
યૌવનવય ખાવા-પીવાની, જલસા કરવાની ઉંમર છે.
'ઘડપણમાં ગોવિંદ ગાશું'
એમ લોકો કહે છે.

પણ જિનશાસન તો કહે છે કે જો કોઈપણ ઉંમરમાં મોત આવી શકતું હોય તો કોઈપણ ઉંમર ધર્મને માટે અકાળ નથી.

આ સાધ્વીજી બાલ્યવય અને યૌવન એ બે ય ઉંમરમાંથી આ સાધુજીવનમાં જ પસાર થઈ ચૂક્યા છે અને એ જ બે ઉંમરમાં આ ઘોર તપ આરાધ્યો છે.

૭૦-૮૦ વર્ષની એમની વય જો હશે તો એ તપશ્ચર્યાના કેટલા શિખરો સર કરશે એની તો આપણે માત્ર કલ્પના જ કરવાની રહી.

## ૯૪. जे कम्मे सूरा ते धम्मे सूरा

(ક) વડોદરામાં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા એ યુવાનને પિક્ચરો જોવાનો એટલો બધો શોખ હતો કે માત્ર સવા-દોઢ વર્ષમાં કુલ **૧૫૮ ફિલ્મો** જોઈ કાઢી.

પણ આ જ યુવાને દીક્ષા બાદ એક આશ્ચર્યજનક વિક્રમ સર્જ્યો.

એ મુનિરાજે ચાતુર્માસ દરમ્યાન કુલ ૧૨૦ દિવસમાં ૧૨૦ ગ્રન્થોનું વાંચન કર્યું.

એ ગ્રન્થો પણ ૧-૨-૫ પાનાના નહિ, પણ મોટા ગ્રન્થો ! એ બધું પણ માત્ર વાંચી જવાનું નહિ, પણ કયા ગ્રન્થમાં કઈ વાતો આવી એ પણ એમને યાદ રહે.

(ખ) હોટલ લાઈફમાં સમોસા, કચોરી, વડા-પાઉ ખાનારા આ યુવાને દીક્ષાની ભાવના થયા બાદ દીક્ષામાં લેવામાં ઊભા થતા અંતરાયો તોડવા માટે ૯-૯ મહિના સુધી ત્રિફળા પાવડર નાંખીને આંબિલો કર્યા.

આમ પણ આંબિલની ગોચરી સ્વાદ વિનાની, એમાં વળી ત્રિફળાપાવડર નાંખવામાં આવે પછી તો બાકી જ શું રહે ?

અંતે દીક્ષા થઈ ને આજે એ યુવાન મુનિરાજ ૯૫મી ઓળી કરી રહ્યા છે. ૧૦-૧૦ શિષ્યોના ગુરુ આ મુનિ હવે તો ગણિ છે અને શિષ્યોને પણ વધુ ને વધુ આંબિલની ઓળીઓ કરાવી રહ્યા છે.

(ગ) ઘરમાં તો આ યુવાન એકદમ ટીપ-ટોપ રહેતો, પણ એ મુમુક્ષુ બન્યો, વિહારમાં સાધુઓ સાથે રહ્યો અને શ્વેત વસ્ત્રો પહેરતો, પણ ૧ મહિના સુધી એ વસ્ત્રોનો કાપ ન કાઢે, વસ્ત્રો ધુએ નહિ.

એ આવા મલિન વસ્ત્રો પહેરી આંબિલ ખાતે કે કોઈકના ઘરે આંબિલ કરવા જાય તો કોઈ એને સાઈકલવાળો માણસ સમજી ૨-૩ રોટલી, દાળ, ભાત મૂકીને આપી દે...છતાં આ મુમુક્ષુ કોઈ ખુલાસો ન કરે, એ અપમાનને ઉપહાર સમજી આંબિલ કરીને પાછો આવી જાય.

(ઘ) એમની જ્ઞાનસાધનાનું વર્ણન કરવું દુઃશક્ય છે. સંસ્કૃત ટીકાઓની રચના એમના માટે જાણે કે ડાબા હાથનો ખેલ છે. અતિ અઘરા ગણાતા મહોપાધ્યાયજીના ગ્રન્થો ઉપર એમણે પોતાની કલમ ચલાવી સંસ્કૃત ટીકાઓ અને હિન્દી-ગુજરાતી વિવેચનો લખ્યા છે, એના કારણે એ ગ્રન્થોનો અભ્યાસ સાવ જ સરળ થઈ પડ્યો છે. સેંકડો સાધુ-સાધ્વીઓ એ પુસ્તકોને આધારે ગ્રન્થવાંચન કરતા થઈ ગયા છે.

એમાં પણ ભાષારહસ્ય, સ્યાદ્વાદરહસ્ય ભાગ ૧-૨-૩, વાદમાલા ભાગ ૧-૨-૩, બત્રીશ બત્રીશી ભાગ ૧ થી ૮ વગેરે વગેરે ગ્રન્થો ઉપરની એમની ટીકાઓ અને વિવેચન મનનીય છે. દીક્ષાજીવનના છઠ્ઠા જ વર્ષથી એમણે સંસ્કૃતટીકાઓ રચવાની શરુઆત કરી દીધી હતી.

(ચ) આશરે ૩૦૦-૩૦૦ પાનાના ૮ ભાગો રૂપે છપાયેલ બત્રીશી બત્રીશી ગ્રન્થના બહુમાન માટે શ્રીસંઘે હાથીની અંબાડી પર એ આઠ ગ્રન્થો મૂકી મોટા સામૈયા સાથે એ ગ્રંથોનો અભૂતપૂર્વ સત્કાર કરેલો.

(છ) આશરે ૮૦-૧૦૦ સાધ્વીજીઓને માત્ર ચાર માસમાં જ છેક મુક્તાવલિ ન્યાયગ્રન્થથી શરૂ કરીને વ્યાપ્તિ-પંચક, સિદ્ધાન્તલક્ષણ સુધીના ગ્રન્થોનો અભ્યાસ એમણે કરાવ્યો. સેંકડો સાધ્વીજીઓને ભણાવી ચૂકેલા આ મુનિરાજ બ્રહ્મચર્ય બાબતમાં એવા કટ્ટર છે કે કોઈપણ સાધ્વીજી સાથે વ્યક્તિગત પરિચય કરતા નથી.

એક જ દૃષ્ટાન્ત.

જૂનાગઢના ચાતુર્માસ દરમ્યાન ચાર ચાર મહિના સાધ્વીજીઓને અભ્યાસ કરાવ્યા બાદ પોતાના સંસારી ભાઈને દીક્ષા આપવા વેરાવળ ગયા.

જૂનાગઢમાં જ રહેલા સાધ્વીજીએ દીક્ષામાં હાજરી આપવા જઈ રહેલા ટ્રસ્ટી શશિકાન્તભાઈને દીક્ષાની અનુમોદના રૂપ એક પત્ર લખી આપ્યો...

ટ્રસ્ટીએ એ પત્ર મુનિરાજને આપ્યો,

મુનિરાજે ટ્રસ્ટીને જણાવી દીધું કે

"ત્યાં એ સાધ્વીજીને સમાચાર આપવા કે આવો કોઈપણ પ્રકારનો પત્ર વ્યવહાર કરવો નહિ. ચારમાસ દરમ્યાન સ્વાધ્યાય થઈ ગયો, આ પત્રવ્યવહારની કોઈ જ જરૂર નથી."

ટ્રસ્ટી આશ્ચર્ય પામ્યા.

ચાર માસ સતત જે સાધ્વીજીઓને ભણાવ્યા, એ જ સાધ્વીજીઓ સાથે નાનકડો પત્રવ્યવહાર રાખવાની પણ સખત મનાઈ કરતા આ મુનિરાજની કેટલી જોરદાર આચારપાલકતા !

શ્રીસંઘ આવા જ ગીતાર્થ અને સંવિગ્ન મહાત્માઓથી શોભી રહ્યો છે.

## ૯૫. આપણે જુગુપ્સાપરિષહ જીતવાનો છે

કરોડપતિ પિતાની લાડકવાયી દીકરી પિતાના કહેવાથી દૂધવાળા ભૈયા પાસેથી દૂધ લઈને પાછી આવતી હતી,

ત્યારે એની નજર ભૂખ્યા ટળવળતા ગલુડિયાઓ પર પડી.

કરુણાથી પ્રેરાઈને આ દીકરીએ બધું દૂધ એ કુતરા-ગલુડિયાને પીવડાવી દીધું.

પિતા પાસે આવીને કહે કે "મારાથી એ ટળવળતા ગલુડિયા ન જોવાયા, એટલે મેં તો બધું દૂધ પીવડાવી દીધું"

પિતાએ પીઠ થાબડી, પ્રશંસા કરી.

આ કરોડપતિ ઘરની કન્યાએ એક દિવસ દીક્ષા લીધી, દીક્ષાજીવનમાં એમણે જુગુપ્સા પરિષહ ઉપર એવો વિજય મેળવ્યો છે કે અવસર આવે તો સહવર્તી સાધ્વીજીઓના સ્થંડિલના પ્યાલા પણ સાફ કરવામાં એમને જુગુપ્સા નડતી નથી.

એમને તો ત્યારે પણ એ જ ભાવ હોય છે કે આમાં જીવોની દયા થાય અને મારા માટે પરમેષ્ઠી તરીકે પૂજનીય સાધ્વીજીઓની ભક્તિનો લાભ મળે.

એમના એ પ્યાલા મારા કર્મમળને ધોવા સક્ષમ છે.

એક શ્રીમંતઘરની કન્યા ગચ્છભક્તિ માટે પ્યાલાઓ સાફ કરવાનું કામ પણ કરી શકે એ આશ્ચર્ય જ છે ને ?

## ૯૬. ice factory તરીકે પ્રસિદ્ધ સંયમી આચાર્યદેવ

સાધ્વીગણાધિપતિ - ice factory તરીકે પ્રસિદ્ધિ પામેલા આચાર્યદેવનું મુંબઈની લીલાવતી હોસ્પીટલમાં ઓપન-હાર્ટ-સર્જરી = બાયપાસ સર્જરીનું ઓપરેશન હતું.

ભારતના અગ્રગણ્ય ડોક્ટર ભટ્ટાચાર્ય એ ઓપરેશન કરવાના હતા.

રૂા. ૭ લાખ એમની ઓપરેશનદીઠ ફી !

ડોક્ટરે ઓપરેશન શરૂ કરતા પૂર્વે આચાર્યશ્રીને બેહોશ કરવાનું ઈંજેક્શન આપવાની શરુઆત કરી કે તરત આચાર્યશ્રીએ ના પાડી કે

'મારે બેહોશીના ઈંજેક્શનની જરૂર નથી, તમે ઓપરેશન શરુ કરો..."

ડોક્ટર વિચારમાં પડ્યો, વગર ઈંજેક્શને ઓપરેશન શી રીતે થાય? વળી આમાં તો એકદમ સ્થિર બેસવું પડે, હલનચલન થાય તો આખું ઓપરેશન નિષ્ફળ જાય.

પણ આચાર્યદેવની મક્કમતા સામે ડોક્ટરે નમતું જોખ્યું, અને ખરેખર વગર ઈન્જેક્શને આ આચાર્યદેવે ઓપરેશન કરાવ્યું.

**આ પ્રસંગથી ડોક્ટર એટલો બધો પ્રભાવિત થયો કે એણે રૂા. ૭ લાખની ફી લેવાની ના પાડી દીધી. એકપણ રૂપિયો ન લીધો.**

(અલબત્ત હૃદયના ભાગમાં જડતા લાવવા પૂરતું ઈંજેક્શન આપ્યું હશે ખરું, પણ બાયપાસ સર્જરીના કોઈપણ ઓપરેશનમાં દર્દીને સંપૂર્ણ જ બેભાન કરવામાં આવે છે. હૃદયમાં કાપકૂપ થતી હોય અને દર્દી નજરે એ જુએ...એ લગભગ બનતું નથી. જે અહીં બન્યું.)

આ વૃદ્ધ આચાર્યદેવ એક સગીમાતાની જેમ સાધ્વીગણની રક્ષા કરી રહ્યા છે. "પોતાના સાધ્વીગણમાંથી કયા સાધ્વીનો શું અભ્યાસ ચાલે છે, કોની આલોચના બાકી છે..." વગેરે રજેરજ બાબતની કાળજી કરે છે. એમના બ્રહ્મચર્યની નિર્મળતા તો સ્વ અને પર બધા જ સમુદાયમાં પ્રસિદ્ધ છે.

"જો બરફ-માખણ ગરમ થાય તો આ આચાર્યદેવ ગરમ થાય" એવી સમતાના માલિક આ આચાર્યદેવ ખરેખર જિનશાસનનું અણમોલ રત્ન છે.

એમની સંયમ અંગેની ઝીણામાં ઝીણી કાળજી પણ કેટલી ! કે

એકવાર એ ૩૦ સાધુઓના ગ્રુપના મહેમાન બન્યા. સવારે એ પોતાના પાંચેક સાધુઓ સાથે આછો પ્રકાશ થતા વિહાર કરવા નીકળતા હતા, ત્યારે જ સ્થાનિક ૩૦ સાધુઓ કામળી પહેરી દાંડો લઈ એમને વળાવવા આવ્યા.

એ આચાર્યદેવે ૩૦ સાધુના વડીલને નમ્રભાવે કહ્યું કે

"હજી એકદમ સ્પષ્ટ પ્રકાશ થયો નથી, નીચે એકદમ બરાબર ઈર્યાસમિતિ પળાય એટલો પ્રકાશ નથી. આછું આછું જ અજવાળું છે. આ બધા સાધુઓ ૧૦૦ ડગલા વળાવવા આવે તો નકામી વિરાધના લાગે, માટે તમે બધા વળાવવા ન આવશો. અમારે તો વિહારના કારણે ના-છૂટકે થોડાક વહેલા નીકળવું પડે છે."

પેલા ૩૦ સાધુઓ સ્તબ્ધ બની ગયા.

"આટલા સાધુઓ વળાવવા આવે તો એમનું માન વધે, વટ પડે... પણ એ બધી મલિનવૃત્તિ આચાર્યદેવને સ્પર્શી જ નથી. એ તો સંયમ માટેની કેટલી ઝીણી બાબતનો ઉપયોગ રાખે છે ?

## ૯૭. હું તો આત્મા છું, હું શરીર નથી

"ચલો, બાલ મુનિરાજ ! તમે બેસી જાઓ. હવે તમારો લોચ કરવાનો છે."

સુરતના એક ઉપાશ્રયમાં સાધુઓએ ૭-૮ વર્ષની નાનકડી ઉંમરના બાલમુનિને લોચ માટે બેસી જવા જણાવ્યું.

તરત બાલમુનિ કહે કે,"તમે લોચ કરો, હું તો ચાલ્યો..."

મહાત્માઓ : "અરે તું ક્યાં ચાલ્યો ? જો તું જ ચાલ્યો તો પછી અમે લોચ કોનો કરીએ ?"

બાલમુનિ : "તમે લોચ કરો, હું બીજે ક્યાંય નથી જતો. પણ મનથી સિદ્ધપરમાત્મા પાસે સિદ્ધશિલામાં જાઉં છું."

અને બાલમુનિ ખરેખર ધ્યાનમુદ્રામાં બેસી ગયા.

આખો લોચ પૂર્ણ થયો ત્યાં સુધી ન હલ્યા, ન ઉંહકારો, ન ચીસ...!

બાલદીક્ષાવિરોધીઓ તરફથી પ્રચાર કરવામાં આવ્યો કે "આ જૈનાચાર્યો ગમે તેમ બાળકોને દીક્ષા આપે છે..."

એક ઈન્સ્પેક્ટર એ બાલમુનિની પરીક્ષા કરવા આવ્યો, પણ બાલમુનિએ જે જડબાતોડ જવાબ આપ્યો, એ સાંભળી એ પોલીસ ઈન્સ્પેક્ટર તાજુબ થઈ ગયો. એણે પછી તો પોતાના ઘરે એ બાલમુનિના પગલા કરાવ્યા. દારૂ અને માંસનો ત્યાગ કર્યો.

દેહ અને આત્માનું ભેદજ્ઞાન તો કરોડો ભવો પછી પણ દુર્લભ છે. પણ આ બાલમુનિ કોઈ પૂર્વભવના સંસ્કારથી આવા દુર્લભ ભેદજ્ઞાનને પણ સાધી શક્યા છે.

## ૯૮. પ્રેરણાયાં અનાલસા

"એય ! સાધ્વીજી ! કામળી ઓઢ્યા વિના ક્યાં ગયા હતા ?"

હજી હમણાં જ સંથારામાં બેઠા થયેલા ગુરુણીએ માત્રાનો પ્યાલો લઈને ઉપાશ્રયમાં અંદર પ્રવેશ કરતી શિષ્યાને જોઈને તરત જ પ્રશ્ન કર્યો.

સમય હતો સવારનો પાંચ વાગ્યાનો !

એ શિષ્યા ઉતાવળમાં કે પ્રમાદથી કામળી ઓઢવાનું ભૂલી ગયા હતા. માત્રુ પરઠવીને અંદર પ્રવેશ કર્યો ત્યાં જ સંથારામાં ગુરુણીને હજી બેઠા થતા જોયા.

શિષ્યાને સૌથી વધુ આશ્ચર્ય તો એ થયું કે હજી તો ગુરુણી ઉંઘમાંથી માંડ ઉઠ્યા

છે. છતાં એમની ચકોર નજરે એક પળમાં મારી ભૂલ પકડી પાડી અને ત્યારે જ ટકોર પણ કરી દીધી.

"ભૂલી ગઈ હતી" શિષ્યાએ જવાબ દીધો.

"એમ ભૂલી શી રીતે જવાય ? કાળજી તો રાખવી જ પડે ને ?" ગુરુણી બોલ્યા.

ગચ્છાચારમાં મહત્તરા સાધ્વીજીનો એક ગુણ બતાવ્યો છે કે શિષ્યાઓને યોગ્ય સમયે ટકોર કરવામાં એ લેશ પણ આળસ ન કરે...

આવા ગણિની હોય તો સાધ્વીગણની સદાચારિતા બરાબર જળવાઈ રહે એ નિશ્ચિત હકીકત છે.

## ૯૯. સર્વશ્રેષ્ઠ સ્વાધ્યાય યોગ, મલધારીજી એમ કહેતા

એક સાધ્વીજીનો દેહ મોટા ત્રણ રોગોથી ઘેરાયેલો છે, (૧) ડાયાબિટીશ (૨) થાઈરોઈડ (૩) હાર્ટ.

એમાં વળી છેલ્લા ૪-૫ વર્ષથી હર્પિસ્‌ના રોગ જેવો જ ભયંકર રોગ એમને એવો લાગુ પડ્યો છે કે કમરથી માંડીને પગથી પાની સુધી એમને સખત બળતરા થાય. એ ભાગમાં વસ્ત્ર સ્પર્શે તો પણ પીડા થાય એવી એ બળતરા છે.

એમાં વળી ડાયાબીટીશના કારણે આ સાધ્વીજીના પગોની નશો ઉપરનું કવર-કોટિન ખુલ્લુ થઈ ગયું છે. એ ખુલ્લી થયેલી નશો અંદર માંસપેશીઓ સાથે ઘસાય એટલે વળી સખત પીડા થાય.

ડોક્ટર કહે છે કે આનો કોઈ ઈલાજ નથી. કોઈ રી-કવરી નથી.

પણ આવી પીડા વચ્ચે પણ આ શ્રમણી સવાર-બપોર-સાંજ દિવસમાં ત્રણવાર પોતાની શિષ્યાઓને, આશ્રિતાઓને વાચના આપે છે. એમાં સાંજે તો બે કલાકની વાચના આપે.

એ સિવાયના સમયમાં પણ આગમો, પૂર્વાચાર્યોની ટીકાઓ, આધ્યાત્મિક ગ્રંથો વગેરેનો અભ્યાસ ચાલુ જ હોય. બિમારીની, પીડાની ફરિયાદ એમના મુખથી કદી સાંભળવા ન મળે.

વાચના પૂર્ણ થયા બાદ શિષ્યોએ વિનંતિ કરી કે "પૂજ્યશ્રી ! આપની તબિયત ઘણી નાજુક છે. આપ થોડો આરામ કરો તો સારું. ત્રણ-ત્રણ વાચનાના અંતે આપનું આ ઔદારિક શરીર તો થાકે ને ! આપ તો ત્રણ વાચના પછી પણ પાછુ વાંચન કરવા

લાગી પડો છો."

ત્યારે આ સાધ્વીજીનો જવાબ : "સ્વાધ્યાય એ જ મારી દવા છે."

## ૧૦૦. અંતરની પ્રાર્થના ફળે છે ખરી ?

વિક્રમસંવત ૨૦૪૩માં સૌરાષ્ટ્રની ધરતી પર દુષ્કાળના ઓળા ઉતરી રહ્યા હતા.

અષાઢ સુદ એકમ તો થઈ ગઈ,

પણ આકાશ ખાલીખમ ! એકપણ વાદળ જોવા ન મળે. પાણીનું એક ટીપું પણ વરસ્યું ન હતું.

સૌરાષ્ટ્રની ખમીરવંતી પ્રજા પણ દુષ્કાળના ભયથી મુંઝાઈ રહી હતી. "શું થશે માનવોનું ? ઢોરોનું ?" એ પ્રશ્ન બધાને મુંઝવતો હતો.

પાલિતાણાના = સિદ્ધગિરિના તમામ જલકુંડો ખાલીખમ હતા.

એ વખતે એક આચાર્યશ્રી આ આવનારી વિપત્તિના કારણે દ્રવી ઉઠ્યા. એમની કરુણા આંખેથી આંસુ બની વહેવા લાગી. દાદા આદિનાથ ઉપરની એમની શ્રદ્ધા સીમાતીત હતી.

"જો વિધિસર દાદાના અઢાર અભિષેક કરવામાં આવે, તો કદાચ આ આપત્તિ ટાળી શકાય.' એમ વિચારીને એમણે શ્રેણિકભાઈ પાસે અભિષેક માટેની રજા મંગાવી.

શ્રેણિકભાઈએ પ્રથમ તો ના પાડી કે "અત્યારે અભિષેક ગોઠવો, તો યાત્રિકોને મુશ્કેલી પડે. માટે ચોમાસામાં કરજો..."

પણ "ચોમાસામાં તો અમે ઉપર જઈ ન શકીએ." એમ જણાવી આચાર્યશ્રીએ સંમતિ મેળવી.

શ્રાવકોએ તાત્કાલિક વિશિષ્ટ ઔષધિઓ તૈયાર કરાવી, અભિષેકની સામગ્રી દાદાના દરબારે પહોંચી. શુભ દિવસે અભિષેક શરુ થયો.

પરમાત્મા ઉપર અભિષેકના પવિત્ર જલની વૃષ્ટિ થઈ, આચાર્યશ્રીના હૈયામાંથી કરુણા જલની વૃષ્ટિ થઈ, દાદાના શિખરે મહાજોખમે પુજારીએ ધજા ચડાવી અને ત્યાંજ કુદરતમાં પરિવર્તન થવા માંડ્યું.

આચાર્યશ્રીના વૃદ્ધ માતૃશ્રી પાંચ અભિષેક બાદ વધુ ન બેસી શકવાથી નીચે ઉતરવા લાગ્યા, પણ હજી એ છાલાકુંડ સુધી પહોંચ્યા ત્યાં તો ધોધમાર વરસાદ શરુ થઈ ગયો. એમણે છાલાકુંડ પાસે જ એક કલાક બેસી રહેવું પડ્યું.

આ બાજુ દાદાના દરબારમાં તો બધા મન મૂકીને નાચવા લાગ્યા.

રાજકોટવાળા શશિકાન્તભાઈ કહે કે આપણે તો દાદાને થોડા જ કળશો ચડાવ્યા, પણ દયાળુ દાદાએ કરોડો અબજો કળશાઓનો વરસાદ વરસાવી દીધો.

સિદ્ધાચલ ચડતી વખતે તો તમામે તમામ કુંડો ખાલીખમ જોવા મળેલા. પણ ઉતરતી વખતે એ જ બધા કુંડો ભરચક જોવા મળ્યા.

દુષ્કાળની આગાહી નાબુદ થઈ.

એક જૈનાચાર્યના પવિત્ર સંકલ્પપૂર્વકના શુભાનુષ્ઠાનમાં કેટલી પ્રચંડ તાકાત ભરેલી પડી છે એનો સહુને અંદાજ આવ્યો.

## ૧૦૧. આ તો છે વીરસંતાનો !

જરાય થાક ખાધા વિના અસ્ખલિત ગતિએ સિદ્ધાચલ ચઢવામાં આવે તો પણ ઓછામાં ઓછી ૪૫ મિનિટ તો થાય જ. પોષ-મહા માસની ભયંકર ઠંડીમાં પણ ડુંગર ચડનારાઓને પસીનાના રેલા ઉતરવાનો અનુભવ થાય જ છે. "પાણી-પાણી"નો પોકાર અંતરમાં ઉપડ્યા વિના રહેતો નથી. ધાર્મિક માણસો પણ પાણી પીને સંતોષ અનુભવે છે તો મુગ્ધ જૈનો શરબત-દહીં દ્વારા પણ શાંતિ મેળવવા પ્રયત્ન કરે છે.

એમાંય ભરશિયાળામાં પણ ચોવિહાર છટ્ઠ કરીને સાત યાત્રા કરવી કેટલી કપરી છે એ સૌ જાણે છે બે જાત્રા પછી તો યાત્રાળુ ઉપર પાણીનો ધોધ જ જાણે કે વરસાવવો પડે. પાણીના પોતાં મુકાતા જાય, ઠંડો બામ ઘસવામાં આવે... કદાચ નીચે આવી ઠંડા પાણીથી સ્નાન કરવામાં આવે... ત્યારે માંડ સાતયાત્રા પૂર્ણ થાય.

પણ આ વર્ષે તો ઈતિહાસ સર્જાયો.

(ક) નવ્વાણુ યાત્રાઓ ગોઠવાઈ પણ એ શિયાળામાં નહિ, ચૈત્ર-વૈશાખની કાળઝાળ ગરમીવાળા વેકેશનના સમયમાં !

(ખ) એ નવ્વાણુમાં જોડાનારા ભરયુવાનો નહિ, પણ ૭ વર્ષથી ૧૮-૨૦ વર્ષના બાળક-બાળિકાઓ !

(ગ) એ બાળક-બાળિકાઓ પણ સામાન્ય નહિ, પણ મોહમયી મુંબઈ નગરીના એકંદરે શ્રીમંત-સુખી ઘરના સંતાનો !

(ઘ) કેતનભાઈ નામના એક યુવાનની પ્રેરણાથી એક સાથે કુલ ૫૭ બાળક-બાળિકાઓએ ભર ઉનાળામાં ચોવિહાર છટ્ઠ કરીને સાતયાત્રા કરી.

(ચ) એમાંય સૌથી વધુ પરાક્રમ કર્યું એક સાતવર્ષની બાલિકા શૈલીએ ! એણે પણ ચોવિહાર છટ્ઠ કરીને સાતયાત્રા કરવાની ભાવના એની માતાને જણાવી. માતાએ ના પાડી, પણ એ બાલિકા મક્કમ રહી. અને માતા એ દિવસોમાં માસિક ધર્મમાં હોવાથી માતાની સહાય વિના જ માત્ર બાળકાદિની સહાયથી ૭ યાત્રા કરી.

(છ) વિશિષ્ટ યાત્રાઓ કરનારાની સેવા કરવા માટે કેતનભાઈએ બાળકોને જેવા પ્રોત્સાહિત કર્યા તરત બધા જ બાળકો વિશિષ્ટ યાત્રી બાળકોની બરાબર સેવા કરવા લાગી પડ્યા.

નાની ઉંમર-મોહમયી નગરીનાં સંસ્કારો- ભયાનક ઉનાળો - યાત્રાનો તન-મન થકવી દેતો થાક... અને છતાં ભરપૂર ઉત્સાહ ! સંપૂર્ણ સફળતાની પ્રાપ્તિ !... આ બધું તો ભાઈ ! વીરના સંતાનોમાં જ શક્ય બને.

આ નવ્વાણું જોનારા સાધુઓ અને સેંકડો સાધ્વીજીઓ અચંબામાં પડી ગયા છે, ચાર મોઢે વખાણ કરતા ધરાતા નથી.

## ૧૦૨. સાધુ એટલે ષટ્કાયની માતા

"અરે ! હું બેઠો શી રીતે થઈ ગયો ? મારાથી તો બેઠા થવાતું જ નથી..."

એક વૃદ્ધ ગ્લાન મુનિરાજે પોતાના શિષ્યોને પ્રશ્ન કર્યો.

એમનું નરમ સ્વાસ્થ્ય જોઈને ડોક્ટરે ખાસ કહેલું કે

"આમને સુવાડ્યા પછી ઉભા કરવા અઘરા છે, અને સતત બેસાડી રાખવા પણ શક્ય નથી. એટલે એક કામ કરો. એમને હેંડલવાળા પલંગ ઉપર સુવડાવી દઈએ. એ પલંગનું હેંડલ ફેરવશું એટલે આપોઆપ પલંગનો એક તરફનો ભાગ ઉંચો થવા લાગશે. એટલે એની મેળે જ આ મુનિ બેઠા થઈ જશે. એમણે કોઈ પ્રયત્ન નહિ કરવો પડે. એટલે કોઈ મુશ્કેલી નહિ પડે."

ડોક્ટરની સુચના પ્રમાણે પલંગ તો લઈ આવ્યા, પાટ છોડી પલંગ પર આવવાની મુનિની ઈચ્છા ન હોવા છતાં શિષ્યોએ માંડ માંડ સમજાવીને પલંગ પર સુવાડ્યા તો ખરા.

પણ

જ્યારે ગોચરી વપરાવવાદિ કારણસર ગુરુને બેઠા કરવાના હતા, ત્યારે શિષ્યોએ તો પલંગમાં રહેલું હેંડલ ફેરવવા માંડ્યું કે તરત એ પલંગ ઉંચો થઈ ગયો.-

ગુરુને થયું કે "કોઈએ મને બેઠો કર્યો નથી, તો હું અચાનક બેઠો શી રીતે થયો?" અને એટલે જ ગુરુએ પ્રશ્ન પૂછ્યો.

એ વખતે પલંગની કરામતથી અજાણ ગુરુને શિષ્યોએ પેલું હેંડલ દેખાડી કહ્યું કે "આ ફેરવીએ એટલે પલંગ આપમેળે ઉંચો થાય. એમ ઊંધું ફેરવીએ તો પલંગ આપમેળે નીચો થાય."

ગુરુને આઘાત લાગ્યો.

"એ હેંડલની અંદરના ભાંગો કોણ પૂંજશે ? એમાં નાની નાની જીવાતો હોય તો હેંડલ ફેરવવાથી એ જીવાતો તો મરી જાય. આપણી સુખશીલતા ખાતર એ જીવોને મારી નાંખવાના ? ના ! એ નહિ ચાલે. હું પાટ પર જ રહીશ. જે સહન કરવું પડે એ કરીશ પણ પલંગનો વપરાશ નહિ કરું."

જીવરક્ષા માટેની કેવી નિર્મળ ભાવના !

## ૧૦૩. આચાર બોલવાનો જ નથી, પાળવાનો પણ છે

"ના ! આજથી હવે મારા પાત્રામાં મીઠાઈ ન મુકીશ."

પાત્રામાં મીઠાઈનો ટુકડો મૂકવા જતા શિષ્યોને ગુરુવરે અટકાવ્યા.

"કેમ ? આપને ક્યાં બાધા છે ? આપ રોજ વાપરો જ છો ને ? અને શરીર ટકાવવા માટે આપને એ જરૂરી પણ છે. પછી ના શા માટે ?"

ભક્તિમંત શિષ્યોએ આગ્રહ કર્યો.

"ગઈકાલ સુધી વાપરતો હતો, પણ હવે નહિ..." ગુરુએ ના પાડી.

"પણ કંઈ કારણ ? બાધા લીધી છે ? શા માટે ?" શિષ્યો અકળાયા.

અંતે ગુરુવરે એમના સમાધાન માટે ગદ્ગદ સ્વરે ખુલાસો કર્યો.

ગઈકાલે પ્રવચનમાં આંબિલની ઓળી નિમિત્તે ધન્ના અણગારની સજ્ઝાય બોલતો હતો. હું ખુદ પણ એમાં તલ્લીન બની ગયો.

એમાંય **છઠ્ઠ તપ આયંબિલ પારણે કરવો યાવજ્જીવ** એ ધન્નાની પ્રતિજ્ઞા દર્શાવતી કડી મેં ગાઈ, વારંવાર ગાઈ. મને આંચકો લાગ્યો, આઘાત લાગ્યો.

અરરર ! એ મહાત્મા આખી જીંદગી માટે છઠ્ઠના પારણે છઠ્ઠ કરે અને હું રોજ ખાઉં ? સ્વાદિષ્ટ વસ્તુઓ ખાઉં ?

રે ! કમ સે કમ મીઠાઈ તો મારે છોડવી જ જોઈએ.

અને મેં ગઈકાલે જ આખી જીંદગી માટે સંપૂર્ણપણે મીઠાઈનો ત્યાગ કર્યો છે."

ગુરુવરના શબ્દો સાંભળતા શિષ્યોની આંખમાં પણ ઝળઝળીઆ આવી ગયા.

(સ્તવનો અને સજ્ઝાયો તો આપણે પણ ઘણા બોલીએ છીએ, પણ મનને હલબલાવી દે, જીવન પરિવર્તન કરવા પ્રેરી દે એવા સ્તવન-સજ્ઝાય કેટલીવાર બોલ્યા?)

## ૧૦૪. કઠોર ગુરુ ગમશે ને ?

(એક શ્રમણીવર્યા પોતાના જીવનનો એક પ્રસંગ જણાવે છે કે)

→ સંયમજીવનનું મારું એ પ્રથમ ચાતુર્માસ હતું. એક દિવસ મારે ઉપવાસ હતો એટલે પ્રતિક્રમણ બાદ તરત સંથારા પોરિસી ભણાવીને હું સુઈ ગઈ, તરત ઊંઘ આવી ગઈ.

અચાનક મને એમ લાગ્યું કે "મને કોઈ ઉઠાડી રહ્યું છે."

મેં આખ ખોલી,

ધ્યાનથી જોયું તો એ મારા તારણહાર ગુરુણી જ હતા.

"અત્યારે મને કેમ ઉઠાડી હશે ?" મારા મનમાં પ્રશ્ન થયો.

ત્યાં તો

"કેમ આજે વહેલી સુઈ ગઈ ?" ગુરુણીએ પ્રશ્ન કર્યો.

"આજે ઉપવાસ હતો, માથુ દુઃખતું હતું. એટલે સુઈ ગઈ." મેં નમ્રતાથી જવાબ આપ્યો.

"આજનો રાત્રિ સ્વાધ્યાય કર્યો ?" પાછો પ્રશ્ન થયો.

"ના જી ! આજે મન નથી માનતું, એટલે સ્વાધ્યાય ન કર્યો." મેં જવાબ દીધો.

"તો શું અહીં સંયમજીવનમાં મન માને એ જ કરવાનું ? અહીં મનનું ધાર્યું નથી કરવાનું, પણ પ્રભુનું ધાર્યું કરવાનું છે.

જો, એટલું સમજી રાખ કે **રાત્રિસ્વાધ્યાય એ તો સાધુતાની કસોટી છે.** ગૃહસ્થો હજારો તકલીફો વચ્ચે પણ નોકરી કરવા જાય છે, "મન નથી માનતું" એમ કહી જો નોકરી કરવા ન જાય તો એમની ભૂંડી હાલત થાય.

તો આપણે શું સામાન્ય તકલીફો આવે એટલે આરાધના મૂકી દેવાની ? એ ન

ચાલે. ચાલો, આસન પર બેસી જાઓ. એક કલાક સ્વાધ્યાય કરવો પડશે, એ પછી સંથારી જજો."

ગુરુણીએ મને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું અને મેં ઉઠીને એક કલાક સ્વાધ્યાય કર્યો.

અલબત્ત ત્યારે તો મને ગુરુણીનો સ્વભાવ આકરો લાગેલો, મને રડવું પણ આવેલું. પણ આજે મને એની કિંમત સમજાય છે. મારા ગુરુણી ૧૦૦ ટકા સાચા જ હતા.

૮૦ વર્ષની ઉંમરે પણ મારા ગુરુણીને દશવૈકાલિક-ઉત્તરાધ્યયન વગેરે સૂત્રો કંઠસ્થ હતા અને તેઓ એનો પાઠ કરતા હતા. ←

(આવા કોઈ કડક ગુરુ આપણને મળે તો ?

એમના શિષ્ય તરીકે આપણે ટકી શકીએ ખરા કે ?)

## ૧૦૫. આચારમાં સજાગતા

૩૦ વર્ષની ઉંમરે દીક્ષા લીધા બાદ આજે ૨૦ વર્ષના દીક્ષા પર્યાયવાળા બનેલા, ૫૦ વર્ષની ઉંમરના એક સાધ્વીજીના જીવનની વિશિષ્ટ આરાધનાઓ નિહાળીએ.

(ક) એમના જીવનમાં લગભગ તમામ પ્રકારનાં તપ થઈ ચૂક્યા છે.

(ખ) માસક્ષપણાદિ ગમે એટલો મોટો તપ કર્યો હોય તો પણ પારણાના દિવસે એકાસણાથી ઓછું પચ્ચક્ખાણ ન કરે.

(ગ) છેલ્લા ૨૦ વર્ષથી અખંડ એકાસણા ચાલુ છે. (૨૦x૩૬૦=૭૨૦૦ એકાસણા).

(છ) એ બધા જ એકાસણા પુરિમઢ્ઢ કે અવઢ્ઢનાં પચ્ચક્ખાણથી કર્યા છે.

(ચ) શ્રી સિદ્ધાચલ મહાતીર્થની કુલ ૧૭ વાર ૯૯ યાત્રાઓ વિધિપૂર્વક કરી.

આ તમામ યાત્રાઓમાં આ સાધ્વીજી સૂર્યોદય પછી જ ઉપાશ્રયમાંથી બહાર નીકળતા. જ્યાં સુધી પાલિતાણામાં હોય ત્યાં સુધી આદિનાથ દાદાનાં દર્શન વિના પાણી પણ ન વાપરવાની દૃઢપ્રતિજ્ઞા આજ સુધી પાળી છે. શેષકાળમાં પણ જો ધુમ્મસના કારણે સવારે યાત્રા ન થાય. તો છેવટે બપોરે કે સાંજે ધુમ્મસ ગયા બાદ યાત્રા કરીને ગોચરી વાપરે. જો યાત્રા ન થાય તો ઉપવાસ કરે.

(છ) એક ૯૯ યાત્રા "કામળીકાળ ગયા બાદ જ યાત્રા કરવાની..." એ રીતે પૂરી કરી છે.

(જ) આધાકર્મી ગોચરી જીવનમાં વાપરી નથી.

(ઝ) છેલ્લા કેટલાક વર્ષોથી આ સાધ્વીજી પાલિતાણામાં છે, છતાં એ નવાણું-ઉપધાન કે ચાતુર્માસિક રસોડાની ગોચરી લેતા જ નથી. ચાલુ ભોજનશાળાની ગોચરી પણ વાપરતા નથી.

(ટ) બે જોડી વસ્ત્રો કે બે ચાર પાત્રા સિવાય વધારાનો કોઈ પરિગ્રહ નથી.

(ઠ) શેષકાળમાં ભાથાખાતામાંથી ઉકાળેલું પાણી વહોરે. ચોમાસામાં જે સ્થાનમાં સૂર્યોદય પછી પાણી ઉકળતું હોય, બીજી કોઈ સાધ્વીજી પાણી લેવા જતા ન હોય તે સ્થાનથી ત્રણ ઉકાળાની બરાબર ચકાસણી કરીને બીજી પોરિસીનું જ પાણી લાવે.

(ડ) અત્યાર સુધી એમણે ચૌદશનો ઉપવાસ, ચોમાસીનો છઠ્ઠ, સંવત્સરીનો અઠ્ઠમ કદી છોડ્યો નથી.

(ઢ) બે વખત હાથમાં ફ્રેક્ચર થયું તો પણ પુરુષ ડોક્ટરનો સંઘટ્ટો પણ ન થવા દીધો.

(ત) હજી સુધી વિલાયતી કે દેશી કોઈ ટીકડી-દવા લીધી નથી.

(થ) મહીને એકવાર કાપ કાઢે.

(દ) ગૃહસ્થને પૈસાનું કામ ભળાવે નહિ.

(ધ) ઘડિયાળ-કાતર-નેઈલકટર વગેરે વસ્તુ પાસે રાખે નહિ.

(પ) સૂર્યાસ્ત બાદ ઉપાશ્રયની બહાર ન નીકળે.

## ૧૦૯. સમતાથી દર્દ સહું, પ્રભુ ! એવું બળ દેજે

વિ.સં. ૨૦૩૪ વૈશાખ સુદ નોમના દિવસે ચાર સાધ્વીજીઓએ બપોરે ચાર વાગે નડીયાદથી અમદાવાદ તરફ વિહાર શરુ કર્યો.

આગળ ચાલતા સાધ્વીજીને એસ.ટી.વાળાએ જોરદાર ટક્કર મારી, બસનું પૈડું પેઢા ઉપર ફરી વળ્યું, લોહીની ધારા વહેવા લાગી. જમીન પણ ગરમ ગરમ હતી.

એ સાધ્વીજી તાજેતરમાં જ મોટી બિમારીમાંથી ઊભા થયેલા, પણ છતાં

ન તો ચીસ પાડી કે

ન તો હાયવોય કરી.

એક ગાડી જતી હતી, તેઓ આ સાધ્વીજીને નડિયાદ હોસ્પીટલમાં લઈ ગયા.

ડોક્ટરે પૂછ્યું કે "કેટલા વર્ષ થયા ?"

થોડાક કલાકોમાં જ યમરાજના મુખનો કોળીયો બની જનારા એ શ્રમણીએ પૂરા ભાન સાથે આવી અવસ્થામાં શાંતિથી ઉત્તર આપ્યો.

"૩૪ વર્ષ થયા."

પછી કહે કે "મારે માત્રુ કરવું છે, પણ ટોટીથી કરાવો... સીધું માત્રુ નહિ થાય"

ત્યારે તો ડોક્ટર આશ્ચર્ય પામ્યા. એમને ત્યારે જ ખબર પડી કે સાધ્વીજીને માત્રાની કોથળી ફાટી ગઈ હતી.

"આવી વેદનામાં આટલી સમતા હોઈ શકે ?" ડોક્ટર વિચારમાં પડ્યા.

રાત્રે ઓપરેશન થયું પણ સાધ્વીજીને ખ્યાલ આવી ગયો કે "લાંબુ નહિ ખેંચાય." એટલે ગુરુણીને કહી દીધું કે "કપડા વગેરેની તૈયારી કરાવી દેજો..."

પોતાના ગુરુણી પાસેથી પોતાના નિમિત્તે પાંચ અઠ્ઠાઈ-વર્ષીતપ વગેરેની આરાધના માંગી લીધી.

ત્રીજા દિવસની રાત્રે ૯-૧૫ મિનિટે જાગ્રતદશામાં પરમાત્માના ફોટાની સામે ચૈત્યવંદન કર્યું. પ્રતિક્રમણ કરી ૯-૧૫ મિનિટે જાતે સંથારાપોરિસી ભણાવી.

અંતે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા એ ૯-૪૫ મિનિટે કાળધર્મ પામ્યા.

**પ્રભો ! મરતી વખતે કોઈને કોઈ ભીષણ વેદના તો આવવાની જ છે, પણ એવા આશીર્વાદ દેજે કે એ વેદનાને સમતાથી સહન કરી પરમગતિનો હકદાર બની શકું.**

## ૧૦૭. વૈયાવચ્ચથી ગ્લાન-વૃદ્ધ આદિને શાતા આપે...

પોતાના એક વૈયાવચ્ચી સાધ્વીજીના માસી ગુરુણીને (ગુરુણીના ગુરુબેનને) સ્થંડિલના ભાગમાં કેન્સર થયેલું હતું.

આ વૈયાવચ્ચી સાધ્વીજી વારંવાર પરાતમાં બેસાડી લેશ પણ જુગુપ્સા વિના એ સ્થાનની શુદ્ધિ કરે. રાત્રે ઉજાગરા પણ થાય.

આ રીતે સતત ત્રણથી ચાર વર્ષ સેવા કરી.

એક બીજા માસીગુરુણીને અન્નનળીનું કેન્સર થયું,

એમાંથી કમળો-કમળી થયા. તેની ગાંઠ નીચે ઉતરી જતા સ્થંડિલની જગ્યા પહોળી થઈ ગઈ. રાત્રે પણ જાગતા રહેવું પડે, એક વર્ષ સુધી એમની સેવા કરી.

એમાંય છેલ્લા ૫૫ દિવસ તો રાત દિન ઉજાગરા થયા.

આ સાધ્વીજી પોતે અનેક શિષ્યાઓના ગુરુણી છે, છતાં આ વૈયાવચ્ચ શિષ્યાઓએ ભળાવી દેવાની સ્વાર્થવૃત્તિ એમનામાં ન હતી. એમણે જાતે સેવા કરી.

હાલ આ સાધ્વીજીનો ૫૫ વર્ષનો દીક્ષાપર્યાય છે.

## ૧૦૮. તપનો ઢગલો

વિક્રમ સંવત ૨૦૬૨માં શ્રી સમેતશિખરજી મહાતીર્થમાં આશરે ૧૦૦ સાધ્વીજીઓ અને ૧૦ સાધુઓએ ૬૦૦ આરાધકોની સાથે ચાતુર્માસ કર્યું. એ ચાતુર્માસ દરમ્યાન જે આરાધનાઓ થઈ તેની એક ઝલક જોઈ લઈએ.

(ક) એક મુનિને ૩૬ ઉપવાસ, એક અન્ય મુનિને શ્રેણીતપ. (૮૨ ઉપવાસ + ૨૮ બેસણા)

(ખ) ૧૨ ઠાણાના એક શ્રમણીવૃંદે સળંગ ૧૦૮ અઠ્ઠમની આરાધના કરી.

શિખરજી સંઘ ગયો, એ સંઘ દરમ્યાન આ વૃંદે ૧૦૧, ૧૦૨, ૯૨, ૯૨ એ નંબરની ઓળીઓ કરી.

આ શ્રમણીવૃંદમાં જ એક સાધ્વીજીએ શ્રેણીતપ કર્યો, છેલ્લે એક સાથે ૨૨ ઉપવાસ કર્યા, **એ ૨૨ ઉપવાસ દરમ્યાન શિખરજીની ૪૫ યાત્રા કરી.**

આ ઉપરાંત ૧ માસક્ષપણ, ૪ સિદ્ધિતપ, વર્ષીતપના સળંગ ૧૫ ઉપવાસ અને બીજા ૧૦ ઉપવાસ... આટલી આરાધના ૧૨ સાધ્વીજીના એકવૃંદમાં થઈ.

(ગ) ૭ ઠાણાના એક સાધ્વીવૃંદમાં ૩ માસક્ષપણ, ૫ ધર્મચક્રતપ, ૪૫ અને ૮૮ નંબરની ઓળી, ૨ સમેત શિખર તપ.

એક સાધ્વીજીએ ૬૯ વર્ષની ઉંમરે પગની તકલીફ હોવા છતાં ચાલીને ૩૧ ટૂંકની યાત્રા સાથે બધે ૩ પ્રદક્ષિણા ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ૧૨ ખમાસમણા...

(ઘ) ૬ ઠાણાના એક સાધ્વીવૃંદમાં ૧ શ્રેણી તપ, ૧ સિદ્ધિતપ, ૨ ધર્મચક્ર તપ.

(ચ) ૨૫ ઠાણાના એક સાધ્વીવૃંદમાં ૪ શ્રેણી તપ, ૮૭મી ઓળી ઉપર માસક્ષપણ, ૯ ધર્મચક્ર તપ, ૩ સમેતશિખર તપ-૧ ચત્તારિ-અઠ્ઠ-દસ-દોય તપ, સળંગ ૫ મહિનાના આંબિલ ઉપર ૨૦ ઉપવાસ કરી પારણે આંબિલની ૮૩મી ઓળી

(છ) ૧૩ ઠાણાના એક સાધ્વીવૃંદમાં - ૬ ધર્મચક્ર તપ-૧,માસક્ષપણ - સિદ્ધિતપ - અઠ્ઠાઈ-સળંગ ૨૦ ઉપવાસ...

કુલ ૧૦૦ સાધ્વીઓમાં અધધધ... થઈ જાય એટલી ઘોર તપશ્ચર્યા થઈ.

## ૧૦૯. તો પણ નિષ્કલંક સંયમી નાની પણ ભૂલ નવિ કરતા...ધન તે..

૧૮ વર્ષના દીક્ષાપર્યાયવાળા ૧ યુવાન સાધ્વીજીના જીવનની કેટલીક ઝલકો :

(ક) ૧૮ વર્ષમાં ૯૪ ઓળી સુધી પહોંચ્યા છે. (૧૪ વર્ષ સળંગ ઓળી કરીએ તો ૧૦૦ ઓળી પૂર્ણ થાય. અર્થાત્ એમણે ૧૮ વર્ષમાં આશરે પાંચ વર્ષ જેટલા દિવસો જ આંબિલ-ઉપવાસ વિનાના વિતાવ્યા છે.)

(ખ) ગમે એટલી ગરમી હોય તો પણ ૨ ઘડી પૂર્વે જ પાણી ચૂકવી દેવાનો નિયમ એ આજ સુધી અખંડિતપણે પાળે છે.

(ગ) શિખરજી ચાતુર્માસ પૂર્ણ થયા બાદ ગુજરાત આવી રહેલા સાધ્વીવૃંદને ગોચરીની મુશ્કેલી ન પડે એ માટે શ્રાવકોએ સાથે જ રસોડું રાખેલું. પરંતુ નિર્દોષગોચરીના ખપી આ સાધ્વીજી મુકામથી ૧-૨ કિ.મી. દૂર જ્યાં જૈનોના ઘરો હોય ત્યાંથી ખાખરા-ચણાદિ લાવતા અને એ રીતે વિહારમાં ૨ કે ૩ દ્રવ્યોથી જ ૯૧મી અને ૯૨મી ઓળી પૂર્ણ કરી.

(ઘ) લાંબા વિહારોમાં પગની ચામડી ઘસાઈ જાય તો પણ પગમાં કશું જ પહેરતા નથી.

(ચ) શિખરજીમાં ગૌતમસ્વામીની ટૂંકથી પાર્શ્વનાથ ભગવાનની ટુંકની છઠ્ઠ કરીને સાતયાત્રા

મોટી ૪૫ યાત્રા

- શ્રેણીતપમાં છેલ્લે ૨૨ ઉપવાસ
- સળંગ ૫૦૦ આંબિલ
- ૨ વર્ષીતપ
- ૧ માસક્ષપણ
- પહેલા દિવસથી જ ઉલટી શરુ થવા છતાં લેશ પણ ગભરાટ વિના કુલ ૩૬ ઉપવાસ...

આ એમના જીવનની તપ-આરાધના છે.

## ૧૧૦. શ્રીસંઘનું મફતનું ખવાય ?

આચાર્યશ્રીએ બાલમુનિને નિયમ આપેલો કે

"રોજ પાંચ ગાથા ગોખ્યા બાદ જ નવકારશી કરવી."

એક દિવસ બાલમુનિએ પ્રમાદ-આળસના કારણે પાંચગાથા ન ગોખી અને ગોચરી વાપરી લીધી.

આચાર્યશ્રી ૯ વાગે વ્યાખ્યાન કરવા જતા હતા, ત્યારે એમને ખબર પડી કે "બાલમુનિએ ગાથા ગોખી નથી."

આચાર્યશ્રી સીધા બાલમુનિ પાસે ગયા, શ્રાવકો પણ સાથે હતા અને આચાર્યશ્રીએ બાલમુનિને એક તમાચો લગાવી દીધો.

"કેમ ? સંઘનું મફતનું ખાવું છે ? કંઈ આરાધના કરવી જ નથી. જો, હું વ્યાખ્યાનમાંથી આવું ત્યાં સુધીમાં પાંચ ગાથા તૈયાર જોઈશે, નહિ તો બપોરની ગોચરી વાપરવા નહિ મળે." કહી આચાર્યશ્રીએ વિદાય લીધી.

વ્યાખ્યાન બાદ આચાર્યશ્રી પાછા આવ્યા ત્યારે મુનિએ પાંચને બદલે દસ નવી ગાથાઓ સંભળાવી.

આચાર્યશ્રી ખૂબ પ્રસન્ન થયા.

બપોરે ગોચરી આવી.

આચાર્યશ્રીએ બાલમુનિને પોતાની બાજુમાં બેસાડી માથે હાથ ફેરવી મીઠાઈ ખવડાવી, વાત્સલ્ય આપ્યું.

('આવી રીતે કંઈ બાલમુનિને મરાતા હશે' એવા વિચારો જોકે આપણને આવે, પણ જેમ માતા બાળકના હિત ખાતર ક્યારેક મારે પણ ખરી, એ પણ માતાની કૃપા જ છે. એમ આચાર્યશ્રી પણ બાલમુનિના હિત માટે ક્યારેક તમાચો પણ લગાવી દે. એનાથી એ બાલમુનિ કાયમને માટે ગાથા ગોખતા થઈ જાય. શું કરાય ? શું ન કરાય? આ બધું આચાર્યની ગીતાર્થતા પર નિર્ભર છે.)

## ૧૧૧. સકલ વિશ્વને કામણગારી નિઃસંગતા જે ધારે...

બેંગ્લોર જયનગરનો વિસ્તાર એટલે મુંબઈનું વાલકેશ્વર જ જોઈ લો.

લોકો સુખી, ઘણા સુખી અને પ્રાયઃ એટલે જ ધર્મમાં સાવ જ એદી-આળસુ !

ત્યાં એક સાધ્વીજી ભગવંત પધાર્યા, પોતાની વાણીના પ્રભાવે ત્યાંના શ્રાવિકાઓને જાગ્રત કર્યા, શ્રાવિકાઓ દ્વારા શ્રાવકો પણ ઉલ્લાસવાળા બન્યા. અત્યાર સુધી જયનગરમાં કોઈ ચાતુર્માસ ન કરાવ્યા બદલ અફસોસ થયો અને આ સાધ્વીજીને જ ત્યાં ચોમાસા માટે વિનંતિ કરી રાખી લીધા.

બન્યું એવું કે જયનગરના આગળ પડતા શ્રાવકના ઘરેથી શ્રાવિકાએ આ સાધ્વીજીની પ્રેરણાથી માસક્ષપણની સુંદર આરાધના કરી. અત્યાર સુધી એકપણ તપ કરેલો નહિ એટલે એ શ્રાવિકા અને એમના પતિનો ઉલ્લાસ અનેરો હતો.

આ બાજુ સી.ટી.માં (શહેરમાં) જે આચાર્ય ભગવંત ચાતુર્માસ બિરાજમાન હતા, એમના શિષ્યને આ વાતની ખબર પડી.

"એક સાધ્વીજી આવા શ્રીમંત શ્રાવકને ત્યાં થયેલી આરાધનાનો યશ લઈ જાય" એ એમને ખૂંચ્યું.

એમણે ચારેબાજુ ખોટો પ્રચાર કર્યો. "આ સાધ્વીજી સ્વચ્છંદી છે. એમને સંઘમાંથી બહાર કાઢી મૂકવા જોઈએ. એમની નિશ્રામાં આ તપ થયો જ નથી, તપ તો અમારા આચાર્યશ્રીની નિશ્રામાં જ થયો છે..." વગેરે.

પેલા શ્રાવકે તો સાધ્વીજીના નામથી, તપશ્ચર્યાની પત્રિકા છપાવી દીધેલી એમાં મુખ્ય નિશ્રા, આશીર્વાદ સાધ્વીજીના જ ગણેલા. પેલા શિષ્યે એ શ્રાવકને બોલાવીને ખખડાવ્યા, પત્રિકા ફડાવીને નવી પત્રિકા છપાવવા કહ્યું.

શ્રાવક ગભરાઈ ગયો.

એકબાજુ આચાર્યશ્રીના શિષ્યનો ઠપકો !

બીજી બાજુ બધો ઉપકાર સાધ્વીજીનો ! એમનું નામ કાઢી નાંખે તો સાધ્વીજીને દુઃખ થાય !

મુંઝાયેલો શ્રાવક સાધ્વીજી પાસે આવ્યો, બધી વાત કરી. એ વખતે સાધ્વીજીએ ખૂબ સુંદર ઉત્તર આપ્યો.

**"દેવગુરુની કૃપા અને શાસનદેવની સહાયથી જ તમારા શ્રાવિકાએ ઘોર તપ કર્યો છે. એમાં મારું કંઈ જ મહત્ત્વ નથી. આપણે તો શાસનહીલના ન થાય અને શાસનની પ્રભાવના થાય એમ જ કરવાનું. તમે આચાર્યશ્રીની નિશ્રામાં જ મહોત્સવ કરાવજો."**

એમ જ થયું.

નવી પત્રિકા છપાઈ ગઈ.

મહોત્સવ સમયે આચાર્યશ્રી જયનગરમાં પધાર્યા. આચાર્યશ્રી તો સરળ-શાંત હતા, પણ એમના શિષ્યે વ્યાખ્યાનમાં આડકતરી રીતે સાધ્વીજીની નિંદા કરી, એમની ઠેકડી ઉડાડી, જેમ તેમ બોલ્યા.

આખી સભામાં સન્નાટો છવાઈ ગયો, શ્રીસંઘને પોતાના ઉપકારી સાધ્વીજીનું આ રીતનું ઘોર અપમાન બિલકુલ ન ગમ્યું.

પણ

આ પ્રસંગે પણ સાધ્વીજી બધું જ ગળી ગયા, એક અક્ષર પણ ન બોલ્યા.

પ્રસંગ બાદ શ્રીસંઘના મહાનુભાવોએ સાધ્વીજી પાસે આવી હર્ષ અને લાગણી સાથે કહ્યું કે

"આજે અમે ગૌરવ અનુભવીએ છીએ કે આપ જેવા ગુણસંપન્ન અમારા ઉપકારી છે. આપે આપના સમુદાયની અને શાસનની શાન વધારી છે."

એ સાધ્વીજીએ જવાબ આપ્યો કે "જો શાસનહીલનામાં નિમિત્ત બનું તો દુર્લભબોધિ થાઉં, માટે જ ન બોલવામાં, સહન કરવામાં જ શાણપણ છે..."

આવી નિઃસ્પૃહતા બધામાં હોય તો કેટલું સરસ !

## ૧૧૨. સાધર્મિકની સેવા-મુક્તિના મેવા

(સાધ્વીજીના શબ્દોમાં →)

"પધારો-પધારો"

કહેતા સ્થાનિક સાધ્વીજીઓ અમારી તરફ લગભગ દોડી જ આવ્યા, અમારા પાત્રા-ઝોળી લઈ ભારરહિત બનાવ્યા.

અમે આશ્ચર્ય સાથે આનંદ પામ્યા.

અતિ લાંબા વિહારનાં કારણે અમે બધા રસ્તામાં જ પુષ્કળ થાકી ગયેલા, સ્થાને પહોંચી ગોચરી-પાણી શી રીતે લાવશું ? એની ચિંતામાં હતા.

પણ આ શું ?

તદન અજાણ્યું સાધ્વીવૃંદ અમને ત્યાં ભટકાયું. તેઓ સાથે અમારો વિશેષ પરિચય ન હતો, પણ છતાં એમણે જે આદર-સત્કાર કર્યો એ જોઈ અમે સ્તબ્ધ થઈ ગયા.

ઉપાશ્રયમાં પહોંચ્યા કે તરત જ એ સ્થાનિક સાધ્વીજીઓ ઝપાટાબંધ કામે લાગી

ગયા. એક સાધ્વી કાજો લેવા લાગ્યા, બે સાધ્વીઓ પાણી લાવવા ઉપડી ગયા, એક-બે સાધ્વીઓ ઝોળી-પલ્લા-પાત્રાનું પ્રતિલેખન કરવા લાગ્યા.

આખું વાતાવરણ ધમધમતું થઈ ગયું. એ સ્થાનિક સાધ્વીઓનાં મુખ ઉપર સાધર્મિકોની ભક્તિ મળ્યાનો અનેરો આનંદ છલકાતો દેખાતો હતો.

અમે ઔચિત્ય ખાતર કહ્યું કે "તમે રહેવા દો, અમે ગોચરી-પાણી લાવશું." કે તરત એ સ્થાનિક સાધ્વીજીઓ બોલી ઉઠ્યા "આ શું બોલ્યા તમે ? આપણે શ્રાવકોને સાધર્મિક ભક્તિનો અપરંપાર મહિમાં સમજાવીએ છીએ અને આપણે જ પરસ્પર સાધર્મિકોની ભક્તિ-સેવા નહિ કરીએ તો આપણે સાધ્વી તો નહિ પણ જૈન કહેવાને પણ લાયક નહિ રહીએ. તમારે આજે માત્ર આરામ કરવાનો છે. કશું જ બોલતા નહિ..."

એ મધુર શબ્દોએ જાણે કે વિહારનો બધો જ થાક ઉતારી દીધો. સગીમાતા કે સગી બેનની જેમ વાત્સલ્ય-પ્રેમ દર્શાવનાર આવા સાધ્વીજીઓનો મેળાપ થાય ત્યારે મન એટલું બધું પ્રફુલ્લિત બને કે બધા દુઃખો વિસરાઈ જાય.

(ઉપર મુજબ લખ્યા બાદ આ અનુભવ કરનારા એ સાધ્વીજી લખે છે કે - વર્તમાનકાળમાં ચતુર્વિધસંઘના ચારેય પાયા જો મજબૂત બની જાય અને જો આવા પ્રકારનો વાત્સલ્યભાવ પ્રગટ થાય, જો પરસ્પર સાધર્મિકભક્તિની ભાવના જાગે તો કોઈપણ પ્રકારના વિરોધો-મનભેદો મટી જશે...)

## ૧૧૩. ગુરુણી વૈયાવચ્ચ લે કે કરે ?

(એક સાધ્વીજીના શબ્દોમાં →)

અમારા ગુરુણીની અનેક શિષ્યાઓ છે, તો પણ એમનો ભક્તિભાવ એવો છે કે બપોરે ગોચરી એ જ જાય. કલાક દોઢ કલાક ફરીને બધાની ગોચરી લાવે, બધાને વપરાવે પછી જ પોતે વાપરે.

પોતાને એકાસણા હોય, ઉપવાસનું પારણું હોય તો પણ આ કાર્યક્રમમાં કદી ફેર ન પડે.

અમે ઘણીવાર કહીએ કે "આપને ઉપવાસનું પારણું છે. આજે ગોચરી ન જાવ. વહેલા વાપરવા બેસી જાઓ."

પણ એ વાત જ ન સાંભળે. એમનું ધાર્યું જ કરે.

ક્યારેક તો એવું બને કે બપોરે બધી ગોચરી વહેંચાઈ ગયા બાદ એક દાબડિયું ભરીને શાક વધ્યું હોય અને માંડ એક-બે રોટલી હોય, તો ગુરુણી માત્ર એ એકાદ રોટલી સાથે જ એ બધું જ શાક વાપરી જાય.

કશી ફરિયાદ નહિ, ખેદ નહિ.

એમણે ગોચરી કદી પરઠવી નથી. પોતાની શક્તિ ફોરવીને વધારાની ગોચરી ખપાવી જ છે.

ક્યારેક એવું બને કે તરપણી ભરીને દૂધ વધી પડે તો એકલું દૂધ વાપરીને પેટ ભરી લે.

એ ભલેને ઠંડુ હોય, ખાંડ વિનાનું હોય... એમને કોઈ પરવા નહિ.

નવા સાધ્વીજીઓ તો દાળ-શાકમાં લીંબડાના પાન-મરચા-કોકમ આવે તો બહાર કાઢી નાંખે, પરઠવી દે, વાપરે નહિ.

પણ

મારા ગુરુણીએ કદી આ રીતે પરઠવ્યું નથી. લીંબડાનાં કડવા પાન હોય કે તીખા મરચા હોય કે કોકમ હોય એ બધું જ વાપરી લે. એમની આ રીત જોઈને નાના સાધ્વીજીઓ પણ એ પ્રમાણે કરવા લાગ્યા.

(એક સાધ્વીજીએ પોતાના ગુરુણી માટે લખેલી આ વાસ્તવિકતા વાંચ્યા પછી એમ લાગે કે ગુરુણી તો શિષ્યાઓ પાસેથી સેવા લેવાનું કામ કરે ને ? આ ગુરુણી તો ગોચરી જવું-વ્હેંચવું-ખપાવવું-છેલ્લે વાપરવું... આ બધી કેટલી સેવા કરે છે.)

## ૧૧૪. ત્યાગ ધર્મથી જનતાને સમ્યગ્દર્શન દેનારા...ધન્ય તે...

(એક સાધ્વીજીના શબ્દોમાં →)

"ધર્મલાભ"

કહીને એક યુવાન મુનિવર અમારા ઘરે ગોચરી વહોરવા પધાર્યા. એમની મુખાકૃતિ ઉપર વૈરાગ્યરસ છલકાતો દેખાતો હતો.

આંખો નીચી ઢાળીને જ રાખેલી. વસ્ત્રો મલિન હતા, કોઈ ટાપટીપ નહિ...

એમને જોઈને જ મને બહુમાનભાવ પેદા થયો.

"ઉકાળેલું પાણી છે ?" એમણે યાચના કરી.

ઘરે પાણી હોવાથી અમે તરત વહોરાવવાની શરુઆત કરી, પણ એમણે માંડ એક

જ ગ્લાસ પાણી વહોર્યું.

અમે ઘણો આગ્રહ કર્યો છતાં પણ વધુ પાણી ન વહોર્યું.

"અમને ઘટી પડે, ફરી નવું ઉકાળવું પડે..." એ બધાની એમને ચિંતા હતી અને એ નીકળી ગયા.

આ એક જ પ્રસંગની મારા પર અત્યંત ઘેરી અસર પડી. મને સંસાર તરફ વૈરાગ્ય ચોક્કસ હતો, પણ દીક્ષા લેવાની ભાવના ન હતી.

"મારાથી પળાશે કે કેમ ?" એ ભય સતત રહ્યા કરતો.

પણ આ મહાત્માની આ આચાર સંપન્નતાએ મારી દીક્ષાની ભાવનાને વેગવંતી બનાવી દીધી.

પછી તો મને ખબર પડી કે "એ મહાત્મા શ્રીમંતઘરના નબીરા હતા. ગાડીમાંથી નીચે ઉતરી ચાલવું પડે એટલું કષ્ટ પણ એમણે ગૃહસ્થપણામાં વેઠ્યું નથી. અઢળક સુખ વચ્ચે એ ઉછર્યા છે."

"જો આવા મહાત્મા પણ આજે કઠોર જીવન જીવી રહ્યા છે, તો મારા માટે પણ કોઈ વાંધો નહિ આવે." મને વિચાર આવ્યો.

અને મેં દીક્ષા લેવાનો નિશ્ચય કર્યો, દીક્ષા થઈ ગઈ અને પ્રસન્નતાપૂર્વક ચારિત્રનું પાલન કરું છું.

મારા તારણહાર બનનારા એ મહાત્માનું નામ પણ મને ખબર નથી, પરંતુ દીક્ષા બાદ અમદાવાદમાં એમના એકવાર દર્શન થયેલા.

એ મહાત્મા વિશે એટલું જાણવા મળ્યું છે કે એ દીક્ષા બાદ લગભગ આંબિલનો જ તપ કરે છે. એમાંય આંબિલખાતાની ગોચરી એમણે વાપરી નથી. બપોરે બાર વાગ્યા પછી એક-દોઢ કિમી. દૂર ગોચરી જાય. આંબિલની રોટલી કરિયાતામાં પલાળી દઈ અડધો કલાક બાદ ગોચરી વાપરે.

## ૧૧૫. સહનશીલતા શીખવી જેણે મને નિજજીવનથી...

"સાધ્વીજી ! અમને એ નથી સમજાતું કે તમે તમારા આ ગુરુબેન સાથે શા માટે રહો છો ? એ ગુરુબેનની શિષ્યા તમને કેટલો ત્રાસ આપે છે ! અમે તો નજરોનજર જોઈએ છીએ.

બાપરે ! કેવી ગંદીભાષામાં ગાળો બોલે છે. નીચ-નાલાયક શબ્દો સિવાય તો

વાતજ નથી કરતા. વળી એ તો તમારાથી દીક્ષાપર્યાયમાં પણ ઘણા નાના છે. ઉંમરમાં પણ નાના છે.

તમારા ગુરુબેન ભલે કદાચ સારા હોય. પણ આવો ત્રાસ એમની શિષ્યા આપે એ શીદને વેઠો છો ?

તમે તો વૈયાવચ્ચી છો. તમારા ગુરુણીની બે વર્ષ કેન્સર દરમ્યાન અભૂતપૂર્વ સેવા તમે કરી છે. તમે સમુદાયના કોઈપણ ગ્રુપમાં જશો તો બધા તમને વધાવી જ લેવાના છે. અરે, અમે સાચવી લઈશું. પણ તમે આ ગુરુબેનને છોડી દો..."

સમુદાયના સાધ્વીજીઓએ ગુરુબેનની શિષ્યાનો ત્રાસ પામતા એક સાધ્વીજીને શિખામણ આપી.

સમુદાયના સાધ્વીજીઓની વાત તો અક્ષરશઃ સાચી હતી. એ બધાએ નજરોનજર એ ગાળો-હલકા શબ્દો બોલતા ગુરુબેનના શિષ્યાને જોયા હતા. બધાને એ સાધ્વીજી પ્રત્યે ઉદ્વેગ અને ત્રાસ પામનારા સાધ્વીજી પ્રત્યે કરુણા ઉભરાઈ આવી.

એ વખતે પણ વૈયાવચ્ચી સાધ્વીજીએ જે જવાબ આપ્યો તે આશ્ચર્ય જન્માવે એવો છે.

એ સાધ્વીજીએ કહ્યું કે → કાળધર્મ પામતી વખતે ગુરુણીએ અમને કહેલું કે "તમે બે ગુરુબેનો સંપીને સાથે જ રહેજો. છૂટા ન પડતા."

હવે મેં મારા ગુરુણીની હાજરીમાં પણ એમની આજ્ઞા કદી ઉત્થાપી નથી. તો એમના મૃત્યુ બાદ હવે શા માટે ગુરુણીની આજ્ઞા ઉત્થાપું ?

વળી આપ કહો છો કે હું અન્ય ગ્રુપમાં જઈશ તો આ સંક્લેશથી મુક્ત થઈશ, પણ એવું ક્યારેય બન્યું છે ખરું ?

હું અન્યગ્રુપમાં જાઉં તો ગુરુબેનની શિષ્યાથી તો કદાચ અલગ થઈશ. પણ મારા કર્મથી અલગ થોડી થવાની છું. કર્મ તો ત્યાં પણ હશે જ ને ? મારી આ જે તકલીફ છે. એનું મુખ્ય કારણ તો મારા કર્મ જ છે. તેમની સાથેના પૂર્વજન્મનાં એવા જ કોઈક ઋણાનુબંધ હશે. **ઉલટું તેઓ તો મારા ઉપકારી છે. મારા કર્મો ખપાવવામાં સહાયક છે.** માટે આપ મારી પાસે આવી કોઈ વાત કરશો જ નહિ. ←

આવો જવાબ સાંભળીને શિખામણ આપનારાઓ મોઢામાં આંગળાં નાંખી ગયા.

આશ્ચર્યની વાત તો એ છે કે આ સાધ્વીજી માત્ર પોતાના ગુરુબેનની શિષ્યાની પરેશાનીને સહન જ કરે છે, તેવું નહિ. પણ તેમની ભક્તિ પણ એવી જ જોરદાર કરે

છે. ગુરુબેન અને એમની શિષ્યા એ બંનેને વપરાવીને જે વધ-ઘટ હોય તેવી જ ગોચરી તેઓ વાપરે છે.

(આ આખો પ્રસંગ લખનારા સાધ્વીજી અંતે લખે છે કે → "અમે તો પાંચ કર્મગ્રંથ, કમ્મપયડિ વગેરે બધું જ ભણ્યા છીએ. કર્મ અંગેના બધા પદાર્થો અમને આવડે. પણ છતાં આ સાધ્વીજી જેવી પરિણતિ વિકસાવી શક્યા નથી.

જ્યારે આ સાધ્વીજી ક્ષયોપશમ અલ્પ હોવાથી કર્મગ્રંથ રીતસર ભણ્યા નથી, છતાં એ કર્મના ગણિતનો વિચાર કરી કેટલા બધા પરિણત બન્યા છે !

એ મને કલ્યાણમિત્ર માને છે.

જ્યારે સાથે બેસીએ ત્યારે તે સાધ્વીજી મારી પાસે હિતશિક્ષા માંગે છે. ત્યારે મને મનમાં થાય કે

"મારે તો એમની પાસે હિતશિક્ષા લેવાની છે, એમને હિતશિક્ષા આપવાની મારી હેસિયત જ નથી.") ←

## ૧૧૬. નિરાહાર બનવાની સાધના આહાર ત્યજી મુનિ કરતા

(ક) ૧૦૦+૧૦૦+૭૨ એમ વર્ધમાનતપની ૨૭૨ ઓળીઓ કરી ચૂક્યા છે. છેલ્લા ૧૫ વર્ષથી ઘઉં-ચણા-તુવેર મૂળથી બંધ છે. અર્થાત્ ઘઉંની રોટલી વગેરે કોઈપણ વસ્તુ છેલ્લા ૧૫ વર્ષથી વાપરી નથી.

(ગ) આંબિલમાં માત્ર બેજ વસ્તુ વાપરે છે મગની દાળ અને ભાત !

(ઘ) પોતે ઘોર ત્યાગી હોવા છતાં પોતાના શિષ્યા પરિવારની ભક્તિ કરવામાં ઉણપ રાખતા નથી.

(ચ) કદીપણ બપોરે સુતા નથી.

(છ) ઉંમર મોટી થઈ હોવા છતાં કદી પણ ટેકો દઈને બેસતા નથી.

(જ) છેલ્લા ૩૫ વર્ષથી લગાતાર આંબિલ ચાલુ છે.

## ૧૧૭. દેવદ્રવ્યનું ભક્ષણ મહાપાપ છે.

એ આચાર્યશ્રી દેવદ્રવ્યનું જાણે કે અજાણે લેશ પણ ભક્ષણ પોતાનાથી ન થઈ જાય એ માટે અતિશય સજાગ હતા.

એમને વિચાર આવ્યો કે "આ શ્રાવકો-શ્રાવિકાઓ દેરાસરમાં ચોખાનો સાથિયો

કરે, નૈવેદ્ય તરીકે સાકર ચડાવે અને શ્રીફળ પણ મૂકે. આ બધી વસ્તુ દેવદ્રવ્ય બની જાય છે. આ દ્રવ્યો જો વાપરવામાં આવે તો દેવદ્રવ્યના ભક્ષણનો દોષ લાગે.

સામાન્યથી તો જ્યાં જૈનો ન રહેતા હોય એવા ગામ-શહેરમાં જ આ વસ્તુઓ વેંચી દેવામાં આવે છે.

પણ મને તો શંકા રહ્યા કરે છે કે "એ વસ્તુઓ જૈનોવાળા સ્થાનમાં જ વેંચી હોય તો ?"

તો જૈનો પણ અજાણતા જ એ ખરીદે, એમાંથી ભાત બનાવે, ટોપરાની વસ્તુ બનાવે કે સાકરનો પણ કોઈક વસ્તુમાં ઉપયોગ કરે. આમાંની કોઈપણ વસ્તુ મારા સાધુ વહોરી લાવે અને મારા વાપરવામાં આવે, તો મને દેવદ્રવ્યના ભક્ષણનો દોષ લાગે.

ભલે અત્યારે વ્યવહાર એવો ન થતો હોય પણ મારું મન તો શંકાવાળું રહે છે એટલે મારે તો આ વસ્તુઓ છોડી જ દેવી છે."

અને આ આચાર્યશ્રીએ જીંદગીભર આ ચોખા-શ્રીફળ-સાકરનો મૂળથી જ ત્યાગ કરી દીધો.

એમનું નેત્રસંયમ એવું અજબગજબનું હતું કે

**એમના સંસારી પત્ની મળવા આવે અને વાતચીત કરવી પડે તો પોતે ભીંત બાજુ આંખો-મસ્તક રાખીને બેસે. પીઠ પાછળ સંસારી પત્ની બેસે અને પછી વાત કરે. પણ પત્નીની સામે નજર ન નાંખે.**

## ૧૧૮. आचार: प्रथमो धर्म:

૯૯ વર્ષની ઉંમરે કાળધર્મ પામેલા એક પ્રવર્તિની સાધ્વીજીની પોતાના જીવનમાં જે આચારપાલકતા હતી એ આંખે ઊડીને વળગે એવી હતી.

(ક) "ડોળી કે વ્હીલચેરનો વપરાશ યોગ્ય તો નથી જ" એવું દઢપણે માનતા આ પ્રવર્તિનીએ ૮૫ વર્ષની ઉંમર સુધી તો તમામ વિહારો ચાલતા ચાલતા જ કરેલા. એ પછી બિલકુલ ચાલી શકાયું નહિ, ત્યારે જ અપવાદમાર્ગનો ઉપયોગ કર્યો.

(ખ) ૯૩ વર્ષની ઉંમર સુધી તો બંને કાળના પ્રતિક્રમણ ઊભા ઊભા જ કરતા.

(ગ) પક્ખી પ્રતિક્રમણના દિવસે પગામસિજ્જા પોતે જ બોલતા અને ચોમાસી તથા સંવત્સરીના દિવસે પક્ખિસૂત્ર પણ પોતે જ બોલતા.

(ઘ) **૯૯ વર્ષની ઉંમરે પણ પ્રતિક્રમણ તો માંડલીમાં જ કરતા**, બધાને માંડલીમાં

પ્રતિક્રમણ કરાવતા. કોઈકને જુદું પ્રતિક્રમણ કરવું હોય તો એમની આજ્ઞા વિના તો કોઈ માંડલી બહાર પ્રતિક્રમણ ન જ કરી શકે.

## ૧૧૯. સહન કરે તે સાધુ !

"અરે ! ગુરુણીજી ! આપની આંખો લાલઘૂમ કેમ છે ? કેમ સૂઝી ગઈ છે ?"

સાંજના સમયે ગુરુણીની લાલ લાલ આંખો જોઈ શિષ્યાઓએ પ્રશ્ન કર્યો.

"કંઈ નથી"

એમ ઉત્તર આપી ગુરુણીએ વાત ટાળી. પણ ભક્તિમંત શિષ્યાઓ પાછળ પડી, તરત બંને આંખો પહોળી કરી ધ્યાનથી જોયું તો

આંખમાં લાલકીડી ફરતી દેખાઈ.

"અરે, આ તો લાલકીડી છે, જીવતી છે. ક્યારે અંદર ગઈ ?"

"સવારથી" ટુંકોટચ ઉત્તર મળ્યો.

"પણ તમે અમને કહ્યું પણ નહિ ? કીડી દૂર તો કરવી હતી !"

કહેતા શિષ્યાએ ધીરેથી જીવતી કીડીને બહાર કાઢી.

ત્યારે ગુરુણીએ અગમવાણી ઉચ્ચારી

**"સહન કરીએ તો જ ભગવાન બનાય. સહન કરે એ જ સાધુ કહેવાય."**

આંખમાં નાનકડી રજકણ ઘુસે તો પણ આપણે તો સતત આંખ ચોળ્યા જ કરીએ, ચેન ન પડે, રજકણ નીકળે ત્યારે શાંતિ થાય...

એની સામે આખો દિવસ જીવતી લાલ કીડી આંખમાં રહેવા છતાં

ન તો આંખો ચોળીને કીડીની વિરાધના કરી કે ન તો આર્તધ્યાન કર્યું.

## ૧૨૦. આવું તે કંઈ ભાવતું હશે ?

"એ શ્રાવકો ! આ મુનિરાજને બધું એકજ પાત્રામાં કેમ વહોરાવો છો ? આંબિલની દાળ-ઘેસ-ખીચડી-કરીયાતું બધું જ એકમાં જ વહોરાવો છો ? આવું તો શી રીતે ખવાય ?"

સાધ્વીજીઓએ વહોરાવનારા શ્રાવકોને બાજુ પર બોલાવી ઠપકો આપ્યો.

વાત એ બની કે એક મુનિરાજ વહોરતા હતા, ત્યારે વહોરવા આવેલા સાધ્વીજીઓ દૂર ઊભા રહેલા.

સ્થળ હતું ગિરિવિહારની ભોજનશાળા !

સાધ્વીજીઓએ દૂરથી જોયું કે મુનિએ બધું એક જ પાત્રામાં વહોર્યું છે, એટલે તેઓ તો લગભગ રડવા જેવા થઈ ગયા. શ્રાવકોને બોલાવીને ઠપકો આપ્યો, ત્યારે શ્રાવકો કહે કે

"સાહેબ ! આ કંઈ આજની વાત નથી. આ મુનિ તો કાયમ માટે આમ જ વહોરે છે. શરુઆતમાં તો અમે ઘણી ના પાડી. આ રીતે વહોરાવતા અમારો જીવ જ ન ચાલ્યો. પણ એમની દૃઢતા સામે અમારું શું ચાલે ?"

૧૦ જ વર્ષની નાની ઉંમરે દીક્ષા લેનાર આ મુનિરાજ આજે તો ૧૩ વર્ષના દીક્ષા પર્યાયવાળા છે. પણ ભરયૌવનમાં એમનો વૈરાગ્ય પણ ભરયુવાન જ છે.

મહાનિશીથ સુધીના તમામે તમામ યોગો એમણે આંબિલથી જ કર્યા છે. ઉપાશ્રયમાં એક અલાયદી જગ્યામાં, જ્યાં કોઈ ન આવે ત્યાં, આખો દિવસ ભણ્યા જ કરે છે.

**છેલ્લા પાંચ વર્ષથી તો એ મુનિવર સંવત્સરીના દિવસે માત્ર ૧ જ કલાકમાં આખું બારસાસૂત્ર મોઢે બોલે છે.**

કપડાનો કાપ એક મહીને કાઢે છે.

## ૧૨૧. આચાર્યશ્રીની જવાબદારી કેટલી ?

દક્ષિણ ભારતના બલ્લારી જિલ્લામાં સિરિગુપ્પા નામનું ગામ છે.

તે ગામમાં મહાસુદ-૨ના દિવસે પ્રભુજીની પ્રતિષ્ઠા એક આચાર્ય ભગવંતની નિશ્રામાં હતી.

જે દિવસે પ્રતિષ્ઠા હતી તે જ દિવસે મુસલમાનોનો કોઈક પ્રસંગ હતો. પ્રતિષ્ઠા સંપન્ન થતા ઢોલ-નગારા વાગી રહ્યા હતા અને મુસલમાનો આ અવાજથી નમાજમાં ખલેલ પડતા ગુસ્સે ભરાણા.

મુસલમાનો નમાજ પઢીને અનેક પ્રકારના શસ્ત્રો-લાકડી વગેરેથી સજ્જ થઈને ત્યાં આવી ચડ્યા. દેરાસર-ઉપાશ્રયમાં તોડફોડ કરવા લાગ્યા.

તે પ્રતિષ્ઠાકારક આચાર્યશ્રીને તાત્કાલિક બીજા ગામમાં મોકલી દેવાયા, જેથી એમના પર કોઈ આફત ન આવે.

પણ આ બાજુ શિરિગુપ્પામાં રહેલા જૈનોના રહેઠાણો, દુકાનો વગેરેને

મુસલમાનોએ આગ લગાડીને બધું બાળી નાંખીને જબરદસ્ત નુકસાન પહોંચાડ્યું. જૈનો વ્યવસાય વિનાના બની ગયા.

બહુમતીવાળા, ઝનૂની મુસલમાનો સામે સાવ ટૂંકી સંખ્યાના એ શાંત જૈનોનું શું ચાલે ?

ગામના જૈનો દુઃખી દુઃખી થઈ ગયા.

ત્યારબાદ

થોડા દિવસ પછી શિરિગુપ્પાના એક ભાઈ પૂ.પાદ અધ્યાત્મયોગી આચાર્યદેવ પાસે આવ્યા, અને રડતા-રડતા વાત કરી કે

"जहां पर आपके सामैये होते है, लोगो की भीड इकट्ठि होती है, वहां पर तो आप कइ बार जाते है, लेकिन इस वक्त हमारा गांव आग से जल रहा है, आप वहां पर पधारो और लगी हुई आग को बुझाओ । आपका बहुत उपकार होगा ।"

એ ભાઈની હૃદયદ્રાવક વાણીથી પીગળી ગયેલા અધ્યાત્મયોગી પોતાના બીજા બધા કાર્યક્રમો રદ કરી **શિરિગુપ્પા** ગામમાં પધાર્યા.

અને આશ્ચર્ય !

બાજી પલટાઈ ગઈ !

અધ્યાત્મયોગીની સ્વાગત યાત્રામાં મુસલમાનો પણ જોડાયા.

ઉપાશ્રયમાં ગયા પછી અધ્યાત્મયોગીએ મૈત્રીભાવ ઉપર અસરકારક પ્રવચન આપ્યું.

એ પછી વ્યાખ્યાનમાં હાજર રહેલા મુસલમાનોના મૌલવીએ ઊભા થઈને જાહેરાત કરી કે

मैं बिसमिल्ला परवरदिगार का बंदा हूं । आज इस महात्मा के सामने सभी मुसलमानो की और से माफी चाहता हूं । हमारी भूल से हमारी यह प्रजा बहुत ही शर्मिंदा है । बाहर चले गये जैनो के बंदो से हम कहते हैं कि आप फिर से इस गांव में आईये । आइंदा हमारा यह मुसलमानसमाज कभी एसा गुनाह नहि करेगा ।

એમ કહી પૂજ્યશ્રીના ચરણોમાં નમીને બેસી ગયો.

ત્યાંનાં જૈનો માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી રૂા.૧૮ લાખનું ફંડ થયું.

જૈનો પાછા શિરિગુપ્પા આવી વસ્યા.

અધ્યાત્મયોગીની પ્રશમલબ્ધિનો આ બેનમૂન પ્રભાવ હતો.

## ૧૨૨. મારું આયખું ખૂટે જે ઘડીએ...

અધ્યાત્મયોગી મહાપુરુષનાં પ્રશિષ્યને શંખેશ્વરમાં કમળો થયો, ડોક્ટરી ટ્રીટમેન્ટ ચાલુ હોવા છતાં કોઈ ફરક ન પડ્યો, છેવટે ત્યાંથી નિયત દિવસે વિહાર કર્યો.

વિરમગામ પાસે રહેલા ફુલ્ડી ગામમાં આવ્યા. બીજા દિવસે સવારે સાધુઓ એમના વસ્ત્રોનું પ્રતિલેખન કરવા ગયા, ત્યારે ચોલપટ્ટો બદલાવતા બદલાવતા ત્રણવાર તો એ પડી ગયા.

સાધુઓને ખ્યાલ આવી ગયો કે એ વારંવાર બેભાન થઈ જતા હતા.

એ બરાબર ભાનમાં આવ્યા ત્યારે સાધુઓએ પૃચ્છા કરી કે "અત્યારે કદાચ દેહ છૂટી જાય તો શું કરશો ?"

ત્યારે એ મુનિવરે જવાબ દીધો કે **"થઈ થઈને શું થવાનું છે ? મૃત્યુ જ આવશે ને? આમેય ક્યારેક તો મરણ આવવાનું જ છે..."**

વિરમગામ પહોંચ્યા, ત્યાં અમદાવાદથી ડોક્ટર હિમાંશુ શાહ આવી પહોંચ્યા. સોનોગ્રાફીથી તપાસ કરતા ખબર પડી કે "પિત્તાશયમાં કેન્સર છે."

કેન્સર જાહેર થયા બાદ પણ એમણે વૈરાગ્યધારા દૃઢ બનાવવા વૈરાગ્યશતક ગ્રંથ ગોખવો શરુ કર્યો, અને **૧૦૪ ગાથા કેન્સરની ભયંકર વેદનામાં પણ નવી ગોખી.**

"વેદના નથી થતી ?"

આ પ્રશ્નનો એક જ ઉત્તર એ આપતા.

"એક દિવસ તો જવાનું જ છે ને ? શું ફરક પડવાનો છે ?"

અંતે વૈ.સુ.૮ વિ.સં.૨૦૬૧ના દિવસે આ મુનિરાજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

## ૧૨૩. सोही उज्जुयभूयस्स

૪૦ વર્ષની ઉંમરે દીક્ષા લેનારા એક મુનિરાજ હૈયાના એટલા બધા સરળ અને નમ્ર હતા કે એમને જોઈને માષતુષ મુનિની યાદ આવે.

(ક) ગૃહસ્થપણામાં બેસણું કરવા પણ અસમર્થ આ મુનિએ દીક્ષા બાદ નાના-મોટા બંને જોગ આંબિલથી કર્યા.

(ખ) દીક્ષા પર્યાય પાંચ વર્ષનો છે, અને દીક્ષા બાદ ૧ થી ૩૮ ઓળી પૂર્ણ કરી.

(ગ) **દર ૧૨ તિથિ આંબિલ કરે.**

(ઘ) એમનો મુખ્ય ગુણ તો એ છે કે ગુરુ મહારાજ પાસે સાધુઓ કામસર ભેગા થયા હોય અને વાતો કરતા હોય ત્યારે અવસરે એ ગુરુમહારાજને તો પાણી વપરાવે જ, પણ સાથે સાથે ત્યાં બેઠેલા નાના-મોટા બધાયને પાણી વપરાવે. હેતથી વપરાવે.

(ચ) રાત્રે એ ઘણા વડીલોનો સંથારો પાથરવાનું કામ કરે. સંથારો પાથરતી વખતે એના ઉપર હાથ ફેરવતા ફેરવતા જાણે કે મંત્ર બોલતા હોય એમ બોલે કે

**"હે સંથારા ! મારા ગુરુદેવનો = વડીલોનો સંપૂર્ણ થાક તું ઉતારી દેજે હં !** એમના જીવનમાં નવી તાજગી અને સ્ફૂર્તિ આપજે. વહેલી સવારે ઉઠીને સુંદર આરાધના કરવાનું સામર્થ્ય આપજે."

કેવી નિર્મળતમ ભાવના !

## ૧૨૪. ઉપકારી કોણ ? વૈયાવચ્ચ કરનાર કે આપનાર ?

(એક સાધ્વીજીના શબ્દોમાં ! →)

એ વખતે અમે અમદાવાદ ગિરધરનગરમાં સુશ્રાવક હીરાભાઈના બંગલામાં ચાતુર્માસ રહ્યા હતા.

અમારી સાથે બીજા પણ બે ઠાણા=ગુરુ-શિષ્યા ચાતુર્માસ બિરાજમાન હતા. બંને તપસ્વિની હતા.

પણ વિધિના લેખ ન્યારા છે !

એ શિષ્યાને અચાનક ભયંકર રોગ લાગુ પડ્યો. એમની આખાય શરીરની ચામડી સુકાઈ જતી, એની મેળે ખરી પડતી. **આખું શરીર માંસનો લાલચોળ લોચો હોય એવું થવા માંડ્યું. નવી નવી ચામડી પાકતી જાય અને શરીર પરથી ઉતરતી જાય.**

આ વિષમદશામાં એમના ગુરુણી જોરદાર વૈયાવચ્ચ કરવા લાગી પડ્યા. ગોચરી-પાણી તો ઠીક, પણ ઉતરતી ચામડીઓને ભેગી કરી પરઠવવી, દવાઓ લગાડવી, માંસના લોચા જેવા એ દેહને સાચવવો...

પેલા શિષ્યા ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા.

"મારા ગુરુણીને મારા નિમિત્તે કેટલો ત્રાસ ! મારે તો સેવા કરવાની હતી. એને બદલે...?"

એમની આંખો સુકાતી જ ન હતી. ગુરુણીને સેવા કરતા વારંવાર જોઈને વારંવાર રડવા લાગે.

ગુરુણીને આ હકીકતનો ખ્યાલ આવતા જ અમૃતવચનોથી એ શિષ્યાને સાન્ત્વના આપી.

→ "જો શિષ્યા ! તું તો મને વૈયાવચ્ચ દ્વારા કર્મ ખપાવવાની તક આપે છે. તું મારા પર કેટલો મોટો ઉપકાર કરી રહી છે, એની તને કલ્પના જ ક્યાં છે ?

વળી હું કંઈ તારી સેવા નથી કરતી, હું તો પ્રભુની જ સેવા કરું છું. પ્રભુએ જ કહ્યું છે કે जो गिलाण सेवइ, सो मां सेवइ । જે ગ્લાનની સેવા કરે છે, એ મારી સેવા કરે છે.' હું તો તારી સેવા દ્વારા પ્રભુને વહાલી બનવા ઈચ્છું છું.

માટે ખેદ ન કર. પ્રસન્ન રહે. ←

આ બધું અમે નજરોનજર જોયું છે,

આવા દશ્યો જોઈ અમારી આંખ હર્ષાશ્રુથી ન ઉભરાય એ તો બને જ શી રીતે?

(આપણે જ્યારે કોઈની વૈયાવચ્ચ કરીએ ત્યારે આપણી જાતને ઉપકારી-મહાન માનીએ છીએ. જ્યારે હકીકત તો એ છે કે વૈયાવચ્ચ કરનાર તો પેલા ગ્લાન પાસેથી ઉપકાર પામે છે... અહંકારનાશની આ ચાવી ગુમાવવા જેવી નથી હોં !)

## ૧૨૫. વાહ ! રાજસ્થાનના રણમાં મીઠા ઝરણા ક્યાંથી ?

(એક સાધ્વીજીના શબ્દોમાં →)

"તમે દીક્ષાર્થી બેન લાગો છો, ખરું ને ?"

રાજસ્થાનના અજોડ તીર્થ **જેસલમેર**ના દેરાસરમાં પૂજા-ચૈત્યવંદનાદિ કરી હું બહાર નીકળી, ત્યારે ૧૪ વર્ષની એક છોકરીએ મને ખૂબ ભાવથી, આનંદથી પ્રશ્ન કર્યો.

"હા ! ભાવના તો છે જ, દીક્ષા લેવાની."

મેં જવાબ આપ્યો. હું મુમુક્ષુ હતી. મારી ઉંમર ત્યારે ૨૧ વર્ષની હતી. મારું દીક્ષાનું મુહૂર્ત નીકળી ગયું હતું. સંસારી બા-બાપુજી સાથે તીર્થયાત્રા કરવા હું **જેસલમેર** આવી હતી.

"તો આજે મારા ઘરે નવકારશીનો લાભ ન આપો ? મને દીક્ષાર્થીનું બહુમાન કરવાનો લાભ મળે."

ચૌદ જ વર્ષની નાનકડી ઉંમરની એ અજાણી કન્યાએ મને અતિશય આદરથી વિનંતિ કરી.

કોઈ સગપણ નહિ, પરિચય નહિ માત્ર મને મુમુક્ષુ જાણીને એણે વિનંતિ કરેલી.

એના અત્યંત આગ્રહથી અમે એના ઘરે જ નવકારશી કરવા ગયા.

અમારી થાળીમાં **વઘારેલા મમરા-ચટણીવાળા ખાખરા - બદામ કેસરવાળું સુગંધીદાર દૂધ પીરસાયું.**

અમે એ છોકરીને કહ્યું કે "તું પણ અમારી સાથે જ નાસ્તો કરતા બેસ."

એણે હા તો પાડી પણ એણે પોતાની અલગ થાળી લીધી, એમાં એણે **કોરા-સાદા મમરા, કોરા લુખા ખાખરા અને સાદુ દૂધ લીધું.**

અમને નવાઈ લાગી.

એને પૃચ્છા કરી કે "તું કેમ આવું બધું સાદુ લુખું વાપરે છે ?"

ત્યારે એ ૧૪ વર્ષની નાનકડી છોકરીએ જે જવાબ આપ્યો, તે આજે ૧૮ વર્ષ પસાર થઈ ગયા હોવા છતાં હું ભૂલી શકતી નથી.

એણે કહ્યું કે "મારે સંયમ લઈ જલ્દી મોક્ષ મેળવવો છે, અણાહારી બનવું છે. એ માટે મારે આસક્તિ તોડવી છે. એટલે જેમાં રાગ ન પોષાય એવી સીધી-સાદી વસ્તુઓ ખાઉં છું..."

અહંકાર વિના, નમ્રતાથી, સાચા ભાવથી બોલાયેલા એ શબ્દો સાંભળી હું ખરેખર શરમાઈ ગઈ.

"મુમુક્ષુ હું કે એ ? મારો તો દીક્ષાદિન નક્કી થઈ ચૂક્યો છે, છતાં આહાર પ્રત્યેની આવી અનાસક્તિ મારી પાસે ક્યાં છે ? અણાહારીપદ માટેની તીવ્રતમ ઝંખના ક્યાં છે ?

અને આ બાલિકા !

દીક્ષા નક્કી થઈ નથી, ઉંમર સાવ નાની છે. માત્ર ૧૪ વર્ષ ! પણ ભાવો કેટલા મોટા ! વૈરાગ્ય કેવો દઢ ! સમજણ કેટલી સૂક્ષ્મતમ !"

એ પછી તો મારી દીક્ષા થઈ, આજે ૧૭ વર્ષ મારો દીક્ષાપર્યાય થયો, પણ જ્યારે જ્યારે જેસલમેરનો એ પ્રસંગ યાદ આવે છે, એ કન્યાની તેજસ્વી વૈરાગ્યસભર મુખાકૃતિ યાદ આવે છે ત્યારે આંખો ભીની થયા વિના રહેતી નથી.

"એ લુખા મમરા - સાદા ખાખરા - મોળું સાદું દૂધ" હું ભૂલી શકતી નથી.

(જિનસાસનમાં ખૂણે-ખાંચરે કેવા કેવા રત્નો પડેલા છે, એની આપણને ખબર જ ક્યાં છે ?

આપણી દૃષ્ટિ સંકુચિત હશે, જો માત્ર "હું મહાન ! મારો જ ગચ્છ મહાન!" એવી જ વૃત્તિ રમતી હશે તો કદી પણ આવા ઉત્તમ આત્માઓનો સંપર્ક પામવાનું સૌભાગ્ય આપણને નહિ સાંપડે એ નિશ્ચિત હકીકત છે.)

## ૧૨૬. જે હોય તે ચાલે

"સાહેબજી ! બધા સાધુ-સાધ્વીઓ લીલા શાક જ વહોરી જાય છે. બધાંને મગના શાકની વિનંતિ કરી, પણ કોઈ એક દાણો પણ લેતા નથી. આમ કેમ ?"

છ'રી પાલિત સંઘમાં વહોરાવવાની જવાબદારીવાળા શ્રાવકે વધઘટમાં ગોચરી આવેલા સાધ્વીજીને પ્રશ્ન કર્યો, થોડોક અણગમો વ્યક્ત કર્યો.

સાધુ-સાધ્વીજીઓ કારણવશાત મગનું શાક નહિ વહોરતા હોય, બીજું શાક લેતા હશે એમાં એના મનમાં અશુભ વિચારો ઊભા થયા અને એ સાધ્વીજી સામે બોલી બેઠો.

પણ આ સાધ્વીજીએ તો તરત કહ્યું કે

"મારે મગનું શાક જ વહોરવાનું છે."

અને મોટો એક ચેતનો ભરીને મગ વહોર્યા. પેલા શ્રાવકના ભાવ પલટાયા. એને અતિશય સદ્ભાવ થયો.

ઉપાશ્રયે આવીને સાધ્વીજીએ કોઈને વાત ન કરી કે "કારણસર આ રીતે ૧ ચેતનો મગ વહોરવા પડ્યા છે. શ્રાવકના ભાવ ન બગડે એ માટે આ રીતે વહોર્યું છે, તો બધા થોડા થોડા મગ લઈ લો..."

આવું કશું જ કહ્યા વિના પોતે જ એક ચેતનો મગ પ્રસન્નતાપૂર્વક વાપરી ગયા.

એમણે ખરેખર મગ લેવાના જ ન હતા. માત્ર શ્રાવકના ભાવ ટકાવી રાખવા જ આ પ્રમાણે કરેલું.

ન તો શ્રાવકને અધર્મ પામવા દીધો કે ન તો ગુરુબેનો વગેરેને પ્રતિકૂળ વસ્તુ બળજબરી વપરાવી. પણ બંનેમાંથી વચલો માર્ગ કાઢી લીધો.

**"આપણા નિમિત્તે શ્રાવકો અધર્મ ન જ પામવા જોઈએ, એ માટે પ્રતિકૂળ વસ્તુ વધુ**

**વાપરવી પડે તો પણ કબુલ"** આ કેવી મનોહર ભાવના છે.

આ સાધ્વીજીની વિશિષ્ટતા એ છે કે ચાલુ ગોચરીમાં કે આંબિલની ગોચરીમાં તરપણી ભરીને દાળ વધી પડે તો પણ

"લાવો, મને તો બહુ ભાવે છે"

એમ કહી એક તરપણી દાળ ખપાવી દે.

એમ ક્યારેક ચાર-પાંચ ટોક્સી શાક વધી પડે તો પણ "મને બહુ ભાવે છે" એમ કહી બધું જ શાક ખપાવી દે.

ગોચરીમાં કોઈક વસ્તુ ખારી કે કડવી આવી હોય તો બીજા કોઈ ન લે, પણ એ કડવા કારેલા કે વધુ મીઠાવાળી દાળ વગેરે બધી વસ્તુ આ સાધ્વીજી પ્રસન્નતાપૂર્વક બધું જ વાપરી લે...

"જે હોય એ ચાલે" એવી ભાવના કેટલો બધો કર્મક્ષય કરી આપે ?

## ૧૨૭. ખમીએ હોંશે સર્વજીવને...

(સાધ્વીજીના શબ્દોમાં →)

હું જ્યારે મુમુક્ષુ હતી ત્યારે મારી સાથે બીજી પણ એક મુમુક્ષુ બેન હતી પણ મને એના ઉપર ગુસ્સો હતો, મારો એની સાથે અણબનાવ હતો. એટલે હું એની સાથે બોલતી જ ન હતી.

મારી દીક્ષા પહેલા થઈ અને તે પછી પણ એ મુમુક્ષુબેન સાથે મારે અબોલા ચાલુ જ હતા.

"સાધુપણામાં આ વૈરભાવ ન શોભે" એ વાત હું વિસરી ગયેલી.

પછી તો એ મુમુક્ષુબેન પણ નૂતનદીક્ષિત બની,

પણ

કોણ જાણે કેમ ? મારો વૈરભાવ ઓછો ન થયો. એ મારા જ ગુરુબેન બન્યા પણ એની સાથે વાત કરવી પણ મને ન ગમતી.

એ દરમ્યાન અમારું ચાતુર્માસ પાલિતાણામાં થયું. ત્યાં પ્રભાવક-લેખક આચાર્યભગવંતની વાચનાઓ સાંભળી, કઠોરતાના કટુ પરિણામો અને સ્નેહભાવના મધુરપરિણામોની ઘણી વાતો સાંભળી.

મારું હૈયું રડી ઉઠ્યું.

મેં આટ-આટલા વર્ષો સુધી આ કટુતા જાળવી રાખી, આવો કષાય વધાર્યા જ કર્યો?

હાય !

એ સાંજે પ્રતિક્રમણ કરતા કરતા પગામસિજ્જા (શ્રાવકોના વંદિતાસૂત્રના સ્થાને સાધુઓએ બોલવાનું સૂત્ર) આવી, એ બોલતા બોલતા મારો પશ્ચાત્તાપ આસમાને પહોંચ્યો, હું ચાલુ પ્રતિક્રમણે મારા એ નાના ગુરુબેન પાસે ગઈ, એમના પગમાં પડી મેં ક્ષમા માંગી, ધ્રુસકે ધ્રુસકે રડી.

"મેં તમને ખૂબ જ દુભવ્યા છે. પરેશાન કર્યા છે... મને ક્ષમા આપો."

એમણે મારી ક્ષમાને વધાવી લીધી.

બસ, એ દિવસથી અમારી શત્રુતા ખતમ થઈ ગઈ.

(દરેક સંયમીમાં આવા ખમાવવાના પરિણામો જાગ્રત થાય તો કેટલું સરસ ! પછી તો કોઈ કોઈનો દુશ્મન રહે જ નહિ ને ?

પર્યુષણાના સ્તવનમાં કહ્યું છે કે "તમે હોંશથી સર્વ જીવોને ખમાવો, અહંકાર છોડી પગમાં નમી પડો, તમારું સમકિત નિર્મળ બનશે."

બાકી જે ક્ષમાપના ન કરે અને ક્ષમાપના વિના જ સાંવત્સરિક પ્રતિક્રમણ કરી લે તે મિથ્યાત્વી-સંઘબાહ્ય ગણાય.

હા ! એ ક્ષમાપના પણ હૈયાની હોવી જોઈએ, માત્ર જીભની નહિ.)

## ૧૨૮. ગુરુ મોહે મારે શબ્દો કી લાઠી, ચેલે કી મતિ અપરાધિની નાઠી

નિત્ય એકાસણા કરતા એ મુનિરાજ વૈશાખ મહિનાની ભયંકર ગરમીમાં ૧૮ કિ.મી.નો વિહાર કરી એક ગામમાં પહોંચ્યા.

ઉનાળો... સખત ગરમી... લાંબો વિહાર....

તરસ ખૂબ લાગેલી.

મુનિરાજ રોજ તો બપોરે ગોચરી લાવ્યા બાદ જ પચ્ચક્ખાણ પારતા,

પણ

આજે એમણે ગુરુને વિનંતી કરી કે "સાહેબ ! આજે તરસ બહુ લાગી છે પચ્ચક્ખાણ પારી, પાણી વાપર્યા બાદ ગોચરી જાઉં ?"

ગુરુની આંખ લાલ થઈ ગઈ. "પાણી વિના મરી જવાય છે ? ક્યારેક જ આવું બને છે, તોય સહન નથી થતું ? તો સાધુજીવનમાં બીજું સહન કરવાનું ય શું છે ?

નથી પારવું પચ્ચકખાણ... નથી પીવું પાણી... ગોચરી વહોરી લાવ...!"

મોઢા પરની એકપણ રેખા બદલ્યા વિના પ્રસન્ન મુનિરાજ ગોચરી ગયા, પૂરા દોઢ કલાક ગોચરી ફરી, ઉપાશ્રયે આવ્યા. ગુરુને ગોચરી વપરાવી, પછી જ પચ્ચક્ખાણ પારી પાણી વાપર્યું.

આ મુનિરાજ કહે છે કે - **"કડક ગુરુની આજ્ઞા જેને ગમી જાય, એ શિષ્યનું શીઘ્ર કલ્યાણ થાય."**

(આપણા ગુરુ આપણી ઉપર આવી કડકાઈ કરે તો ?... ગુરુ કેવા લાગશે?)

## ૧૨૯. ગુરુની અમૃતવાણી-પત્થર પણ બનતા પાણી

મુંબઈ મહાનગરીથી છેક સમેતસિખરજી તીર્થનો છ'રીપાલિત સંઘ નીકળ્યો.

એમાં એકાદ દિવસ યાત્રિકોના બેડીંગની ટ્રક કારણસર મોડી આવી. યાત્રિકો ધુંઆફુંઆ થઈ ગયા. સંઘપતિઓને માટે જેમ તેમ બોલવા લાગ્યા.

એમાં વળી કેટલાક યાત્રિકો તો સીધા સંઘનેતા આચાર્યદેવ પાસે જ ગયા અને ગરમાગરમ શબ્દો બોલવા માંડ્યા.

"આ તે કંઈ વ્યવસ્થા છે ! તમે શું કરો છો ? તમને બધી સગવડ મળી રહે, એટલે કોઈ ચિંતા જ નહિ. પણ અમારો કદી વિચાર કર્યો છે..."

આચાર્યદેવ એક અક્ષર પણ ન બોલ્યા, શાંત બેસી રહ્યા.

બપોરે ત્રણ વાગે વ્યાખ્યાનનો સમય થયો.

આચાર્યદેવ પ્રવચન આપવા પાટ પર પધાર્યા.

વ્યાખ્યાન મંડપ યાત્રિકો, સંઘપતિઓ, મહેમાનોથી ચિક્કાર ભરાયેલો હતો.

ત્યાં તો આચાર્યદેવે કમાલ કરી,

તેઓ બોલ્યા કે

"મારા તમામ યાત્રિકોને મિચ્છા મિ દુક્કડં. તમે બધા મુંબઈ મહાનગરીની મોજ-મજા મહેફીલ છોડીને આવી કષ્ટમય યાત્રામાં આવ્યા છો, એ અનુમોદનીય છે.

અહીં તમને ક્યારેક અગવડો ભોગવવી પડે છે. તમારા ઘરે તો તમને કોઈ મુશ્કેલી ન હતી. હું તમને છેક અહીં સુધી લાવ્યો, તમને પડતા કષ્ટોમાં નિમિત્ત હું બન્યો છું. તમે મારા નિમિત્તે પરેશાન થયા છો, હું ક્ષમા યાચું છું."

આચાર્યદેવની ગદ્‌ગદિત વાણીની ધારાએ આખી સભાને રડાવી દીધી. તમામ

યાત્રિકોએ પોતાની ભૂલ-અસહિષ્ણુતા બદલ આચાર્યદેવ પાસે ક્ષમા માંગી.

(જો આપણે ક્ષમા રાખીએ, નમીએ, ભૂલ સ્વીકારીએ તો નક્કી સામેવાળા પણ ક્ષમા ધારણ કરશે જ. નમશે જ, ભૂલ સ્વીકારશે જ.)

## ૧૩૦. "આ ભાવે-આ ન ભાવે" એ ભેદ સાધુને હોય ?

"છી ! ગુરુજી ! આ દૂધી તો કડવી ઝેર જેવી છે !"

બાલમુનિ બોલ્યા.

બન્યું એવું કે બપોરની ગોચરીમાં ભૂલથી કડવી દૂધીનું શાક આવી ગયું. આચાર્યદેવે થોડુંક શાક બાલમુનિને વાપરવા આપ્યું અને પોતે પણ લીધું.

બાલમુનિ શાક મોઢામાં મૂકતા જ સમજી ગયા કે "આ તો કડવું ઝેર છે"

એમણે ગુરુ સામે જોયું તો ગુરુ તો મસ્તીથી દૂધીનું શાક વાપરતા હતા. મુખની રેખા પણ બદલાઈ ન હતી.

બાલમુનિથી ન રહેવાયું એમણે તો આચાર્યશ્રીને ફરિયાદ કરી.

"મારાથી આ નહિ વપરાય" એમ કહી દીધું.

ત્યારે આચાર્યદેવ બોલ્યા, "સાધુને વળી સ્વાદ કેવા ? આપણાથી કહેવાય જ કેમ? કે આ ગોચરી નથી ભાવતી ?"

પેલા વહોરાવનાર બેનને શાક ચાખતા જ કડવાશનો ખ્યાલ આવ્યો. દોડતા ને રડતા ઉપાશ્રયે આવ્યા.

"મહારાજ સાહેબ ! શાક ન ખાશો, કડવું ઝેર છે. ભૂલથી વહોરાવાઈ ગયું છે."

પણ ત્યાં સુધીમાં તો આચાર્યદેવ બધું શાક વાપરી ચૂક્યા હતા.

('આચાર્યદેવ કડવું કડવું દૂધીનું શાક મસ્તીથી વાપરી જાય' એ શું એક અજાયબી નથી ?)

## ૧૩૧. આ મુનિવેષ આપણને મહાન બનાવે છે.

"અરે, મારા પ્રભુઓ ! તમે કેમ અહિંયા ઉભા છો ? ચલો, ચલો. મારી ઝુંપડીને પાવન કરો..."

એક અજૈનભાઈએ રસ્તા ઉપર ઉભેલા-મુંઝાયેલા સાધ્વીવૃંદને ભાવભરી વિનંતી કરી.

એ સાધ્વીવૃંદ જુનાગઢ-ગિરનારની યાત્રા કરવા જઈ રહ્યું હતું. ત્યાં સવારે કોઈક નાના ગામની સ્કુલમાં ઉતર્યા. સ્કુલવાળા સાહેબે માત્ર સાંજ સુધી જ સ્કુલમાં રોકાવાની છૂટ આપેલી એટલે સાંજે ફરજીયાત વિહાર કરવો પડે એમ હતો.

આગળ ૧૦ કિ.મી. પહેલા સ્થાન મળે તેવા કોઈ સંજોગો ન હતા. ગરમી અતિભયાનક હતી, એટલે વહેલો વિહાર કરવો શક્ય ન હતો. છતાંય પ્રાયઃ સાંજે સાડાપાંચ વાગે તો એ સાધ્વીવૃંદે વિહાર શરુ કરી દીધો.

લગભગ પાંચ-છ કિ.મી. ચાલ્યા ત્યાં તો આકાશમાં અંધારપટ છવાવા લાગ્યો. આગળ એક સરકારી સ્થાન દેખાયું, એટલે સાથેના માણસને ત્યાં જગ્યા માટે પૂછવા મોકલ્યો પણ એમણે ચોકખી ના પાડી.

સાધ્વીવૃંદ ચિંતામાં પડ્યું. અંધારું થઈ ગયું હતું અને ચાર-પાંચ કિ.મી. હજી ચાલે તોજ સ્થાન મળે એમ હતું.

"શું કરવું ?" એની ગડમથલ ચાલતી હતી ત્યાં તો અજૈનભાઈએ રસ્તામાં ઉભેલા એ સાધ્વીઓને ભગવાન માની પોતાના ઘેર આવવા આમંત્રણ આપ્યું.

"અમે ૧૭ જણ છીએ... તમારા ઘરે સમાઈ શકશું ?"

સાધ્વીજીઓએ સામો પ્રશ્ન કર્યો.

"અરે પ્રભુ ! તમે પધારો તો ખરા..."

કહી એ માણસ પોતાના ઘરે ૧૭ સાધ્વીજીઓને લઈ ગયો.

ઘરનો બધો સામાન ચોકમાં ખડો કરી દીધો. એ અજૈન ભાઈ અને એના ઘરનાં માણસો આખું ઘર સાધ્વીવૃંદના ભરોસે સોંપી નિરાંતે ચોકમાં સુઈ ગયા.

સવારે વિહારના સમયે સાધ્વીજીઓને કહે કે

"મારા ઘરનાં ચા-પાણી પીધા વગર તમે જાઓ, તો મારા અન્નનો દાણો લાજી ઉઠશે..."

બળજબરીથી સાધ્વીજીઓને અમુક ભોજન વહોરાવી, વપરાવીને પછી જ જવા દીધા.

(જાણ-પહેચાન વિના પણ આ આર્યપ્રજા આપણને સત્કારે છે, ભગવાન માને છે, સન્માને છે એની પાછળનું કારણ છે આપણો સાધુવેષ, આપણો આચાર... એ વેષનો ઉપકાર માની આપણે એને વફાદાર રહીએ એજ આપણા આત્માનો એકમાત્ર કલ્યાણકારી માર્ગ છે.)

## ૧૩૨. મેં શું ખાધુ-પીધું ? મને જ ખબર નથી.

ઓળીની તપશ્ચર્યા કરતો શિષ્ય પોતાના માટે મીઠા વગરની આંબિલની મોળી દાળ એક તરપણીમાં લઈ આવ્યો,

એ માંડલીના સ્થાને મૂકીને ગુરુ માટે મરચા વિનાની મોળી મગની દાળ વહોરવા ગયો.

ગુરુ રોજ મરચા વિનાની મોળી મગની દાળ વાપરતા હતા.

આ બાજુ ગુરુ માંડલીમાં આવ્યા, તરપણી પડેલી જોઈ, એ સમજ્યા કે

"મારી ગોચરી આવી ગઈ છે."

એટલે તરપણીમાંથી આંબિલની તુવેરદાળ લઈ વાપરીને પાછા પોતાના સ્થાને સ્વાધ્યાયમાં બેસી ગયા.

થોડીવારમાં

"પધારો, સાહેબજી ! આપની મગની દાળ આવી ગઈ છે"

તપસ્વી શિષ્ય વિનંતિ કરવા આવ્યો, ત્યારે ગુરુ મુંઝાયા.

"મેં તો મારી ગોચરી વાપરી લીધી." ગુરુએ કહ્યું.

"શું વાપર્યું ?" શિષ્યે પૂછ્યું.

"જે તું તરપણીમાં લઈ આવ્યો હતો ને ? એજ વાપર્યું. એ મારી જ ગોચરી હતી ને ?"

એમ ગુરુ બોલ્યા ત્યારે શિષ્ય વિચારમાં પડ્યો.

"રોજ મીઠાવાળી-મરચા વિનાની મોળી મગની દાળ વાપરનારા ગુરુને શું આજે મીઠાવિનાની આંબિલની તુવેરદાળ વાપરવા છતાં ખબર ન પડી કે 'આ મારી ગોચરી નથી.'

આ વળી શી રીતે બને ?

**એ શિષ્યને શું ખબર કે જ્ઞાનરમણતા ઈન્દ્રિયપરમણતાને પરલોકમાં પહોંચાડ્યા વિના રહેતી જ નથી.**

આજ ગુરુવર એકવાર બદ્રીનાથ તરફ વિહાર કરી રહ્યા હતા. ત્યાં કોઈક ગામમાં મુશ્કેલીથી સ્વાધ્યાયપરિવારનો વિશાળ હોલ આ ગુરુવર અને એમના શિષ્ય પરિવારને મુકામ તરીકે મળ્યો.

હોલના એક ખૂણામાં બધાએ બપોરની ગોચરી વાપરી, અને એના સમાચાર સ્વાધ્યાય પરિવારના યુવાનોને મળ્યા.

તેઓનો કાયદો હતો કે એ હોલમાં સ્વાધ્યાય વિના કશું જ નહિ કરવાનું. એટલે જ સાધુઓએ ગોચરી વાપરી એટલે એમને એવું લાગ્યું કે આ બધાએ હોલ અપવિત્ર કરી નાંખ્યો."

તેઓ બધા ભેગા થઈ ગુરુવરને જેમ તેમ બોલવા લાગ્યા, ગુરુએ માફી માંગી પણ એ યુવાનો શાંત ન થયા, ઉભા-ઉભા જ એ સ્થાન ખાલી કરાવ્યું. ત્યારે ગુરુ હસતા હસતા પોતાના શિષ્યોને કહે કે

'પ્રભુવીરના ઉચ્ચકક્ષાના ક્ષમાગુણની આજે આપણા જીવનમાં કસોટી થઈ... તો શા માટે નાપાસ થઈએ... સહન કરવાનું..."

## ૧૩૩. દેહતણી સુખશીલતાથી ભટક્યો સંસાર અનંતો...

સદાય પ્રસન્ન રહેનારા એ આચાર્યદેવ ભક્તો કે લોકસમૂહથી તો અનાસક્ત છેજ, પણ પોતાના દેહ પ્રત્યે પણ અનાસક્ત છે.

એમના પગનું ઓપરેશન હતું, ત્યારે પગને બેભાન કરાવ્યા વિના જ ઓપરેશન કરાવ્યું.

"જાણે કે પોતે એ પગથી સાવ જ ભિન્ન છે" એ રીતે પોતાના જ પગનું ઓપરેશન માત્ર સાક્ષી ભાવે જોયા કર્યું.

વેદનાની રેખા પણ એમના મુખ પર ન દેખાય.

ઘણીવાર એ આચાર્યદેવ વાચના આપતા હોય અને ત્યારે જ ડોક્ટર કે શિષ્ય એમને હાથ ઉપર ઈંજેક્શન આપતા હોય, પણ એમની વાગ્ધારા અસ્ખલિત ચાલે. સોંય શરીરમાં ઘુસે એ એક બે પળ પણ એમના મુખની રેખા ન બદલાય, વાચના અટકે નહિ.

## ૧૩૪. હું કરું હું કરું એ જ અજ્ઞાનતા...

"સાહેબ ! એ સાધકનું તો તમે કલ્યાણ કરી દીધું. આપના પરિચયમાં આવ્યો, એ પૂર્વે એનો કોઈ આધ્યાત્મિક વિકાસ ન હતો, પણ આપનો પરિચય થયો, વાચનાઓ સાંભળી, અને એનો આત્મા જાગ્યો... આજે તો એણે સાધનાની જે ઉંચાઈ

સર કરી છે, એ જોવા માટે ૧૦ આંખોની જરૂર પડે.

ખરેખર,

આપની અનરાધાર કૃપા એના પર વરસી એનું જ આ પરિણામ છે."

એક શ્રાવકે પ્રશાન્તમૂર્તિ ગીતાર્થ આચાર્યદેવ પાસે ખરા હૃદયથી પ્રશંસાના પુષ્પો વેર્યા.

એ આચાર્ય થકી સાધનાના માર્ગે આગળ વધેલા એક સાધક આત્માની પ્રશંસા કરી.

પણ વળતી જ પળે આચાર્યદેવે એને અટકાવ્યો,

દિશા બદલી...

"ના રે ના ! એમાં મારી કોઈજ હોંશિયારી નથી, એ જીવદળ જ સરસ હતું એનું ઉપાદાન જ જોરદાર હતું, એણે કૃપા ઝીલી, માટે એ સાધનામાં આગળ વધી ગયો..."

આ કેવું અજબ ગજબ !

કૃપા વરસાવ્યા બાદ પણ પોતાના કર્તૃત્વનું સંપૂર્ણ વિલીનીકરણ !

(આપણી હાલત કેવી ! એક નાનકડું કામ કરીએ, તોય "આ મેં કર્યું" એવું બધે કહેતા ફરીએ, એનો મદ માથે ચડાવીને ફરીએ, ભૂલથી એ કામનો યશ કોઈ બીજાના નામે ચડતો હોય, તો વચ્ચે આપણે પહોંચી જઈએ

"ના, ના ! એ કામ એણે ક્યાં કર્યું છે, એ બધું તો મેં જ કરેલું છે." એવું બોલ્યા વિના ન રહીએ.

આચાર્યદેવ પાસેથી આપણે કર્તૃત્વભાવનું વિલીનીકરણ શીખશું કે ?)

## ૧૩૫. શિષ્યલાલસા દુર્ગતિદાયી મોક્ષાર્થી મુનિ ત્યજતા

સુરતનાં ચાતુર્માસ દરમ્યાન એ સાધ્વીજીએ જોરદાર વ્યાખ્યાનો બહેનો સમક્ષ આપ્યા, શિબિરો પણ થઈ.

ચાર મહિના લગાતાર એમની અમૃતવર્ષામાં સ્નાન કરીને ૧૦ મુમુક્ષુઓ દીક્ષા લેવા તૈયાર થયા.

"અમે ૧૦ જણ આપના શિષ્યા થવા ઈચ્છીએ છીએ..." ૧૦ બેનોએ એ સાધ્વીજીને વાત કરી.

પણ એ સાધ્વીજીએ ઉત્તર આપ્યો કે -

"શિષ્યા ન બનાવવાની મારે પ્રતિજ્ઞા છે. મારા ગુરુણી હાજર છે, એમની હાજરીમાં હું શીદને ગુરુણી બનું ? તમે એમના જ શિષ્યા બનો."

એમ જ થયું.

આ રીતે અત્યાર સુધીમાં આ સાધ્વીજીએ પોતાની શિષ્યા થવા આવેલી ૨૫-૨૭ બેનોને ગુરુચરણે સોંપી ગુરુની શિષ્યા બનાવી દીધી.

ગુરુભક્તિનો જબ્બર આદર્શ પ્રદર્શિત કર્યો.

●


આ છે અણગાર અમારા
આ છે અણગાર અમારા
આ છે અણગાર અમારા

# ઉનાળુ વેકેશનમાં બે સંસ્કરણ શિબિરો

# બે તપોવનમાં

**શિબિરોમાં બાળકોને અવશ્ય મોકલો**

બાળકોને મનગમતી, વિવિધતા સભર,
અનેક સ્પર્ધાઓ રમત ગમતો
અને ઈનામોથી ભરપૂર,
તૂફાનમેલ બાળકને ડાહ્યોડમરો બનાવતી,
એપ્રીલ – મે મહિનામાં યોજાતી,
હાઉસફૂલ થઈ જતી અને
જીવન – પરિવર્તક

**ફી માત્ર ૫૦૦/- રૂપિયા**

**તપોવન સંસ્કારપીઠ**

મુ. અમીયાપુર, પો. સુઘડ, ગાંધીનગર-૩૮૨૪૨૪.

ફોન : ૨૩૨૭૬૯૦૧

પૂ.પાદ પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના ચિંતનોથી ભરપૂર

# મુક્તિદૂત

## માસિક

સંપાદક : ગુણવંત શાહ

સહસંપાદક : ભદ્રેશ શાહ

**માસિકના ગ્રાહક બનવાથી આપશ્રીને**

પૂજ્યશ્રીના પરોક્ષ સત્સંગનો લાભ મળશે.

૭૨ વર્ષના અનુભવોનો નિચોડ મળશે.

ધર્મ-સંસ્કૃતિ-રાષ્ટ્ર રક્ષાના ઉપાયો જાણવા મળશે.

**થોડામાં ઘણુ જાણવાનું મળશે.**

ત્રિવાર્ષિક લવાજમ માત્ર રૂા.૧૫૦/-

ત્રિવાર્ષિક લવાજમ માત્ર રૂા.૧૫૦/-

ત્રિવાર્ષિક લવાજમ માત્ર રૂા.૧૫૦/-

લવાજમ ભરવાનું સ્થળ :

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જી.પ્ર. સંસ્કૃતિ ભવન ૨૭૭૭, નિશા પોળ,

રિલીફ રોડ, અમદાવાદ. ફોન : ૨૫૩૫૫૮૨૩

# તમારાં વહાલાં બાળકોને છેવટે ત્રણ વર્ષ માટે તો 'તપોવન'માં મૂકો જ જૂન માસથી શરૂ થતું સત્ર

ચારે બાજુ વિકૃતિના વાયરા વીંઝાઈ રહ્યા છે. ખૂબ જ નાની-દસથી ચૌદ વર્ષથી જ બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. 'ગંદું' કહેવાય તે બધું તેમના જીવનમાં પેસવા લાગ્યું છે. સમાજ તરફ સૂક્ષ્મ નજર કરતાં આ અતિ કડવું દર્શન કોઈ પણ સંસ્કૃતિપ્રેમીને થશે અને તે તીખી ચીસ પાડી દેશે. સંસારી જીવોની વહાલામાં વહાલી ચીજ તેમના સંતાનો ગણાય. જો તેમનું જ જીવનગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે; તેમાં દોષોના કીડા પડવા લાગે અને કરમાઈ જાય તો એ મા-બાપોએ ક્યાં જવું ? ક્યાં રોવું ? શું આપઘાત કરી નાખવો ?

પોતાના ઘરમાં કે ગમે તેવાં બોર્ડિંગ વગેરેમાં રાખીને બાળકોને શિક્ષણ આપી શકાશે, પરંતુ સંસ્કારો તો નહિ જ આપી શકાય. ઘરમાં મા-બાપો જ ટી.વી. વગેરેથી સમયની બરબાદી કરતાં ચક્કરોમાં જ જો ફસાયા હોય અને બોર્ડિંગોના સંચાલકોને જ બાળ-સંસ્કરણ માટેની કોઈ ગંભીરતા ન હોય તો સંસ્કાર ત્યાં શી રીતે મળશે ?

તપોવનમાં ધાર્મિક અને વ્યાવહારિક - બન્ને પ્રકારનું શિક્ષણ છે. એ શિક્ષણ પણ ઊંચી ગુણવત્તાવાળું છે; પરંતુ તેની સાથોસાથ અહીં બાળકોના જીવનબાગમાં સુસંસ્કારોના છોડોનું વાવેતર કરવાનું કાર્ય તેમજ શારીરિક, શૈક્ષણિક, સામાજિક વગેરે રીતે સુવ્યવસ્થિત કરવાની સાથે તેને માનસિક અને આધ્યાત્મિક રીતે અત્યન્ત સુંદર બનાવવાનું સૌથી પ્રધાન લક્ષ છે. તે વડીલોનો અને દેવગુરુનો ભક્ત બને; સહુનો મિત્ર બને, જાતનો પવિત્ર બને... અને એ બધું બનીને એ શૂરવીર બને; **જેથી રાષ્ટ્રરક્ષા, સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષાનો એ સબળ યોદ્ધો બને એ જ આ તપોવનનું એકમાત્ર લક્ષ છે.** એનામાં ધાર્મિક્તા, માનવતા અને રાષ્ટ્રીયતા (રાષ્ટ્રદાઝ) જો લાવી ન શકાય તો તપોવનને નીચું જોવાનું થાય એવું તમામ કાર્યકરગણનું મંતવ્ય છે.

જો આ બધી વિચારણામાં અને એના આધારે ગોઠવાયેલા તપોવનના માળખામાં મા-બાપોને રસ પડતો હોય તો તેમનાં બાળકોને વિકૃતિઓનાં ઝંઝાવાતમાંથી ઉગારી લેવા માટે તપોવનમાં (ધોરણ ૫ થી ૧૨ની શાળા માટે) કમસે કમ ત્રણ વર્ષ માટે તો મૂકવાં જ જોઈએ. બાળક તો નાદાન છે. એના ભાવિના ઘડતરના આ કામમાં એને ક્યાંક અગવડતા પડે; એની ઘરેલું સ્વચ્છંદતાને અહીં પોષણ ન મળે તેથી તે તપોવનમાં દાખલ થવામાં અરુચિ બતાવે તો કઠણ કાળજાના બનીને પણ મા-બાપોએ બાળકોના સમગ્ર જીવનના હિતમાં તેને ઓછામાં ઓછું ત્રણ વર્ષનું સંસ્કરણ તપોવનમાં આપવાનો નિર્ણય કરવો જ જોઈએ.

## • યાદ રાખો •

**લાડમાં કે લાગણીમાં મા-બાપો તણાશે તો બાળકોના જીવનને આરંભમાં જ એવું મોટું નુકસાન થઈ જશે જે**

**જીવનભરમાં ભરપાઈ થશે નહિ; જેનાથી આખું કુટુંબ 'ત્રાહિમામ્' પોકારી જશે.**

**ના... હવે શા માટે ક્રિશ્ચયાનિટીનો જ પ્રચાર કરવાની નેમવાળી કોન્વેન્ટ-સ્કૂલમાં આપણાં બાળકો જાય ?**

**ધો. ૪ સુધી કોન્વેન્ટમાં ભણનારા બાળકોને તપોવનમાં જરૂર મૂકી શકાશે.**

**હવે તો માત્ર તપોવન એ જ આપણાં સંતાનોનો તરણોપાય.**

ટીન એજરોમાં વધતી જતી
ગુનાખોરીને ડામવાનો સમાજ માટે
એક માત્ર વિકલ્પ

# બે તપોવનોમાં પ્રવેશ

## તપોવનની વિશિષ્ટતા

* ધોરણ પાંચથી બારનું શૈક્ષણિક સંકુલ
* S.S.C. અને H.S.C. બોર્ડમાં TOP-TEN માં નંબર
* સ્કેટીંગ - કરાટે - યોગાસન - વક્તૃત્વ - અભિનય નૃત્ય સંગીત વગેરે અનેક શક્તિઓનો સર્વાંગીણ વિકાસ
* ૫૦ કમ્પ્યુટરો યુક્ત કમ્પ્યુટર સેંટરની અદ્યતન લેબ.
* ગુજરાતી માધ્યમ છતાં અંગ્રેજીમાં અસ્ખલિત બોલે તેવી તૈયારી માટે સ્પેશ્યલ અંગ્રેજીનાં સ્પોકન ક્લાસ.

## તપોવની બાળક

* મમ્મી-પપ્પાથી દૂર ગુરુકુલમાં રહીને અભ્યાસ કરતો હોવાથી જાતે નિર્ણયો લેતો નૈતિક હિંમતવાળો બને છે.
* ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિનો મુકાબલો કરવા માટે મજબૂત બને છે.
* મમ્મી-પપ્પાની સેવા કરનારો, વડીલોનો વિનયી બનશે.

સંપર્ક સૂત્ર

**તપોવન સંસ્કારપીઠ**

મુ. અમીયાપુર પો. સુઘડ જિ. ગાંધીનગર
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૯૦૧-૨-૩

**નવસારી તપોવન સંપર્ક**

મો.: ૯૮૨૫૧૧૮૩૪૫
(રમેશભાઈ ચાવાલા)

**સાબરમતી તપોવન સંપર્ક**

મો.: ૯૪૨૬૫૦૫૮૮૨ (રાજુભાઈ)
મો.: ૯૪૨૬૦૬૦૦૯૩ (લલિતભાઈ)

# ઓ માતાઓ ! ઓ પિતાઓ !

## તમારો લાડકવાયો

ઉચ્ચ શિક્ષણ સાથે સુસંસ્કાર મેળવે

તેવું તમે ઈચ્છો છો ?

ઘડપણમાં તમારી સેવા કરે

તેવું તમે ઈચ્છો છો ?

વડિલોનો વિનયી બને

તેવું તમે ઈચ્છો છો ?

દેવ અને ગુરુનો ઉપાસક બને

તેવું તમે ઈચ્છો છો ?

જિનશાસનનો સાચો શ્રાવક બને

તેવું તમે ઈચ્છો છો ?

અને તમારા ઘરનો કુળદીપક બને

તેવું તમે ઈચ્છો છો ?

**તો, તેને ત્રણ વર્ષ માટે તપોવનમાં પ્રવેશ આપવો જ રહ્યો.**

હુંડા અવસર્પિણીનો પાંચમો આરો એટલે જાણે ભયાનક રણપ્રદેશ જ જોઈ લો ! આત્મિક સુખ-શાન્તિની તરસથી ચારેબાજુ ટળવળતા અનેક આત્માઓ અહીં છે. પણ ભલા આ રણમાં આત્મિક સુખ - શાંતિ રૂપી પાણી પાઈ તરસ છિપાવનાર નાનકડું તળાવ પણ ક્યાંથી મળે ?

પણ ના ! આ તરસ્યા જીવોનો પ્રચંડ પુણ્યોદય ચમકી રહ્યો છે.

માટે જ

ભલે સંસારના રણમાં એક ટીપું પાણી પણ ન મળે,

પણ આ પંચમઆરારૂપી રણપ્રદેશમાં આધ્યાત્મિક સુખરૂપી પાણીથી ભરપૂર સેંકડો સાધુ - સાધ્વીજી ભગવંતો રૂપી મોટું તળાવ આજે પણ મોજુદ છે.

એ તળાવ ઝાંઝવાના જળ નથી.

તરસ્યાઓ જો એની પાસે જશે, તો પરમતૃપ્તિ પામશે.